



# બહુરૂપી ગાંધી

[ અનુ. બંદ્યોપાધ્યાય કૃત 'બહુરૂપી ગાંધી'નો અનુવાદ ]

અનુવાદક
જિતેન્દ્ર દેસાઈ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ – ૩૮૦ ૦૧૪

ચાળીસ રૂપિયા
© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૦
પહેલી આવૃત્તિ : પ્રત ૨,૦૦૦, મે ૧૯૭૦
પુનર્મુદ્રણ : પ્રત ૨,૦૦૦, એપ્રિલ ૧૯૯૮
કુલ પ્રત : ૪,૦૦૦

ISBN 81-7229-213-9

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# અનુવાદકનું નિવેદન

'બહુરૂપી ગાંધી'એ બાળકોને ગમે તે રીતે ગાંધીજીની વિભૂતિ જુદા જુદા સ્વરૂપે રજૂ કરતું, માધ્યમિક શાળાનાં બાળકોને વાંચવું ગમે તેવું પુસ્તક છે. એનું અંગ્રેજી નામ પણ 'બહુરૂપી ગાંધી' છે. 'બહુરૂપી' શબ્દ આ અર્થમાં આપણે ત્યાં પ્રચલિત નથી, પણ મથાળું સૂચક હોવાથી ગુજરાતીમાં પણ તેમનું તેમ રાખ્યું છે.

આ પુસ્તકનો અનુવાદ કરવાનું મેં આજથી પાંચ વરસ પર શરૂ કર્યું હતું. સંજોગવશાત્ એ કામ બાજુ પર ઠેલાતું ગયું. તે પૂરું કરવામાં કંઈ ને કંઈ વિઘ્ન આવતાં જ રહ્યાં. મારે કહેવું જોઈએ કે, લેખિકા બહેનનો અનુવાદ મોડામાં મોડો ગાંધી શતાબ્દી વર્ષમાં પ્રસિદ્ધ કરવાની સતત ઉઘરાણી આવ્યા ન કરી હોત તો આ પુસ્તક હજુ મોડું પ્રસિદ્ધ થાત.

આ પુસ્તકનો અનુવાદ લેખિકા બહેન જોઈ ગયાં છે. તે ઉપરાંત મુ. મણિભાઈ દેસાઈ આમાંનાં શરૂઆતનાં પ્રકરણો 'લોકજીવન'માં છૂટક છૂટક પ્રસિદ્ધ થતાં ત્યારે જોઈ ગયા છે. તેમના તરફથી સૂચવેલા સુધારા પુસ્તકમાં સામેલ કર્યા છે. આ ઉપરાંત શ્રી બાલમુકુન્દ દવે પણ આખી હસ્તપ્રત સળંગ જોઈ ગયા છે. તે માટે હું મુ. મણિભાઈ તથા બાલમુકુન્દભાઈનો ઋણી છું.

મૂળ અંગ્રેજી પુસ્તકમાંનાં પોતાનાં રેખાંકનો આ પુસ્તકમાં વાપરવાની પરવાનગી આપવા બદલ શ્રી આર. કે. લક્ષ્મણનો આભારી છું.

ગુજરાતના કિશોરોને ગાંધીજીને જાણવા-સમજવામાં આ પ્રકાશન ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

૧ મે, ૧૯૭૦ — જિતેન્દ્ર દેસાઈ

# પ્રસ્તાવના

આ પુસ્તકની હસ્તપ્રત મારી પાસે ૧૯૪૯ની સાલથી પડી રહી હતી. બંગાળનો કસ્તૂરબા શિક્ષણ શિબિર છોડ્યો ત્યાર પછી તરત જ ૧૯૪૮ની સાલમાં ડી. જી. તેંડુલકરના 'મહાત્મા'ની હસ્તપ્રત મેં વાંચી. મેં ગામડામાં કામ કર્યું હતું. મારી આસપાસના ગ્રામજનો અને તાલીમાર્થી બહેનો ગાંધીજી વિશે ઘણું થોડું જાણે છે, એવું મારા ધ્યાનમાં આવ્યું. તેઓ ગાંધીજયંતી ઊજવતાં, દરરોજ કાંતતાં અને પ્રાર્થના કરતાં. કેટલીકે રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લીધો હતો અને જેલવાસ વહોર્યો હતો પરંતુ ગાંધીજીની ખરી દેણ શી છે તેની તેમને ખબર નહોતી. હું કદાચ ખોટી હોઉં એવું બને, પણ મને એવું લાગેલું.

રોજેરોજ જે અનેક માણસોના સંપર્કમાં હું આવું છું તે બધા વિશે મને હજુ એવું જ લાગે છે. એ માણસોમાંના કેટલાક કેળવણી પામેલા છે અને બધાને શરીરશ્રમ તરફ સૂગ છે. હું પોતે શ્રમના ગૌરવમાં માનતી નથી, પરંતુ શરીરશ્રમની વેઠનો મને અનુભવ છે અને એટલા માટે હું દરરોજ નોકરો સાથે શરીરશ્રમના થોડા કામમાં ભાગ લેવાનો પ્રયાસ કરું છું, જેથી મારામાં એવી લાગણી ન જાગે કે હું કોઈને કેવળ થોડાં દોઢિયાં પરખાવીને તેઓ મારે માટે કામ કરે એવો અધિકાર મેળવી શકું છું.

બીજાઓ જે મજૂરી પોતાની રોજી કમાવા માટે, નહીં કે કામ પ્રત્યેના પ્રેમને લીધે, કરે છે, તેવી અનેક મજૂરીમાં સ્વેચ્છાએ સહભાગી બનનાર તરીકે ગાંધીજીનું ચિત્ર રજૂ કરવાની મારી ઈચ્છા હતી. કેટલાક પ્રસંગોની જાણીબૂઝીને પુનરુક્તિ કરવામાં આવી છે. ગાંધીજીના અંધભક્તોની મંડળીમાં એવા વધુ માણસો ઉમેરવાની મારી ખસૂસ ઈચ્છા નથી. પરંતુ હું જરૂર ઈચ્છું કે આજના યુવાનો ગાંધીજી માત્ર રાષ્ટ્રપિતા કે સ્વતંત્રતાના ઘડવૈયા નહોતા તે સમજે અને પછી તેમની ટીકા કરે.

આ પુસ્તક માટેનો વિચાર મારો પોતાનો હતો. કિશોરો માટે મેં તે લખ્યું

હતું. લગભગ બધી જ સામગ્રી ડી. જી. તેંડુલકરના 'મહાત્મા'માંથી ચૂંટી કાઢવામાં આવી છે. આ નાનકડા પ્રકાશન માટે હું તેમની કેટલી બધી ઋણી છું તે હું વ્યક્ત કરી શકતી નથી. મને ગુજરાતી અનુવાદ વાંચી સંભળાવવા બદલ કાન્તાબહેનની હું આભારી છું.

મારા પુસ્તક માટે શ્રી આર. કે. લક્ષ્મણે જે ચિત્રો કરી આપ્યાં છે તે માટે હું તેમની ઋણી છું.

આ પુસ્તકનું આમુખ લખી આપવા બદલ જવાહરલાલજીની હું ખૂબ ખૂબ આભારી છું.

જો હજાર વાચકોમાંથી એકાદ યુવાન વાચક ગાંધીજીએ કરેલાં કામોમાંથી એકાદું કામ પણ કરશે તો હું રાજી થઈશ.



# આમુખ

આ બાળકો માટેનું પુસ્તક છે. પરંતુ મને ખાતરી છે કે ઘણા મોટી ઉંમરનાઓ પણ એ આનંદથી વાંચશે અને તેમાંથી કંઈક મેળવશે.

ગાંધીજીનું જીવન ક્યારનુંય લોકકથા બની ચૂક્યું છે. જેમણે તેમને જોયા નથી તેઓ, તેમાંયે આજનાં બાળકો તો, તેમને અસાધારણ પુરુષ, મહાન કામો કરી જનાર માનવવિશેષ જ માનતા હશે. એટલે આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે તેમ ગાંધીજીના જીવનની સામાન્ય વાતો એ બાળકો આગળ મૂકવામાં આવે તે ઇચ્છવાયોગ્ય છે.

તેઓ અનેક બાબતોમાં કેવો રસ લેતા ! અને જ્યારે રસ લેતા ત્યારે કેવા પૂરેપૂરા ઊંડા ઊતરતા ! એ ખરેખર નવાઈ ઊપજાવે તેવું છે. તેમનો રસ ઉપરછલ્લો નહોતો. કદાચ, જીવનની નાની ગણાતી વાતોમાં પૂરેપૂરા ઊંડા ઊતરીને કામ કરવાની તેમની રીતમાં જ તેમની માનવતા તરી આવે છે. તેમના ચારિત્ર્યનો એ પાયો છે.

રાજકારણ અને જાહેરજીવનથી તદ્દન નિરાળી બાબતોમાં ગાંધીજીએ જુદી જુદી ઢબે કેવી રીતે કામ કર્યું તેની વાત કહેતું આ પુસ્તક લખાયું તેથી મને આનંદ થયો છે. આનાથી કદાચ આપણે ગાંધીજીના જીવનને વધુ સારી રીતે સમજીશું.

નવી દિલ્હી,
૧૦ માર્ચ, ૧૯૬૪

**જવાહરલાલ નેહરુ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| અનુવાદકનું નિવેદન | ૨ | કાંતનાર | ૯૫ |
| પ્રસ્તાવના | ૫ | વાણિયા | ૧૦૪ |
| આમુખ | ૭ | ખેડૂત | ૧૧૪ |
| કર્મવીર | ૩ | હરાજી કરાવનાર | ૧૨૩ |
| બારિસ્ટર | ૭ | ભિખારી | ૧૨૮ |
| દરજી | ૧૭ | લૂંટારા | ૧૩૮ |
| ધોબી | ૨૦ | જેલનું પંખી | ૧૪૭ |
| વાળંદ | ૨૪ | સેનાપતિ | ૧૫૯ |
| ભંગી | ૩૧ | લેખક | ૧૬૯ |
| મોચી | ૪૧ | પત્રકાર | ૧૮૧ |
| નોકર | ૪૯ | મુદ્રક અને પ્રકાશક | ૧૮૯ |
| રસોઈયો | ૫૮ | ફેશન-સર્જક | ૧૯૫ |
| દાક્તર | ૬૪ | મદારી | ૨૦૫ |
| નર્સ | ૭૩ | પુરોહિત | ૨૧૨ |
| શિક્ષક | ૮૦ | બનાવોની તવારીખ | ૨૨૨ |
| વણકર | ૯૦ | | |


# કર્મવીર

એક બારિસ્ટર હતો. તે આખો દિવસ કંઈ ને કંઈ કામમાં ગૂંથાયેલો રહેતો. પોતાના અસીલોને તે દાવાદુવી પાછળ સમય અને પૈસા વેડફી મારી જાતને બરબાદ ન કરવાની તથા અદાલતની બહાર ઝઘડાનું સમાધાન કરી લેવાની સલાહ આપતો. નવરાશના સમયમાં તે હિન્દુ, મુસ્લિમ, પારસી અને બૌદ્ધ ધર્મનાં પુસ્તકો વાંચતો. આ પુસ્તકોના અભ્યાસ અને આંતરિક ખોજને પરિણામે તેને ખાતરી થઈ ગઈ કે માત્ર માનસિક શ્રમ કરવો એ પૂરતું નથી. દરેક માણસે દરરોજ કંઈ ને કંઈ મહેનત મજૂરીનું કામ પણ કરવું જોઈએ. ભણેલાગણેલા ને નિરક્ષર, દાક્તર ને વકીલ, હજામ ને કચરો વાળનાર ભંગી, એ બધાને તેમના કામનું સરખું દામ મળવું જોઈએ.

તેણે ધીમે ધીમે પોતાની રહેણીકરણીમાં ફેરફાર કર્યો અને પોતાનાં બધાં કામો હાથે કરવા માંડ્યાં. પોતાના મિત્રો અને કુટુંબીઓ સાથે આશ્રમમાં રહી સાદું સમૂહજીવન જીવવાનું તેણે નક્કી કર્યું. તેના કેટલાક યુરોપિયન મિત્રો પણ આશ્રમજીવનમાં ભાગ લેવા ઈચ્છતા હતા. એ બધા સખત મજૂરી કરતા, સ્વાશ્રયી ખેડૂતની જેમ રહેતા, જમીન ખેડતા અને વાડીની રખેવાળી કરતા. ફાર્મ ઉપર કોઈ પગારદાર નોકર રાખવામાં આવ્યો નહોતો. હિન્દુ અને મુસલમાન, ખ્રિસ્તી અને પારસી, બ્રાહ્મણ અને શૂદ્ર,

મજૂર અને બારિસ્ટર, ગોરા અને 'કાળા', સૌ એક મોટા પરિવારના સભ્યોની જેમ સાથે રહેતા. સમૂહ-રસોડે રસોઈ કરવામાં આવતી અને બધા સામાન્ય ભોજનખંડમાં જમી લેતા. તેમનો ખોરાક અને કપડાં સાદાં હતાં. દરેક સભ્યને માસિક ખર્ચ માટે ચાળીસ રૂપિયા મળતા. બારિસ્ટરની તે વખતની માસિક આવક ચાર હજાર રૂપિયા હતી, તોપણ તેને બીજાના જેટલું જ વેતન મળતું. તેનો દૈનિક કાર્યક્રમ ઘડિયાળના કાંટાની જેમ નિયમિત રીતે ચાલતો. તે આખો દિવસ સખત મજૂરી કરતો અને છ કલાક જ આરામ કરતો.

ફાર્મ ઉપર ઝૂંપડું બંધાતું હોય ત્યારે તેના મોભ પર ચડી જવામાં તેનો નંબર પહેલો રહેતો. તે જાડા કપડામાંથી સીવેલો ઘણાં ગજવાંવાળો ભૂરો લેંઘો પહેરતો. એ લેંઘાનાં કેટલાંક ગજવાંઓમાં નાનાંમોટાં સ્ક્રૂ અને ખીલીઓ ભરેલી હોતી. એકાદ ગજવામાંથી હથોડી ડોકિયાં કરતી દેખાતી. ધીખતા તાપમાં દિવસો સુધી તે કરવત અને હથોડી લઈ સુથારીકામ કરતો.

એક દિવસ બપોરનું ભોજન પતાવી તે પુસ્તકો મૂકવાનો ઘોડો બનાવવા બેઠો. તેણે સતત સાત કલાક સુધી કામ કર્યું અને બરાબર છત સુધી પહોંચે તેટલો ઊંચો ઘોડો બનાવી કાઢ્યો. આશ્રમના રસ્તા પર કપચી નાખવાની જરૂર હતી પણ તેની પાસે તેના ખરચને પહોંચી વળવા માટે પૂરતા પૈસા નહોતા. તે દરરોજ નિયમિત ફરવા જતો. ફરીને આશ્રમમાં પાછા ફરતી વખતે તેણે નાના નાના પથરા ભેગા કરવા માંડ્યા. તેના સાથીદારોએ પણ એમ કરવા માંડ્યું અને થોડા દિવસમાં તો ફાર્મમાં રસ્તા પર પાથરવાના પથરાનો ઢગલો થઈ ગયો.



વહેલી સવારે બારિસ્ટર ઘંટીએ બેસી ઘઉં દળતો, પછી તૈયાર થઈ પાંચ માઈલ ચાલીને ઑફિસે જતો. તેના વાળ તે જાતે કાપતો, અને કપડાં ધોવાનું તથા ઈસ્ત્રી કરવાનું કામ પણ જાતે જ કરતો. પ્લેગના ભોગ બનેલા ખાણિયાઓની ચાકરી કરવા તે આખી રાત જાગતો રહેતો. તે પતિયાંઓના ઘા ધોઈ આપતો ને જાજરૂ સાફ કરતાં તેને શરમ નહોતી આવતી. આળસ, ભય અને દ્વેષને તે જાણતો જ નહોતો.

તે તેનાં સામયિકો માટે લેખો લખતો, તેને જાતે જ ટાઈપ કરી લેતો, તેના પોતાના છાપખાનામાં હાથે જ બીબાં ગોઠવી લેતો અને સમય આવ્યે હાથે ચલાવવાના છાપકામના યંત્રને ફેરવવામાં મદદ પણ કરતો. પુસ્તકો બાંધવાનું કામ તે સારી રીતે કરી જાણતો. જે હાથ પ્રેરણાદાયી લેખો અને પત્રોનું સર્જન કરતા તે હાથ રેંટિયા પર સૂતર કાંતતા, સાળ પર વણાટકામ કરતા, નવી નવી વાનગીઓ રાંધતા અને કુશળતાથી સોય પણ ચલાવી શકતા. ફળઝાડની માવજત કરવામાં, જમીન ખેડવામાં, કૂવામાંથી પાણી ખેંચવામાં, લાકડાં ફાડવામાં અને ગાડામાંથી ભારે સામાન ઉતારવામાં પણ એ હાથ એટલા જ કાબેલ હતા.

જેલમાં તેને રોજના નવ કલાક તીકમથી કઠણ સૂકી જમીન ખોદવી પડતી અથવા કામળાના ફાટેલા ટુકડાઓ સાંધવા પડતા. તે જ્યારે ખૂબ થાકી જતો ત્યારે શક્તિ મેળવવા માટે ઈશ્વરની પ્રાર્થના કરતો. પોતાને સોંપવામાં આવેલું કોઈ પણ કામ કરવામાં નિષ્ફળ નીવડવાનો ખ્યાલ સરખો પણ તે સહી શકતો નહોતો.

ભરજુવાનીના દિવસોમાં નજીક આવેલા શહેરની દુકાનમાંથી ખરીદી કરવા માટે દિવસના ચાળીસ માઈલ તો તે ઘણી વાર

ચાલ્યો હતો. એક દિવસ તેણે પંચાવન માઈલની મજલ કાપી હતી. સ્ટ્રેચર ઉઠાવી જનારા સ્વયંસેવક તરીકે ઘાયલ સૈનિકોને તે એકીવખતે ત્રીસથી ચાળીસ માઈલ દૂર સુધી ઊંચકી જતો, ઈઠોતેર વરસની ઉંમરે પણ તે અઠવાડિયાંઓ સુધી રોજના અઢાર અઢાર કલાક કામ કરતો. કેટલીક વખત તેનો કામ કરવાનો સમય વધીને એકવીસ કલાક પર પણ પહોંચી જતો. એ ઉંમરે તેનાથી કાંતવા સિવાય બીજો કોઈ શારીરિક શ્રમ થઈ શકતો નહીં, છતાં શિયાળાની સવારે ઝાકળભીના ગામઠી ધૂળિયા રસ્તા પર પાંચ માઈલ ચાલવા માટે પૂરતી શક્તિ તેનામાં હતી. તેની અદ્‌ભુત કર્તવ્યનિષ્ઠા અને કાર્યશક્તિ માટે તેના દક્ષિણ આફ્રિકાના સાથીદારોએ તેને 'કર્મવીર' તરીકે બિરદાવ્યો હતો.

'કર્મવીર' મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ બીજી ઑક્ટોબર ૧૮૬૯ને દિવસે થયો હતો.

# બારિસ્ટર

અઢાર વરસની ઉંમરે ગાંધીજીએ મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. પરીક્ષા પસાર કર્યા બાદ તરત તે કાયદાના અભ્યાસ માટે લંડન ગયા. મોઢ વણિક જ્ઞાતિમાં તે સૌથી પહેલા વિલાયત જનાર હતા. ઈનર ટેમ્પલમાં જોડાયા પછી ગાંધીજીને લાગ્યું કે કાયદાની પરીક્ષાઓ પસાર કરવી એ અઘરી વસ્તુ નથી. ઘણા વિદ્યાર્થીઓ માત્ર બેત્રણ માસ માટે પાઠ્યપુસ્તકો પર લખાયેલી નોંધો વાંચી પરીક્ષામાં પાસ થઈ જતા. નોંધો વાંચી જવાનો આ સહેલો રસ્તો લેવામાં ગાંધીજીને છેતરપિંડી લાગી. છેતરપિંડી તરફ તેમને ઘૃણા હતી. તેમણે અસલ પુસ્તકો વાંચવાનું પસંદ કર્યું અને તેની પાછળ ઠીક ઠીક ખર્ચ કર્યો. કૉમન લૉનાં જાડાં થોથાં વાંચવા માટે નવ મહિના સુધી તેમને સખત અભ્યાસ કરવો પડ્યો. તેઓ લૅટિન શીખ્યા અને રોમન લૉનાં મૂળ પુસ્તકો વાંચ્યાં. તે વખતના બારિસ્ટરો 'ડિનર' (ખાણાના) બારિસ્ટર તરીકે ઓળખાતા. કારણ તેમને ત્રણ વરસમાં બાર સત્ર સાચવવાં પડતાં. અને આ સત્ર સાચવવા માટે ઓછામાં ઓછાં બોતેર ખાણાંમાં હાજરી આપવી પડતી. આ મોંઘાં ખાણાંનો ખર્ચ વિદ્યાર્થીઓએ જ ભોગવવો પડતો.

ગાંધીજી આ જાતના ખાણીપીણીના સમારંભોથી ટેવાયેલા નહોતા. ખાણાં ખાવાને અને દારૂ પીવાને સારા બારિસ્ટર થવા

સાથે શો સંબંધ છે એ તેમને સમજાયું નહીં. તેઓ શાકાહારી હતા અને દારૂ પીતા નહોતા. એટલે તેઓ બધી વાનગી ખાઈ શકતા નહીં અને દારૂ પણ પીતા નહીં. એટલે કાયદાના વિદ્યાર્થીઓમાંના ઘણા તેમને જોડીદાર તરીકે સાથે રાખવા ઉત્સુક રહેતા.

આ ખાણાં અને વાચન પોતાનું શરમાળપણું અને સભાક્ષોભ દૂર કરવા ગાંધીજીને મદદરૂપ ન નીવડ્યાં. અદાલતમાં કેસ લડતી વખતે આ પુસ્તકિયું જ્ઞાન કેવી રીતે કામમાં લેવું એ તેમને સમજાયું નહીં. એક અંગ્રેજ વકીલે તેમને પ્રોત્સાહન આપ્યું અને કહ્યું કે, વકીલ થવા માટે અને સુખેથી નિર્વાહ ચાલે એટલું કમાવા માટે પ્રામાણિકતા અને ખંતની મૂડી પૂરતી છે. કોઈ પણ કેસમાં પોણા ભાગ જેટલી તો હકીકતો જ હોય છે એટલે જો તમે કેસની હકીકતો પર કાળજીપૂર્વક ધ્યાન રાખશો તો કાયદો એની મેળે પોતાનું ફોડી લેશે. તેમણે ગાંધીજીને ઈતિહાસ અને સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો વાંચવાની સલાહ આપી. ગાંધીજીએ તે સલાહ માથે ચડાવી.

કેટલાક સમય સુધી ગાંધીજીએ એક અંગ્રેજની જેમ 'સભ્ય' વેશે રહેવાનો પ્રયત્ન કર્યો. યોગ્ય ઉચ્ચાર તથા ભાષણ કરવાનું, નાચવાનું, વાયોલિન વગાડવાનું અને વટબંધ કપડાં પહેરતાં શીખવા માંડ્યું. અત્યંત ફેન્સી દુકાનમાંથી મોંઘાં કોટ-પાટલૂન ખરીદ્યાં અને બે ખીસાંમાં લટકાવાય તેવો ઘડિયાળનો સોનાનો અછોડો સોહાવવા માંડ્યો. ઊંચી હેટ તથા ટાઈ લગાવ્યાં. જુવાન છોકરીઓ સાથે મૈત્રી પણ બાંધી. આમ તેઓ ધીમે ધીમે બાદશાહી અને ખર્ચાળ જીવન તરફ સરકી રહ્યા હતા. થોડા મહિના પછી તેમને પોતાની ઘેલછાનું ભાન થયું. તેમને થયું, હું ઈંગ્લંડમાં અંગ્રેજોની રહેણીકરણીનું અનુકરણ કરવા નહીં પણ વિદ્યાભ્યાસ



કરવા આવ્યો છું. મારી ખર્ચાળ આદતોને લીધે હું મોટાભાઈના શિરે ખોટો બોજ લાદી રહ્યો છું. તત્કાળ તેમણે પોતાની રહેણીકરણીમાં ફેરફાર કરવાનું નક્કી કર્યું. એક સસ્તી કોટડી ભાડે રાખી. એક સગડી ખરીદી અને નાસ્તો તથા બપોરનું ભોજન હાથે પકાવવાનું શરૂ કરી દીધું. ગાડીભાડાનો ખરચો બંધ કર્યો અને સાંજે સસ્તી શાકાહારી વીશીમાં જમી લેવાનું રાખ્યું. તે વખતે તેઓ દરરોજ આઠથી દસ માઈલ ચાલતા.

ઈંગ્લંડમાં બત્રીસ માસ રહ્યા બાદ ગાંધીજીએ પરીક્ષા પસાર કરી અને તેઓ બારિસ્ટર થયા. ત્યાંની હાઈકોર્ટમાં નામ નોંધાવ્યું અને બે દિવસ બાદ હિંદ તરફ પાછા વળ્યા.

હિંદ આવી તેમણે મુંબઈમાં એક ઘર ભાડે રાખ્યું અને રસોઇયો પણ રાખ્યો. તેઓ હાઈકોર્ટમાં નિયમિત હાજરી આપતા. ત્યાં તેમણે કેસ કેવી રીતે ચલાવવામાં આવે છે તે જોયું અને અદાલતના પુસ્તકાલયમાં હિંદના કાયદા વિશેનાં પુસ્તકો વાંચ્યાં.

તેમનો પહેલો કેસ સીધોસાદો હતો. તેને માટે તેમને ત્રીસ રૂપિયા ફી મળવાની હતી. જ્યારે બાવીસ વરસનો તાજો યુવાન બારિસ્ટર કેસ ચલાવવા ઊભો થયો ત્યારે તે ગભરાઈ ગયો. તેનું માથું ભમી ગયું અને જીભે લોચા વળ્યા. તેઓ શરમાયા અને નાઠા. ત્યાર પછી તેમણે એ અદાલતમાં ચલાવવાનો એક પણ કેસ લીધો નહીં.

તેમની આવક કોડીનીયે નહોતી અને ખરચો વધતો જતો હતો. અરજીઓ ઘડવાના કામમાં તેમને સારી હથોટી આવી ગઈ હતી. પણ એ કાંઈ બારિસ્ટરનું કામ નહોતું. વળી તેમાં ઝાઝું મળતર પણ નહોતું. છ મહિના આમ ને આમ ગબડાવી ગાંધીજી રાજકોટ જઈ તેમના કુટુંબ અને ભાઈ સાથે રહ્યા. વડીલ ભાઈએ ઈંગ્લંડ જઈ

બારિસ્ટર થઈ આવેલા ભાઈની સફળતા માટે મોટી મોટી આશાઓ બાંધી હતી. તે ખૂબ નિરાશ થયા. ગાંધીજીને પણ ઘણું દુઃખ થયું.

રાજકોટમાં વળી નવો સવાલ ઊભો થયો. જે વકીલ તેમને માટે કેસ લઈ આવે તેને કમિશન આપવું જ પડે એવો ત્યાંનો રિવાજ હતો. ગાંધીજીને આ રિવાજ નીતિ વિરુદ્ધનો લાગ્યો. તેમણે એમ કરવાની ના પાડી. વડીલ ભાઈએ તેમને ખૂબ સમજાવ્યા અને તેમણે બાંધછોડ કરી. તે વખતે ગાંધીજીની માસિક આવક લગભગ ત્રણસો રૂપિયા જેટલી હતી. આ કામ તથા એમની આજુબાજુ ચાલતું જૂઠાણું તેમને ગમતું નહોતું.

સદ્ભાગ્યે તેમના પર દક્ષિણ આફ્રિકાની એક સધ્ધર મેમણ પેઢીનું કહેણ આવ્યું. એ માટે તેમને રહેવા તથા ખાધાખર્ચ ઉપરાંત ૧,૫૭૫ રૂપિયા અને પહેલા વર્ગનું આવવા-જવાનું ભાડું મળવાનું હતું. તેમણે એ માગણી સ્વીકારી લીધી અને દૂર આવેલા આફ્રિકા ખંડ તરફ તેઓ દરિયામાર્ગે ચાલી નીકળ્યા. દક્ષિણ આફ્રિકાની જીવનની પરિસ્થિતિ વિશે તેમને ખ્યાલ સરખો પણ નહોતો. ઝાંઝીબારના બંદરમાં આગબોટ લાંગરી ત્યારે તેઓ ત્યાં આગળ અદાલત કેવી રીતે ચાલે છે એ જોવા ગયા. હિસાબ અંગેના સવાલોમાં તેમને સમજ ન પડી. તેઓ જે કેસ માટે દક્ષિણ આફ્રિકા જઈ રહ્યા હતા તે મુખ્યત્વે હિસાબને લગતો હતો, તેથી તેમણે નામાનું એક પુસ્તક ખરીદ્યું અને તેને ધ્યાનથી વાંચી ગયા.

ડરબન પહોંચ્યા પછી ત્રીજે દિવસે તેઓ ત્યાંની અદાલતમાં ગયા. મૅજિસ્ટ્રેટે તેમને તેમની પાઘડી ઉતારવા કહ્યું. ગાંધીજીએ તેમ કરવાની ના પાડી અને કોર્ટ છોડી. દક્ષિણ આફ્રિકાના કિંનારા



પર પગ મૂક્યો ત્યારથી જ અહીંના ગોરાઓ હિંદીઓ તરફ કેવો બૂરો વર્તાવ દાખવે છે તે ગાંધીજીના ખ્યાલમાં આવી ગયું. તેઓ વણનોતર્યા મહેમાન અને 'કુલી બારિસ્ટર' કહેવાયા. આ અપમાનો તેમને કઠ્યાં.

તેમના અસીલ દાદા અબદુલ્લા પાસેથી તેમણે દાવાની વિગત જાણી લીધી અને આખા કેસનો ઝીણવટથી અભ્યાસ કર્યો. તેમને થયું કે લાંબા સમય સુધી વકીલો પાછળ પૈસા વેરવાનું ચાલુ રાખવાથી બંને પક્ષ ખુવાર થશે. પોતાના અસીલનું શોષણ કરી પૈસા અને આબરૂ કમાવાનું તેમને પસંદ ન પડ્યું. તેઓ એવું માનતા હતા કે વકીલ તરીકેની મારી સાચી ફરજ બંને પક્ષો વચ્ચે મેળ કરાવવાની છે. અદાલત બહાર ઘરમેળે કેસ પતાવવા માટે સામા પક્ષને મળતા રહેવાની વાત તેમણે પકડી રાખી. દાદા અબદુલ્લા આ સાંભળી ચમક્યા, ત્યારે ગાંધીજીએ કહ્યું, 'તમે નિશ્ચિંત રહેજો. તમારી એક પણ વાત બહાર નહીં જાય. હું તો માત્ર તેમને સમજૂતી પર આવવા વીનવીશ.'

ગાંધીજીના સમાધાનીના પ્રયાસો છતાં કેસ વરસ સુધી લંબાયો. ગાંધીજીનું કામ પુરાવા તૈયાર કરવાનું હતું. મોટા મોટા વિદ્વાન વકીલો કેસ કેવી રીતે ચલાવે છે તેનો અભ્યાસ કરવાની તેમને તક મળી. બંને પક્ષને સંતોષ થાય તે રીતે કેસનો અંત આવ્યો. પરંતુ બંને પક્ષ માટે કાયદાનો આધાર ઊભો કરી શકે અને દાવાને મોંઘો બનાવી મૂકે એવા ધંધા તરફ તેમને ઘૃણા થઈ આવી.

તેમણે ડરબનની અદાલતમાં વકીલાત શરૂ કરી એ અરસામાં જ એક દિવસ એક ફાટેલાં કપડાં પહેરેલો, ધ્રૂજતો, મોઢેથી લોહી ઝરતો, જેના આગલા બે દાંત પડી ગયા હતા એવો એક માણસ

તેમની ઑફિસમાં આવ્યો. તેનું નામ બાલાસુંદરમ્ હતું. તે ગિરમીટિયો મજૂર હતો અને તેના ગોરા માલિકે તેને સખત માર માર્યો હતો. ગાંધીજીએ તેને આશ્વાસન આપ્યું. એક ગોરા દાક્તર પાસે તેની સારવાર કરાવી અને ઈજા કેટલી ગંભીર હતી એ વિશેનું પ્રમાણપત્ર મેળવી લીધું. ગાંધીજી બાલાસુંદરમ્ માટે લડ્યા, જીત્યા અને તેને માટે બીજો સારો માલિક શોધી કાઢ્યો. આ બનાવથી ગિરમીટિયાઓમાં ગાંધીજી ઘણા લોકપ્રિય થયા. જેમનો કોઈ સહારો નથી તેવાઓનો બચાવ કરનારા તરીકે તેમની ખ્યાતિ હિંદ સુધી પહોંચી. જેમના કોઈ મિત્ર નહોતા તેમના બંધુ તરીકે સહુ તેમને ઓળખવા લાગ્યા.

એક વરસના અનુભવે ગાંધીજીમાં આત્મવિશ્વાસ આવી ગયો. સામસામી થોડી દલીલો બાદ આ કુલી બારિસ્ટરને નાતાલની સુપ્રીમ કોર્ટમાં પોતાનું નામ નોંધાવવાની છૂટ મળી. ગોરા ઍટર્નીઓ તેમને કેસ આપતા નહોતા. તેમણે પોતે પણ વકીલાતના ધંધાને મુશ્કેલ બનાવી મૂક્યો. વકીલાત જૂઠાણાનો ધંધો નથી એવું પુરવાર કરવાની તેમની નેમ હતી. કેસ જીતવા માટે તેઓ કદી જૂઠું બોલતા નહીં તેમ જ સાક્ષીઓને સાચુંખોટું ભણાવતા પણ નહીં. તેમનો અસીલ કેસમાં જીતે કે હારે, તેઓ તેમની સામાન્ય ફી કરતાં સહેજે વત્તુંઓછું લેતા નહીં. કોઈ અસીલે ફી ન ચૂકવી હોય તો તેઓ તેને માટે ઉઘરાણી કરતા નહીં, અને અંગત ફરિયાદો માટે કોઈની સામે કેસ માંડતા નહીં. દક્ષિણ આફ્રિકામાં તેમની ઉપર ચાર વખત હુમલો થયેલો. ચારે વખત તેમણે હુમલો કરનારને અદાલતમાં ઘસડી જવાનો અને સજા કરાવવાનો ઈન્કાર કરેલો. તેમણે વીસ વરસ વકીલાત કરી તે



દરમિયાન સેંકડો કેસોને અદાલતની બહાર પતાવી આપવામાં મદદ કરી હતી.

એક વખત એક કેસ ચલાવતાં તેમને લાગ્યું કે તેમનો અસીલ અપ્રામાણિક છે. તેનો બચાવ કરવાનું છોડી દઈ તેમણે મૅજિસ્ટ્રેટને કેસ કાઢી નાખવાનું જણાવ્યું અને જૂઠો કેસ લાવવા બદલ અસીલને ઠપકો આપ્યો. ગાંધીજીએ એક વખત કહ્યું હતું: 'મારી વકીલાતની કારકિર્દીની શરૂઆત મેં બીજી હરોળના વકીલ તરીકે કરી હતી. કાયદા વિશેના મારા જ્ઞાનથી મારા અસીલો પ્રભાવિત થયા એવું બિલકુલ નહોતું. પણ તેમણે જોયું કે હું કોઈ પણ સંજોગોમાં સત્યનો રાહ છોડવાનો નથી, એટલે તેઓ મને વળગી રહ્યા.' તેમના અસીલ તેમના મિત્રો અને સાથી બન્યા. પ્રામાણિકતા માટે તેમણે એવી તો નામના મેળવી કે એને લઈને એક અસીલને તેમણે જેલમાં જતો ઉગારી લીધો હતો. આ જૂનો અસીલ જકાત ભર્યા વગર ચોરીબારીથી માલ ઘુસાડી લાવ્યો હતો. પોતાની આબરૂ જોખમમાં આવી પડી ત્યારે તેણે ગાંધીજીને સાચી હકીકત જણાવી દીધી. ગાંધીજીએ તેને ગુનાનો એકરાર કરી લેવાની અને સજા થાય તે સ્વીકારી લેવાની સલાહ આપી. ગાંધીજી ઍટર્ની જનરલ અને જકાત ખાતાના અમલદારને મળ્યા અને સાચેસાચી હકીકત તેમને જણાવી દીધી. તેમણે આપેલો અહેવાલ માની લેવામાં આવ્યો અને ગુનેગારને માત્ર દંડની સજા થઈ. એ અસીલે પોતાનો દાણચોરીનો કિસ્સો લખી કાઢી કાચમાં જડાવ્યો, ને પોતાની ઑફિસમાં ટાંગી તેમના વારસો અને સાથી વેપારીઓને ચેતવણી આપી.

બીજા એક પ્રસંગે તેમના અસીલના કાગળોમાં હિસાબની એક

વિગત ખોટી નાખેલી હતી. ગાંધીજીએ સામાવાળાને આ ભૂલ બતાવી દીધી અને પોતાની દલીલો સારી રીતે રજૂ કરી. શરૂઆતમાં ગાંધીજી ચાલાકી અજમાવે છે અને તેમણે આ ખોટું કર્યું છે એમ માનનાર જજે અંતે ગાંધીજીની તરફેણમાં ચુકાદો આપ્યો. જજે સામાવાળાને કહ્યું, જો ગાંધીએ એ ભૂલ ન બતાવી દીધી હોત તો તમે શું કરત?'

ગાંધીજી ઊલટતપાસ કરવામાં એક્કા હતા. ન્યાયાધીશો અને વકીલો તેમને માનની નજરે જોતા. તેમના અસીલોમાં ગોરાઓ પણ હતા. હિંદ અને દક્ષિણ આફ્રિકા, એ બંને જગ્યાએ તેમણે જોયું હતું કે, યુરોપિયનોની સામે હિંદીઓના સો કેસોમાંથી નવ્વાણું કેસમાં હિંદીઓને અન્યાય થતો હતો. અને તેથી તેમને કહેવું પડ્યું કે, 'હિંદમાં કારમા ખૂન માટે એક પણ અંગ્રેજને ફાંસીની સજા થઈ છે ખરી? એક નિર્દોષ હબસીને જાણી જોઈને રિબાવવા માટે અંગ્રેજ અમલદાર પર ચલાવવામાં આવેલો મુકદ્દમો તથા તેને કરવામાં આવેલી હાસ્યાસ્પદ સજા તો જુઓ?'

કડક નિયમોનું પાલન કરવા છતાં અને કાયદાને વિશે પ્રતિકૂળ ટીકાઓ કરવા છતાં ગાંધીજી તેમના ધંધામાં સારી પેઠે સફળ થયા. હિંદમાં તેમણે બહુ ઓછો સમય વકીલાત કરી. શરૂઆતમાં સારા લત્તામાં એક ઘર ભાડે રાખ્યું, અને એક આશાસ્પદ બારિસ્ટરને છાજે તેવું રાચરચીલું વસાવી તેને પશ્ચિમની ઢબે સજાવ્યું. રવિવારે અને રજાના દિવસોએ તેમને ઘેર મિજબાની રાખવામાં આવતી. તેમનાં દ્વાર સદાય ખુલ્લાં રહેતાં અને પોતાના અંગત મિત્રો તથા સાથીઓને તેઓ તેમની સાથે રહેવાને નોતરતા. તેમના ઘરથી ઑફિસ છ માઈલ દૂર હતી. થોડા મહિના સુધી તેમણે સાઇકલ



પર જવાનું રાખ્યું, પણ પાછળથી તેઓ ચાલીને ઑફિસે જતા. હિંદીઓને ટ્રામમાં આગલી બેઠક પર બેસવા દેવામાં આવતા નહોતા. એટલે ટ્રામનો ઉપયોગ કરવાનું તેમણે માંડી વાળ્યું. જોકે, આગળની બેઠક પર બેસવાની ખાસ પરવાનગી તેઓ મેળવી શકત. તેમણે ધીમે ધીમે ગરીબ હિંદી મજૂરો સાથે એકરૂપ થવાનો પ્રયાસ કરવા માંડ્યો અને પોતાનું જીવન સાદાઈભર્યું કર્યું. ચાળીસ વરસની ઉંમરે જ્યારે તેમની સરેરાશ માસિક આવક રૂપિયા ચાર હજારની હતી એ વખતે તેમણે વકીલાત છોડી દઈ પ્રજાસેવાને જીવન અર્પણ કર્યું. સમાજને અર્થે તેમણે પોતાની સઘળી માલમિલકતનો ત્યાગ કર્યો, હાથે કામ કરવા માંડ્યું અને ફાર્મ ઉપર રહેવા લાગ્યા.

વર્ષો બાદ, હિંદના વકીલો ને બારિસ્ટરો જે મોટી મોટી ફી લેતા હતા તેને ગાંધીજીએ વખોડી કાઢી. હિંદની અદાલતો અતિશય ખરચાળ રીતે ચાલતી હતી. હિંદના લોકોની ગરીબાઈ સાથે તેનો કશો જ મેળ નહોતો. એક વકીલ મહિને પચાસ હજારથી માંડીને એક લાખ રૂપિયા સુધી કમાઈ શકતો. ગાંધીજીએ કહ્યું, 'વકીલાત એ કંઈ સટ્ટાનો ધંધો નથી. જો આપણે વકીલ અને અદાલતોની મોહજાળમાં ફસાયા ન હોત તો, આપણે વધારે સુખી જીવન જીવતા હોત. વકીલાત માણસને અનીતિ શીખવે છે. જૂઠી જુબાની આપનાર સાક્ષીઓ બંને પક્ષે ખડા હોય છે. તેઓ પૈસાને ખાતર પોતાના આત્માને વેચે છે.' તેમને લાગ્યું કે ન્યાયને શુદ્ધ અને સસ્તો બનાવવા માટે ન્યાયતંત્રમાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. તેમણે પોતે કોઈ પણ જાતની ફી લીધા વગર ગરીબોના કેસ લડવા માંડ્યા. જાહેર કામ સાથે સંકળાયેલા કેસોમાં કેવળ

ખીસાખર્ચ જેટલી જ ફી લેવાનું રાખ્યું. કુલી વસાહતોમાંથી ગરીબ હિંદી વસાહતીઓને મ્યુનિસિપાલિટીએ કાઢી મૂકવા માંડ્યા ત્યારે ગાંધીજીએ વસાહતીઓનો પક્ષ લીધો. તેમણે દરેક કેસ પાછળ ભારે જહેમત ઉઠાવી, પણ કેસ દીઠ ફીના માત્ર દોઢસો રૂપિયા જ લીધા. સિત્તેર કેસમાંથી એકમાં જ હાર થઈ. એમાંની અડધી આવક તેમણે એક ધર્માદા સંસ્થા ઊભી કરવા માટે દાનમાં આપી દીધી.

પોતાના દેશવાસીઓ માટે માનવઅધિકાર મેળવવા સારુ તેમણે સરકારની સામે થવાની હિમાયત કરી. તેમની ધરપકડ કરવામાં આવી અને હિંદ તથા દક્ષિણ આફ્રિકાની એમ બંને જગ્યાની અદાલતમાં તેમની સામે કામ ચલાવવામાં આવ્યું. અનેક વાર તેમને જેલની સજા કરવામાં આવી હતી. દક્ષિણ આફ્રિકામાં તો જે અદાલતમાં તેમણે દસ વરસ સુધી વકીલાત કરી હતી તે જ અદાલતના સાક્ષીના પીંજરામાં તેમને બેડીઓ સાથે ઊભા રહેવું પડ્યું. હિંદમાં તેમને પહેલી વખત સજા થયા પછી બારિસ્ટરોની યાદીમાંથી તેમનું નામ કાઢી નાખવામાં આવ્યું.

ગાંધીજીએ બ્રિટિશ રાજ્યની અદાલતો સાથે અસહકારની જાહેરાત કરી અને પંચાયતોને સજીવન કરવાની હિમાયત કરી. કાનૂનભંગની આ હાકલ થતાં જ ઘણા પ્રખર ધારાશાસ્ત્રીઓ તેમની વકીલાત છોડી દઈ સ્વરાજની લડતમાં જોડાયા.

વકીલ મંડળ તરફથી આપવામાં આવેલા માનપત્રનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું કે, જેમાંથી હું બારિસ્ટર થયો હતો તે જ ઈનર ટેમ્પલે વકીલાત કરવાનો મારો હક પાછો લઈ લીધો છે અને મારું કાયદાનું જ્ઞાન ઘણા સમયથી ભુલાઈ ગયું છે. કાયદાનો અર્થ કરવા કરતાં તેનો ભંગ કરવાના કામમાં જ હું વધારે રોકાયો છું.

## દરજી

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને બે વખત સખત મજૂરીની સજા થઈ હતી. થોડાં અઠવાડિયાં સુધી તેમને કામળાના ફાટેલા ટુકડા સાંધવાનું અને જાડા કાપડમાંથી ખમીસનાં ગજવાં વેતરવાનું કામ કરવું પડ્યું હતું. રોજના નવ કલાક સુધી તેમને આ કામ કરવું પડતું. તેમને આપેલા ટુકડા સમય કરતાં પહેલાં સાંધીને પરવારી જઈ તેઓ બીજા ટુકડા સાંધવા માગતા.

હિંદની જેલમાં પણ કેટલાક દિવસ સુધી તેમણે સિંગરનો સીવવાનો સંચો ચલાવ્યો હતો. જેલનું આ બધું કામ તેઓ સ્વેચ્છાએ કરતા. ગાંધીજી સીવવાનો સંચો ચલાવવામાં પાવરધા થવા માગતા હતા. મૂડીદારો જે મોટાં યંત્રો રાખે છે તે માણસને ગુલામ બનાવી મૂકે છે, અને કારીગરોને બેકાર બનાવે છે. આવાં મોટાં યંત્રોના ઉપયોગને ગાંધીજીએ માન્ય રાખ્યો નહીં. તેઓ એમ માનતા હતા કે માનવીના આવશ્યક પરિશ્રમનું સ્થાન યંત્રોને પચાવી પાડવા દેવું જોઈએ નહીં. હિંદના કરોડો લોકો માટે ખરો સવાલ ફુરસદનો સમય ક્યાંથી કાઢવો એ નહીં પણ તેમનો બેકારીનો સમય કઈ રીતે કામમાં લેવો એ હતો. ગાંધીજીએ સીવવાના સંચાને અપવાદ તરીકે લેખ્યો એનું કારણ આપતાં તેઓ કહે છે: ''એ અતિશય ઉપકારક વસ્તુઓમાંની એક છે અને એની શોધની આસપાસ કેવી પ્રેમશૌર્યની કથા રહેલી છે! સિંગરે

પોતાની સ્ત્રીને કપડાં ઉપર વાંકી વળી આખો દિવસ ધીમે ધીમે આંખો તાણતી, ટાંકા મારતી, સીવીને થાકીને લોથ થઈ જતી જોઈ. તે તેને સાલ્યા કીધું, અને આખરે તેણે પોતાના અતિશય પ્રેમના બળે કરીને સીવવાનો સંચો ઉત્પન્ન કર્યો. તેમ કરીને તેણે પોતાની સ્ત્રીની મહેનત બચાવી એટલું જ નહીં, દરેક જણની બચાવી.''

ગાંધીજીએ એક વખત એક આશ્રમવાસી બહેનને લખ્યું હતું કે, ''તમારાં કપડાં—સુરવાળ અને ખમીસ—સિવડાવવા વિશે તમે ચિંતા કરશો નહીં. જે કંઈ સીવવા કરવાનું હશે તે હું સીવી દઈશ. સિંગરનો સીવવાનો સંચો આપણે કોઈકની પાસેથી સહેલાઈથી મેળવી શકીશું. તેના પર થોડા જ કલાકમાં જરૂરી કપડાં તૈયાર થઈ જશે.'' પોતાના સીવણકામ માટે તેઓ અભિમાન લઈ શકે તેમ હતું. તેઓ કસ્તૂરબા માટે કબજો વેતરીને સીવી શકતા. તેઓ રેંટિયા પર સૂતર કાંતતા, તેને હાથસાળ પર વણી લેતા અને પોતાનું પહેરણ સીવી લેતા. કુશળ દરજીઓ અને મોચીઓ આશ્રમના વિદ્યાર્થીઓને મફત સીવણકામ તથા મોચીકામ શીખવતા.

ચંપારણમાં ગાંધીજી નીલવરોના જુલમ સામે રૈયતને દોરવણી આપી રહ્યા હતા, ત્યારની વાત છે. ગાંધીજીએ પ્રજામાં વહાલા થવા માટે તેટલા સમય પૂરતો ખાસ રાષ્ટ્રીય પોશાક અપનાવ્યો છે એમ કહી એક બ્રિટિશ પત્રકારે તેમની નિંદા કરી. એના જવાબમાં ગાંધીજીએ લખ્યું : ''મેં સ્વદેશીનું વ્રત લીધું હોવાથી હવે હું મેં પોતે અથવા મારા સાથીઓએ હાથે વણેલાં અને હાથે સીવેલાં કપડાં પહેરું છું.''



પાછળથી ગાંધીજીએ પહેરણ પહેરવાનું છોડી દીધું અને કચ્છ તથા ઉપરણું ઓઢવાનું રાખ્યું. તે વખતે પણ, પ્રસંગોપાત્ત, તેઓ હાથરૂમાલ, નેપ્કિન કે કચ્છની કોર ઓટી લેતા. તેઓ સીવણકામમાં ગૂંથાયેલા હોય ત્યારે તેમના મંત્રી દ્વારા પત્ર લખાવતા. તેઓ આગાખાન મહેલમાં અટકાયતમાં હતા ત્યારે તેમણે જેલના સુપરિન્ટેન્ડેન્ટને જન્મદિવસની ભેટમાં ખાદીના હાથરૂમાલ આપ્યા હતા. દરેક હાથરૂમાલ પર જેલના સુપરિન્ટેન્ડેન્ટનું મિતાક્ષરી નામ સુંદર રીતે ભરેલું હતું. આ ભરતકામ ચુંમોતેર વરસના ગાંધીજીએ પોતાને હાથે કર્યું હતું.

ગાંધીજીની મનગમતી શાલ ઉપર ખાદીના માપસરના ટુકડા મૂકી થીંગડાં મારવાનાં હતાં. આ કામ તેમની દેખરેખ હેઠળ એક બહેનને કરવું પડ્યું હતું. એક ગરીબ દેશના પ્રતિનિધિ તરીકે ગાંધીજી એ થીંગડાંવાળી શાલ ઓઢીને ઇંગ્લંડના વડા પ્રધાન સાથે ગોળમેજી પરિષદમાં બેઠા હતા. બકિંગહામ મહેલમાં રાખેલા ચાપાણીના સમારંભમાં પણ તેઓ એ શાલ સાથે જ ગયા હતા. ખોટા દેખાવની તેમણે કદી પરવા કરી નહોતી, પરંતુ મેલાંઘેલાં તથા ફાટેલાં કપડાં તેમને ગમતાં નહોતાં. એક વખત એક સભામાં તેમના એક સાથીકાર્યકરે ઓઢેલા ખાદીના ઉપરણામાં તેમણે કાણું જોયું. આ જોઈ તેમણે તરત જ તેને આ પ્રમાણે લખી મોકલ્યું : ''ફાટેલાં કપડાં પહેરવાં એ આળસની નિશાની છે, અને તેથી કરીને શરમની નિશાની છે. પરંતુ થીંગડાંવાળાં કપડાં પહેરવાં એ ગરીબી, ત્યાગ અને મહેનતની નિશાની છે. તમારું ઉપરણું ફાટેલું છે એ મને ન ગમ્યું. એ ગરીબીની કે સાદાઈની નિશાની નથી. એ પત્ની ન હોવાની, ફૂવડ પત્ની હોવાની અથવા તો આળસની નિશાની છે.''

# ધોબી

બારિસ્ટર ગાંધી સુઘડ યુરોપિયન પોશાક પહેરીને અદાલતમાં જતા. આથી તેમના ખમીસ સાથે મળતા આવે એવા રોજ ને રોજ ધોયેલા ચોખ્ખા કૉલરની તેમને જરૂર પડતી. તેઓ ખમીસ એકાંતરે બદલતા. અને તેમનો ધોબીનો ખરચ વધારે પડતો હતો. કપડાંની ઘણી જોડ રાખવા પાછળ પણ ગાંધીજીને સારો એવો ખરચ કરવો પડતો. ધોબીની મહેરબાની એવી હતી કે ત્રણ ડઝન ખમીસ અને તેટલા જ કૉલર રાખવા છતાં પહોંચી વળાતું નહોતું.

ગાંધીજી પોતાના ખરચમાં કાપ મૂકવા માગતા હતા. એક દિવસ તેઓ ધોવાનો બધો સરંજામ ખરીદી લાવ્યા. ધોવાની કળાની ચોપડી ખરીદી અને તેને ધ્યાનથી વાંચી ગયા. કપડાં સારી રીતે કેમ ધોવાં તેની માહિતી તેમને મળી ગઈ એટલે તેમણે તે અમલમાં મૂકી. બિચારાં કસ્તૂરબાને પણ એ ખેલનાં પ્રેક્ષક રહેવા દેવામાં ન આવ્યાં. ગાંધીજીએ તેમને કપડાં ધોવાની આ કળા શીખવી. આ નવી ધૂનને કારણે ગાંધીજીના રોજિંદા કામકાજ પર વધારાનો બોજો પડ્યો. પણ તેનાથી હારે તો ગાંધીજી શાના? તેઓ તો ધોબીની ગુલામીમાંથી છૂટવાની અને સ્વાશ્રયી બનવાની ગાંઠ વાળીને બેઠા હતા. એક દિવસ તેમણે એક કૉલર ધોયો અને તેના પર આર ચડાવ્યો. તેમણે ઈસ્તરી કરી તો ખરી, પણ આવા કામની ટેવ નહીં હોવાથી ઈસ્તરી બરાબર થઈ નહીં. ઈસ્તરી પૂરી





ગરમ થઈ નહોતી અને દાઝી જવાની બીકે તેમણે ઈસ્તરી બરાબર દાબી નહીં, તેથી કૉલર અક્કડ તો બન્યો પણ તેમાંથી આર ખર્યા કરતો હતો. આ કૉલર પહેરી તેઓ અદાલતમાં ગયા અને બારિસ્ટરોને મજાક કરવાનું સાધન બન્યા. ગાંધીજીમાં આવી મજાક સહી લેવાની શક્તિ પહેલેથી જ હતી. તેથી તેમણે મશ્કરીના જવાબમાં કહ્યું : ''કૉલર હાથે ધોવાનો આ પહેલો અખતરો છે એટલે તેમાંથી આર ખરે છે. મને એ અડચણકર્તા નથી, ને વળી તમને બધાને આટલો વિનોદ પૂરો પાડું છું એ વધારાનો નફો.''

''પણ ધોબી ક્યાં નથી મળતા?'' એક મિત્રે કહ્યું.

''એ ખરું, પણ ધોબીનો ખરચ તો મને અસહ્ય લાગે છે. કૉલરની કિંમત જેટલી ધોલાઈ થાય અને એ આપતાં છતાં ધોબીની ગુલામી ભોગવવી પડે. એના કરતાં કપડાં હાથે ધોઈ લેવાનું હું વધારે પસંદ કરું છું.'' આગળ ઉપર તેઓ કુશળ ધોબી નીવડ્યા.

ગાંધીજી ગોખલેને ગુરુ માનતા હતા. ગોખલેની પાસે સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેની પ્રસાદી રૂપ એક દુપટ્ટો હતો. એ દુપટ્ટો ગોખલે અતિશય જતનથી રાખતા અને ખાસ પ્રસંગે વાપરતા. જોહાનિસબર્ગમાં તેમના માનમાં જે ખાણું આપવામાં આવ્યું હતું તે પ્રસંગ મહત્ત્વનો હતો. દક્ષિણ આફ્રિકામાં આ તેમનું મોટામાં મોટું ભાષણ હતું. તેથી તે પ્રસંગે તેમને પેલો દુપટ્ટો વાપરવો હતો. તે ચોળાયેલો હતો અને તેને ઈસ્તરી કરવાની જરૂર હતી. ધોબી મેળવી તેની પાસે તુરત ઈસ્તરી કરાવી લવાય એટલો સમય નહોતો. ગાંધીજીએ આ પ્રસંગે તેમની કળાનો ઉપયોગ કરવા

દેવાની ગોખલે પાસે માગણી કરી.

''તારી વકીલાતનો હું વિશ્વાસ કરું, પણ આ દુપટ્ટા ઉપર તારી ધોબીકળાનો ઉપયોગ હું ન કરવા દઉં. એ દુપટ્ટાને તું જાણે છે?'' એમ કહી ગોખલેએ અતિ ઉલ્લાસથી એ દુપટ્ટાની પ્રસાદીની કથા ગાંધીજીને કહી સંભળાવી.

ગાંધીજીએ વિનયપૂર્વક ડાઘ ન પડવા દેવાની ખોળાધરી આપી. તેમને ઈસ્તરી કરવાની રજા મળી. ગોખલે તેમનું કામ જોઈ રાજી થયા. આ અંગે પોતાનો આનંદ વ્યક્ત કરતાં ગાંધીજી લખે છે: ''મારી કુશળતાનું મને પ્રમાણપત્ર મળી ચૂક્યું! હવે મને જગત પ્રમાણપત્ર ન આપે તો શું થયું?''

દક્ષિણ આફ્રિકાના તેમના આશ્રમમાં પાણીની અછત રહેતી, અને આશ્રમની બહેનોને કપડાં ધોવા માટે દૂર આવેલા એક ઝરણા સુધી જવું પડતું. ગાંધીજી તેમને મદદ કરતા. ખાદીનું ઉત્પાદન શરૂ થયું ત્યારે શરૂઆતનાં વરસોમાં હાથસાળ પર જે સાડીઓ વણાતી તે ઘણી જાડી અને વજનદાર હતી. આશ્રમની બહેનોએ એવી સાડી પહેરવાની તો હા પાડી પણ તેને ધોવાની વાતમાં ગણગણાટ કર્યો. ગાંધીજીએ તેમને ધોબી તરીકે પોતાની સેવા આપવાનું કહ્યું. બીજાનાં કપડાં ધોવામાં તેમને શરમ આવતી નહોતી.

એક વખત તેઓ એક ધનવાનને ત્યાં મહેમાન તરીકે ઊતર્યા હતા. તેઓ બાથરૂમમાં નાહવા ગયા ત્યાં તેમણે જોયું તો એક ધોયેલું કોરું ધોતિયું ભોંય પર પડી ગયું હતું. તેમણે નાહ્યા પછી પોતાનાં કપડાં ધોયાં તેની સાથે એ ધોતિયું પણ ધોઈ નાખ્યું. ગાંધીજી કપડાંને તડકામાં સૂકવવાનો ખાસ આગ્રહ રાખતા, કારણ



તેમ કરવાથી કપડાં સફેદ થાય છે અને જંતુઓ પણ મરી જાય છે. ધોયેલાં કપડાં લઈ તેઓ બહાર આવ્યા અને કપડાં તડકે સૂકવી દીધાં. યજમાનને આ ગમ્યું નહીં તેથી તેમણે કહ્યું : ''બાપુજી, તમે આ શું કરો છો?''

''કેમ? એમાં શું ખોટું છે? ચોખ્ખું ધોતિયું ગંદું થઈ જાત એટલે મેં તેને ધોઈ કાઢ્યું. વસ્તુને ચોખ્ખી રાખવા માટે થોડું કામ કરવામાં મને શરમ નથી આવતી,'' બાપુએ કહ્યું. આ પ્રસંગે ગાંધીજી શરમાયા નહીં પણ તેમના યજમાન જરૂર શરમાયા.

ગાંધીજી જેલમાં હતા ત્યારે, તેમના ઘડપણના દિવસોમાં, કેટલીક વખત તેઓ તેમનો કચ્છ, નેપ્કિન અને હાથરૂમાલ હાથે ધોઈ લેતા. આમ કરી તેઓ પોતાના સાથીઓને વધારાના કામમાંથી રાહત આપતા. આગાખાન મહેલમાં કસ્તૂરબાની છલ્લી માંદગી દરમિયાન કસ્તૂરબાએ વાપરેલા હાથરૂમાલ તેઓ લઈ લેતા અને જાતે ધોઈ કાઢતા.

પોતાના પોશાક વિશે તેમણે આખી જિંદગી ચીવટ રાખી હતી. નાના હતા ત્યારે મિલનું ઝીણું ધોતિયું ધોઈને સફેદ રાખવામાં તેઓ બીજા છોકરાઓ સાથે સ્પર્ધા કરતા. કૂવામાંથી પાણી ખેંચી ધોતિયું ધોઈ કાઢતા. સાદાઈ તેમને ગમતી, પણ મેલાંઘેલાં અને ચોળાયેલાં કપડાં તેમને બિલકુલ પસંદ નહોતાં. પોતાનાં કચ્છ, ઉપરણું અને નેપ્કિન તેઓ બિલકુલ સ્વચ્છ અને કરચલી વિનાનાં રાખતા. ગાંધીજી સ્વચ્છતાની મૂર્તિ હતા.

## વાળંદ

દક્ષિણ આફ્રિકા આવ્યા બાદ એક અઠવાડિયા પછી ગાંધીજીને તેમના કેસના કામ અંગે એક મોટા શહેરમાં એક રાત ગાળવી પડી. તેમણે ઘોડાગાડી ભાડે કરી અને કોચવાનને એક જાણીતી હૉટેલ પર ગાડી લઈ લેવા કહ્યું. ગાંધીજી હૉટેલના મૅનેજરને મળ્યા અને તેની પાસે એક રૂમની માગણી કરી. ગોરા મૅનેજરે ગાંધીજીને પગથી માથા સુધી જોઈ લઈ વિવેકની ભાષા વાપરી, ''હું દિલગીર છું. બધી કોટડીઓ ભરાઈ ગઈ છે.'' ગાંધીજીને તે રાત એક હિંદી મિત્રની દુકાનમાં ગાળવી પડી. ગાંધીજીએ હૉટેલમાં તેમના પર વીતેલી વાત એ મિત્રમે કહી સંભળાવી ત્યારે તેમના મિત્ર ખડખડાટ હસી પડ્યા અને કહ્યું, ''હૉટેલમાં તે વળી આપણને ઊતરવા દે કે?''

ગાંધજીએ પૂછ્યું, ''કેમ નહીં ?''

''એ તો જ્યારે તમે થોડા દિવસ રહેશો ત્યારે જાણશો. આ દેશમાં તો અમે જ રહી શકીએ. કારણ, અમારે પૈસા કમાવા છે. એટલે, ઘણાંય અપમાન સહન કરીએ છીએ અને પડ્યા રહીએ છીએ.'' એમ કહી તેમણે ટ્રાન્સવાલમાં પડતાં દુ:ખોનો ઈતિહાસ કહી સંભળાવ્યો.

ગાંધીજીને પણ એનો અનુભવ થયો. તેમને તમાચા ખાવા પડ્યા, મુક્કા અને લાતો ખાવી પડી, ગાડીમાંથી અને પગથી





પરથી હડસેલી કાઢવામાં આવ્યા—કારણ તેઓ હિંદી હતા, કાળા હતા. આમ છતાં ગોરાઓ 'કાળાઓ'ને શા માટે ધિક્કારતા હશે, તથા તેમના તરફ શા માટે ગેરવર્તાવ કરતા હશે તે ગાંધીજીને સમજાયું નહીં. આખરે તો આપણે સૌ એક પિતાનાં સંતાનો છીએ અને ગોરાઓનો ધર્મ — ઈશુનો — પણ પ્રેમનો ધર્મ છે.

એક વેળા ગાંધીજી એક અંગ્રેજ હજામની દુકાને પહોંચ્યા. ગોરા હજામે તેમને પૂછ્યું, ''કેમ, શું કામ છે?''

''મારે વાળ કપાવવા છે,'' ગાંધીજીએ કહ્યું.

''માફ કરજો, હું તમારી હજામત નહીં કરી શકું. જો હું કાળા હિંદીના વાળ કાપું તો મારે મારા ઘરાકો ગુમાવવાના થાય.'' આમ કહી તેણે હજામત કરવાની ઘસીને ના પાડી, ને ના પાડવામાં તિરસ્કાર બતાવ્યો એ વધારનો.

આ અપમાન ગાંધીજીના દિલમાં ઊંડું ઊતરી ગયું. તેમને થયું કે દુ:ખથી સમસમ્યા કરવાથી અને છાપાંમાં લેખી અપીલો કરવાથી કાંઈ વળવાનું નથી. મારે જાતે સ્વાશ્રયી થઈ જવું જોઈએ, પોતાનાં કામ જાતે જ કરી લેવાં જોઈએ. આમ વિચારી તેઓ બજારમાં પહોંચ્યા. વાળ કાપવાનો સંચો ખરીદી લીધો અને ઘરે આવી અરીસા સામે ઊભા રહી પોતાના વાળ પોતાની મેળે જ કાપ્યા. દાઢી તો જાતે કરી લેવાય, પણ પોતાના વાળ જાતે જ કાપી લેવા એ મુશ્કેલ કામ હતું. વધુમાં, એ બારિસ્ટરનું કામ તો નહોતું જ ! તેમણે વાળ જેમતેમ કાપ્યા તો ખરા; પણ પાછળના વાળ કાપતાં બહુ મુશ્કેલી પડી. સીધા તો ન જ કપાયા. હંમેશની જેમ, બીજે દિવસે જાણે કંઈ બન્યું જ ન હોય તેમ તેઓ કોર્ટમાં

ગયા. તેમના જોકર જેવા વાળ જોઈ કોર્ટમાં મિત્રો પેટ પકડીને હસ્યા.

''તારે માથે ઉંદર ફરી ગયા છે?'' એકે મશ્કરીમાં પૂછ્યું. ગાંધીજીએ તેને ગંભીરતાથી કહ્યું, ''ના, મારા કાળા માથાનો સ્પર્શ ધોળા હજામ કેમ કરે? એટલે જેવાતેવા પણ હાથે કાપેલા વાળ મને વધારે પ્રિય છે.''

ગાંધીજીનો વાળ કાપવાનો આ પહેલો પ્રયાસ હતો. તે વખતે તેમની ઉંમર અઠ્ઠાવીસ વરસની હતી. ત્યાર પછી તો વાળ કાપવા માટે તેમણે અનેક વાર કાતર અને સંચાનો ઉપયોગ કર્યો. તેમના આશ્રમોમાં પૈસા ખરચીને હજામ પાસે હજામત કરાવવાની બંધી હતી. આશ્રમવાસીઓ અંદરોઅંદર એકબીજાના વાળ કાપી લેતા. આશ્રમના વિદ્યાર્થીઓ સ્પાર્ટાના લોકો જેવું સાદું, કઠણ અને સંયમી જીવન જીવે એવું ગાંધીજી ઇચ્છતા હતા. ફેશન, ભપકાદાર કપડાં અને સ્વાદિષ્ટ વાનગીઓને આશ્રમમાં ક્યાંયે સ્થાન નહોતું. એક દિવસની વાત છે. રવિવારે સવારે છોકરાઓ નાહવા જતા હતા. ગાંધીજીએ તેમને એક પછી એક બોલાવીને તેમના વાળ ઝીણા કરી નાખ્યા. આથી તેઓ લગભગ બોડકા થઈ ગયા અને નારાજ થઈ ગયા. એક વખત આશ્રમની બે છોકરીઓના લાંબા વાળ પણ ગાંધીજીએ કાપી નાખ્યા હતા.

દક્ષિણ આફ્રિકાની જેલોમાં કેદીઓને કાંસકા આપવામાં આવતા નહોતા. જેને બે માસની કે તેનાથી વધારે મુદતની સજા થઈ હોય તેવા કેદીએ વાળ ઝીણા કરાવી નાખવા પડતા તથા મૂછો કઢાવી નાખવી પડતી. આ નિયમમાંથી ગાંધીજીને તથા તેમના સાથીદારોને મુક્તિ આપવામાં આવી હતી. પણ ગાંધીજી



જેલજીવનના બધા અનુભવોમાંથી પસાર થવા માગતા હતા. મારે મારા વાળ ઝીણા કરાવી નાખવા છે એવું તેમણે લખીને આપ્યું ત્યારે મુખ્ય દારોગાએ તેમને વાળ કાપવાનો સંચો અને કાતર આણી આપ્યાં. ગાંધીજી અને તેમના એકબે સાથી-કેદીઓ દરરોજ બે કલાક હજામ તરીકેની સેવા આપતા.

ગાંધીજીને આગાખાન મહેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા હતા ત્યારે એક આશ્રમવાસી બહેન પણ તેમની સાથે હતાં. એ બહેનના માથામાં લીખો પડી હતી. તેમણે ગાંધીજીને પૂછતાં પૂછી પાડ્યું કે, ''બાપુ, હું મારા વાળ કાપી નાખી આ લીખોનો નાશ કરવા કંઈક દવા મૂકું?'' આ સાંભળી ગાંધીજીએ તરત જ કહ્યું, ''હા હમણાં જ કાપી નાખ, કાતર લઈ આવ.'' કાતર મંગાવવામાં આવી અને એ બહેનના વાળની લટો કપાઈ ને નીચે પડી. 'મહાત્મા વાળંદ'ની ઉંમર તે વખતે પંચોતેર વરસની હતી.

સ્વદેશીની લડત દરમિયાન ગાંધીજીએ પરદેશી અસ્ત્રાનો બહિષ્કાર કર્યો અને દેશી બનાવટનો અસ્ત્રો વાપરવા માંડ્યો. ધીમે ધીમે તેના પર તેમનો હાથ બરાબર બેસી ગયો. તેઓ આયનો, સાબુ અને બ્રશ વગર પણ દાઢી કરી શકતા. આને તેમણે દાઢી કરવાની કળામાં નોંધપાત્ર સુધારો ગણ્યો અને એક હજામને આવું પ્રમાણપત્ર આપ્યું: ''મુન્નીલાલે ભક્તિભાવપૂર્વક સુંદર રીતે મારી દાઢી કરી આપી છે. તેનો અસ્ત્રો દેશી બનાવટનો છે અને તે સાબુ વગર દાઢી કરે છે.'' તેમના કેટલાક અનુયાયીઓને આ તૂતનો ચેપ લાગ્યો. તેમને માલૂમ પડ્યું કે, હજામત એથી ઓછી કંટાળાજનક બને છે.

ગામડાના હજામો વાઢકાપ કરનાર દાક્તરનું કામ કરી જાણતા

તથા નસ્તર મૂકવામાં અને કાંટો કાઢવામાં કુશળ હતા તે ગાંધીજી જાણતા હતા. વધુમાં તેઓ આ કામ તેમનાં ગંદાં કપડાં સાથે અને ગંદાં સાધનોથી જ કરે છે તે પણ તેમનાથી અજાણ્યું નહોતું.

સેવાગ્રામમાં એક હરિજન બાપુની સેવાચાકરી કરતો હતો. તેણે એક વખત તેમને કહ્યું, ''બાપુ, મારે વર્ધા જવું છે.''

''શા માટે?''

''દાઢી કરાવવા માટે.''

''આ ગામમાં તું દાઢી કરાવી શકે એમ નથી?''

''સવર્ણ હજામ મારી હજામત નહીં કરે. હરિજન હજામ આ ગામમાં નથી,'' તેણે જવાબ આપ્યો.

તેનો જવાબ સાંભળી ગાંધીજીએ કહ્યું, ''તો પછી હું ક્યારેય તેની પાસે મારી હજામત નહીં કરાવું.'' તેમણે એ હજામની સેવા લેવાનું બંધ કરી દીધું. જ્યારે તેમણે એક ગામથી બીજા ગામ પદયાત્રા શરૂ કરી ત્યારે તેમને દાઢી કરી લેવાનો સમય મળતો નહીં અને ઘણી વખત તેમને હજામની મદદની જરૂર પડતી.

તેઓ ખાદીયાત્રા કરતા હતા તે વખતે તેમની દાઢી કરનાર હજામ ખાદીધારી હોય તેવી એમની ઇચ્છા હતી. એવા હજામની શોધમાં સ્વયંસેવકો આમતેમ દોડાદોડ કરી મૂકતા. ગાંધીજીએ તેમને કહ્યું, ''આપણી સ્વદેશીની પ્રતિજ્ઞામાં આપણે ધોબીઓ અને હજામોને પણ ભાગીદાર બનાવવાના છે. હજામો વાતો ફેલાવવામાં એક્કા હોય છે. સ્વદેશીનો સંદેશો તેઓ ફેલાવી શકશે.'' બીજે એક પ્રસંગે, ઓરિસ્સામાં ગાંધીજી હજામની રાહ જોતા બેઠા હતા. હજામતનો બધો સરસામાન લઈને આવેલી એક સ્ત્રી તેમની નજરે પડી. ''આ બધાં ઘરેણાંનો ઠઠારો શા માટે? તે તને શોભા નથી



આપતાં. એ કદરૂપાં ઘરેણાં ભારોભાર મેલથી ભરેલાં છે.'' આ સાંભળી પેલી બાઈની આંખમાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું, ''આજના ખાસ પ્રસંગે પહેરવા માટે તે મેં કોઈ પાસેથી માગી આણ્યાં છે એની આપને શી રીતે ખબર હોય? સારાં ઘરેણાં પહેર્યા સિવાય હું આપના જેવા મોટા માણસ પાસે શી રીતે આવી શકું?'' ત્યાર પછી તેણે ગાંધીજીના વાળ કાપ્યા, દાઢી કરી અને તેમને દંડવત્ પ્રણામ કરી તેનું મહેનતાણું ગાંધીજીને ચરણે ધરી દઈ ત્યાંથી ચાલી ગઈ.



રાજકોટમાં ગાંધીજીના પિતાને ત્યાં ઊકો નામનો એક મહેતર સફાઈનું કામ કરવા માટે આવતો. જો ગાંધીજી ક્યારેક તેને અડી જતા તો પૂતળીબાઈ તેમને નાહી લેવાનું કહેતાં. ગાંધીજી આમ કહ્યાગરા અને આજ્ઞાંકિત પુત્ર હતા, પરંતુ તેમને આ ગમતું નહીં. બાર વરસનો દીકરો તેની મા સાથે દલીલ કરતો અને કહેતો: ''ઊકો ગંદકી અને કચરો સાફ કરી આપણી સેવા કરે છે. તે મને અડે એટલે હું અભડાઈ કેવી રીતે જાઉં? મારે તમારી આજ્ઞા પાળવી જોઈ એ, પણ રામાયણમાં કહ્યું છે કે રામ ગુહ નામના ચંડાળને ભેટ્યા હતા. રામાયણ આપણને ખોટે રસ્તે દોરે એવું તો ન જ બની શકે.'' તેમની આવી દલીલોનો પૂતળીબાઈ કશો જવાબ આપી શકતાં નહીં.

સફાઈનું કામ ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં શીખ્યા. ત્યાંના તેમના મિત્રો તેમને પ્રેમથી 'મહા ભંગી' કહીને બોલાવતા. ત્યાં ત્રણ વરસ રહ્યા બાદ, તેમની પત્નીને તથા બાળકોને દક્ષિણ આફ્રિકા લઈ જવા માટે તેઓ હિંદુસ્તાન આવ્યા. તે વખતે મુંબઈ પ્રાંતમાં મરકી ફાટી નીકળી હતી. તે રાજકોટ સુધી ફેલાય તેવો સંભવ હતો. ગાંધીજીએ તરત જ રાજકોટના જાહેર આરોગ્ય અને સ્વચ્છતાને સુધારવા માટે પોતાની સેવાઓ આપવાનું જણાવ્યું. તેમણે દરેકેદરેક ઘરને તપાસી જોઈ જાજરૂ ચોખ્ખાં રાખવાની જરૂર

છે એ વાત પર ભાર મૂક્યો. અંધારા, ગંદા, ગંધાતા અને કીડાઓથી ભરેલા ખાડાઓ જોઈ ને તેમને ત્રાસ થયો. ઉજળિયાત વર્ગના લોકોનાં કેટલાંક ઘરોમાં ખાળનો ઉપયોગ જાજરૂ તરીકે કરવામાં આવતો હતો અને તે અસહ્ય દુર્ગંધ મારતી હતી. ત્યાં રહેનારાઓ તે તરફ ઉદાસીનતા સેવતા હતા. ગરીબ અસ્પૃશ્યો તેના કરતાં ચોખ્ખાં ઘરોમાં રહેતા હતા અને ગાંધીજીની વાતોને ટેકો આપતા હતા. ગાંધીજીએ જાજરૂઓમાં મળ અને મૂત્ર માટે બે જુદી જુદી બાલદીઓ રાખવાની સલાહ આપી અને તેનાથી ચોખ્ખાઈ વધી.

રાજકોટમાં ગાંધી કુટુંબ જાણીતું હતું. તેમના પિતા તથા દાદાએ વરસો સુધી રાજકોટ તથા આજુબાજુનાં રાજ્યોમાં દીવાન તરીકે કામ કર્યું હતું. લગભગ સિત્તેર વરસ પર, મુખ્ય દીવાનના બારિસ્ટર થયેલા છોકરાને પોતાના જ ગામમાં ઘેર ઘેર ફરીને મોરીઓ તપાસવાનું કામ કરવું હોય તો તે માટેની હિંમત તેનામાં હોવી જોઈએ. જરૂર પડ્યે નૈતિક હિંમત બતાવવામાં ગાંધીજી ભાગ્યે જ પાછા પડતા. પશ્ચિમના ઘણા રિવાજોની તેઓ ટીકા કરતા. તેમ છતાં સ્વચ્છતા તેઓ પશ્ચિમ પાસેથી શીખ્યા હતા તે તેમણે ઘણી વાર કબૂલ કર્યું હતું. તેઓ ત્યાંના જેવી સ્વચ્છતા હિંદમાં દાખલ કરવા માગતા હતા.

દક્ષિણ આફ્રિકાથી તેઓ બીજી વાર હિંદુસ્તાન પાછા આવ્યા ત્યારે તેમણે કલકત્તામાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપી. દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ સાથે જે અપમાનભર્યું વર્તન કરવામાં આવતું હતું એ વાતનો ખ્યાલ આપવા માટે તેઓ આવ્યા હતા. કૉંગ્રેસના ઉતારામાં અસ્વચ્છતાનો પાર નહોતો, કેટલાક



પ્રતિનિધિઓ તેમના ઓરડાની સામેની ઓશરીનો જાજરૂ તરીકે ઉપયોગ કરતા હતા અને બીજાઓ તે તરફ ઉદાસીન હતા. ગાંધીજીએ તરત જ આનો વિરોધ કર્યો. તેમણે સ્વયંસેવકોને આની વાત કરી ત્યારે સ્વયંસેવકોએ કહ્યું, ''એ કામ અમારું નથી. એ ભંગીનું કામ છે.'' ગાંધીજીએ સાવરણો માગ્યો અને ગંદકી સાફ કરી નાખી. તે વખતે તેમણે પશ્ચિમી પોશાક પહેરેલો હતો. સ્વયંસેવકોને તેમને સફાઈ કરતા જોઈ ખૂબ આશ્ચર્ય થયું પણ તેમનામાંથી કોઈ તેમને મદદ કરવા માટે આગળ ન આવ્યો. ત્યાર પછી ઘણાં વરસો બાદ, જ્યારે ગાંધીજી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના સુકાની બન્યા ત્યારે કૉંગ્રેસના અધિવેશન વખતે સ્વયંસેવકો એક ભંગીટુકડી બનાવતા. એક વખત માત્ર બ્રાહ્મણોએ જ ભંગી તરીકેનું કામ કર્યું. હરિપુરા કૉંગ્રેસ વખતે સફાઈકામ કરવા માટે બે હજાર શિક્ષકો અને વિદ્યાર્થીઓને તે કામ માટેની તાલીમ આપવામાં આવી હતી. કચરો તથા મળમૂત્ર સાફ કરે છે તેટલા માટે અમુક માણસોને અસ્પૃશ્ય તરીકે ઓળખાવવા તેવું ગાંધીજી કલ્પી પણ નહોતા શકતા. હિંદમાંથી અસ્પૃશ્યતાને તેઓ દૂર કરવા માગતા હતા.

દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ હિંદીઓને તેમની ગંદી આદતોને કારણે હલકા ગણતા હતા. ગાંધીએ હિંદીઓનાં ઘરોની મુલાકાત લઈ તેમને ઘર તથા ઘરની આજુબાજુની જગ્યા ચોખ્ખી રાખવા જણાવ્યું. આ અંગે તેમણે સભાઓમાં પણ વાત કરી તથા છાપાંમાં લેખો લખ્યા. ડરબનમાં ગાંધીજીના ઘરની બાંધણી પશ્ચિમ ઘાટની હતી. તેમાં કોટડીઓમાં ખાળ હોતા નથી તેથી દરેક કોટડીમાં મોરીને બદલે પેશાબને સારુ ખાસ વાસણ હોય છે.

તેમની સાથે રહેતા મહેતાઓનાં આવાં વાસણ પણ ગાંધીજીએ કેટલીક વાર સાફ કર્યાં હતાં. કસ્તૂરબાને પણ તેમણે તેમ કરવાની ફરજ પાડી હતી. પોતાના જુવાન દીકરાઓને પણ તેમણે આ કામ શીખવ્યું હતું. એક વખત કસ્તૂરબાએ હલકી વર્ણના મહેતાના પેશાબનું વાસણ ઉપાડતાં મોં મચકોડ્યું. ગાંધીજીએ તેમને ઠપકો આપ્યો અને જો તેઓ ઊંચનીચના ભેદભાવમાં માનવા માગતાં હોય તો તેમણે ઘર છોડી જવું જોઈએ એમ તેમણે કસ્તૂરબાને કહ્યું. સાબરમતી આશ્રમમાં એક અસ્પૃશ્ય કુટુંબને દાખલ કર્યા બદલ તેમના તરફ સહાનુભૂતિ રાખનારાઓએ એક વખત તેમનો સામાજિક બહિષ્કાર કર્યો હતો.

દક્ષિણ આફ્રિકાની જેલમાં ગાંધીજીએ એક વાર ખાળકૂવા સાફ કરવાનું સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું. બીજી વખત, જેલના સત્તાવાળાઓએ તેમને કચરો વાળનારનું કામ સોંપ્યું હતું.

એ વિદેશી ભૂમિમાં વીસ વરસ સુધી વસવાટ કર્યા બાદ, છેંતાળીસ વર્ષની ઉંમરે ગાંધીજી તેમના સાથીદારો સાથે કાયમી વસવાટ માટે સ્વદેશ પાછા આવ્યા. તે વરસે હરદ્વારમાં ભરાયેલા કુંભમેળાની તેમની મુલાકાત વખતે તેમણે તેમના ફિનિક્સના વિદ્યાર્થીઓ સાથે મેળામાં ભંગી તરીકેનું કામ કર્યું હતું. તે જ વરસે ગાંધીજીએ પૂનામાં આવેલી સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીનાં મકાનોની પણ મુલાકાત લીધી હતી. એ નાની સંસ્થામાં રહેતા લોકોએ એક સવારે ગાંધીજીને જાજરૂ સાફ કરતા જોયા. તેમને આ ગમ્યું નહીં. પરંતુ ગાંધીજી એમ માનતા હતા કે આ જાતનું કામ તે કામ કરનારને સ્વરાજ્ય મેળવવા માટે લાયક બનાવે છે.

તેમણે એકથી વધારે વાર આખા હિંદનો પ્રવાસ કર્યો હતો.



તેઓ જ્યાં ગયા ત્યાં તેમને એક યા બીજા રૂપમાં ગંદકી જોવા મળી. સ્ટેશનનાં તથા ધર્મશાળાનાં જાજરૂઓ અને મુતરડીઓમાં ગંદકી અને દુર્ગંધ ચીતરી ચડે તેવાં હતાં. ગરીબ ગામડિયાઓ તથા તેમના બળદો માટેના રસ્તા હંમેશાં કાળજી લીધા વગર પડ્યા રહેતા હતા. પવિત્ર ગણાતા તળાવમાં નાહવાની જગ્યા અને પાણી કેટલાં ગંદાં છે તેની પરવા કર્યા વગર તેમણે લોકોને પાણીમાં ડૂબકી મારતા જોયા. નદીના કિનારાને લોકો જાતે જ ગંદા કરી મૂકતા હતા. કાશી વિશ્વનાથના મંદિરના આરસના ભોંયતળિયામાં છૂટાછવાયા મઢેલા ચાંદીના સિક્કાઓમાં ધૂળ ભરાઈ રહેતી હતી તે જોઈને ગાંધીજીને દુઃખ થયું હતું. ભગવાનના મંદિરનાં મોટા ભાગનાં પ્રવેશદ્વારો સાંકડી અને લપસણી ગલીઓમાંથી કેમ પસાર થતાં હતાં તે તેમને સમજાયું નહોતું. ગાંધીજીએ રેલવેના ડબ્બાઓને ગંદા કરી મૂકવાની ઉતારુઓની ટેવને વખોડી કાઢી હતી અને કહ્યું હતું કે ઘણાં ઓછાં માણસો જોડા માટેનો ખર્ચ કરી શકે તેમ હોવા છતાં હિંદમાં ઉઘાડે પગે ફરવાનો વિચાર કરી શકાય એમ નથી. મુંબઈ જેવા શહેરમાં પણ લોકો આજુબાજુનાં ઘરોમાંથી તેમની પર કંઈ કચરો કે એઠવાડ તો નહીં વરસેને તેવા ભય સાથે શેરીઓમાં ફરતા હોય છે. એ કેવું કહેવાય?

નગરપાલિકા તરફથી તેમને અપાતા માનપત્રના જવાબમાં ગાંધીજી ઘણી વાર કહેતા : ''તમારા વિશાળ રસ્તાઓ, પૂરતાં હવાઉજાશ, તથા સુંદર બગીચાઓ માટે હું તમને અભિનંદન આપું છું. પરંતુ જે નગરપાલિકા પાસે નમૂનેદાર જાજરૂઓની સગવડ ન હોય તથા જેની ગલીઓ અને મહોલ્લાઓ ચોવીસે કલાક સ્વચ્છ ન રહેતા હોય તે નગરપાલિકા ટકી રહેવાને લાયક નથી. ઘણી

નગરપાલિકાઓએ જે મોટામાં મોટો પ્રશ્ન હલ કરવાનો છે તે ગંદકી અંગેનો છે. વાળનારાઓ કેવી દશામાં જીવે છે તેનો તમે ક્યારેય વિચાર કર્યો છે ખરો?''

લોકોને તેમણે કહ્યું, ''જ્યાં સુધી તમે ઝાડુ અને ડોલ હાથમાં લઈને નીકળી નહીં પડો ત્યાં સુધી તમે તમારા ગામને કે શહેરને સ્વચ્છ કરી શકવાના નથી.'' એક આદર્શ શાળાની તેઓ તપાસ કરવા ગયેલા ત્યારે તેમણે શિક્ષકોને કહ્યું હતું : ''વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન આપવા ઉપરાંત જો તમે તેઓને રસોઈ કરવામાં તથા સફાઈકામ કરવામાં નિષ્ણાત બનાવશો તો તમારી સંસ્થાને તમે આદર્શ સંસ્થા બનાવી શકશો.'' વિદ્યાર્થીઓને તેઓ આ પ્રમાણે સલાહ આપતા : ''જો તમે જાતે જ તમારા ભંગી બની જશો તો તમે તમારી આજુબાજુની જગ્યા ચોખ્ખી રાખી શકશો. વિક્ટોરિયા ક્રૉસ જીતવા માટે જેટલી હિંમત જોઈએ તેના કરતાં નિષ્ણાત ભંગી થવા માટે કંઈ ઓછી હિંમતની જરૂર નથી.''

તેમના આશ્રમ પાસે રહેતા આશ્રમવાસીઓએ મળ પર માટી નાખવાની વાત સ્વીકારી નહીં. તેમણે કહ્યું : ''આ તો ભંગીનું જ કામ છે. મળ તરફ જોવું એ પણ પાપ છે. તો પછી તેના પર માટી નાખવાની તો વાત જ ક્યાં કરવી?'' ગામડાંમાં થતા સફાઈકામની ગાંધીજીએ જાતે જઈને તપાસ કરી. તેમની આગળ દાખલો બેસાડવા માટે, કેટલાક મહિના સુધી તેમણે જાતે ડોલ અને ઝાડુ લઈને સફાઈકામ માટે ગામડાંઓમાં જવાનું રાખ્યું. તેમના મિત્રો તથા મહેમાનો પણ તેમની સાથે જતા. તેઓ સૌ મળ અને કચરાને ડોલોમાં ભરી લાવી તેને દાટી દેતા.

તેમના આશ્રમમાં સફાઈનું બધું કામ આશ્રમવાસીઓ જાતે



કરતા. ગાંધીજી તેમને માર્ગદર્શન આપતા. જુદી જુદી જાતિ, ધર્મ તથા રંગના લોકો ત્યાં રહેતા. આશ્રમની ભૂમિ પર ક્યાંય ગંદકી જોવા મળતી નહીં. બધો કચરો ખાડા ખોદીને દાટી દેવામાં આવતો. શાકભાજીનાં છોતરાં અને રસોડાના એઠવાડ માટે એક જુદો ખાડો હતો. મળ પણ દાટી દેવામાં આવતો અને પાછળથી તેનો ઉપયોગ કીમતી ખાતર તરીકે કરવામાં આવતો. નકામા પાણીનો ઉપયોગ બાગકામ માટે કરવામાં આવતો. પાકા ખાળની સગવડ ન હોવા છતાં ખેતરોમાં ક્યાંય માખી કે દુર્ગંધનું નામ નહોતું. ગાંધીજી અને તેમના સાથીદારો કચરો વાળનારાનું કામ વારાફરતી કરતા. આશ્રમમાં તેમણે ડોલવાળાં જાજરૂ તથા જોડિયા ખાડાજાજરૂ દાખલ કર્યાં હતાં. બધા મુલાકાતીઓને ગાંધીજી આ નવી શોધ અભિમાનપૂર્વક બતાવતા. અમીર કે ફકીર, નેતાઓ અને કાર્યકરો, હિંદીઓ તથા પરદેશીઓ, સૌ કોઈને આ જાજરૂનો ઉપયોગ કરવો પડતો. આશ્રમમાં જે રૂઢિચુસ્ત આશ્રમવાસી ભાઈબહેનો હતાં તેમના મગજમાંથી સફાઈકામ માટેનો અણગમો આ પ્રયોગથી ધીમે ધીમે નીકળી ગયો.

જ્યારે જ્યારે ગાંધીજીને થોડું સરખું પણ સફાઈકામ કરવાની તક મળતી ત્યારે ત્યારે તેઓ રાજી રાજી થઈ જતા. લોકોને સફાઈકામ કરવાનું કેટલું જ્ઞાન છે તેનું માપ તેઓ લોકો તેમનાં જાજરૂ કેવાં રાખે છે તેના પરથી કાઢતા. છોંતેર વરસની ઉંમરે, તેઓ અભિમાનપૂર્વક કહેતા કે, ''હું જે જાજરૂ વાપરું છું તેમાં એક ડાઘ સરખો પણ નથી – તેમાંથી જરા સરખી દુર્ગંધ આવતી નથી. હું તેને જાતે સાફ કરું છું.'' ઘણા પ્રસંગોએ તેમણે પોતાની જાતને ભંગી તરીકે ઓળખાવી હતી અને કહ્યું હતું કે જો તેઓ ભંગી તરીકે

મરી શકે તો તેમને આનંદ થશે. રૂઢિચુસ્ત હિંદુઓને તેમણે કહ્યું કે તમે અસ્પૃશ્યોનો સામાજિક બહિષ્કાર કરો છો તો મારો પણ તેવો બહિષ્કાર કરો.

તેમણે ભંગીઓના વસવાટોની મુલાકાત લીધી હતી. ભંગીઓ પોતાનાં દુઃખની કહાણી તેમને કહી સંભળાવતા. તેમનું કામ કરવામાં કંઈ નાનમ નથી એ વાત તેમણે તેમને સમજાવી. તેઓને તેમણે મરેલાં પ્રાણીઓનું માંસ ખાવાનું અને દારૂ પીવાનું છોડી દેવાની સલાહ આપી. સફાઈકામદારોની હડતાળને તેમણે કોઈ દિવસ ઉત્તેજન આપ્યું નહોતું અને તેઓ માનતા કે ભંગીએ તેનું કામ એક દિવસ માટે પણ બંધ કરવું જોઈએ નહીં.

આદર્શ ભંગીની વ્યાખ્યા કરતાં તેમણે 'હરિજન'માં લખ્યું હતું: ''જોઈતી જાતનું જાજરૂ કેવી રીતે ઊભું કરી શકાય તે તથા તેને સાફ કરવાની સાચી રીત તેને આવડતી હોવી જોઈએ. તેને મળમાંથી ગંધ કેવી રીતે દૂર કરવી તે અને જુદી જુદી જાતની જંતુનાશક દવાઓની મદદથી ચેપ ફેલાતો અટકાવતાં આવડવું જોઈએ. તેવી જ રીતે મળ અને મૂત્રને ખાતરમાં ફેરવી નાખવાની રીત પણ તેને આવડતી હોવી જોઈએ.'' ગાંધીજી સફાઈકામને પરાણે લાચારીથી કરવાના કામ તરીકે ચાલુ રાખવાને બદલે તેને અનિવાર્યપણે કરવાના સામાજિક કાર્યનો દરજ્જો આપવા માગતા હતા.

તેમની ખાદીયાત્રા દરમિયાન એક વખતે ગાંધીજી જે જાહેર સભામાં ભાષણ કરવાના હતા તેમાં ભંગીઓને આવવા દેવામાં આવ્યા નહોતા. ગાંધીજીને તેની ખબર પડી ત્યારે તેમણે સભાના યોજકોને કહ્યું : ''તમે મને આપવા ભેગા કરેલા પૈસાની થેલી



અને માનપત્ર તમારી પાસે રહેવા દો. મારે માત્ર અસ્પૃશ્યોની જ સભા ભરવી છે. બીજા જે કોઈ તેમાં આવવા ઇચ્છતા હોય તેઓ ભલે તેમાં આવે.''

તેમનું અવસાન થયું તેના બે વરસ પહેલાં ગાંધીજી મુંબઈ અને દિલ્હીની ભંગી કૉલોનીમાં થોડાક દિવસો રહ્યા હતા. તેમની ઇચ્છા ભંગી કૉલોનીમાં રહેતા લોકો જેવી રીતે રહે છે તેવી રીતે રહેવાની તથા તેઓ જે ખાય છે તે ખાવાની હતી. પરંતુ આવા પ્રયોગો કરવાની એ ઉંમર નહોતી. વધુમાં 'મહાત્મા' ઉપર કેટલાક ખાસ વિશેષાધિકારો લાદવામાં આવ્યા હતા.

ગાંધીજી એક વખત વાઈસરૉયને અગત્યના કામે મળવા માટે સિમલા ગયા હતા. એક આગેવાન સાથી-કાર્યકરને તેમણે ત્યાં ભંગીઓનો વસવાટ કેવો છે તેની તપાસ કરવા મોકલ્યા. જ્યારે તેમને કહેવામાં આવ્યું કે એ વસવાટ તો ઢોરોને લાયક પણ નથી ત્યારે તેમણે વ્યથિત થઈને કહ્યું, ''આજે આપણે ભંગીઓને પશુઓ જેટલા નીચા ઉતારી પાડ્યા છે. તેઓ જે થોડા પૈસા કમાય છે તે પણ તેમના સ્વમાનને ભોગે કમાય છે. ગંદકીની વચ્ચે જાજરૂની દીવાલને ઓથે ભરાઈને ડરતો ડરતો એ ભંગી શું ખાય છે તે તો જુઓ. એ જોઈને કોઈ પણ માણસનું હૃદય ભાંગી પડે તેમ છે.'' માથા પર મળથી ભરેલો ટોપલો લઈને ચાલ્યા જતા ભંગીને જોતાં જ તેમને ભારે દુઃખ થતું. યોગ્ય સાધનોના ઉપયોગ દ્વારા સફાઈનું કામ સારી રીતે કરી શકાય તે વાત તેમણે તેમને સમજાવી. સફાઈ કરવી એ પણ એક સુંદર કળા છે. તેમણે સુઘડ રીતે એ કરી બતાવ્યું.

એક વખત એક પરદેશીએ ગાંધીજીને પૂછ્યું : ''જો તમને એક

દિવસ માટે હિંદના વાઈસરૉય બનાવવામાં આવે તો તમે શું કરો?''

ગાંધીજીએ કહ્યું: ''વાઈસરૉયના ઘરની પાસે સફાઈ-કામદારોનાં જે ઘાલકાં છે તેને સાફ કરું.''

''જો તમને વધુ એક દિવસ તે પદ પર ચાલુ રાખવામાં આવે તો?''

''તે જ કામ હું બીજે દિવસે પણ કરું.''

## મોચી

ગાંધીજીની ઉંમર તેસઠ વરસની હતી તે વખતે તેમને યરવડા જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ પણ જેલમાં તેમની સાથે હતા. વલ્લભભાઈને એક જોડ ચંપલની જરૂર હતી પરંતુ તે વરસે જેલમાં કોઈ સારો મોચી નહોતો. ગાંધીજીએ કહ્યું: ''જો મને સારું ચામડું મળી શકે તો હું તમારે માટે એક જોડ ચંપલ બનાવી આપું. ઘણા સમય પર જે કળા હું શીખ્યો હતો તે મને યાદ રહી છે કે નહીં તે પણ મારે જોવું છે. હું ઘણો સારો મોચી હતો. સોદપુરના ખાદી પ્રતિષ્ઠાનના સંગ્રહસ્થાનમાં મારી કળાનો નમૂનો જોઈ શકાય તેમ છે. મેં 'અ'ને માટે એક જોડ ચંપલ મોકલ્યાં હતાં, તેણે કહ્યું કે આને હું પગરખાં તરીકે નહીં પણ માથે ચડાવવાના ઘરેણા તરીકે જ વાપરી શકું. ટૉલ્સ્ટૉય ફાર્મ પર મેં ઘણાં ચંપલ બનાવ્યાં હતાં.'' વર્ષો પહેલાં એમણે એક આશ્રમવાસીને લખ્યું હતું: ''હમણાં હું ચંપલ બનાવવાના કામમાં ગૂંથાયેલો છું. મેં લગભગ પંદર જોડ બનાવી છે. તમને જરૂર હોય તો માપ મોકલાવશો.''

દક્ષિણ આફ્રિકામાં તેઓ તેમના જર્મન મિત્ર અને ભક્ત કેલનબૅક પાસેથી આ ઉદ્યોગ શીખ્યા હતા. ગાંધીજીએ બીજા લોકોને જોડા બનાવતાં શીખવ્યું હતું. તેમના શિષ્યો જોડા બનાવવાના કામમાં ગુરુ કરતાં સવાયા ઊતર્યા હતા. તેમણે

બનાવેલા જોડા આશ્રમની બહાર વેચવામાં આવતા. તે વખતે ગાંધીજીએ પાટલૂન સાથે ચંપલ પહેરવાની ફૅશન કાઢી હતી. ગરમ દેશોમાં આ જાતનાં ચંપલ આખો પગ ઢાંકી દે તેવા જોડા કરતાં વધુ સગવડભર્યાં હતાં. વળી, શિયાળામાં મોજાં ઉપર પણ આવાં ચંપલ પહેરી શકાતાં.

સરદાર પટેલ, જવાહરલાલ અને બીજા કેટલાક માણસો એક વાર ગાંધીજીની સલાહ લેવા સેવાગ્રામ ગયા. તેમણે ગાંધીજીને એક શિખાઉ વિદ્યાર્થીઓની ટુકડીને સૂચનાઓ આપતાં જોયા: ''પટીઓ અહીં હોવી જોઈએ. ટાંકાઓ પેલી જગ્યાએ આ રીતે હોવા જોઈએ અને જ્યાં પગનું દબાણ વધારેમાં વધારે હોય છે તે જગ્યાએ એટલે કે એડી પર ચામડાના ટુકડાને એકબીજા પર ચોકડી પડે એ રીતે ગોઠવવા જોઈએ. શિખાઉ વિદ્યાર્થીઓ ગાંધીજી પાસે પોતાની ભૂલો સુધરાવતા હતા. મુલાકાત માટે આવેલા નેતાઓમાંથી એકે ફરિયાદ કરી અને કહ્યું, ''પણ આ લોકો અમારો સમય લઈ લે છે.'' ગાંધીજીએ કહ્યું, ''તેમને જે પાઠ મળી રહ્યો છે તેની અદેખાઈ ન કરશો. જો તમને એમ લાગતું હોય તો સારાં ચંપલ કેવી રીતે બનાવી શકાય તે તમે પણ જોઈ શકો છો.''

બીજા એક પ્રસંગે ગાંધીજી અને તેમના કેટલાક સાથીકાર્યકરો ગામડાના ચમાર લોકો મરેલા બળદ પરથી ચામડું શી રીતે ઉતારે છે તે જોવા માટે હાજર રહેલા જોવા મળ્યા. ગામઠી બનાવટની છરીથી ચામડાને નુકસાન ન થાય તે રીતે મરેલા પ્રાણીનું ચામડું કુશળતાથી ખોલી કાઢવાની પદ્ધતિથી ગાંધીજી પ્રભાવિત થયા. તેમને કહેવામાં આવ્યું કે ગામડાના ચમાર સિવાય બીજું કોઈ, ખુદ



સર્જન પણ, આનાથી સારી રીતે એ કામ કરી શકતો નથી. ગાંધીજીને મન માનવદેહ પર વાઢકાપ કરનાર તથા તે પરથી ચામડી ઉતારનાર દાક્તરી વિદ્યા માટે ભણતો વિદ્યાર્થી પણ એક જાતનો ચમાર જ હતો. ફરક એટલો કે દાક્તરના ધંધાને પ્રતિષ્ઠાનું સ્થાન આપવામાં આવ્યું છે જ્યારે વાળનારના તથા ચમારના ધંધાને હલકો ગણવામાં આવ્યો છે. હિન્દુઓ તેમને અસ્પૃશ્ય ગણે છે.

ગાંધીજી જોડા બનાવવાનું શીખવાના કામ સાથે સાથે ચામડું પકવવામાં નિષ્ણાત થવા માગતા હતા. તેથી વધુ તેઓ શું કરી શકે? દુનિયાભરમાં આટલા બધા માણસો ચામડાંના પગરખાં પહેરે છે તે માટેનું ચામડું સાજાંસમાં ગાય, બળદ, ઘેટાં તથા બકરાંને મારી નાખી તેમાંથી બનાવવામાં આવે છે. ગાંધીજી અહિંસક હતા. જે માણસે મરવા પડેલી પત્નીને અને માંદા દીકરાને માંસનો સેરવો કે ઈંડાં નહોતાં આપ્યાં તે માણસ ચમકદાર જોડા પહેરવા માટે પ્રાણીઓની કતલ કરવામાં આવે તેમાં સંમતિ કેવી રીતે આપે? પરંતુ તેમને ચામડાંની તો જરૂર હતી જ.

એટલે તેમણે કુદરતી રીતે મરણ પામતાં પ્રાણીઓનું જ ચામડું વાપરવું એમ નક્કી કર્યું. આવા ચામડામાંથી બનાવેલા જોડા તથા ચંપલ અહિંસક ચંપલ તરીકે ઓળખાવા લાગ્યાં. મારી નાખેલાં પ્રાણીઓનું ચામડું પકવવાનું કામ કુદરતી રીતે મરી ગયેલાં પ્રાણીઓનું ચામડું પકવવા કરતાં સરળ હતું. અને ચામડાં પકવનારાઓ અહિંસક ચામડું પૂરું પાડતા નહોતા. એટલે ગાંધીજીને ચામડાં પકવવાની વિદ્યા શીખી લીધા વગર છૂટકો નહોતો.

દર વરસે હિંદમાંથી નવ કરોડ રૂપિયાનાં કાચાં ચામડાંની નિકાસ કરવામાં આવે છે એ તેમણે શોધી કાઢ્યું. પરદેશમાં તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી પકવવામાં આવે છે. તેવા ચામડામાંથી બનાવેલી જુદી જુદી વસ્તુઓની હિંદમાં પરદેશથી આયાત કરવામાં આવે છે, જેનો આંકડો કરોડો રૂપિયા પર જાય છે. આમાં માત્ર આર્થિક નુકસાન થાય છે તેવું નથી, પરંતુ તેને લીધે કાચાં ચામડાંને પકવવા માટે તથા તેમાંથી ચામડાની સારી સારી વસ્તુઓ બનાવવા માટે આપણી બુદ્ધિનો ઉપયોગ કરવાની તક પણ આપણે ગુમાવીએ છીએ. કાંતનારાઓ અને વણનારાઓની જેમ હજારો ચામડાં પકવનારાઓ તથા મોચીઓ પાસેથી તેમની રોજી લઈ લેવામાં આવે છે. ચામડાં પકવવાના કામને ક્યારથી હલકું ગણવામાં આવતું થયું છે તે ગાંધીજીને સમજાયું નહીં. પ્રાચીન કાળમાં તેવું નહીં ગણાતું હોય. પરંતુ આજે હજારો ચમારો આ કામ કરે છે અને તેમને પેઢી દર પેઢીથી અસ્પૃશ્ય ગણવામાં આવે છે. ઉજળિયાત વર્ગો તેમને હલકા ગણે છે અને તેઓ કળા, શિક્ષણ, સ્વચ્છતા અને ગૌરવ વિનાનું જીવન જીવી રહ્યા છે. ચમારો, ભંગીઓ અને મોચીઓ ઉપયોગી કામ કરે છે અને સમાજની સેવા કરે છે. તેમ છતાં વર્ણભેદ પાળવામાં આવતો હોવાથી રાષ્ટ્રના એક ભાગને દુ:ખી જીવન જીવવાની ફરજ પાડવામાં આવે છે. બીજા દેશોના કોઈ માણસ ચમારનું યા તો મોચીનું કામ કરવાનું સ્વીકારે તેટલાથી તે ગરીબ, અભણ અને અસ્પૃશ્ય બની જતો નથી.

આ ગ્રામોદ્યોગને ફરી સજીવન કરવા માટે ગાંધીજીએ જાહેર અપીલો કરી. ચામડાં પકવવાનો ગ્રામોદ્યોગ જે ઝડપથી ભુલાતો જતો હતો તેને સજીવન કરવા માટે તેમણે ચામડાં પકવવાના



કામમાં રોકાયેલા રસાયણશાસ્ત્રીઓની મદદ લીધી. ચામડાં પકવવાની સુધારેલી રીતથી મરેલાં ઢોરનું માંસ ખાવાનું પણ રોકી શકાશે એમ ગાંધીજી માનતા હતા. ચમારને ત્યાં જ્યારે કોઈ મરેલી ગાય લાવવામાં આવતી ત્યારે આખા કુટુંબમાં સૌ આનંદથી નાચી ઊઠતાં. એ દિવસ મરેલા પ્રાણીના માંસની ઉજાણીનો દિવસ ગણાતો. છોકરાંઓ એની ચારે બાજુ નાચતાં નાચતાં કૂદતાં કૂદતાં ફરતાં અને તેની પરથી ચામડું કાઢી લેવામાં આવે એટલે તેઓ હાડકાં તથા માંસના ટુકડાઓ લઈ એકબીજા પર ફેંકતાં. ગાંધીજીને આ દૃશ્ય જોઈને આંચકો લાગ્યો.

હરિજન ચમારોને તેમણે કહ્યું, ''તમે મરેલાં ઢોરનું માંસ ખાવાનું છોડી નહીં દો? જો તમે તેમ નહીં કરો તો હું તો તમને અડીશ. પરંતુ જુનવાણી વિચારના લોકો તમારી સાથે ભળવાનું ટાળશે. આ એક ગંદી આદત છે.'' પેલાઓએ કહ્યું : ''જો અમારે મરેલાં ઢોરોનો નિકાલ કરવાનો હોય, તેમનાં ચામડાં ઉતરડી લેવાનાં હોય, તો અમે મરેલાં ઢોરોનું માંસ ખાવાનું બંધ કરી દઈએ એવી આશા તમે ન રાખી શકો.'' ગાંધીજીએ દલીલ કરતાં કહ્યું, ''કેમ બંધ ન કરી શકો? તમે મને એક દિવસ ચામડાં પકવવાનું કારખાનું ચલાવતો જોશો, પરંતુ તમે મને મરેલાં ઢોરના માંસનો ઉપયોગ કરતો નહીં જુઓ. હું અનુભવથી કહી શકું છું કે સફાઈનું તથા ચામડાં પકવવાનું કામ એકદમ સુઘડતાથી અને સ્વચ્છ રીતે કરી શકાય.''

સાબરમતી અને વર્ધાના આશ્રમમાં ગાંધીજીએ ચામડાં પકવવા માટેના એક વિભાગ ખોલ્યો હતો. આ કામ નાના પાયા પર શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ પાછળથી ચામડાં સંઘરી રાખવા માટે

પાકું મકાન બનાવવામાં આવ્યું હતું. જે મકાનમાં નિષ્ણાત ચમારોની મદદથી આશ્રમના છોકરાઓ ચામડાં પકવવાનું કામ કરતા હતા તે મકાન માટે રૂ. ૫૦,૦૦૦/-નું ફંડ ભેગું કર્યું હતું. ત્યાં બનાવેલી ચામડાંની વસ્તુઓ ખુલ્લા બજારમાં વેચાતી. ત્યાં બધું કામ મરેલાં ઢોરોનાં ચામડાંમાંથી કરવામાં આવતું.

કલકત્તામાં આવેલી 'નેશનલ ટેનરી'ની ગાંધીજીએ મુલાકાત લીધી હતી તથા ક્રોમ લેધર બનાવવાની પ્રક્રિયા તેમણે ખૂબ રસથી જોઈ હતી. મીઠામાં રાખી મૂકેલા ગાયના ચામડા પરથી વાળ ઉતારી નાખવા માટે તેને ચૂનાના પાણીમાં કેવી રીતે પકવવામાં આવે છે તે, તથા તેના પર રંગ કેવી રીતે ચડાવવામાં આવે છે તે તેમણે ખાસ જોયું. ટાગોરના શાંતિનિકેતનમાં ગામડામાં થતા ચામડાં પકવવાના કામને સુધારવા માટેના સંશોધન કાર્યથી પણ તેઓ કાયમ માહિતગાર રહેતા. ગામડાંની વરસો જૂની ચામડાં પકવવાની પદ્ધતિને તેઓ નાશ પામવા દેવા માગતા નહોતા, તેમ જ ચામડાં પકવવાના અને તેના બીજા ઉદ્યોગો ગામડાંમાંથી શહેરમાં જાય એમ પણ તેઓ નહોતા ઈચ્છતા. કારણ તેમ થાય તો તો ગામડાના લોકો નિ:શંકપણે પાયમાલ થઈ જાય. તેમ થતાં તેમના હાથ અને મગજનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવાની જે થોડીઘણી તક તેમની પાસે છે તે પણ તેઓ ગુમાવી બેસે. ગામડાના એક ભાગમાંથી બીજા ભાગમાં મરેલું ઢોર ખસેડવા માટેની સારી પદ્ધતિ તેઓ શોધવા માગતા હતા. ગામડાનો ચમાર મરેલા ઢોરને ઊંચકીને કે ઢસડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતો, તેનાથી મરેલા ઢોરના ચામડાને નુકસાન થતું અને તેથી તેમાંથી બનતા ચામડાની કિંમત પણ ઘટી જતી. હાડકાંનો શો



ઉપયોગ કરવો તેની પણ તેને ખબર નહોતી. એ હાડકાં તે કૂતરાંને નાંખી દેતો અને એમ ખોટ ખાતો. હાડકાંમાંથી બનાવેલા વસ્તુઓના હાથા બટનો હિંદમાં પરદેશથી આવતાં. હાડકાંનો ભૂકો પણ સારા ખાતરનું કામ આપે છે.

ગાંધીજી ચમારોનાં ઝૂપડાંમાં ગયા, તેમની સાથે ભળી ગયા અને તેમની સાથે વાતચીત કરી. એ લોકોએ પણ તેમનામાં પૂરો વિશ્વાસ મૂક્યો. તેઓ ગાંધીજીને તેમની સ્થિતિ સુધારવાનો જેણે નિર્ધાર કર્યો છે તેવા એક મિત્ર તરીકે જોતા. ગાંધીજી તેમના વાસમાં ગયા ત્યારે તેઓએ પીવાના પાણીની અછતની ફરિયાદ કરી. તેમને ગામાત કૂવેથી પાણી ભરવા દેવામાં આવતું નથી, તેમને મંદિરમાં પ્રવેશવા દેવામાં આવતા નથી, લોકો તેમનામાં ભળવાનું ટાળે છે અને તેઓને ગામ યા શહેરની બહાર રહેવાની ફરજ પડે છે એ બધી વાતોની ફરિયાદ તેમણે ગાંધીજીને કરી. ગાંધીજીને આ સાંભળીને દુ:ખ થયું અને શરમ પણ આવી. આ લોકો પર આપણે મહેરબાની કરવી જોઈએ એમ તેઓ નહોતા માનતા. તેઓ એમને પોતાના પગ ઉપર ઊભા રહેતા કરવા માગતા હતા.

રવીન્દ્રનાથ ટાગોરની જેમ ગાંધીજીએ પણ આવી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે હિંદમાં શરીરશ્રમના કામને જે દિવસથી હલકું ગણવાની શરૂઆત થઈ તે દિવસથી હિંદમાં કમનસીબીનો સૂરજ ઊગ્યો છે અને એવો દિવસ જરૂર આવશે જ્યારે પોતાના ભાઈઓને માનવ અધિકારો આપવાનો જેમણે ઈનકાર કર્યો છે તેમણે તેમના આ નિર્દય અને અન્યાયી કામની કિંમત ચૂકવવી પડશે.

ચામડાં પકવનારાઓને યોગ્ય વેતન મળે, સાચું શિક્ષણ મળે

તથા દાક્તરી સારવાર મળે તેનું ધ્યાન રાખી શકે તેવા આ કામને વરેલા કાર્યકરોની એક ટુકડી હોવી જોઈએ એમ ગાંધીજીને લાગ્યું. આવા કાર્યકરો રાત્રિશાળાઓ ચલાવી શકે, હરિજન બાળકોને ઉજાણીએ તથા જોવા લાયક સ્થળો જોવા લઈ જઈ શકે. તેમણે જાતે ચમારોના વાસમાં એક રાત્રિશાળા ખોલી હતી તથા હરિજન કાર્ય કરવા પર પોતાની શક્તિ કેન્દ્રિત કરી હતી.

જવાબમાં ચમારોએ પણ તેમની અપીલને ટેકો આપવાનો પ્રયાસ કર્યો હતો. તેઓમાંના કેટલાકે માત્ર મરી ગયેલાં ઢોરની જ ખાલ ઉતારવાનું અને કેટલાકે દારૂ ન પીવાનું તથા મરેલાં ઢોરનું માંસ ન ખાવાનું વચન આપ્યું હતું. ગાંધીજી એક વખત મોચીઓની સભામાં ફાટેલાં ચંપલ પહેરીને ગયા. તેઓ પ્રવાસમાં હતા તથા તેમની પાસે ચંપલની બીજી વધારાની જોડ સાથે નહોતી. ચમારોએ આ જોયું અને તેમાંના બે જણે અહિંસક ચંપલો બનાવી કાઢી અને ગાંધીજીને ભેટ આપી.

ગાંધીજીએ પોતે પણ એક વખત દક્ષિણ આફ્રિકામાં તેમને જેલમાં મોકલનાર જનરલ સ્મટ્સને હાથે બનાવેલાં ચંપલની એક જોડ ભેટ આપી હતી. ગાંધીજીની સિત્તેરમી વર્ષગાંઠે જનરલ સ્મટ્સે લખ્યું હતું : ''જેલમાં તેમણે મારે માટે ચંપલની એક જોડ બનાવી હતી. ઘણાં વરસો સુધી મેં તે પહેર્યાં, જોકે મને લાગે છે કે હું એવો નાનો માણસ છું કે એમની સાથે મારી તુલના ન થાય.''

# નોકર

સામાન્ય રીતે નોકરો જે કામ કરે છે તેવાં જુદી જુદી જાતનાં કામો આશ્રમજીવનમાં ગાંધીજી જાતે કરતા. તે પહેલાં જ્યારે તેઓ વકીલાત કરતા હતા અને હજારો રૂપિયા કમાતા હતા ત્યારે પણ તેઓ દરરોજ સવારે ઘઉં દળવાનું કામ કરતા. કસ્તૂરબા તથા તેમનાં બાળકો પણ દળવાના કામમાં તેમની સાથે જોડાતાં. આનાથી તેમને ખમીર વગરના અને ચાળ્યા વગરના લોટમાંથી પાંઉરોટી બનાવવા માટે જોઈતો ઝીણો કે જાડો લોટ મળી રહેતો. સાબરમતી આશ્રમમાં ગાંધીજીએ આ પ્રથા ચાલુ રાખી હતી. એક વખત ઘંટીનો પથરો સમારવામાં તેમણે કલાકોનો સમય આપ્યો હતો. એક વખત એક કાર્યકર્તાએ આશ્રમમાં લોટ ખૂટી જવા આવ્યો એવી ફરિયાદ કરી. તે સાંભળી ગાંધીજી તરત જ ઘઉં દળવાના કામમાં મદદ કરવા માટે ઊભા થઈ ગયા હતા. દળતા પહેલાં અનાજને વીણી લેવાની વાતમાં તેઓ બહુ ચોક્કસ હતા. ઘણા મુલાકાતીઓએ આ પોતડીવાળા મહાત્માને અનાજ વીણવામાં તલ્લીન થયેલા જોયા હતા. બહારથી આવેલા લોકોની હાજરીમાં પણ મહેનતનું કામ કરવામાં તેમને શરમ નહોતી આવતી. એક વખત એક વિદ્યાર્થી ગાંધીજીને મળવા આવ્યો. તેને પોતાના અંગ્રેજી માટે અભિમાન હતું. મુલાકાત પૂરી થઈ એટલે તેણે બાપુને કહ્યું, ''બાપુ, હું તમને કંઈ કામમાં આવી શકું તેમ

હોય તો મને જણાવો.'' તેને એમ હતું કે તેને કંઈક લખવા મૂકવાનું કામ સોંપવામાં આવશે. ગાંધીજીને આની ગંધ આવી ગઈ. તેમણે કહ્યું, ''ઠીક છે. જો તમારી પાસે અત્યારે સમય હોય તો આટલી થાળી ઘઉં વીણી આપો.'' એ યુવાનની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ. એક કલાકમાં તે ઘઉં વીણવાના કામથી કંટાળી ગયો અને એ કામને તેણે થાકેલા અવાજે રામ રામ કર્યા.

આશ્રમમાં ગાંધીજીએ કેટલાંક વરસ સુધી કોઠારીના મદદનીશ તરીકે કામ કર્યું હતું. સવારની પ્રાર્થના પછી તેઓ રસોડામાં શાકભાજી સમારવા માટે જવાનું રાખતા. રસોડામાં કે કોઠારમાં કોઈ પણ ખૂણામાં ધૂળ કે જાળાં તેમના જોવામાં આવતાં તો તેઓ તેમના સાથી-કાર્યકરોની ખબર લઈ નાખતા. શાકભાજીમાં, ફળોમાં તથા અનાજમાં કેટલા પ્રમાણમાં પોષક તત્ત્વો સમાયેલાં છે તેનાથી તેઓ સારી રીતે માહિતગાર હતા. એક વખત એક આશ્રમવાસી બટાકાને ધોયા વગર તેને સમારતો હતો. લીંબુ તથા બટાકાને કાપતાં પહેલાં હંમેશાં ધોવાની શી જરૂર છે તે ગાંધીજીએ તેને સમજાવ્યું. એક બીજા આશ્રમવાસીને છાલ પર કાળી ટપકીઓવાળાં કેળાં આપવામાં આવ્યાં તેમાં તેને પોતાનું અપમાન લાગ્યું. ગાંધીજીએ તેમને કહ્યું કે તેમના પાચનતંત્રને આ જ કેળાં વધુ અનુકૂળ આવે તેવાં હોવાથી તેમણે તેમને એ કેળાં આપ્યાં છે. તેમને આપવામાં આવતી સ્વાદ વગરની બાફેલી રસોઈ ગાંધીજી ઘણી વાર જાતે પીરસતા અને તેથી આશ્રમવાસીઓને તેની સામે ફરિયાદ કરવાની ભાગ્યે જ તક મળતી. દક્ષિણ આફ્રિકાની જેલમાં તેઓ તેમના સેંકડો સાથી-કેદીઓને દિવસમાં બે વખત ભોજન પીરસવાનું કામ કરતા.



આશ્રમમાં દરેક માણસે પોતાનાં વાસણ જાતે માંજી લેવાં એવો નિયમ હતો. રસોડાનાં વાસણો જુદી જુદી ટુકડીઓ વારાફરતી સાફ કરતી. એક વખત ગાંધીજીએ જેની નીચે મેશ બાઝી ગયેલી હતી તેવું મોટું વજનદાર તપેલું સાફ કરવાનું પસંદ કર્યું. પોતાના હાથને રાખમાં ખરડી તે એ તપેલાને ભાર દઈને ઘસતા હતા. એકાએક કસ્તૂરબા ત્યાં આવી પહોંચ્યાં અને તેમની પાસેથી તપેલું લઈ લેતાં તેમણે કહ્યું, ''આ તમારું કામ નથી. આ કામ માટે બીજાં માણસો છે.'' ગાંધીજીએ તેમની વાત સ્વીકારી લેવાનું ઠીક માન્યું અને એ કામ પૂરું કરવાનું તેમના પર છોડ્યું. વાસણો ચકચકતાં ન થઈ જાય ત્યાં સુધી ગાંધીજીને સંતોષ થતો નહીં. જેલમાં તેમને મદદ કરનારના કામથી નારાજ થઈ તેઓ લોખંડના વાસણને પણ ચાંદી જેવાં ચકચકિત કેવી રીતે બનાવી શકતા તેનો દાખલો તેમણે કહી સંભળાવ્યો હતો.

આશ્રમનું બાંધકામ ચાલતું હતું તે વખતે કેટલાક મહેમાનોને તંબુઓમાં સૂવું પડતું હતું. એક નવા મહેમાનને પથારી વાળીને ક્યાં મૂકવાની છે તેની ખબર નહોતી. તેથી તેઓ પથારી વાળીને તેને ક્યાં મૂકવાની છે તે પૂછવા ગયા. તેઓ પાછા ફર્યા ત્યારે તેમણે જોયું તો ગાંધીજી તેમની વાળેલી પથારી ખભે મૂકીને લઈ જતા હતા.

આશ્રમની હદની બહાર આવેલા કૂવામાંથી પાણી ખેંચવું એ એક બીજું રોજિંદું કામ હતું. એક દિવસ ગાંધીજીની તબિયત ઠીક નહોતી અને દળવાનું કામ તો તેમણે કર્યું જ હતું. તેમના સાથી-કાર્યકરની ઈચ્છા ગાંધીજીને વધુ શરીરશ્રમ કરવામાંથી બચાવી લેવાની હતી એટલે તેમણે આશ્રમવાસીઓની મદદ લઈ

નાનાંમોટાં બધાં પાણીનાં વાસણો ભરી દીધાં. ગાંધીજીને આ વાત ગમી નહીં, તેમને દુ:ખ થયું અને તેમણે એક નાના છોકરાનું નાહવાનું વાસણ લઈ લીધું. તે વાસણમાં પાણી ભરી, વાસણ માથે મૂકીને તેઓ પાણી લઈ ગયા. પેલા કાર્યકર ભાઈને પોતાની ભૂલ બદલ પસ્તાવો થયો. જ્યાં સુધી કોઈ પણ કામને શારીરિક રીતે કરી શકવાનું અશક્ય ન હોય ત્યાં સુધી કોઈ પણ રોજિંદું કામ, તેઓ મહાત્મા કે ઘરડા હોવાને લીધે જ, ન કરવું એ તેમને પસંદ નહોતું. કોઈ પણ જાતના કામ માટે તેમની પાસે અખૂટ શક્તિ અને મનોબળ હતાં. થાક કે કંટાળાને તેઓ જાણતા જ નહોતા. બોઅર યુદ્ધ વખતે સ્ટ્રેચર ઊંચકનારી ટુકડીમાં ઘણા દિવસ તે રોજના ૨૫ માઈલ ચાલ્યા હતા. તેઓ ખૂબ ચાલી શકતા હતા. ટૉલ્સ્ટૉય ફાર્મ પર, નજીકના શહેરમાં તેમને કંઈ અંગત કામ હોય તો, દિવસના બેતાળીસ માઈલ તેઓ પગે ચાલી નાખતા. હળવું ખાણું લઈ મળસકે બે વાગ્યે તેઓ નીકળી જતા, ખરીદીનું કામ પતાવી સાંજે પાછા આવી જતા. બીજા સાથીદારોએ ઉત્સાહપૂર્વક આનું અનુકરણ કર્યું હતું.

ગાંધીજીના સાથી-કાર્યકરો એક નાનું તળાવ ખોદવાનું કામ કરતા હતા. એક સવારે તેઓ કામ પતાવી પાવડા, તીકમ અને ટોપલાઓ લઈ પાછા ફર્યા ત્યારે તેમણે ફળોનો નાસ્તો જુદી જુદી અનેક રકાબીઓમાં તૈયાર રાખેલો જોયો. તેઓમાંના એકે પૂછ્યું, ''અમારે માટે આટલી બધી તસ્દી આપ શા માટે લો છો? આપની પાસે આ સેવા લેવાને અમે લાયક છીએ ખરા?'' ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, ''જરૂર. તમે પાછા ફરશો ત્યારે થાકી ગયેલા હશો તે હું જાણતો હતો. તમારે માટે નાસ્તો તૈયાર



કરી રાખવા જેટલી ફુરસદ મારી પાસે હતી.''

દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓના જાણીતા નેતા તરીકે ગાંધીજી એક વખત હિંદી વસાહતીઓનો કેસ રજૂ કરવા માટે લંડન ગયા હતા. હિંદી વિદ્યાર્થીઓએ ગાંધીજીને શાકાહારી ખાણું લેવા માટે આમંત્રણ આપ્યું. વિદ્યાર્થીઓએ રસોઈ જાતે બનાવવાનું નક્કી કર્યું હતું. બપોરે બે વાગ્યે એક મજબૂત પણ સુકલકડી કાઠાવાળો એક માણસ તેમના ભોંયરામાં આવી તેમને થાળીઓ સાફ કરવામાં, શાકભાજી ધોઈ આપવામાં તથા બીજાં નાનાંમોટાં કામોમાં મદદ કરવા લાગ્યો. પાછળથી વિદ્યાર્થીઓના આગેવાનો ત્યાં આવ્યા ત્યારે તેમને ખબર પડી કે એ માણસ બીજું કોઈ નહીં પણ તેમના સાંજના ભોજનના મહેમાન જ હતા.

ગાંધીજી બીજા પાસે કામ લેવામાં જરાય કચાશ રાખતા નહોતા તેમ છતાં, પોતાનું કામ બીજાઓ પાસે કરાવવાનું તેમને પસંદ નહોતું. રાજકીય પરિષદ પૂરી થયા બાદ રાત્રે દસ વાગ્યે સૂતાં પહેલાં, તેઓ તેમનો ઓરડો વાળતા જોવા મળ્યા. તેમના એક સાથીદારે આ જોયું અને તે મદદ કરવા માટે દોડી આવ્યો. ગાંધીજીએ હસતાં હસતાં એ કામ તેમને સોંપી દીધું. તેમના ગામડાના પ્રવાસો વખતે, જો તેમના ફાનસમાં ઘાસલેટ ખલાસ થઈ જાય તો તેમના થાકેલા સાથીદારોને ઉઠાડવા કરતાં ચંદ્રના અજવાળામાં બેસીને કાગળો લખવાનું તેઓ વધુ પસંદ કરતા. તેમની નોઆખલીની યાત્રા વખતે તેમણે માત્ર બે જ સાથીદારોને તેમની સાથે તેમની છાવણીમાં રહેવાની છૂટ આપી હતી. તેઓને ખાખરા કેવી રીતે બનાવવા તે આવડતું નહોતું. ગાંધીજીએ રસોડામાં આવી, એક કુશળ રસોઈયાની જેમ, ખાખરા કેમ

બનાવવા તે શીખવ્યું. તે વખતે તેમની ઉંમર ઈક્યોતેર વર્ષની હતી.

બાળકો તેમને ખૂબ જ ગમતાં. બાળકનો જન્મ થયા પછી બે મહિના બાદ તેમણે તેમના એક પણ દીકરાને નોકરની કે આયાની દેખરેખ નીચે રાખ્યો નહોતો. બાળકના વિકાસ માટે માતાપિતાના પ્રેમને તથા કાળજીને તેઓ અનિવાર્ય માનતા હતા. માતાની જેમ તેઓ બાળકની કાળજી રાખતા, તેને ખવડાવતા તથા તેને હસાવતા ને રમાડતા. એક વખત દક્ષિણ આફ્રિકાની જેલમાંથી છૂટીને તેઓ ઘરે આવ્યા અને તેમણે જોયું કે તેમના મિત્ર મિસ્ટર પોલાકનાં પત્ની દૂબળાં પડી ગયેલાં તથા થાકેલાં લાગતાં હતાં. તેઓ પોતાના બાળકને ધાવણ છોડાવવાનો પ્રયત્ન કરતા હતાં. બાળક રડી રડીને તેમને ઊંઘવા દેતું નહોતું અને તેમને આરામ મળતો નહોતો. તે જ રાતે ગાંધીજીએ બાળકનો કબજો લીધો. આખો દિવસ સખત કામ કરી, જાહેર સભાઓમાં ભાષણ કરી અને ચાર માઈલ ચાલી, ગાંધીજી કેટલીક વાર રાત્રે એક વાગ્યે ઘરે પાછા ફરતા. આવીને તેઓ બાળકને તેની માની સોડમાંથી ઉઠાવી લઈ પોતાની પથારીમાં સુવડાવી દેતા. બાળકની તરસ છિપાવવા માટે તેઓ તેમની પાસે જ પાણીનો લોટો ભરીને તૈયાર રાખતા. પરંતુ તેની જરૂર પડતી નહીં. બાળક ક્યારેય રડતું નહીં અને શાંતિથી ઊંઘ્યા કરતું. પખવાડિયામાં તેને ધાવણ છોડાવવાના પ્રયત્નો સફળ થયા.

વડીલો માટે ગાંધીજીને ખૂબ આદર હતો. ગોખલે ગાંધીજી સાથે રહ્યા ત્યારે ગાંધીજીએ તેમના ખેસને ઈસ્ત્રી કરી આપી હતી. તેઓ તેમની પથારી કરી આપતા, તેમને ખાવાનું પીરસતા અને



તેમના પગે માલિશ કરી આપવા માટે પણ તૈયાર રહેતા. ગોખલેના તે સામેના વિરોધને તેમણે ધ્યાનમાં લીધો નહીં. મહાત્મા થયા તે પહેલાં તેઓ દક્ષિણ આફ્રિકાથી એક વખત હિન્દ આવ્યા હતા અને તેમણે કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપી હતી. તેમણે ત્યાં જે ગંદાં જાજરૂઓ હતાં તે સાફ કર્યાં હતાં. એ કામમાંથી પરવારી તેમણે એક કૉંગ્રેસી આગેવાનને પૂછ્યું, ''તમારે માટે હું શું કરી શકું?'' પેલા આગેવાને કહ્યું, ''ઢગલાબંધ કાગળો જવાબ લખ્યા વગરના પડી રહ્યા છે. આ કામ જેને સોંપી શકાય તેવો કારકુન મારી પાસે નથી. તમે તે કામ કરવા રાજી છો?'' ગાંધીજીએ કહ્યું, ''ચોક્કસ. મારી શક્તિ બહારનું ન હોય તેવું કોઈ પણ કામ કરવા હું રાજી છું.'' એમણે થોડા વખતમાં જ એ કામ પૂરું કર્યું અને એ આગેવાનનાં ખમીસનાં બટન પણ ભીડી આપ્યાં. બીજું પણ કામ કરી આપ્યું.

અસ્પૃશ્યતાની વાડ તોડવા માટે, જ્યારે જ્યારે આશ્રમના કામકાજમાં મદદ કરી શકે તેવા માણસોની જરૂર પડતી ત્યારે, ગાંધીજી હરિજન નોકરો રાખવા માટે આગ્રહ રાખતા. તેમની સલાહ આ પ્રમાણેની હતી : ''આપણે નોકરોને પગારદાર મજૂરો તરીકે નહીં પણ આપણા ભાઈ ગણી તેમની સાથે તે જાતનું વર્તન કરવું જોઈએ. આનાથી કદાચ કેટલીક મુશ્કેલી આવશે, કેટલીક ચોરી થશે, વધારે ખર્ચ થશે તોપણ આ પ્રયાસ નિરર્થક નહીં જાય.''

કોઈ પણ માણસને પોતાના નોકર તરીકે રાખવાનું તેમને આવડતું જ નહોતું. તેમ છતાં હિંદની જેલમાં એક વખત તેમની સાથેના ઘણા કેદીઓની સેવા લેવાની મોજ તેમણે માણી હતી.

એક માણસે તેમને માટે ફળો સાફ કરી આપ્યાં હતાં, તો બીજાએ બકરી દોહી આપી હતી. ત્રીજાએ તેમનાં અંગત કામોમાં મદદ કરનાર તરીકે કામ કર્યું હતું તો ચોથાએ તેમની ઓરડી સાફ કરી આપી હતી. એક બ્રાહ્મણ તેમનાં વાસણો અજવાળી આપતો તો બે યુરોપિયનો તેમનો ખાટલો બહાર કાઢી આપતા.

ઇંગ્લંડના ઉમરાવ ઘરાણામાં માલિક અને ઘરના નોકર વચ્ચે કૌટુંબિક સંબંધો જેવા સંબંધોની જે જીવંત ગાંઠ બંધાયેલી હોય છે તે જોઈને તેમને ઘણો આનંદ થયો હતો. યજમાનને ત્યાંની મુલાકાત પૂરી થતાં નોકરની કોઈ ઊતરતી કક્ષાના માણસને બદલે કુટુંબના સભ્ય તરીકે ઓળખાણ કરાવવામાં આવતી તેનાથી તેમને ખૂબ આનંદ થતો.

એક હિંદી યજમાનને ત્યાં ઘણા દિવસ રહ્યા બાદ ત્યાંથી પાછા ફરતી વખતે તેમની રજા લેતાં તેમણે કહ્યું, ''તમારો હું કેટલો આભારી છું તે હું તમને કહી શકતો નથી. મેં મારી જિંદગીમાં ક્યારેય કોઈને મારો નોકર માન્યો નથી. હું તેમની સાથે ભાઈ કે બહેન તરીકે વર્તું છું. આ બાબતમાં તમે પણ મારાથી જરાય ઊતરતા નથી. તમારી આ સેવાઓનો બદલો આપવાનું મારા હાથમાં નથી પરંતુ ઈશ્વર તમને તેનો સારો એવો બદલો આપશે.''



# રસોઈયો

એક વખત મહાદેવભાઈએ ગાંધીજીને પૂછ્યું, ''બાપુ, તમે ફિનિક્સ આશ્રમમાં જોડાયા તે પહેલાં તમે કદી રસોઈયો રાખેલો ખરો કે?'' ગાંધીજીએ કહ્યું, ''ના. તે પહેલાં જ મેં તેના ત્રાસમાંથી મુક્તિ મેળવી લીધી હતી. અમારે ત્યાં એક સારો રસોઈયો હતો. પણ તેણે એમ કહ્યું કે ઉત્તેજક મરીમસાલા વાપર્યા વગર મારાથી સારી રસોઈ નહીં બનાવી શકાય. આ વાત થઈ તે જ દિવસે મેં તેને રજા આપી દીધી અને ત્યાર પછી રસોઈયો રાખ્યો નહીં.'' આ વખતે ગાંધીજીની ઉંમર પાંત્રીસેક વરસની હશે.

પોતાની જાતે રસોઈ બનાવવાનો પહેલો પ્રયોગ તેમણે અઢાર વરસની ઉંમરે કરેલો. તે વખતે તેઓ લંડન હતા. તેઓ ચુસ્ત શાકાહારી હતા. ઇંગ્લંડમાં તે વખતે શાકાહાર એ કંઈક અંશે નવો વિચાર હતો. તેમને સામાન્ય રીતે ડબલ રોટી, માખણ, મુરબ્બો તથા આખાં બાફેલાં શાકભાજી પીરસવામાં આવતાં. દેશમાં માના હાથની સ્વાદિષ્ટ રસોઈ ખાવાને ટેવાયેલી જીભને આવો ખોરાક લુખ્ખો લાગતો.

શાકાહારી ભોજનાલયમાં આવા ખોરાક પર થોડા મહિના કાઢ્યા બાદ તેમણે કરકસરથી રહેવાનું નક્કી કર્યું. એક ઓરડી ભાડે લીધી. એક સ્ટવ આણ્યો અને નાસ્તો તથા ભોજન જાતે જ રાંધી





લેવાનું શરૂ કર્યું. આટલું રાંધવા માટે તેમને રોજ વીસ મિનિટ આપવી પડતી તથા તેનું ખર્ચ પંચોતેર પૈસા જેટલું આવતું.

દરમિયાનમાં સૉલ્ટનું 'અન્નાહારની હિમાયત' નામનું પુસ્તક તેમણે વાંચ્યું તથા તેઓ 'લંડનની શાકાહારીઓની મંડળી'ના પરિચયમાં આવ્યા. ત્યાર પછી તેમણે તેમના ખોરાકમાં ઘણા ફેરફાર કર્યા.

લંડનથી બારિસ્ટરની સનદ લઈ હિંદ આવ્યા પછી તેમણે મુંબઈમાં એક નાનો ફ્લૅટ ભાડે લીધો અને એક બ્રાહ્મણ રસોઈયો પણ રાખ્યો. તે વખતેય રાંધવાનું અડધું કામ તો તેઓ જાતે જ કરતા. તેમણે તેમના રસોઈયાને કેટલીક અંગ્રેજી શાકાહારી વાનગીઓ રાંધતાં પણ શીખવ્યું. વસ્તુઓની ગોઠવણ તથા ચોખ્ખાઈના તેઓ આગ્રહી હતા. રસોડામાં આ બે વસ્તુ માટે તેઓ ખૂબ ચીવટ રાખતા. તેમણે તેમના મહારાજને રસોડું સ્વચ્છ રાખતાં, નિયમિત નાહતાં તથા સ્વચ્છ કપડાં પહેરતાં શીખવ્યું.

દક્ષિણ આફ્રિકા તથા હિંદના એકેય આશ્રમમાં પગારદાર રસોઈયાને સ્થાન નહોતું. એક જ ખાણા માટે જાત જાતની વાનગી બનાવવી તેમાં સમય અને શક્તિના વ્યય સિવાય બીજું કંઈ નથી એની ગાંધીજીને ખાતરી થઈ ચૂકી હતી. આશ્રમના જુદા જુદા સભ્યો માટે જુદા જુદા સ્વાદ અને ચટકાવાળી વાનગી બનાવવા તેઓ તૈયાર નહોતા. બધાને માટે એક જ જાતનો ખોરાક રાંધવામાં આવતો. આ રસોઈ પણ આશ્રમના એક સામાન્ય રસોડે રંધાતી.

ખૂબ અટપટી અને અઘરી ગણાય તેવી રાંધવાની કળાને તેમણે સરળ બનાવી. તેમના આશ્રમમાં ભાત અને ઘેંશ, રોટલા, કાચાં કાપેલાં શાકભાજી, આખાં બાફેલાં શાકભાજી, ફળો તથા દૂધ

અથવા દહીં ખાવા માટે આપવામાં આવતાં. મીઠાઈ અને દૂધની બનાવટની જગ્યાએ તાજો ગોળ અને મધ અપાતાં.

જીભના ચટકા માટે નહીં પણ શરીરને કાર્યરત રાખવા માટે ખાવું જોઈએ એ વાત જુસ્ટના 'રિટર્ન ટુ નેચર' પુસ્તકમાં તેમના વાંચવામાં આવી અને એ તેમને ગળે ઊતરી ગઈ. ગાંધીજીએ ખોરાકના અખતરા શરૂ કર્યા. ત્યાર પછી આવા અખતરા તેમને માટે જીવનભરના શોખ જેવા થઈ પડ્યા. ખોરાકને રાંધ્યા વગર જ ખાવાનો અખતરો પણ તેમણે કર્યો. તેમના કેટલાક પ્રયોગોએ તેમને મુશ્કેલીમાં પણ મૂકી દીધા. તેમણે પાંચ વરસ સુધી ફળાહાર પર રહેવાનો પ્રયોગ કરી જોયો. ચાર મહિના સુધી તેઓ શણગાવેલા અનાજ પર તથા રાંધ્યા વગરના ખોરાક પર રહ્યા. પરિણામે તેમને મરડો થયો !

ફિનિક્સ આશ્રમમાં તેમણે શાળાના હેડમાસ્તર તરીકે તથા આશ્રમના મુખ્ય રસોઈયા તરીકે કામ કર્યું હતું. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓએ યુરોપિયન મિત્રો માટે યોજેલા ભોજન સમારંભમાં ગાંધીજીએ રાંધવાનું તથા પીરસવાનું એમ બંને કામ કરેલાં.

ફિનિક્સ આશ્રમમાંથી સત્યાગ્રહ માટે નીકળેલી પહેલી ટુકડીએ જે દિવસે આશ્રમ છોડ્યો તે દિવસે ગાંધીજીએ સત્યાગ્રહીઓને ઉમળકાભેર સારી રીતે જમાડેલા. તેમને માટે તેમણે રોટલીનો ઢગ, ટામેટાની ચટણી, કઢી, ભાત તથા ખજૂરમાંથી બનાવેલી મીઠાઈ બનાવી હતી. જમાડતી વખતે તેમણે સત્યાગ્રહીઓને સત્યાગ્રહની કાર્યપદ્ધતિ અને જેલજીવન અંગે વિગતવાર નાની નાની સૂચનાઓ આપી હતી. સત્યાગ્રહીઓની સંખ્યા અઢી



હજારની થઈ ગઈ ત્યારે ગાંધીજીએ સત્યાગ્રહીઓની આગેવાની લીધી અને તેની સાથે રસોઈયા તરીકેની કામગીરી બજાવવાનું પણ શરૂ કર્યું. ઘણા માણસોનું રાંધતી વખતે એક દિવસ દાળમાં પાણી વધારે પડી જતું તો બીજે દિવસે ભાત કાચો રહી જતો. પરંતુ ગાંધીભાઈ તરફ સત્યાગ્રહીઓને એટલો બધો આદર હતો કે આવી રસોઈ પણ તેઓ કોઈ પણ જાતના કચવાટ વગર ખાઈ લેતા. દક્ષિણ આફ્રિકાની જેલમાં પણ ગાંધીજી તેમના સાથીદારોને રાંધવામાં મદદ કરતા.

રાંધતા આવડવું એ કેળવણીનું અનિવાર્ય અંગ છે એમ તેઓ માનતા હતા. ટૉલ્સ્ટૉય ફાર્મમાં બધા જ વિદ્યાર્થીઓને રાંધતાં આવડતું હતું તે માટે તેઓ ગર્વ લેતા. દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા આવતાંની સાથે જ તેમણે શાંતિનિકેતનના વિદ્યાર્થીઓને તેમની આ ધૂનનો ચેપ લગાડ્યો. બધા એક સામાન્ય રસોડે જમે અને રાંધવાનું કામ સૌ વારાફરતી કરતા રહે એ વિચારને સૌએ આવકાર્યો. આ યોજના કેટલી ચાલશે તે અંગે ગુરુદેવ ટાગોરને શંકા હતી, તેમ છતાં તેમણે આ સાહસને આશીર્વાદ આપ્યા.

મદ્રાસમાં ગાંધીજી એક છાત્રાલયની મુલાકાતે ગયા. અહીં તેમણે જુદી જુદી જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ માટે જુદાં જુદાં રસોડાં ચાલતાં જોયાં. જુદા જુદા સ્વાદને પોસવા માટે જુદી જુદી વાનગીઓ પણ આ રસોડાંઓમાં બનાવવામાં આવતી હતી, તે પણ તેમણે જોયું. આનાથી તેમને દુઃખ થયું. એક બંગાળી યજમાનને ત્યાં તેમને માટે ઘણી બધી વાનગીઓ બનાવવામાં આવી હતી ત્યારે પણ તેમને આવી જ દુઃખની લાગણી થઈ હતી. આથી તેમણે દિવસમાં પાંચ જ વસ્તુઓ લેવાનું વ્રત લીધું.

બિહારમાં અસ્પૃશ્યતા સામેના વરસો જૂના સંસ્કારને તેમણે તોડી નાખ્યો. તે વખતે ચંપારણની તપાસમાં તેમની સાથે કામ કરનાર બધા વકીલોને તેમણે એક રસોડે જમતા કરી દીધા. ખોરાકને જીભને ચટકો કરાવવા માટે નહીં પણ સુપાચ્ય અને આરોગ્યપ્રદ બનાવવા માટે રાંધવામાં આવે છે એ વાત પર તેઓ ખાસ ભાર મૂકતા.

લીમડાનાં તાજાં પાનમાંથી બનાવેલી ક્વિનાઈન જેવી કડવી ચટણી, આશ્રમની નજીકમાં ચાલતી ઘાણીમાંથી આણેલા પોષક ખોળ અને દહીંમાંથી બનાવેલી વાનગી, આમલી અને ગોળનું શરબત, બાફીને છૂંદી નાખેલા મસાલા વગરના સોયાબીન, ખાઈ શકાય તેવી કોઈ પણ ભાજીમાંથી બનાવેલ સલાડ, શેકેલી ભાખરીના ભૂકામાંથી બનાવેલું પુડિંગ, જાડા દળેલા ઘઉંમાંથી બનાવેલી ઘેંશ, શેકેલા ઘઉંના બારીક ભૂકામાંથી બનાવેલી કૉફી, એ ગાંધીજીની ખાસ બનાવટોના નમૂના તરીકે ઓળખાવી શકાય.

તેઓ કેક, ભાત, દાળ, શાકભાજીના સૂપ ને સલાડ, સંતરાનો તથા સંતરાની છાલનો મુરબ્બો, ખમીર કે બેકિંગ પાઉડરનો ઉપયોગ કર્યા વગર બનાવેલી ડબલ રોટી, સુંવાળી રોટલી તથા સુંદર ખાખરા બનાવી જાણતા. આશ્રમના રસોડે ડબલ રોટી તથા બિસ્કિટ બનાવવાનું તેમણે દાખલ કરેલું. સેવાગ્રામમાં તેમણે દાખલ કરેલા ખાસ જાતના ચૂલા પર સેંકડો માણસો માટે ઓછા ખરચે રાંધી શકાતું. આ ચૂલા પર ભાત રાંધવાનું, શાક બાફવાનું તથા રોટલી શેકવાનું કામ એકીસાથે કરી શકાતું.

ગાંધીજીના એક સાથીદારે તેમને વિશે લખતાં કહ્યું છે કે, ''હાલમાં એવું જાણવા મળ્યું છે કે ઘાસમાં પુષ્કળ પ્રમાણમાં



વિટામિનો હોય છે. આ શોધ ગાંધીજી આશ્રમમાં હતા ત્યારે નહોતી થઈ એ માટે પ્રભુનો પાડ માનવો જોઈએ કારણ જો તેમને આ વાતની ખબર પડી હોત તો તેમણે આશ્રમનું રસોડું સમેટી લઈ અમને બધાંને ઘાસ ચરીને પેટ ભરવાની સલાહ આપી હોત!''

એક વખત ગાંધીજી એક આદર્શ ઘરશાળા જોવા ગયા. ત્યાં રસોડાની જે જાતની સગવડ હતી તે તેમને બરાબર ન લાગી. તેમણે શિક્ષકોને કહ્યું, ''વિદ્યાર્થીઓને પુસ્તકિયા જ્ઞાન આપવા ઉપરાંત જો તમે તેમને પાકા રસોઈયા તથા સારા કચરો વાળનારા બનાવી શકો તો તમારી સંસ્થાને તમે આદર્શ સંસ્થા બનાવી શકશો.''

રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી ગાંધીજીએ મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. ત્યાર પછી તરત જ જ્યારે તેમના વડીલોએ તેમને કાયદાના અભ્યાસ માટે વિલાયત મોકલવાનું નક્કી કર્યું ત્યારે ગાંધીજીએ પૂછ્યું, ''મને દાક્તરની પદવી માટે કાં ન મોકલો ?'' વૈષ્ણવથી ચામડાં ચીરવાનું કામ થાય જ નહીં એમ કહી તેમના મોટાભાઈએ આ વાતનો વિરોધ કર્યો. ગાંધીજીના સ્વર્ગસ્થ પિતાશ્રી કરમચંદ ગાંધીને પણ તે વ્યવસાય બિલકુલ પસંદ નહોતો.

ઓગણચાળીસ વરસે ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ફરી વાર ઈંગ્લંડ ગયા અને તેમણે દાક્તર થવા માટેનો અભ્યાસક્રમ લેવાનું વિચાર્યું. હાડમાંસ ચૂંથવાની વાત ફરી પાછી વચ્ચે આવી. જાણકારી વધારવા માટે અને જીવતાં પ્રાણીઓને ચીરવાનું, તથા રસી અને ઈંજેક્ષન બનાવવા માટે જીવતાં પ્રાણીઓ પર કરવા પડતા પ્રયોગો તેમનાથી સહી શકાય તેમ નહોતું. ઍલોપથીના દાક્તરોને તેઓ શયતાનના શિષ્યો જેવા અને પશ્ચિમી દવા-પદ્ધતિ(ઍલોપથી)ને જંતરમંતર અને ભૂવાબાજીની વિદ્યાનો નિચોડ માનતા. વૈદ્યો નવા નવા પ્રયોગો કરવા તરફ જે ઉદાસીનતા સેવે છે તે તેમને બિલકુલ પસંદ નહોતું. હોમિયોપથીમાં પણ તેમને રસ પડ્યો નહોતો. રોગીને નીરોગી કરવા માટેના તેમના





ઊંડા રસે તેઓ નિસર્ગોપચારી બન્યા ત્યાં સુધી તેમને ચેન ન પડવા દીધું.

તેમણે ક્યુનીનું પુસ્તક વાંચ્યું અને રોગ મટાડવા માટે પાણીના ઉપચારોમાં તેઓ માનતા થયા. ધીમે ધીમે પોતાની જાત પર, તેમના દીકરા પર તથા તેમની પત્ની પર પ્રયોગો કર્યા બાદ, આપણી આજુબાજુ સહેજે મળી રહે છે તે પાણી અને માટી, હવા તથા સૂર્યનાં કિરણો એ ત્રણ કુદરતી તત્ત્વોના યોગ્ય ઉપયોગ પર રચાયેલી સારવારની પદ્ધતિને તેઓ વળગી રહ્યા. ગાંધીજીએ કોઈ પણ જાતની દવાની ગોળી કે ભૂકી ખાઈ શરીરને કલુષિત કર્યું નહોતું. તેઓ ઉપવાસ, ખોરાકના પ્રયોગો તથા દવા તરીકે ઉપયોગમાં લેવાતી કાષ્ઠ-ઔષધિના ઉપયોગ પર ભાર મૂકતા.

દરદીનું નિરીક્ષણ કરવાની અને તેના દર્દનો પૂરો અભ્યાસ કરવાની તેમનામાં અસાધારણ શક્તિ હતી. આ શક્તિને કારણે તેઓ દર્દીની સફળ સારવાર કરી શકતા. દક્ષિણ આફ્રિકામાં તેઓ સૌથી પહેલા કુલી બારિસ્ટર તથા કુલીઓના ડિગ્રી વગરના દાક્તર બન્યા. ઘણા યુરોપિયનો તથા હિંદીઓ તેમની સલાહ લેવા આવતા. તેમના કેટલાક અસીલોનાં ઘરમાં તો તેમણે ઘરના દાક્તરનું સ્થાન લીધું હતું. તે વખતે તેમની સારવાર આપવાની રીત દાક્તરી વિજ્ઞાનના નિયમો વિરુદ્ધની હતી. પાછળથી તેમાંની કેટલીક રીતોને દાક્તરોએ વખાણી હતી, મંજૂર રાખી હતી.

તેમનો દીકરો ટાઇફૉઈડમાં પટકાઈ પડ્યો તે વખતે દાક્તરોએ તેને ઈંડાં તથા મરઘીનાં બચ્ચાંનો સૂપ આપવા કહ્યું. ગાંધીજી કોઈ પણ જાતનો માંસાહારી ખોરાક આપવા માટે સંમત ન થયા. તેમણે એ કેસ હાથ પર લીધો તથા તેમના દીકરાને પાણી તથા



મોસંબીનો રસ આપવાનું રાખ્યું. તેમણે તેના શરીરને ભીની ચાદરમાં લપેટી રાખવાનો પ્રયોગ કર્યો. જ્યારે તેમનો દીકરો ભાન ગુમાવી બેઠો ત્યારે ગાંધીજી થોડે અંશે નિરાશ થયા ખરા, પરંતુ તેમના કુદરતી ઉપચારને તેઓ વળગી રહ્યા અને તે સારવારથી દીકરાને સાજો કર્યો. રસી આપ્યા વગર ટાઇફૉઈડ મટાડવાના બીજા ઘણા દાખલાઓમાં તેમની સારવાર સફળ નીવડી.

તેમણે એક નહીં પરંતુ અનેક વાર દાક્તરના અભિપ્રાયની સામે ચાલી કામ કર્યું હતું. કસ્તૂરબા એક વખત કંઈક જોખમી કહેવાય તેવા એનીમિયામાં પટકાઈ પડ્યાં હતાં. દાક્તરે તેમને માંસનો સેરવો લેવાનું કહ્યું. ગાંધીજી તથા કસ્તૂરબા બંનેએ તે લેવાનો ઇનકાર કર્યો. ગાંધીજીએ તેમને કેટલાયે દિવસો સુધી લીંબુના રસ પર રાખ્યાં અને સાજાં કર્યાં. તેમણે કઠોળ તથા મીઠું છોડી દેવાની સલાહ આપી. ગાંધીજીનો સ્વભાવ કેટલો કડક છે તે વાત કસ્તૂરબા એક ક્ષણ માટે વીસરી ગયાં અને બબડ્યાં, ''તમારે માટે આ બધી સલાહ આપવાનું ઘણું સરળ છે. પણ જાતે તે છોડી દઈ શકો ખરા ?'' તરત જ વળતો જવાબ મળ્યો, ''જો દાક્તર સૂચવે તો ચોક્કસ છોડી દઉં. લે, કોઈ પણ જાતની દાક્તરી સલાહ વગર હું મીઠું અને કઠોળ એક વરસ માટે છોડી દઉં છું.'' કસ્તૂરબાનાં આંસુ તથા આજીજી આ વ્રતમાંથી તેમને પાછા વાળી શક્યાં નહીં. આમ દાક્તર તથા દર્દી બંનેએ મીઠું અને કઠોળ લેવાનું બંધ કર્યું.

બીજા એક પ્રસંગે કસ્તૂરબાએ પંદર દિવસના ઉપવાસ કરવાના હતા તથા તે સમય દરમિયાન નિયમિત લીમડાનો રસ લેવાનો હતો. ગાંધીજી આંતરડાં સ્વચ્છ રાખવા પર ખાસ ભાર મૂકતા. શરીરમાં ઘર કરી ગયેલી વિકૃતિ દૂર કરવા માટે ગાંધીજી ઉપવાસ,

અર્ધ-ઉપવાસ તથા એનિમા લેવાની સલાહ આપતા. માથાનો દુખાવો, અપચો, ઝાડા તથા કબજિયાત એ બધું વધારે પડતું ખાવાને કારણે તથા નિયમિત કસરત ન કરવાને લીધે થાય છે એવું તેઓ માનતા. તબિયત સારી રાખવા માટે લાંબા અંતર સુધી ઝડપથી ચાલતાં ચાલતાં ફરવા જવાની કસરતને તેઓ રામબાણ ઈલાજ માનતા. જેલમાં પણ તેઓએ તેમને આપવામાં આવેલી જગ્યામાં દરરોજ સવારસાંજ આંટા મારતા રહેવાનું રાખી આ ટેવ ચાલુ રાખી હતી. પ્રાણાયામ કરવાની પણ તેમણે હિમાયત કરી છે. ઘણી વખત માનસિક આઘાત-પ્રત્યાઘાતોની શારીરિક તંદુરસ્તી પર માઠી અસર પડે છે એ તેઓ જાણતા હતા. તેઓ માનતા કે રામનામથી, એટલે કે ઈશ્વરની ઈચ્છામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાથી, તમામ ચિંતાઓનો છેડો આવી જાય છે. રામનામ એ તમામ રોગોનો ઈલાજ છે.

દક્ષિણ આફ્રિકામાં જ્યારે ગાંધીજી પર એક પઠાણે હુમલો કર્યો હતો ત્યારે તેમના મોં પર, કપાળ પર તથા પાંસળીઓ પર મૂઢ માર પડ્યો હતો. ગાંધીજીએ તેના પર ચોખ્ખી ભીની માટીની લોપરી બનાવીને મૂકી. સોજો તરત જ બેસી ગયો.

પ્લેગ, આંતરડાંનો તાવ, મલેરિયા, અરુચિ, કમળો, લોહીનું દબાણ, દાઝી જવું, બળિયા તથા હાડકાંના ભાંગી જવા પર તેમણે માટીના પ્રયોગો દ્વારા સારવાર કરી હતી. એક વખત મુસાફરી દરમિયાન તેમના દીકરાનો હાથ ભાંગી ગયો. ગાંધીજીએ તેના પર માટીનો પાટો બાંધી જોયો અને ઘાને રૂઝ આવી ગઈ, અનેક દરદીઓને પોતાની સારવારથી સાજા કરવામાં તેઓ સફળ થયા હતા તેમ છતાં તેમણે તેમના પ્રયોગોને સાચા માની લેવા સામે



ચેતવણી આપી હતી. આવા નવતર પ્રયોગો કરવા પાછળ મોટું જોખમ રહેલું છે એ તેઓ જાણતા હતા. તંદુરસ્તી ટકાવી રાખવા માટે તેમની 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' નામની ચોપડીમાં ધ્યાન ખેંચે એવા અભિપ્રાયો આપવામાં આવ્યા છે તે વાત તેમણે કબૂલ કરી હતી. પ્રસૂતિગૃહો, ઈસ્પિતાલો તથા દવાખાનાંઓ ખોલવા કરતાં લોકોને સ્વચ્છતા તથા જીવવા માટેની તંદુરસ્ત પ્રણાલીઓ પાડવાનું શીખવવા માટે તેઓ વધુ આગ્રહી હતા. દરદ થયા પછી તેને મટાડવાના ઈલાજો કરવા કરતાં રોગ જ ન થાય તેવાં પગલાં લેવાનું તેમને મન વધારે અગત્યનું હતું.

તેઓ ઍલોપથીની દવાઓને અસ્પૃશ્ય ગણતા હતા તેવું પણ નહોતું. સેવાગ્રામમાં કૉલેરા ફાટી નીકળ્યો તે વખતે તેમણે ગ્રામવાસીઓને તથા આશ્રમવાસીઓને કૉલેરાની રસી લેવાની છૂટ આપી હતી. જેલમાં તેમને ઍપેન્ડિસાઈટિસ થતાં ખુદ તેમણે પણ શસ્ત્રક્રિયા કરાવી હતી. આનો વિરોધ વ્યક્ત કરતા થોકબંધ પત્રો તેમના પર આવ્યા હતા. તેમણે પોતાની ભૂલ કબૂલ કરી હતી.

નિસર્ગોપચારની મર્યાદાઓ છે એ વાત ગાંધીજી જાણતા હતા. તેમ છતાં તેમણે નિસર્ગોપચારને ઉત્તેજન આપવા પર ભાર મૂક્યો તેનાં ઘણાં કારણો છે. પહેલું તો એ કે તે હિંદના ગરીબ લોકોને પરવડી શકે તેવી ઉપચાર પદ્ધતિ છે. તે સો ટકા સ્વદેશી છે. સિત્યોતેર વરસની ઉંમરે તેમણે બમણા ઉત્સાહથી નિસર્ગોપચારનું કામ ઉપાડ્યું અને ઉરુળીકાંચન નામના ગામે નિસર્ગોપચાર કેન્દ્રની સ્થાપના કરી. આ કેન્દ્રમાં મોંઘાં યાંત્રિક સાધનોને સ્થાન નહોતું. તેઓ માનતા કે આદર્શ દાક્તરને દવાઓનું સારું એવું જ્ઞાન હોવું જોઈએ. તેણે તેના આ જ્ઞાનનો લોકો સાથે વિનામૂલ્યે વિનિમય

કરવો જોઈએ. દાક્તરોએ ગરીબ યા તવંગર દરદી પાસે કોઈ પણ જાતની અપેક્ષા ન રાખવી જોઈએ. આ રીતે કામ કરનાર દાક્તર માટે વાર્ષિક સાલિયાણું નક્કી કરી આપવું જોઈએ એમ તેઓ માનતા હતા. ઉરુળીમાં થોડા દિવસ તેમણે જાતે દરદીઓને તપાસ્યા તથા નિદાન કરી ઉપચાર લખી આપ્યા. એક દરદી માટે તેમણે આ પ્રમાણે લખ્યું : ''રાજુ માટે : સૂર્યસ્નાન, કટિસ્નાન, ઘર્ષણસ્નાન, ફળનો રસ તથા છાશ. દૂધ ન લેવું. જો છાશ ન પચી શકે તો ફળનો રસ તથા ઉકાળેલું પાણી લેવાનું રાખવું.'' બીજું નિદાન પાર્વતી માટે હતું. તેમાં લખ્યું હતું : ''માત્ર મોસંબીનો રસ. કટિસ્નાન, ઘર્ષણસ્નાન, પેટ પર માટીની લોપરી, નિયમિત સૂર્યસ્નાન. જો આટલું કરવામાં આવે તો તે સાજી થઈ જશે. એને રામનામનો મહિમા સમજાવશો.''

તેમના આશ્રમમાં બધા મજાકમાં હંમેશાં કહેતા કે, ''જો તમારે બાપુની નિકટમાં આવવું હોય તો માંદા પડો.'' ગાંધીજી દરેકેદરેક દરદીની નાનામાં નાની વિગત પણ જાણતા. તેઓ દરરોજ ફરવા જતા અને ફરીને પાછા આવતા તે વખતે દરેકેદરેક દરદીની મુલાકાત લેતા. દરદી માટેનો ખોરાક કઈ રીતે તૈયાર કરવો, તેના શરીરને ભીના કપડા વડે લૂછીને કેવી રીતે સાફ કરવું, તેને માલિશ કેવી રીતે કરવું તથા તેને માટેના એનિમામાં મીઠાનું યા તો સોડાનું કેટલું પ્રમાણ લેવું વગેરેની તેઓ વિગતે સૂચના આપતા. સેવાગ્રામમાં જ્યારે તેમણે રોજનો એક કલાક દરદીઓને તપાસવા માટે કાઢવાનું નક્કી કર્યું ત્યારે આજુબાજુનાં ગામોમાંથી દરદીઓની ત્યાં કતારો લાગી ગઈ. તેમને તેઓએ કહ્યું, ''ભાજી ખાઓ, છાશ પીઓ અને માટી લગાવો.'' કેટલીક વખત દરદીનો મળ પણ તેમણે જાતે



તપાસ્યો હતો. જો દરદીને અત્યંત નબળાઈ ન આવી ગઈ હોય, તો તેને ખુલ્લી હવામાં રાખવામાં આવતો. તેમની પાસે આવેલા દરદીની પૂર્વ હકીકત જાણી સંપૂર્ણ તપાસ કર્યા બાદ જ તેઓ તેને થયેલા રોગનો ઉપચાર સૂચવતા. તેમના એક સાથી કાર્યકરને લોહીનું ઊંચું દબાણ રહેતું હતું. જ્ઞાનતંતુની ખેંચ એ તેનું કારણ હતું. આ કારણ શોધી કાઢવા માટે ગાંધીજીએ ગંભીર ચર્ચાવિચારણા શરૂ કરતાં પહેલાં અને તેવી ચર્ચાવિચારણા પતી જાય ત્યાર બાદ એ કાર્યકરનું લોહીનું દબાણ માપી લેવાનું રાખ્યું. બીજે દિવસે એક પાટિયા પર લીટી દોરી હતી તે લીટી પ્રમાણે એ ભાઈએ પાટિયું વહેરવાનું કામ કર્યું. આ કામ શરૂ કરતી વખતનું અને પૂરું કર્યું તે વખતનું તેમનું લોહીનું દબાણ માપી લેવામાં આવ્યું. ત્રીજે દિવસે આશ્રમના મેદાનમાં એ ભાઈ એક ફર્લાંગ જેટલું અંતર દોડી આવ્યા. તેઓએ દોડવાનું શરૂ કર્યું તે પહેલાં તથા દોડી રહ્યા ત્યાર બાદનું લોહીનું દબાણ માપી લેવામાં આવ્યું. છેલ્લે દિવસે તેમનું લોહીનું દબાણ ઘટેલું માલૂમ પડ્યું, જ્યારે પહેલા બે દિવસે તે વધેલું દેખાયું. એ ભાઈનું નિદાન કરતાં ગાંધીજીએ લખ્યું : ''જ્યારે તમને લોહીના ઊંચા દબાણ જેવું લાગે ત્યારે થોડું ચાલી આવો અને તેને દૂર કરો.''

ગાંધીજી ખૂબ જ અગત્યના કામમાં યા વાતમાં બેઠા હોય ત્યારે પણ ખોરાક, સ્નાન યા દરદીની સારવાર અંગે સૂચના લેવા માટે કોઈ દખલ કરી શકતું. ઘણા જાણીતા નેતાઓને, તેઓ ગાંધીજીની સારવાર અંગેની સૂચનાનો ભંગ કરી બેસે તે માટે તેમની કડક તકેદારી હેઠળ રાખવામાં આવ્યા હતા. જેલમાં પણ તેમણે તેમના

સાથીદારોની તબિયતની કાળજી લેવાની પરવાનગી મેળવી લીધી હતી.

તેમના એક સાથીદાર દમથી પીડાતા હતા. તેમણે ગાંધીજીની મદદ માંગી. ગાંધીજીએ તેમને સિગારેટ તથા બીડી પીવાનું બંધ કરવા જણાવ્યું અને પેલા ભાઈ એમાં સંમત થયા. ત્રણ દિવસ આ રીતે વહી ગયા પણ કોઈ જાતનો ફાયદો થયો નહીં. દરદીને દિવસમાં છાની રીતે એકાદ-બે સિગારેટ પી લીધા વગર ચેન નહોતું પડતું. એક રાત્રે, જેવી તેણે સિગારેટ સળગાવવા માટે દીવાસળી સળગાવી તે જ વખતે તેના મોં પર કોઈએ બૅટરીનો પ્રકાશ ફેંક્યો. તેણે જોયું તો ગાંધીજી તેની સામે ઊભા હતા. તેણે ગાંધીજીની માફી માગી અને ધૂમ્રપાન કરવાનું છોડી દીધું. તેનો દમનો વ્યાધિ કાયમ માટે ચાલ્યો ગયો. સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફ્ફારખાનને માથાની ચામડી તથા વાળનો કશોક રોગ લાગુ પડ્યો હતો. ગાંધીજીએ તેનો ઘરગથ્થુ ઉપાય બતાવ્યો. એ ઊંચા પઠાણ આગેવાનને આ ઉપાયે દરદ કરતાં પણ વધારે દુખાવો આપ્યો. એક વખત વલ્લભભાઈના પગમાં કાંટો વાગ્યો. ગાંધીજીએ તો આયોડિનની જગ્યાએ બાળેલા ભિલામાનો ઉપયોગ કર્યો. વલ્લભભાઈએ કહ્યું, ''આ કરડી ખાય તેવા ઉપાય કરતાં હું કાંટાનું દરદ વધારે પસંદ કરીશ.''

# નર્સ

કેટલાક કૉંગ્રેસ કાર્યકરો એક વખત ગાંધીજીની સલાહ લેવા માટે સેવાગ્રામ ગયા. તેઓ ત્યાં પહોંચ્યા તે વખતે ગાંધીજી બે આશ્રમવાસીઓની સારવાર કરતા હતા. આ બે આશ્રમવાસીઓ માંદા પડ્યા હતા અને ગાંધીજી તેમને કટિસ્નાન કરાવતા હતા તથા તેમના શરીર પર પોતાં મૂકવાના કામમાં રોકાયેલા હતા; તેમને મળવા આવેલા નેતાઓમાંથી એકે પૂછ્યું, ''આ બધી સારવાર તમારે જાતે જ કરવી જોઈએ એવું ખરું ?'' જવાબમાં ગાંધીજીએ કહ્યું, ''તો બીજું કોણ કરે ? તમે ગામમાં જઈને જોશો તો ખબર પડશે કે છસોમાંથી ત્રણસો માણસો બીમાર છે.''

નાનપણથી જ ગાંધીજીને માંદાઓની સારવાર કરવાની લગની લાગી હતી. નિશાળનો સમય પૂરો થતાં જ તેઓ પોતાના માંદા પિતાની ચાકરી કરવા માટે દોડ્યા ને દોડ્યા ઘરે આવતા. તેઓ તેમના પિતાને દવા આપવાનું, તેમના ઘા પર પાટાપિંડી કરી આપવાનું તથા વૈદ્યોએ સૂચવ્યા પ્રમાણે દવા બનાવી આપવાનું કામ કરતા. તેઓ મોટા થતા ગયા તેમ તેમ માંદા માણસોની ચાકરી કરવાની તેમની તરસ વધતી જ ગઈ. દક્ષિણ આફ્રિકામાં તેમણે એક ધર્માદા ઇસ્પિતાલમાં દરરોજ બે કલાક માંદાઓની ચાકરી માટે આપવાનું નક્કી કર્યું. ત્યાં તેઓ દાક્તરે લખી આપેલી સૂચના પ્રમાણે દવા બનાવી દરદીને આપવાનું તથા સૂચના પ્રમાણે

તેની સારવાર કરવાનું શીખ્યા. તેમની પાસે વકીલાત અંગે જે કંઈ કામ આવતું તે બધું જો તેઓ કરે તો ઇસ્પિતાલમાં સેવા આપવા માટે સમય કાઢવાનું બની શકે તેમ નહોતું. તેથી તેમની પાસે આવતા વકીલાતના ઘણા કેસ તેમણે તેમના એક મુસ્લિમ મિત્રને આપી દઈ, ઇસ્પિતાલમાં સેવા આપવા માટે સમય ફાજલ પાડવાનું ગોઠવ્યું હતું.

૧૮૯૬માં ગાંધીજી થોડા વખત માટે હિંદુસ્તાન આવ્યા હતા. તે વખતે હિંદી નેતાઓને મળી તેમની સમક્ષ દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની દુર્દશાનો ચિતાર રજૂ કરવામાં તેઓ રોકાયેલા હતા. તેમનો સમય 'લીલું ચોપાનિયું' લખવાના તથા વહેંચવાના કામમાં ચાલ્યો જતો હતો. આ બધાં રોકાણ હોવા છતાં, તેમના બનેવીની સ્થિતિ ગંભીર છે તથા તેમની બહેન તેની સારવાર માટે નર્સ રાખી શકે એમ નથી તેવું જાણતાં જ તેઓ તેમના બનેવીને પોતાને ત્યાં લઈ આવ્યા, પોતાના જ ઓરડામાં તેમને સારવાર માટે રાખ્યા, અને ત્યાં તેમની દિનરાત ચાકરી કરી.

ગાંધીજીના દીકરાની ઉંમર આઠ વરસની હતી ત્યારે તેનો હાથ ભાંગી ગયો હતો. લગભગ એક મહિના સુધી તેને પાટાપિંડી કરવાનું કામ ગાંધીજીએ કર્યું હતું. દાક્તરે બાંધેલા પાટાને કાઢી નાખી તેમણે ઘાને સાફ કર્યો. તેના પર ચોખ્ખી માટીની પોટીસ મૂકી અને ઘા રુઝાય ત્યાં સુધી બાંધી રાખી. તેમના બીજા એક દીકરાને, દસ વરસની ઉંમરે ટાઇફૉઈડ થયો હતો. ગાંધીજીએ ચાળીસ દિવસ સુધી તેની ચાકરી કરી. તેમના દીકરાએ હૃદયને હલાવી મૂકે તેવી રોકકળ કરી મૂકી તેમ છતાં તેમણે તેના શરીરને ભીની ચાદરમાં લપેટી, તેની ઉપર ગરમ ધાબળા વીંટી રાખ્યા.



પોતાના દરદીની તેઓ ખૂબ જ કાળજી રાખતા અને તેની અત્યંત પ્રેમથી ચાકરી કરતા. તેમ છતાં, સારવારમાં સહેજ સરખી પણ ભૂલચૂક થાય તો તેને જરા પણ ચલાવી લેતા નહીં. બીજા એક બાળકને ટાઇફૉઈડ થયો હતો. ગાંધીજીએ તેને પંદર દિવસ સુધી માટીના ઉપચારો તથા કટિસ્નાનની સારવાર આપી હતી. દર દોઢ કલાકે તેના પેટ પર તેઓ એક ઇંચ જાડો માટીનો પાટો બનાવીને મૂકતા. તાવ ઊતરી ગયા બાદ એ દરદીને પાકાં કેળાં ખાવાની રજા આપવામાં આવી હતી. ગાંધીજી જાતે કેળાંને પંદર મિનિટ સુધી છૂંદી છૂંદીને તેને એકરસ બનાવતા અને પછી પેલા બાળકને મજા આવે તે રીતે તેને ખવડાવતા. રખેને તેની મા તેને વધારે ખવડાવી દે તે ડરે તેમણે આ કામ એ બાળકની માને પણ સોંપ્યું નહોતું. માંદા માણસની સારવાર કરતી વખતે ગાંધીજી દરદીનું મગજ શાંત રાખવાનો પ્રયાસ કરતા. ગાંધીજી કોઈ પણ જાતના વ્યસનને ઉત્તેજન આપવામાં માનતા નહોતા પરંતુ દક્ષિણ ભારતના છોકરાએ તે માંદો હતો ત્યારે કૉફીના એક કપ માટે આજીજી કરી ત્યારે ગાંધીજીએ જાતે કૉફી બનાવી લાવી એ છોકરાને આપી હતી.

કામના ભારે દબાણ વચ્ચે પણ માંદા આશ્રમવાસીઓના ખબરઅંતર પૂછી લેવાનું ગાંધીજી કોઈ દિવસ ચૂકતા નહીં. તેઓ દરદીનું શરીર લૂછી આપતા, તેને એનિમા આપતા તથા સ્નાન કરાવતા અને માટીની પોટીસ મૂકતા. તેમના દરદી માટે તેઓ એક નર્સ કરતાં કંઈક વધુ હતા. દરદીની સારવાર કરતાં પોતાને ચેપ લાગી જાય એવો ભય તેમને નહોતો. એક વખત એક ભિખારી તેમની પાસે આવ્યો. તેને રક્તપિત્ત થયો હતો. ગાંધીજીએ તેને

આશ્રય આપ્યો, થોડા દિવસ સુધી તેના ઘા સાફ કરી આપ્યા અને પછી તેને ઈસ્પિતાલમાં મોકલી આપ્યો. તેમના જેલના એક સાથીદારને રક્તપિત્તનાં ચિહ્નો જણાયાં. ગાંધીજીએ તેમને દરરોજ મળવા માટેની પરવાનગી મેળવી. પાછળથી તેમને સેવાગ્રામમાં આશ્રય આપવામાં આવ્યો ત્યાં તે વરસો સુધી રહ્યા.

બોઅર યુદ્ધ તથા ઝૂલુ બળવાના બે ઐતિહાસિક પ્રસંગોએ નર્સ તરીકે પોતાની સેવાઓ આપવાનો ગાંધીજીને સારો એવો અવકાશ મળ્યો. આ બંને પ્રસંગોએ તેમણે હિંદીઓની સારવાર કરનારી ટુકડીઓ ઊભી કરી અને માંદાઓની સારવાર કરવાનું તથા ઘવાયેલાઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવાનું કામ કર્યું. આમ તેઓ માંદા તથા ઘવાયેલાઓની ચાકરી કરનારી ટુકડીના શક્તિશાળી નેતા પુરવાર થયા. ઘવાયેલાઓને સ્ટ્રેચરમાં ઉપાડી માઈલો સુધી લઈ જવાનું કામ તેમણે કર્યું. જેમને સખત માર મારવામાં આવ્યો હતો તથા જેની ચાકરી કરવા માટે ગોરી પરિચારિકાઓએ પણ ઇનકાર કર્યો હતો તેવા ઝૂલુઓ સારવાર વગર રહ્યા હતા. તેમની સારવાર કરવામાં ગાંધીજીએ ખૂબ જ સંતોષ અનુભવ્યો. તેમના ઘા પાકી ગયેલા હતા. ગોરા સૈનિકોને પણ ગાંધીજી કઈ જાતની દવા કરવી યા સારવાર લેવી તે જોઈ તપાસીને લખી આપ્યું હતું. તેમની આ સેવાઓ માટે તેમને 'ઝૂલુ યુદ્ધ ચંદ્રક' તથા 'કૈસરે હિંદ સુવર્ણચંદ્રક' એમ એ બે ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. દક્ષિણ આફ્રિકાની સોનાની ખાણોમાં જ્યારે પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે ઘણા હિંદી સૈનિકો માંદા પડી ગયા. આ સાંભળતાંની સાથે જ ગાંધીજી ચાર મદદનીશો સાથે ત્યાં પહોંચી ગયા. એક ખાલી ગોદામનું તાળું



તોડીને ઉઘાડી નાખ્યું. તેમાં કેટલીક પથારીઓની સગવડ કરી તેવીસ દર્દીઓને ત્યાં ખસેડવામાં આવ્યા. આવું તાકીદનું પગલું ભરવા બદલ ત્યાંની નગરપાલિકાએ ગાંધીજીનો આભાર માન્યો અને તેમને કેટલીક જંતુનાશક દવાઓ તથા એક નર્સ મદદ માટે આપ્યાં. તેની પાસે દવા તરીકે લેવા માટે બ્રાન્ડીનો સારો એવો જથ્થો હતો. ગાંધીજીને તેમાં મુદ્દલ શ્રદ્ધા નહોતી. તેમણે દરદીઓને દાક્તરી સારવાર આપવાનું તથા તેમની પથારીઓ સાફ કરી આપવાનું કામ કર્યું. રાત્રે પણ તેઓ દરદીઓની સાથે જ બેસી રહેતા અને તેમને આનંદમાં રાખતા. તેમની સારવાર કરનાર દાક્તરની રજા લઈ તેમણે આ દરદીઓ પર કુદરતી ઉપચારના માટીના પ્રયોગો કર્યા. તેઓમાંથી બે જણ બચી ગયા. નર્સ સહિત બાકીનાં બીજાં બધાં ઈશ્વરના દરબારમાં ચાલ્યાં ગયાં. જેમ દરદીની જરૂરિયાતો તરફ ધ્યાન રાખવું એ નર્સની ફરજ છે તેમ એ સારવાર માટે પોતાની જાતને યોગ્ય રીતે જાળવવી તે પણ તેની ફરજ છે. તેઓ પાણી પહેલાં પાળ બાંધવામાં માનતા. અને જ્યારે કામ કરીને થાકી જતા ત્યારે પેટ ભરીને જમતા નહીં. એનિમા આપવામાં, કટિસ્નાન અને ઘર્ષણસ્નાન કરાવવામાં, તેલમાલિશ કરવામાં, માટીના ઉપચારોમાં તથા ભીની ચાદર લપેટીને કરવામાં આવતા ઉપચારમાં ગાંધીજી નિષ્ણાત હતા. પોતાનું લોહીનું દબાણ વધી ગયું હોય તો તેને પાછું નીચું લાવવા માટે પોતાના માથા પર ભીની માટીની લોપરી તેઓ ઘણી વાર મૂકતા. તેવે માથે અગત્યના માણસો સાથેની મુલાકાતનું કામ પણ તેઓ ચાલુ રાખતા. યોન-નોગુચી નામના જાપાની કવિને તેમણે કહ્યું હતું કે, ''હું હિંદની માટીમાંથી જન્મ્યો છું અને તેથી આ

હિંદની માટી મારા શિરતાજ રૂપે મારે માથે બિરાજે છે''.

દરદીની પરિસ્થિતિમાં કટોકટીભર્યા ફેરફાર થાય તોપણ તેઓ ભાગ્યે જ સ્વસ્થતા ગુમાવતા. પોતાના દીકરાની તથા પત્નીની સેવા પણ તેઓ શાંત ચિત્તે કરી શકતા. દક્ષિણ આફ્રિકામાં કસ્તૂરબા બે વખત ગંભીર માંદગીમાં પટકાયાં હતાં. દાક્તરોએ તેમના સાજા થવાની આશા લગભગ છોડી દીધી હતી. તે વખતે ગાંધીજીએ શાંતિથી, હિંમતપૂર્વક અને જાગ્રત રહી તેમની ચાકરી કરી હતી. કસ્તૂરબા દક્ષિણ આફ્રિકાની જેલમાંથી છૂટ્યાં ત્યારે તેઓ અત્યંત નબળાં પડી ગયાં હતાં. તે વખતે ગાંધીજી તેમને દાંત સાફ કરવામાં મદદ કરતા, તેમને કૉફી બનાવી આપતા, એનિમા આપતા અને તેમનાં મળમૂત્રવાળું વાસણ પણ સાફ કરતા. એક વખત તેમણે તેમના વાળ ઓળી આપવાનો પ્રયાસ પણ કરેલો. વહેલી સવારે તેઓ બાને તેમના સૂવાના ઓરડામાંથી બહાર લાવી આખો દિવસ એક ઝાડની છાયામાં ખુલ્લી હવામાં રાખતા. સૂર્યના ફરવા સાથે ઝાડનો છાયો ફરતો રહેતો અને તેમ તેમ ગાંધીજી પથારી પણ ફેરવી આપતા.

દક્ષિણ આફ્રિકામાં કેળવાયેલી હિંદી દાયણ મળવી મુશ્કેલ હતી. પ્રસૂતિ વેળાએ ગોરી દાયણ હિંદી સ્ત્રીની પ્રસૂતિ કરાવવાની ના પાડે એવું બનવાનો પૂરો સંભવ હતો. એટલે કસ્તૂરબા સગર્ભા હતાં તે વખતે ગાંધીજીએ દાયણ તરીકે કામ કરવા માટેના શાસ્ત્રનો અભ્યાસ કરી લીધો અને કસ્તૂરબાની છેલ્લી પ્રસૂતિ બરાબર થાય તેમાં તેમણે મદદ કરી.

આગાખાન મહેલમાં કસ્તૂરબાની છેલ્લી માંદગી વખતે ગાંધીજીએ તેમને કટિસ્નાન દ્વારા આરામ આપવા માટે પ્રયાસ



કરેલો. તે વખતે તેમની ઉંમર પંચોતેર વર્ષની હતી.

યરવડા જેલમાં જ્યારે આ નર્સ તથા સૂચવ્યા પ્રમાણે દવા બનાવી આપનાર કમ્પાઉન્ડર પર ઍપેન્ડિસાઈટિસનું ઑપરેશન કરવામાં આવ્યું ત્યારે તેમની કાળજી લેનાર નર્સોએ તેમનાં મુક્ત કંઠે વખાણ કર્યાં. તેમાંથી એક નર્સે કહ્યું : ''માંદા માણસની ચાકરી કરવામાં હંમેશાં આનંદ જ આવે છે એવું નથી હોતું. પરંતુ ગાંધીજીની ચાકરી કરવી એ એક લહાવો છે. તેમની સારવાર કરવામાં નિર્મળ આનંદ આવે છે.'' મારા દાક્તરે મને કહ્યું, 'આવો સુંદર અભિપ્રાય તમે અગાઉ ક્યારેય નથી લખ્યો.' ત્યારે મેં કહ્યું, 'પહેલાં મને આવો દર્દી પણ નથી મળ્યો તો !''

# શિક્ષક

તેર વરસની ઉંમરે ગાંધીજીનું કસ્તૂરબા સાથે લગ્ન થયું. તે વખતે કસ્તૂરબાની ઉંમર પણ તેટલી જ હતી. કસ્તૂરબા અભણ હતાં. કિશોરવયમાં ગાંધીજીએ તેમને ભણાવવા જેટલા પ્રયત્નો કર્યા તે બધા નિષ્ફળ ગયા હતા. તોતેર વરસની ઉંમરે કસ્તૂરબા ગાંધીજી સાથે આગાખાન મહેલમાં જેલ ભોગવી રહ્યાં હતાં, તે વખતે ગાંધીજી પાસે કેટલોક નવરાશનો સમય હતો. આ નવરાશના સમયે ગાંધીજીએ કસ્તૂરબા માટે રામાયણ અને ભાગવતના કેટલાક અધ્યાયોનું સંપાદન કર્યું હતું. તે વખતે તેઓ દરરોજ કસ્તૂરબાને ભણવા બેસાડતા અને ભૂગોળ, ગુજરાતી સાહિત્ય અને વ્યાકરણ ભણાવતા. કસ્તૂરબા વૃદ્ધ થયાં હતાં, તેમનું શરીર જોઈએ તેવું સારું નહોતું અને મન દુ:ખી હતું. પરિણામે ગાંધીજી તેમને ભણાવતા ત્યારે તેમના તરફથી જોઈએ તેવો જવાબ મળતો નહીં. જેલમાં ગાંધીજીએ એક ચીના સાથી કેદીને અંગ્રેજી ભણાવ્યું હતું. એક આયરિશ જેલરને તેમણે ગુજરાતી શીખવ્યું હતું. અને પોતાની પૌત્રીને ભૂગોળ તથા ભૂમિતિ ભણાવી હતી. ચુંમોતેર વરસની ઉંમરે પણ તેઓ ભૂમિતિની આકૃતિઓ સરળતાથી દોરી શકતા.

પોતાની શિક્ષક તરીકેની શક્તિમાં ગાંધીજીને પૂરો વિશ્વાસ હતો પરંતુ શિક્ષણ વિશેના તેમના વિચારો તથા તેમની શીખવવાની





પદ્ધતિ સ્વીકૃત ધોરણો કરતાં જુદી હતી. દક્ષિણ આફ્રિકામાં એક હજામ, એક કારકુન અને એક દુકાનદાર અંગ્રેજી શીખવા માગતા હતા. આ ત્રણેની પાસે અંગ્રેજી શીખવા માટે શિક્ષક રાખવા જેટલા પૈસા નહોતા અને નિયમિત રીતે વર્ગો ભરવા જવાય તેટલો સમય પણ નહોતો. ગાંધીજીએ તેમને ત્યાં જઈ તેમને ભણાવવાનું રાખ્યું હતું અને આઠ મહિનામાં તેમને હિસાબ રાખતાં તથા ધંધા માટે જરૂરી કાગળ લખી શકાય તેટલું અંગ્રેજી શીખવી દીધું હતું.

તેમના દીકરાઓને ગાંધીજીએ કેટલાક સમય સુધી મૌખિક પાઠ આપવાનું રાખ્યું હતું. તેમની પાસે સમયની ખેંચ રહેતી એટલે તેમના છોકરાઓ, તેઓ ઑફિસ જાય ત્યારે, તેમની સાથે ચાલતા ચાલતા ઑફિસ જતા અને રસ્તે ગાંધીજી તેમને ગુજરાતી ભાષામાં કવિતા, સાહિત્ય તથા બીજા વિષયો વિશે વાતો કરતા. થોડા સમય માટે ગાંધીજીએ આ છોકરાઓને અંગ્રેજી ભણાવવા માટે એક શિક્ષક પણ રોક્યા હતા. પોતાની સાથે રહેતા અંગ્રેજ સાથીદારો વાતચીત કરતા તેમાંથી પણ એ લોકો કેટલુંક અંગ્રેજી આપમેળે ગ્રહણ કરી લેતા.

ફિનિક્સ આશ્રમમાં ગાંધીજીએ આશ્રમવાસીઓનાં બાળકો માટે પ્રાથમિક શાળા શરૂ કરી દીધી હતી. તેઓ આ શાળાના મુખ્ય શિક્ષક હતા અને બીજા સાથીદારો તેમને શાળા ચલાવવામાં મદદ કરતા. વિદ્યાર્થીઓના ધર્મો જુદા જુદા હતા તો શિક્ષકોય ઇંગ્લન્ડ, જર્મની અને હિંદ એમ જુદા જુદા દેશના હતા. શિક્ષકો આશ્રમમાં જાતમહેનતનું કામ કરવામાં એવા તો રોકાયેલા રહેતા કે કેટલીક વાર તેઓ ખેતરમાંથી સીધા જ, કાદવવાળા પગ ધોયા વગર જ, વર્ગો લેવા માટે આવતા. કેટલીક વાર ગાંધીજી કોઈ નાના

બાળકને ઊંચકીને તેને રમાડતા રમાડતા વર્ગનું કામ ચલાવતા. પોતે આચરણમાં ન મૂક્યું હોય તેવું કોઈ પણ કામ કરવાનું તેઓ પોતાના વિદ્યાર્થીઓને કહેતા નહીં. બીકણ શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને કદાપિ બહાદુર બનાવી શકે નહીં એમ તેઓ માનતા. ગાંધીજીનું વાચન વિશાળ હતું અને કંઈક નવું શીખવા મળે તો તે શીખવા માટે તેઓ હંમેશાં આતુર રહેતા. પાંસઠ વરસની ઉંમરે તેમણે ખગોળશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો હતો.

ફિનિક્સ આશ્રમની શાળા પ્રાયોગિક ધોરણે ચાલતી હતી અને તેમાં ઘણા ચુસ્ત નિયમો પણ હતા. જીવન સાદું અને કઠણ હતું. ચા, કૉફી અને કોકોનું ઉત્પાદન ગુલામોને રોકીને કરાવવામાં આવતું હોવાથી આશ્રમમાં તેના ઉપયોગને કોઈ સ્થાન નહોતું. મોટા ભાગનાં વિદ્યાર્થીઓ આશ્રમની ભૂમિ પર જ રહેતા. ગાંધીજી તેમને ભણાવવા માટે કોઈ ચોપડીનો ઉપયોગ ભાગ્યે જ કરતા. છોકરાઓને પુસ્તકોના ભાર નીચે દબાવી દઈ તેમની બુદ્ધિશક્તિના વિકાસને રૂંધવાની તેમની ઈચ્છા નહોતી. તેઓ નિશાળમાં ભણતા હતા તે વખતે ગોખણપટ્ટી પર જે ભાર મૂકવામાં આવતો તેને કારણે વાંચવાની મજા મારી જતી એ વાત તેમને યાદ હતી. પુસ્તકિયા જ્ઞાનને તેમણે ઝાઝું મહત્ત્વ નહોતું આપ્યું. હૃદયની સંસ્કારિતાનો વિકાસ અને ચારિત્રનું ઘડતર એ તેમના શિક્ષણનું ધ્યેય હતું. વિદ્યાર્થીઓને સર્વ ધર્મ તરફ સમભાવ રાખવાનું શીખવવામાં આવતું. રમજાનમાં મુસ્લિમ વિદ્યાર્થીઓની સાથે હિન્દુ વિદ્યાર્થીઓ પણ રોજા રાખતા. કેટલાક મુસ્લિમ બાળકોને થોડા મહિનાઓ માટે હિંદુ કુટુંબોમાં રાખવામાં આવ્યા હતા. તેઓ તે કુટુંબમાં જે ખોરાક લેવામાં આવતો તેવો જ ખોરાક લેતા.



બધા શાકાહાર જ કરતા. બધા સમૂહપ્રાર્થનામાં ભાગ લેતા અને દરેકેદરેક જણે ખેતીકામ, સફાઈ, મોચીકામ, સુથારીકામ તથા રસોડાના કામમાં મદદ કરવી પડતી. વિદ્યાર્થીઓ સંગીતનો રસાનુભવ કરે તેવી કાનની તાલીમ તેમને આપવામાં આવતી. દરરોજ સાંજે પિયાનાના સૂર સાથે ભજન અને શ્લોકો ગાવામાં આવતા. શરીરને ખડતલ બનાવવા માટે ક્રિકેટ અને ટેનિસ જેવી રમત રમવાને બદલે વિદ્યાર્થીઓ શરીરશ્રમનાં રોજિંદાં કામોમાં મદદ કરે અને તે રીતે શરીરને ખડતલ બનાવે એવું તેઓ ઈચ્છતા. ટૉલ્સ્ટૉય ફાર્મમાં તથા સાબરમતી આશ્રમમાં એમ બંને જગ્યાએ ગાંધીજી જોડા બનાવવાનું શીખવતા. ટૉલ્સ્ટૉય ફાર્મમાં તેમણે ઉર્દૂ અને તામિલનું પ્રાથમિક જ્ઞાન આપવા માટેના વર્ગો પણ ચલાવ્યા હતા. વિદ્યાર્થીઓને સાહિત્યિક તાલીમ માતૃભાષા દ્વારા આપવામાં આવતી. ગાંધીજી ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, તામિલ, અંગ્રેજી, ફ્રેન્ચ તથા લૅટિન ભાષા જાણતા હતા.

સાબરમતી આશ્રમમાં પણ કોઈ જાતની ફી લેવામાં આવતી નહીં. આશ્રમના ખર્ચ માટે વાલીઓ સ્વેચ્છાએ આપે એવી અપેક્ષા રાખવામાં આવતી. ચાર વરસથી મોટી ઉંમરના વિદ્યાર્થીઓને છાત્રાલયમાં દાખલ કરવામાં આવતા. ઈતિહાસ, ભૂગોળ, ગણિત અને અર્થશાસ્ત્ર માતૃભાષામાં શીખવવામાં આવતાં. સંસ્કૃત, હિંદી અને એક દ્રવિડ ભાષા શીખવાનું ફરજિયાત હતું. અંગ્રેજીનું સ્થાન બીજી ભાષા તરીકેનું હતું. ઉર્દૂ, તામિલ, તેલુગુ અને બંગાળીના મૂળાક્ષરો પણ શીખવવામાં આવતા. વિદ્યાર્થીને દિવસમાં ત્રણ વાર ખાવાનું આપવામાં આવતું. ખોરાક તદ્દન સાદો હતો અને તેમાં મીઠા સિવાય બીજા

કોઈ પણ મસાલાનો ઉપયોગ કરવામાં આવતો નહીં. વિદ્યાર્થીઓ સાદા અને એકસરખાં કપડાં પહેરતા અને સ્વદેશી પર ભાર મૂકવામાં આવતો. ગાંધીજી સહશિક્ષણના હિમાયતી હતા. તેઓ કહેતા, ''જાતિ અંગેના આપણા માનસિક વલણમાંથી આપણે મુક્ત થવું પડશે. છોકરાંઓને આપણે એ જોખમ ખેડવા દેવું પડશે. તેમને સાચવી રાખવાની દૃષ્ટિએ અલગ રાખવાનો કંઈ અર્થ નથી.'' જ્યારે જ્યારે છોકરા-છોકરીઓમાં કંઈક અજુગતો બનાવ બનતો ત્યારે ત્યારે ગાંધીજી આત્મશુદ્ધિ માટે ઉપવાસ કરવાનું રાખતા.

કાંતણ ઉપરાંત કાગળ બનાવવાનો અને કપાસ લોઢવાનો ઉદ્યોગ પણ શીખવવામાં આવતો. આનાથી જુવાન વિદ્યાર્થીઓને કંઈક કમાણી કરી શકાય તેવું કામ શીખવી શકાતું અને સાથે સાથે વિદ્યાર્થીઓ શિક્ષણના ખર્ચના કેટલાક ભાગને પહોંચી વળે તેટલી કમાણી પણ કરી શકતા. આ વિદ્યાર્થીઓ છૂટક રજાઓ ભોગવતા નહીં. અઠવાડિયે બે દિવસ તેમને તેમનાં અંગત કામો કરવા માટે કેટલોક નવરાશનો સમય મળતો. જો તેમની શારીરિક શક્તિ સારી હોય તો તેમને વરસમાં ત્રણ મહિના પગપાળા પ્રવાસ માટે આપવામાં આવતા. ગૂજરાત વિદ્યાપીઠમાં બાઈબલની વાર્તાઓનો અને અંગ્રેજી સાહિત્યમાંથી ચૂંટી કાઢેલા કેટલાક ભાગનો વર્ગ તેમણે લીધો હતો. આ વર્ગમાં તેઓ મોઢે જ ભણાવતા.

હાલનું ઉચ્ચ શિક્ષણ મધ્યમ વર્ગના થોડા લોકોને માટે જ છે. તેના માળખામાં ધરમૂળથી ફેરફાર કરી તેને હિંદના કરોડો લોકોની જરૂરિયાતને પૂરી પાડે તે જાતનું બનાવવું જોઈએ એમ ગાંધીજીને



લાગ્યું. અંગ્રેજી ભાષા એ આપણા વિદ્યાર્થીઓ માટે તદ્દન અજાણી ભાષા છે. વિદ્યાર્થીઓનાં કુમળાં મગજની ઘણી શક્તિ અંગ્રેજી પર પ્રભુત્વ મેળવવામાં ખરચાય છે અને તેમાં તેનો ઘણો સમય બરબાદ થાય છે. વળી, આને કારણે વિદ્યાર્થીઓ પોતાની સંસ્કૃતિના વારસાથી, સાહિત્યથી અને ભાષાથી વિમુખ થઈ જાય છે એ પણ એમના ધ્યાનમાં આવ્યું. આ વિદ્યાર્થીઓ પોતાનો શાળા કે કૉલેજનો અભ્યાસ કર્યા પછી પણ આગળ શું કરીશું તેની ચિંતામાં હોય છે. ઉચ્ચ શિક્ષણ લીધા પછી પણ તેમનામાં આત્મવિશ્વાસ પેદા થઈ શકતો નથી. ઉચ્ચ શિક્ષણમાં તેઓ હિંદની વિવિધ સંસ્કૃતિઓનો આદર્શ સમન્વય કરવા માગતા હતા. આ સમન્વય આપણી પ્રાચીન પરંપરાઓના આધારે આધુનિક યુગના અનુભવોથી સમૃદ્ધ થયેલો હોવો જોઈએ. અભ્યાસને અંતે વિદ્યાર્થીઓ તંદુરસ્ત, પ્રામાણિક અને હોશિયાર ગ્રામજનો બને અને જરૂર પડે ત્યારે પોતાનો રોટલો રળી લઈ શકે તે રીતે તેમનો વિકાસ થવો જોઈએ. બાળક લખતાં શીખે તે પહેલાં તેને વાંચતાં શીખવવું જોઈએ એવો તેમનો આગ્રહ હતો. સારા અક્ષરને તેઓ કેળવણીના ભાગરૂપ ગણતા હતા અને પોતાના હસ્તાક્ષર સારા નથી એ વાતની તેમને શરમ હતી. જો બાળકોને પહેલાં સીધી લીટી, ગોળાકાર લીટી, ત્રિકોણ, પક્ષીઓનાં ચિત્રો, ફૂલ, પાંદડાં વગેરે ચીતરતાં શીખવવામાં આવે તો તેમને મૂળાક્ષરો લખવાનું શીખવવામાં મદદ થશે અને મૂળાક્ષરો ઘૂંટવા નહીં પડે એમ તેઓ માનતા. બાળકોને એ રીતે મૂળાક્ષરો લખતાં શીખવવું જોઈએ એવી તેમની શિક્ષકોને સલાહ હતી. અત્યારના પ્રાથમિક શિક્ષણમાં ગામડાંમાં વસતા હિંદની જરૂરિયાતોની અવગણના

કરવામાં આવી છે અને તેથી તે હાસ્યાસ્પદ બની ગયું છે એમ તેઓ માનતા.

કેળવણી દ્વારા ગાંધીજી બાળકમાં પડેલા ઉત્તમ અંશોને બહાર આણવા માગતા હતા અને તેને માત્ર ભણેલો માણસ નહીં પણ સાચો માણસ બનાવવા ઇચ્છતા હતા. ત્રીસ વરસ સુધી વિચાર કરી તેમણે ઉદ્યોગ દ્વારા શિક્ષણ આપવાની પદ્ધતિ દાખલ કરી. ત્રેસઠ વરસની ઉંમરે તેમણે જેલમાં રહ્યા રહ્યા પોતાની કેળવણી વિશેની યોજના ઘડી કાઢી. પાછળથી તેનો પાયાની કેળવણી અથવા તો વર્ધા શિક્ષણ યોજના તરીકે વિકાસ થયો.

ગાંધીજી કોઈ પણ જાતની શારીરિક શિક્ષા કરવાની વિરુદ્ધમાં હતા. તેમની જિંદગીમાં માત્ર એક જ વખત એક તોફાની છોકરાને તેમણે આંકણી વડે માર માર્યો હતો અને તે માર મારતાં પોતે પોતાની જાત પરનો કાબૂ ગુમાવ્યો હોવાથી ધ્રૂજી ઊઠ્યા હતા. છોકરાને આંકણીના મારનું દુઃખ નહોતું પણ તેણે ગાંધીજીનું મન અસ્વસ્થ કરી મૂક્યું છે તે જોઈને તે રડતાં રડતાં ગાંધીજીની માફી માંગતો હતો.

ગાંધીજી રમતમાં છોકરાઓ એકબીજાની હરીફાઈ કરે તેને પ્રોત્સાહન આપતા પરંતુ અભ્યાસમાં એકબીજાને ટપી જવાની વૃત્તિને તેમણે ઉત્તેજન આપ્યું નહોતું. વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાની તેમની પદ્ધતિ કંઈક જુદી જ જાતની હતી. વર્ગના એક વિદ્યાર્થીના કામને તેઓ વર્ગના હોશિયારમાં હોશિયાર વિદ્યાર્થી સાથે સરખાવતા નહીં. પરંતુ એ વિદ્યાર્થી જો પોતાના વર્ગના કામમાં યા ઘરકામમાં સુધરેલો જણાય, તો તેને ગાંધીજી પહેલા કરતાં વધારે ગુણ આપતા. વિદ્યાર્થીઓમાં તેઓ પૂરો વિશ્વાસ



મૂકતા અને તેઓ પરીક્ષા આપવા બેઠા હોય ત્યારે કોઈને પણ તેમના પર દેખરેખ રાખવા માટે ઊભા રાખતા નહીં. બાળકની સ્વતંત્રતા એ આશ્રમની શિક્ષણપદ્ધતિનો માર્ગદર્શક સિદ્ધાંત હતો. તેઓ કહેતા કે : ''નાનામાં નાના બાળકને પણ લાગવું જોઈએ કે તે પણ કંઈક છે.''

દરેક ગામમાં એક બુનિયાદી શાળા હોવી જોઈએ એમ ગાંધીજી ઇચ્છતા હતા. શાળાઓ, અને કંઈ નહીં તો શિક્ષકો સ્વાવલંબી ન થાય ત્યાં સુધી એ શક્ય નથી એ પણ તેઓ જાણતા હતા. બુનિયાદી શાળાના વિદ્યાર્થીઓને કંઈક ને કંઈક ઉદ્યોગ કરવાનું શીખવું પડતું. સામાન્ય રીતે કાંતણને આવા ઉદ્યોગ તરીકે પસંદગી અપાતી. સમાનતાની સાચી સમજ પ્રગટાવવાના અને દુનિયામાં સાચી શાંતિ હાંસલ કરવાના કામની શરૂઆત બાળકોથી કરવી જોઈએ એમ ગાંધીજી માનતા. જો અક્ષરજ્ઞાન મેળવવાથી વિદ્યાર્થીઓ પોતાનાં કામો જાતે કરી લેવાથી વિમુખ થતા જતા હોય અને તેને લીધે તેમને શરીરશ્રમ કરવામાં શરમ આવતી હોય તો તેના કરતાં તેઓ અભણ રહે અને પથ્થર ફોડવાનું કામ કરતા રહે એ જ વધુ સારું છે એમ તેઓ માનતા. કપાસ કેવી રીતે ઊગે છે, તકલીની ગોળ ચકતી કેવી રીતે બનાવવામાં આવે છે, સૂતરમાંથી કાપડ શી રીતે વણાય છે અને સૂતરના તાર કેવી રીતે ગણવામાં આવે છે તે બધું તેમણે જાતે તેમના પૌત્રને શીખવ્યું હતું. આ બાળકને આ જ રીતે ભૂગોળ, સૃષ્ટિનિરીક્ષણ જ્ઞાન, ગણિત, ભૂમિતિ તથા સંસ્કૃતનો વિકાસ કેવી રીતે થયો તે શિખવાડ્યું.

મોટા વિદ્યાર્થીઓની કાંતણ અને તેની સાથે સંકળાયેલી

ક્રિયાઓની કસોટી લેવા માટે ગાંધીજી જે સવાલો પસંદ કરતા તે કંઈક અઘરા ગણાય તેવા હતા. કાંતણવિદ્યાના શાસ્ત્રીય અને પ્રત્યક્ષ કામ પર સારું પ્રભુત્વ હોય તો જ વિદ્યાર્થી તે સવાલોના જવાબ આપી શકતો. વિદ્યાર્થી સમજણો ગણાય તેવડો થાય તેની સાથે જ પોતાના કુટુંબની કમાણીમાં કંઈક અંશે પોતાનો ફાળો નોંધાવતો થાય એમ ગાંધીજી ઇચ્છતા. પાયાની કેળવણી દ્વારા આ વાત કઈ રીતે અમલી બની શકે તે તેમણે લોકોને બતાવ્યું. આમ હોવા છતાં નઈ તાલીમનું ધ્યેય વિદ્યાર્થીને વ્યાવસાયિક તાલીમ આપવાનું નહોતું. નઈ તાલીમનું ધ્યેય આ રીતે ઉદ્યોગ દ્વારા શિક્ષણ આપી બાળકનો સમગ્ર વિકાસ કરી તેને સાચો માણસ બનાવવાનું હતું. કામકાજ અંગે કોઈ ઊંચા સ્થાન પર બેસવાનું થાય તો વિદ્યાર્થી ફુલાઈ ન જાય અને હાથમાં સાવરણી લઈ કચરો વાળવાનો પ્રસંગ આવે તો તે શરમાઈ ન જાય તેવી રીતે તેનું ઘડતર કરવું જોઈએ એમ તેઓ ઇચ્છતા હતા. માત્ર અક્ષરજ્ઞાન આપવાથી માણસના નૈતિક વિકાસમાં અને તેના ચારિત્ર્યઘડતરમાં તલભાર પણ ઉમેરો થતો નથી એ વાત પર તેમણે ઘણો ભાર મૂક્યો હતો.

વિદ્યાર્થીઓની સભાઓને તેઓ અવારનવાર સંબોધતા. તેવી સભાઓમાં અને કાશી વિદ્યાપીઠના પદવીદાન સમારંભ વખતના તેમના ભાષણમાં તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે રાષ્ટ્રીય કેળવણીનો હેતુ વિદ્યાર્થીઓને સારી નોકરીઓ અને વ્યવસાયો મેળવી આપવાનો નહીં પણ રાષ્ટ્રજીવનને મજબૂત કરવાનો, બહાદુર સૈનિકો અને નિષ્ઠાવાન નાગરિકો બનાવવાનો છે. ખેડૂતો કેવી રીતે રહે છે અને તેઓનું જીવન કેવી રીતે સુધારી શકાય તેનો અભ્યાસ કરવાની વિદ્યાર્થીઓની ફરજ છે. કરોડો લોકોની લાચારીની



ભાવના તથા તેમના વહેમો દૂર કરવા માટે સામુદાયિક પ્રૌઢશિક્ષણ આવશ્યક છે એમ તેઓ કહેતા.

રસ્કિન, ટૉલ્સ્ટૉય અને ટાગોરના કેળવણી વિશેના વિચારોની ગાંધીજી પર ઘણી અસર હતી. કેળવણીકાર તરીકે તેમનું નામ કેળવણી અંગેના પ્રયોગો કરનારાઓની આગલી હરોળમાં મૂકી શકાય. તેમણે બિહારમાં કેટલીક નિશાળો અને બંગાળમાં રાષ્ટ્રીય મહાવિદ્યાલય ખુલ્લું મૂક્યું હતું. અમદાવાદમાં તેમણે ગૂજરાત વિદ્યાપીઠ નામની રાષ્ટ્રીય વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. પોતે સ્નાતક નહોતા થયા તે કારણે, અનેક મૌલિક વિચારોવાળા આ શિક્ષકને, તેની જુવાનીમાં મહિને પંચોતેર રૂપિયાનો પગાર આપતી શિક્ષક તરીકેની નોકરી મળી શકી નહોતી ! તે વખતે તેઓએ લંડનની મૅટ્રિકની અને બારિસ્ટરની પરીક્ષા પાસ કરી હતી.

# વણકર

એક વખત ગાંધીજીની ધરપકડ કર્યા પછી તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. મેજિસ્ટ્રેટે તેમને તેઓના ધંધા અંગે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, ''ધંધે કાંતનાર, વણકર તથા ખેડૂત.'' તે વખતે તેમની ઉંમર ચોસઠ વરસની હતી. આ વાત બની તેના પચ્ચીસ વરસ પર તેમણે 'હિંદ સ્વરાજ' લખ્યું હતું. 'હિંદ સ્વરાજ'માં તેમણે સ્વદેશી વસ્તુઓ વાપરવા પર તથા હિંદને આંતરિક તથા બાહ્ય શોષણમાંથી મુક્ત કરવાની વાત પર ભાર મૂક્યો હતો. ત્યાં સુધી તેમણે હાથસાળ જોઈ નહોતી તથા હાથસાળમાં અને રેંટિયામાં શું ફેર છે તેની પણ તેમને ખબર નહોતી. પરંતુ ઇંગ્લંડથી આવતા કાપડે હિંદના વણકરોને કેવી રીતે બરબાદ કરી નાખ્યા છે એ તેઓ જાણતા હતા. પરદેશથી આવતા ભપકાદાર કાપડને પસંદગી આપી હિંદીઓ પોતાના જ દેશની ભૂમિ પર પરદેશી સત્તાની જડ મજબૂત કરવામાં મદદ કરી રહ્યા હતા. પોતાના દેશની મિલોમાં બનાવવામાં આવેલા કાપડની નિકાસ વધારવા માટે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ હિંદના વણકરો પર જે જુલમ ગુજાર્યો હતો, મલમલ જેવું કાપડ વણતા વણકરોના અંગૂઠા કાપી નાખવાની તેમને ફરજ પાડવામાં આવી હતી, એ વાત ગાંધીજીએ વાંચી હતી.

બસો વરસ પર હિંદમાંથી ત્રીસ લાખ રૂપિયાની કિંમતના





હાથવણાટના કાપડની નિકાસ કરવામાં આવતી હતી. અંગ્રેજોએ હિંદને જીતી લીધા બાદ, ચાળીસ વર્ષના ગાળામાં આ બધી નિકાસ બંધ થઈ ગઈ. ત્યાર પછી સો વરસે હિંદમાં દર વરસે લગભગ સાઠ કરોડ રૂપિયાનું ઇંગ્લંડની મિલોમાં વણાયેલું કાપડ આયાત થતું થઈ ગયું. ઇંગ્લંડની મિલોમાં પેદા થયેલા કાપડમાંની નિકાસમાંથી ચોથા ભાગનું કાપડ તો હિંદમાં જ મોકલવામાં આવતું હતું. આમ જેને આખી દુનિયા અદેખાઈની નજરે જોતી હતી તેવા હિંદના હાથવણાટના કાપડનો ઉદ્યોગ નાશ પામ્યો. વણકરો કામધંધા વગરના થઈ ગયા, તેમણે રોજી માટે ખેતીનો આશ્રય લીધો અને પાયમાલ થયા. એક વાઈસરૉયે આનું વર્ણન કરતાં લખ્યું હતું કે, ''સૂતર વણનાર વણકરોનાં હાડકાંથી હિંદનાં મેદાનો સફેદ થઈ ગયાં છે. વાણિજ્યના ઈતિહાસમાં આ યાતનાનો જોટો જડવો મુશ્કેલ છે.''

બંગાળના મુસ્લિમ વણકરો દુનિયાભરમાં પ્રખ્યાત એવું 'શબનમ' નામનું કાપડ વણતા હતા. તેમની સાળો શા કારણે બંધ થઈ તથા પંજાબના કુશળ વણકરોએ હાથસાળ ચલાવવાનું બંધ કરી હિંદને ગુલામીની બેડીમાં જકડી રાખવા માટે લશ્કરમાં જોડાવાનું શાથી પસંદ કર્યું તે ગાંધીજીના જાણવામાં આવ્યું. એક કાળે જે કસબને માનભર્યું સ્થાન હતું, જે વ્યવસાય એક કળા જેવો ગણાતો હતો, તેને તેઓ હવે હલકો ધંધો ગણતા હતા. ગુજરાતમાં વણકરોએ પોતાનાં ઘર છોડ્યાં હતાં અને તેઓ મુંબઈ જેવાં મોટાં શહેરોમાં જઈ કચરો વાળવાનું કામ કરતા હતા. તેમણે તેમનું સ્વાસ્થ્ય ગુમાવ્યું હતું અને દારૂ, જુગાર તથા એવી બીજી બદીઓમાં સપડાયા હતા. ઘણાં ઘર ભાંગ્યાં હતાં. એક વખતના

કુશળ કારીગરો સામાન્ય મજૂરી કરી ખાતા મજૂર થઈ ગયા હતા. બીજી તરફ કાપડની મિલો તવંગરોને વધુ તવંગર બનાવતી જતી હતી.

ગાંધીજીએ પોતાના દેશને કોઈ પણ ભોગે આ પરાવલંબનમાંથી મુક્ત કરી પરદેશી કાપડની આયાત બંધ કરવાનું નક્કી કર્યું હતું. સ્વદેશીના વ્રતને તઓ સ્વરાજ્યનો પાયો ગણતા હતા. પોતાના દેશબાંધવોને સ્વયંપૂર્ણ અને સ્વાવલંબી બનાવવા એ તેમનું ધ્યેય હતું. તે માટે તેમણે કેટલીક શરતો મૂકી હતી. તેઓ સ્વદેશી કાપડ બનાવવા માટે નવી મિલો વધારવા નહોતા માગતા. મિલોની માલિકી મૂડીદારો પાસે હોય છે. તેનાં ગૂંચવણભર્યાં યંત્રોના જુદા જુદા ભાગો પરદેશમાંથી આયાત કરવા પડે છે, ઘણા વણકરોની રોજી તે છીનવી લે છે, તથા મિલમાં કામ કરતા મજૂરોનું તે શોષણ કરે છે. મજૂરોને પોતાની જન્મભૂમિથી છૂટા પડી દૂર શહેરમાં કામ કરવા આવવું પડે છે ને ત્યાં તેઓ એક યંત્રમાનવની જેમ કામ કરે છે. ગાંધીજીએ આ અંગે કહ્યું હતું કે, ''ખાદી કરતાં સફેદ, સુંવાળું અને ઘટ મિલનું કાપડ આપણને વધુ પસંદ પડે છે તે બતાવે છે કે આપણી રુચિ હલકી પડી ગઈ છે. મારવાવાળી એક કળા છે અને જિવાડવાવાળી એક કળા છે. યંત્રો દ્વારા મોટા પાયા પર થતું ઉત્પાદન કસબી કારીગરની કુશળતા તથા તેની કારીગરીનો નાશ કરે છે.'' આસામની છોકરીઓને હાથશાળ પર સુંદર નકશીકામવાળું કાપડ વણતી જોઈ તેમને ખૂબ આનંદ થયો હતો.

ગાંધીજી મરી પરવારેલા હાથસાળના ઉદ્યોગને ફરીથી સજીવન કરવા માગતા હતા. તે માટે તેમણે વણકરોની જાતતપાસ કરી તેમની પાસેથી જ હાથસાળ ઉદ્યોગ અંગેની માહિતી મેળવી.



અમદાવાદ એ કાપડ ઉદ્યોગનું કેન્દ્ર હોવાથી તેમણે હિંદમાં પોતાનો આશ્રમ સ્થાપવા માટે અમદાવાદની પસંદગી કરી. સાબરમતી આશ્રમમાં તેમણે હાથસાળો નાખી. આશ્રમમાં દરેકેદરેક આશ્રમવાસી સ્વદેશીનું વ્રત પાળતા. એ બધા, પોતાની જ સાળો પર વણાયેલું કપડું ઉપયોગમાં લેતા. 'તમારે જોઈતું કપડું જાતે વણી લો યા તો તેના વગર ચલાવી લો' એવું આશ્રમનું સૂત્ર હતું. આશ્રમમાં એક કુશળ વણકરની દેખરેખ તળે એક વણાટ વર્ગ શરૂ કરવામાં આવ્યો. આ વર્ગમાં કેટલાક આશ્રમવાસીઓ આઠ આઠ કલાક સુધી કાપડ વણવાનું કામ કરતા. તેમની પિસ્તાળીસ વરસની ઉંમરે ગાંધીજી હાથસાળ પર કાપડ વણતા. અને દરરોજ ચારથી પાંચ કલાક સુધી હાથસાળ ચલાવતા. દરેક વણકર રોજના બાર આના જેટલી કમાણી કરી લેતા. શરૂઆતના તબક્કામાં માત્ર ત્રીસ ઇંચ પનાનું કાપડ જ વણાતું. આટલો પનો બહેનોની સાડી માટે પૂરતો નહોતો. એટલે આશ્રમની બહેનોને વચ્ચે સાંધાવાળી સાડી પહેરવી પડતી. એક દિવસ એક બહેને ખાદીની સાડીનો પનો પૂરતો નથી હોતો અને તેથી સાંધાવાળી સાડી પહેરવી પડે છે એવી ફરિયાદ કરી પોતે મિલમાં વણાયેલી સાડી પહેરવા માગે છે એમ જણાવ્યું. તેના પતિએ બાપુની સલાહ પૂછી. ગાંધીજીએ તેમને મોટા પનાની ખાદી કેમ વણવી તે શીખી લેવા જણાવ્યું.

ત્યાર બાદ તરત જ આશ્રમની સાળો પર મોટા પનાની સાડીઓ તથા ધોતિયાં વણાવા લાગ્યાં. ધંધાદારી વણકરો એ હાથે કાંતેલું સૂતર વણવા લઈ જતા. પરંતુ તેઓ આવું સૂતર વણવા માટે વધારે વણકરી માગતા. મિલનું સૂતર વણવામાં મુશ્કેલી ઓછી પડતી એટલે તેઓ મિલનું સૂતર વણવાનું વધારે પસંદ કરતા. આઝાદી

મળ્યા બાદ એક ખાદી કાર્યકરે એવું સૂચન કર્યું કે સરકારે કાંતનારાઓને તેમનું સૂતર વણાવવા માટે આર્થિક મદદ આપવી જોઈએ. બીજા એક કાર્યકરે એવું સૂચન કર્યું કે ધંધાદારી વણકરો હાથે કાંતેલા સૂતરનો અમુક જથ્થો વણી આપે ત્યારે પછી જ તેમને મિલના સૂતરનો અમુક જથ્થો વણાટ માટે મળી શકે એવું ગોઠવવું જોઈએ. ગાંધીજીએ બેમાંથી એકે સૂચનને પોતાનો ટેકો આપ્યો નહીં. કારણ, તેઓ માનતા હતા કે આ રીતે પરાણે કામ કરાવવાથી લોકોનું ખાદી તરફનું માન ઘટી જશે. વળી, વણકરો ફરજિયાત રીતે હાથે કાંતેલું સૂતર વણવાનું પસંદ ન કરે એવું પણ બને. એના કરતાં હાથે કંતાતા સૂતરનું ધોરણ સુધારી તેને વણવામાં વણકરોને ઓછી મુશ્કેલી પડે તેવું બનાવવું જોઈએ એવું તેમને સૂચવ્યું. મિલના સૂતર પરનું તેમનું અવલંબન આગળ જતાં તેમના ધંધાને મારી નાખશે એવી ચેતવણી પણ તેમણે ધંધાદારી વણકરોને આપી. મિલમાલિકો કંઈ દયાનો અવતાર નથી. હાથસાળ પર વણાતું કાપડ મિલમાં વણાતા કાપડની બરાબરી કરી શકે તેવું થવા આવ્યું છે તેવું લાગતાંની સાથે જ તેઓ વણકરોના ગળામાં નાખેલો ફાંસો મજબૂત કરી શકે તેમ હતું. તેમણે કબૂલ કર્યું હતું કે, ''જો આપણે બધા જ પોતપોતાના ખપ પૂરતું કાપડ જાતે વણી લેતા થઈ જઈએ તો હાથે કાંતેલા સૂતરને વણવા માટેની આ મુશ્કેલી ઊભી પણ ન થાત, જેમ મેં કાંતણની બાબતમાં કર્યું તેમ, વણાટની બાબતમાં દરેક જણ પોતાના પૂરતું વણતાં પણ શીખી લે એવું ન કર્યું, તે મારી ભૂલ ગણાય.''

# કાંતનાર

ગાંધીજી હાથસાળ પર કાપડ વણતાં શીખ્યા ત્યારે તે માટેનું સૂતર મિલો પૂરું પાડતી હતી. આ સ્વાવલંબન ન કહેવાય અને તેથી તેમને એનાથી સંતોષ થયો નહીં. કપાસ ઊગાડવામાં અને પીંજવાથી માંડી કાપડ બને ત્યાં સુધીની તમામ પ્રક્રિયાઓમાં તેઓ નિષ્ણાત થવા માગતા હતા. ગામડાના દરેક દરેક ઘરમાં એક કાળે જે રેંટિયો ગુંજતો હતો તે જૂના રેંટિયા માટેની શોધ તેમણે શરૂ કરી. એક સ્ત્રી કાર્યકરે ગામડામાં ચાલતો આવો એક રેંટિયો શોધી કાઢ્યો અને તેની ગાંધીજીને જાણ કરી. આશ્રમવાસીઓને રેંટિયો કાંતતાં શીખવવા માટે ગાંધીજીએ એક નિષ્ણાત રેંટિયો ચલાવનારને રોક્યો. માંદગીમાંથી, તબિયત ધીમે ધીમે પાછી સુધરતી જતી હોય, તે વખતે રેંટિયાનું સંગીત તેમને સ્વાસ્થ્ય પાછું મેળવવામાં રાહત આપતું. ત્યાર પછી તરત જ તેઓ રેંટિયો કાંતતા શીખ્યા. દરરોજ અડધો કલાક કાંતણ કર્યા વગર ખાવું નહીં એવું તેમણે વ્રત લીધું હતું. કાંતવું એ તેમને માટે ધર્મકાર્ય હતું. આ વ્રત તેમણે ત્રીસ વરસ સુધી, એટલે કે તેમના જીવનના અંત સુધી પાળ્યું. મુસાફરીમાં તેઓ દોડતી ગાડીએ અને ઊછળતી સ્ટીમર પર પણ કાંતતા. લોકોને મળવામાં, અગત્યના મુદ્દાઓની ચર્ચા કરવામાં અને જાહેર સભાઓ સંબોધવામાં જો તેમનો આખો દિવસ પસાર થઈ જતો તો તે દિવસનું કાંતણ તેઓ મોડી રાત્રે પૂરું



કરતા. એક વખત ગાંધીજીને મહિનાઓ સુધી જમણા હાથમાં દુખાવો ઊપડ્યો હતો. તેમ છતાં તેમણે તેમનાં ડાબા હાથે કાંતવાનું ચાલુ રાખ્યું હતું.

જાહેર સભાઓમાં મંચ પર બેસીને પણ તેઓ કાંતતા. ટાગોર અને ગાંધીજી વચ્ચે એક વખત લાંબી વાતચીત થઈ હતી. વાતચીત પૂરી થઈ ત્યારે ટાગોરે ગાંધીજીને કહ્યું કે તેમણે એમનો સમય બગાડ્યો. ગાંધીજીએ કહ્યું, ''ના, વાતચીત દરમિયાન મારું કાંતણ તો સતત ચાલુ જ હતું. હું જેટલી મિનિટ કાંતું છું ત્યારે દર મિનિટે હું દેશની સંપત્તિમાં ઉમેરો કરી રહ્યો છું એમ હું માનું છું. જો એક કરોડ માણસો રોજ એક કલાક માટે કાંતવાનું રાખે તો આપણે રાષ્ટ્રીય સંપત્તિમાં રોજના ૫૦,૦૦૦ રૂપિયાનો ઉમેરો કરી શકીએ. રેંટિયો એક પણ સ્ત્રી કે પુરુષને બેકાર બનાવવા માટે નથી.'

ગરીબો પોતે જાતે કાંતેલા સૂતરમાંથી વણેલી ખાદી વાપરી સ્વાવલંબી બને અને તવંગરો યજ્ઞ તરીકે કાંતણ કરી તેમણે કાંતેલું સૂતર ગરીબોને દાનમાં આપી દે એવું ગાંધીજી કરવા માગતા હતા. આ યુગના આ કર્મયજ્ઞમાંથી તેઓ એક પણ હિંદીને બાદ રાખવા માગતા નહોતા અને ડૉ. રમણ તથા ટાગોર જેવા લોકોએ પ્રતીક તરીકે કાંતવું જોઈએ એમ તેઓ માનતા હતા. રાજાના કુંવર તથા ખેડૂત એ બંનેને ખાવા તથા કપડાં પહેરવા તો જોઈએ જ છે, તેથી બંનેએ મહેનતનું કામ કરવું જ જોઈએ. તેમણે કહ્યું હતું કે : ''હું એવું દઢપણે માનું છું કે સૂતરના દરેક તાંતણે હું હિંદના ભાવિનું ઘડતર કરી રહ્યો છું. આપણા આ દેશ માટે રેંટિયા સિવાય મુક્તિનો બીજો કોઈ માર્ગ મને દેખાતો નથી.'' તેમના વિદ્યાર્થીઓને તેઓ

કહેતા : ''તમે ખાદીનું જે કાપડ પહેરો છો તેના દરેકેદરેક વાર માટે ગરીબોને રોજીમાં કેટલાક પૈસા મળે છે. જાડી હાથે કાંતેલી ખાદી સાદાઈનું પ્રતીક છે. આમ ખાદીને એનો પોતાનો આત્મા છે.''

તેમના જીવનકાળ દરમિયાન ખાદીની ગુણવત્તાનું ધોરણ કોઈ પણ રીતે હલકું પડે એ વાતને તેમ જ ગ્રાહકોની હલકી શોખવૃત્તિને પોષવાની વાતને તેમણે ઉત્તેજન આપ્યું નહોતું. ખાદીને ધોઈને ધોળી ફક બનાવવાનું તેમને પસંદ નહોતું. ખાદીભંડારોને તેમણે કહ્યું કે ખાદીભંડારોએ લોકોમાં પ્રચલિત માગણીઓ પ્રમાણેની ખાદી બનાવી આપી ખરીદનારાઓને પંપાળવા કરતાં તેમનામાં નવી અભિરુચિ કેળવાય તે રીતે કામ કરવું જોઈએ.

વરસમાં ચારછ મહિના સુધી નવરા બેસી રહે છે તે ગામડિયાઓ રેંટિયો કાંતે એમ તેઓ ઇચ્છતા હતા. યંત્રયુગમાં આ યુગો જૂની કળાને ફરીથી પુનર્જીવિત કરવાના ગાંધીજીના પ્રયાસને ટીકાકારોએ હસી કાઢ્યો. ગાંધીજીએ તેમને જવાબ આપતાં કહ્યું, ''સીવવાની સોયોએ હજુ સીવવાના સંચાને પોતાનું સ્થાન સોંપ્યું નથી તથા ટાઈપરાઈટર શોધાવા છતાં હાથે સારા અક્ષરે લખવાની કળા કોઈએ ગુમાવી દીધી નથી. કાંતવાની મિલ અને રેંટિયો બંને એકસાથે ચાલી શકે. રેંટિયાને સર્વવ્યાપી બનાવી શકાય અને તે દૂરમાં દૂર આવેલા ઊંડાણનાં ગામડાંઓમાં પણ પહોંચી શકે. મિલ કુલ વસ્તીના અમુક ભાગને પણ રોજી આપી શકે તેમ નથી.''

૧૯૨૧માં અસહકાર તથા પરદેશી કાપડના બહિષ્કારની લડત તેમણે શરૂ કરી તે પહેલાં મુલાકાતીઓ તેમને મળવા આવતા ત્યારે, ગાંધીજી રેંટિયો કાંતવા બેસતા અને તેઓ તથા તેમનાં



પત્ની પોતાને જોઈતા કાપડ માટેનું સૂતર કેવી રીતે કાંતી લે છે તે બતાવતા. રોજ રોજ રેંટિયાની ને રેંટિયાની જ વાત કરતા, એને વિશે જ લખતા. એ રીતે તેમણે આખા દેશમાં જાગૃતિ આણી. મોતીલાલ નેહરુએ તેમની પાસેનાં પરદેશી કપડાંની હોળી કરી ખાદી પહેરવી શરૂ કરી. એક વખત તેમણે અલ્હાબાદમાં શેરીએ શેરીએ ફરીને ખાદી ફેરી પણ કરી. હજારો લોકોએ તેમના આ પગલાનું અનુકરણ કર્યું.

૧૯૨૫માં ચરખા સંઘની રચના કરવામાં આવી અને પચાસ હજાર રેંટિયાઓ ગુંજતા થયા. પંદરસો ગામડાંઓમાં વણકરો, છીપાઓ, રંગાટીકામ કરનારાઓ તથા દરજીઓ ઉપરાંત પચાસ હજાર કાંતનારાઓને આનાથી કામ મળ્યું. તકલી અને રેંટિયા બનાવવાના થતાં ગામડાના લુહાર તથા સુથારને કામ મળ્યું. રેંટિયાએ આમ ફરી અનેક લોકોને જીવન આપ્યું, બહેનોની લાજ રાખી અને ભૂખ્યાને રોટલો આપ્યો.

ત્યાર પછીનાં પાંચ વરસમાં ખાદીનું ઉત્પાદન તથા વેચાણ વધી ગયું અને ૧,૦૦,૦૦૦ કરતાં પણ વધારે કાંતનારાઓ તે કામમાં રોકાયા. તાલીમાર્થીઓને ખાદી તૈયાર કરવાની તમામ પ્રક્રિયાઓની તાલીમ આપવામાં આવતી હતી. ગાંધીજીનો એવો દાવો હતો કે, ''આ દુનિયામાં આ નાનકડી મિલની તોલે આવે તેવું મને કંઈ દેખાતું નથી. અઢાર વરસના ગાળામાં, ચરખા સંઘે કરેલા મૂડીરોકાણ જેટલું મૂડીરોકાણ કરી, લાખો સ્ત્રીપુરુષોના ગજવામાં ચાર કરોડ રૂપિયાની રકમ પહોંચાડી હોય તેવો એક પણ ઉદ્યોગ અથવા ઔદ્યોગિક પેઢી તમે મને બતાવશો?'' એવાં કુટુંબો પણ હતાં જેમણે પૂણીમાં એક પૈસાનું રોકાણ કરી કાંતણકામ શરૂ

કર્યું હતું. બીજે દિવસે, તેમાંથી તેણે કાંતેલું સૂતર વેચતાં એ રકમ બેવડી થઈ જતી અને આ રીતે, ધીમે ધીમે કાંતનારાઓને પોતાનું કાપડ મળી રહેતું.

ઓછા ખરચે સારું સૂતર આપી શકે તેવા રેંટિયા માટે એક લાખ રૂપિયાના ઇનામની જાહેરાત કરવામાં આવી હતી. યરવડા જેલમાં ગાંધીજીએ પેટીમાં રાખી શકાય તેવા રેંટિયાને યોગ્ય રીતે ગોઠવી તેને યોગ્ય આકાર આપ્યો હતો તેથી તે યરવડાચક્ર તરીકે ઓળખાવા લાગ્યો. પાછળથી ગાંધીજીએ ધનુષતકલી નામનું સસ્તું અને ખૂબ જ સાદું કાંતણ માટેનું સાધન પ્રચારમાં આણ્યું હતું. એના પર પણ રેંટિયા જેટલી જ ઝડપે રેંટિયા પર કાંતવામાં આવે છે તેટલું જ ઝીણું અને મજબૂત સૂતર તેઓ કાંતી શકે છે એ તેમણે જોયું. તેઓ તકલી પર પણ કાંતતા. તેમનું સૂતર ઘણું ઝીણું નહોતું આવતું પણ તેમાં વળ અને સમાનતા સારાં હતાં. પોતે કાંતેલા સૂતરમાંથી તૈયાર કરેલી સાડીઓ તેમણે કસ્તૂરબાને ભેટ આપી હતી. કસ્તૂરબા પણ નિયમિત કાંતતાં.

એક જણે એમ કહ્યું કે, કાંતનારની આવકમાં રોજનો માત્ર એક કે બે આનાનો જ ઉમેરો થાય છે. ગાંધીજીએ કહ્યું, ''હિંદમાં માણસની માથાદીઠ સરેરાશ આવક રોજના ત્રણ પૈસાની છે. રેંટિયાની મદદથી હું તે આવકમાં ત્રણ પૈસાનો પણ જો ઉમેરો કરી શકું, તો રેંટિયાને હું મારી કામધેનુ કહું તેમાં કંઈ જ ખોટું નથી.''

બે પૈસાની નજીવી રોજી કમાવા માટે જેઓ કેટલીક વાર દિવસના દસ માઈલ પગે ચાલીને જાય છે તેવા કાંતનારાઓને અને ગામડાની સ્ત્રીઓને જીવવા માટે પૂરતું વેતન મળી રહે તે વાત પર ગાંધીજીએ ભાર મૂક્યો હતો. ઓછામાં ઓછા રોજના તેને ત્રણ



આના મળી રહે એમ ઠરાવવામાં આવ્યું હતું.

ગાંધીજીએ રેંટિયાની શક્તિને માત્ર તેની કમાવાની શક્તિમાં ન માપતાં, લોકોમાં તે જે શક્તિ ઊભી કરી શકે છે તેમાં માપી હતી. રેંટિયો વ્યવસ્થાશક્તિમાં વધારો કરે છે અને લોકોમાં પરસ્પર એક કુટુંબની ભાવના ઊભી કરે છે. તે શ્રમની મહત્તાને સ્વીકારે છે તથા તે અહિંસા, નમ્રતા, સ્વતંત્રતા અને સેવાનું પ્રતીક છે. સસ્તી અને સાદી વસ્તુઓમાંથી તે બનાવેલો છે, તેને સરળતાથી દુરસ્ત કરી શકાય તેમ છે. તે હાથની કુશળતાનો વિકાસ કરે છે. પાયાના ઉદ્યોગ તરીકે ખેતી આ બધા ગુણો પૂરા પાડી શકે તેમ નથી. રેંટિયાને બનાવવા માટે અત્યંત નિષ્ણાત ઇજનેરોની જરૂર પડતી નથી તેમ જ સુંદર સર્જનાત્મક કળા શીખવવા માટે અત્યંત નિષ્ણાત શિક્ષકોની પણ જરૂર પડતી નથી. ઝૂંપડીઓમાં રહેવા અશક્ત અને ઘરડા માણસો તથા પાંચ વરસનાં છોકરા-છોકરીઓ પણ તેની પર કામ કરી શકે છે. એક ટીકાકારે ગાંધીજીને પૂછ્યું કે જે હિંદીઓ કોઈ પણ મશીન પર કાંતી ન શકાય તેવું ઝીણું સૂતર કાંતતા હતા તથા જેઓ માત્ર પોતાની આવશ્યક જરૂરિયાતો જ નહીં પરંતુ દૂરના દેશોની જરૂરિયાતો પણ પૂરી પાડતા હતા તે હિંદીઓ ગરીબ અને પરાધીન શાથી થઈ ગયા? જવાબમાં ગાંધીજીએ કહ્યું, ''પહેલાંના વખતમાં રેંટિયાને સ્વરાજ્ય સાથે કંઈ સંબંધ નહોતો. તેની ભૂમિકા ગુલામીની હતી. ગરીબ કાંતનારાઓ લૂખોસૂખો રોટલો અને કોરી છાશ મેળવવા માટે કાંતતા. તે વખતની સરકાર તેમને કાંતવાના બદલામાં તેટલી દયા કરતી. આપણે બુદ્ધિપૂર્વક કાંતણ કરવાનું છે. કાંતણની દરેક નાની નાની બાબત વિશે આપણી પાસે વૈજ્ઞાનિક જ્ઞાન હોવું જ જોઈએ.

જડની જેમ રેંટિયો ફેરવતાં રહેવું એ માત્ર માળા ફેરવવા જેવું છે. રેંટિયાના આવા યાંત્રિક ઉપયોગનો અંત આણવો જોઈએ.''

પાયાની કેળવણીનું કામ કરતા શિક્ષકોને કાંતણનું શૈક્ષણિક મૂલ્ય સમજાવતાં તેમણે કહ્યું હતું કે રેંટિયો એ તમે લોકો સુથારી, માટીકામ તથા ચિત્રકામ શીખવો છો તેવું વ્યવસાયનું નહીં પણ સેવાનું સાધન છે. સૂર્યની જેમ રેંટિયો એ કેન્દ્રસ્થાને છે અને તેની ચારે બાજુ બીજા બધા ઉદ્યોગો ફરતા રહે છે. સૂતરને ઉતારતી વખતે તેના તાર ગણતાં ગણતાં વિદ્યાર્થીઓ ગણિત કેવી રીતે શીખી શકે તે તેમણે કહ્યું. વળી સૌ પ્રથમ કપાસ ક્યાં અને કેવી રીતે ઉગાડવામાં આવતો હતો, તે કઈ જાતની જમીનમાં થાય છે, તથા બીજા દેશો સાથે તબક્કાવાર કપાસનો વેપાર કેવી રીતે વિકસ્યો તે શીખવવા દ્વારા ભૂગોળ, ઇતિહાસ અને કુદરત વિશેનું શિક્ષણ પણ આપી શકાય. તકલી કાંતવા દ્વારા તકલી હવે લોખંડના સળિયાની તથા પિત્તળના ચકતાની, અને અમુક ઇંચના વ્યાસની શા માટે બનાવવામાં આવે છે વગેરેની ચર્ચા અને તેનું ગણિત શીખવી શકાય.

તેમના જન્મદિવસને રેંટિયા સાથે જોડી દઈ 'રેંટિયા જયંતી' તરીકે ઊજવવાનું નક્કી કર્યું ત્યારે જ તેમણે તેની રાષ્ટ્રીય ધોરણે ઉજવણી કરવાની છૂટ આપી. ખાદી અને હાથકાંતણનો પ્રચાર કરવાની એક પણ તક તેઓ જતી કરતા નહોતા. તેઓ કૉંગ્રેસના પ્રમુખ થયા ત્યારે તેમણે કૉંગ્રેસના સભ્ય થવા માટે ચાર આનાની સભ્યફીની જગ્યાએ ખાદીને દાખલ કરી. દરેક સભ્યને દરરોજ-અડધો કલાક નિયમિત કાંતવાનું અને દર મહિને ખાદી બોર્ડને નક્કી કર્યા પ્રમાણેનું સૂતર મોકલી આપવાનું જણાવવામાં આવ્યું હતું.



તેમના જીવનનાં છેલ્લાં વરસોમાં, દરેક ખાદી ખરીદનાર પ્રતીક તરીકે હાથે કાંતેલા સૂતરની અમુક આંટી આપે અને પછી જ ખાદી આપવી એવું ગોઠવવા તેમણે ચરખા સંઘને સલાહ આપી હતી. તેઓ આંટી આપી શકે તેમ નથી એવો ગણગણાટ લોકોમાં થતાં ગાંધીજીએ કહ્યું કે જો લોકો કાંતશે નહીં તો પછી ખાદી ક્યાંથી આવશે?

હિંદમાં કાપડની અછત છે એવી વાત તેમણે સ્વીકારી નહોતી. હિંદમાં તેને જોઈએ તેના કરતાં વધારે કપાસ પેદા થાય છે એમ તેઓ માનતા. માનવશક્તિ મોટા પ્રમાણમાં છે. રેંટિયા યા તકલીના રૂપમાં દરેકેદરેક ઘરમાં એક નાનકડી મિલની સ્થાપના કરી કપડાંની અછત દૂર કરી શકાય. કાંતણ માટે તેમની હૃદયની ભૂખ વધતી જતી હતી. આ રીતે તેઓ ગરીબોમાં જે ગરીબ છે તેની તથા તેના દ્વારા ઈશ્વરની વધુ ને વધુ નજીક જઈ રહ્યા છે એમ તેમને લાગતું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું, ''રેંટિયો ધીમો છે એ ભ્રમમાંથી મુક્ત થવા માટે મારે અનેક જન્મ લેવા પડશે. તમે મને છોડી જાઓ અથવા તો મને મારી નાખો તોપણ હું રેંટિયાને ન છોડું.''

# વાણિયા

ગાંધીજીએ એક વખત કહ્યું હતું કે, ''હું વાણિયો છું અને મારા લોભનો કંઈ અંત નથી.'' ન્યાતે તેઓ વાણિયા હતા. પોતાના પિતાની દીવાનની ગાદી તેઓ લઈ શકે તે માટે તેમને તૈયાર કરવામાં આવ્યા હતા. તેમ છતાં, તેઓ ક્યારેય દીવાન થયા નહીં અને તેમણે એક ફકીર તરીકે જીવન જીવવાનું પસંદ કર્યું હતું. પરંતુ વાણિયાના ગુણો તેમને વળગેલા ને વળગેલા રહ્યા.

તેઓ કરકસરિયા હતા. ટકાઉ, સસ્તી અને છતાં કળામય વસ્તુઓને પારખવાની શક્તિ તેમનામાં હતી. મોજશોખની તથા બીજી તમામ મોંઘી વસ્તુઓનો ઉપયોગ છોડી દઈ તેમણે જાતે કાંતેલી અને વણેલી ખાદી પહેરવાનું, જાડી ખરબચડી ચાદર ઓઢવાનું અને હાથે બનાવેલાં મજબૂત ચંપલ પહેરવાનું રાખ્યું હતું. તેમની પત્ની તથા પુત્રોને પણ તેમણે સાદી ખરબચડી ખાદી પહેરતાં કરી દીધાં હતાં. ગાંધીજી અનેક વાનગીઓવાળું ભોજન નહોતા લેતા. તેમના ખોરાકમાં એક કે બે કોરા રોટલા, ભાત, બાફેલાં શાકભાજી, કાચીલીલી ભાજી, બકરીનું દૂધ, ગોળ, મધ અને ફળોનો સમાવેશ થતો હતો. એક દિવસમાં તેઓ પાંચ કરતાં વધુ વસ્તુઓ લેતા નહીં. એક માલદાર જમીનદારે તેમને સોનાના થાળી-વાટકામાં ભોજન પીરસ્યું હતું તે વખતે તેમણે ભારે દુ:ખની લાગણી અનુભવી હતી.





જ્યાંનો ગરીબ માણસ રોજનો એકાદ આનો કમાણી કરતો હોય તેવા હિંદ જેવા દેશમાં, ઘરેણાં અને આભૂષણોમાં નાણાંના સંગ્રહને બાંધી રાખવાની છૂટ આપવી એ ગુનો છે એમ ગાંધીજી માનતા. તેમની પત્ની પાસે એક પણ ઘરેણું નહોતું.

હિંદના કરોડો ગરીબ લોકોને ખર્ચાળ શિક્ષણ લેવાનું પરવડે તેમ નહોતું. ગાંધીજીએ પોતાના ચાર દીકરાઓને એવા ખર્ચાળ શિક્ષણ માટે શાળામાં કે કૉલેજમાં મોકલ્યા નહોતા. તેઓ જાતે તેમના શિક્ષક થયા હતા. તેમણે ઘરકામમાં તથા સફાઈકામમાં પણ મદદ કરવી પડતી. ગાંધીજી પગારદાર નોકર રાખતા નહોતા, તથા દરેક જાતનું જાતમહેનતનું કામ પોતાને હાથે જ કરતા. માટીના ઝૂંપડામાં રહેવાનું તેમણે પસંદ કર્યું હતું. તેમણે આખા હિંદમાં વારંવાર મુસાફરીઓ કરી હતી. આ મુસાફરીઓ પણ તેઓ ત્રીજા વર્ગના મુસાફર તરીકે જ કરતા. ગાડીમાં તેમનાં કપડાંની વધારાની જોડ કે કાગળના બંડલનો તેઓ તકિયા તરીકે ઉપયોગ કરતા. પથારી માટે તેઓ સ્વદેશી કામળો અને ખાદીની ચાદર વાપરતા. એક વખત તેમણે મચ્છરદાની વગર ચલાવી લેવાનો પ્રયોગ પણ કર્યો હતો. રાત્રે સૂતી વખતે તેઓ ચાદર ઓઢી મોઢા પર ઘાસતેલ લગાવીને સૂઈ જતા. ગરીબ ખેડૂતોએ મચ્છરદાનીનો ખર્ચ બચાવી લેવા માટે તેમના આ પ્રયોગને અપનાવી લીધો છે એવું તેમની જાણમાં આવ્યું હતું.

બ્રિટિશ સત્તાધીશો હિંદને સ્વતંત્રતા આપવાનું ખરેખર ઇચ્છે છે કે કેમ તેની ખાતરી કરવા માટે તેઓ ઇંગ્લંડ ગયા ત્યારે, તેમણે ડેક પરના ઉતારુ તરીકે મુસાફરી કરી હતી. આ તેમની ઇંગ્લંડની ચોથી મુસાફરી હતી. તેમણે તેમના સાથીદારોને તથા મંત્રીઓને પેટી

ભરીને લૂગડાં લઈ જતાં રોક્યા હતા અને ઇંગ્લંડમાં હિંદી પોશાક – ધોતી, ઝભ્ભો અને ચંપલ – પહેરવા કહ્યું હતું. મુસાફરી દરમિયાન એક મિત્રે તેમને એક શાલ ભેટ આપી. તેની કિંમત સાતસો રૂપિયા જેટલી થતી હતી. તેમણે તે શાલને સ્ટીમર પર જ સાત હજાર રૂપિયામાં વેચી દીધી અને કહ્યું: ''ગરીબોનો પ્રતિનિધિ આ જ કરી શકે.'' તેમના મિત્રો તરફથી તેમને મળેલી સંખ્યાબંધ શાલમાંથી એક દુકાન ચલાવી શકાય તેમ છે એમ તેમણે કહ્યું હતું. આવી રીતે મળતા પૈસાનો તેઓ હરિજનોના ઉદ્ધાર માટે ઉપયોગ કરતા.

ગાંધીજી ફ્રાંસના કિનારા પર ઊતર્યા ત્યારે તેમને ટૂંકી પોતડી પહેરેલા જોઈને ફ્રાંસના લોકોને આંચકો લાગ્યો હતો. ગાંધીજીએ હસતાં હસતાં તેમને કહ્યું હતું, ''તમારા તમે ઘણાં કપડાં પસંદ કરો છો પરંતુ હું થોડાં કપડાં વધુ પસંદ કરું છું.'' ઇંગ્લંડના રાજાને મળવા જતી વખતે અને ઠંડા પ્રદેશમાં સારાં સારાં કપડાં પહેરેલા લોકોની વચ્ચે પણ ગાંધીજી આટલી પોતડી પહેરીને જ ફરશે કે કેમ તે વિશે ઘણા લોકોને આશ્ચર્ય થતું હતું. ગાંધીજીએ તેમને હસતાં હસતાં આંખનો પલકારો કરી કહ્યું હતું: ''રાજાએ અમે બંને ઢંકાઈ શકીએ એટલાં કપડાં પહેરેલાં છે.'' તેમની ટૂંકી પોતડી, થીંગડાવાળી શાલ અને ચંપલ સાથે તેમણે ગોળમેજી પરિષદમાં ભાગ લીધો.ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં તેમ જ બકિંગહામ મહેલમાં પણ તેઓ આ જ વેશે ગયા. ગુસ્સામાં ચર્ચિલે તેમને 'અર્ધનગ્ન ફકીર' કહ્યા હતા અને ગાંધીજી તેમાં અભિમાન લેતા હતા. લંડનમાં તેમનો રોજનો ખાવાનો ખર્ચ બાર આના કરતાં વધારે નહોતો.



કોઈ પણ જાતનો બગાડ થયેલો જોઈને ગાંધીજી ચિડાઈ જતા. તેઓ ચોવીસેચોવીસ કલાક કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં ગૂંથાયેલા રહેતા અને સમયપાલનમાં ખૂબ ચોક્કસ હતા. કોઈ પણ કામમાં તેઓ ક્યારેય મોડા પડ્યા નહોતા. તેમ છતાં તેમણે કોઈ પણ ઉતાવળિયું પગલું પણ ભર્યું નહોતું. શબ્દોની કસરમાં તેઓ માનતા. તેમણે ઘણાં ભાષણો કર્યાં હતાં અને અસંખ્ય લેખો લખ્યા હતા. તેમાં બિનજરૂરી શબ્દોના ઉપયોગને તેઓ ટાળતા. જેની એક બાજુ કોરી હોય તેવા વપરાઈ ગયેલા દરેકેદરેક કાગળ અને પરબીડિયાને તેઓ ભેગાં કરતા. તેમના કદ પ્રમાણે તેઓ તેની થોકડી બનાવીને તૈયાર રાખતા અને તેનો તેઓ લખવાના કાગળ તરીકે ઉપયોગ કરતા. તેમનાં કેટલાંક અગત્યનાં નિવેદનો, ખરડાઓ તથા વાઈસરૉયના, રાજાઓના અને બ્રિટનના વડા પ્રધાનના પત્રના જવાબો આ જાતના કાગળના ટુકડાઓ પર લખાયેલા હતા. એક નાના છોકરાએ ભેટ આપેલ પેન્સિલનો એક ટુકડો તથા વરસોથી તેઓ જે પથરાને શરીર ઘસવા માટે વાપરતા હતા તે પથરો ખોવાઈ જતાં તેને શોધી કાઢવા માટે તેમણે ખૂબ તપાસ કરી હતી. તે મળી ન આવ્યા ત્યાં સુધી તેમને ચેન પડ્યું નહોતું. આઝાદી મળ્યા બાદ પ્રધાનોને તથા ધારાસભ્યોને ઉપસાવેલી ભાતવાળા અત્યંત મોંઘા, કાર્યાલયના ઉપયોગ માટેના કાગળોનો અંગત પત્રવ્યવહાર માટે ઉપયોગ કરવા સારુ ગાંધીજીએ ઠપકો આપ્યો હતો. તેમણે એવી ચેતવણી આપી હતી કે અંગ્રેજોની પદ્ધતિ તથા રીતભાતનું અનુકરણ કરવાથી આપણે પાયમાલ થઈ જઈશું અને હિંદને પણ પાયમાલીના ખાડામાં ઢસડી જઈશું. પોતાના તાબા હેઠળનાં રાજ્યો પર અંગ્રેજો વટ

જમાવવા માગતા હતા. તેમની બધી ખર્ચાળ ટેવોનો ત્યાગ કરવો જોઈએ. તેઓ કહેતા કે દેવનાગરી તથા ઉર્દૂમાં હાથકાગળ પર સાદું છાપકામ કરી લઈ તેનો ઉપયોગ લખવાના કાગળ તરીકે કરવો જોઈએ. તેઓએ કીમતી માનપત્રો અને ફૂલહાર સ્વીકારવાં ન જોઈએ.

ગરીબો માટે તેમણે ભેગા કરેલા પૈસામાં પાઈએપાઈની બચત થાય તે માટે ગાંધીજી કાળજી રાખતા. મનીઑર્ડર, ડ્રાફ્ટ તથા ચેકથી તેમને જાહેર ફાળા માટે જે રકમ મળતી તે પરનો વટાવ બચાવી લેવા માટે તેમણે પ્રયાસ કર્યો હતો. જાહેર નાણાં તરફ બેદરકારી બતાવનાર સ્વયંસેવકો તથા વ્યવસ્થાપકોની ગાંધીજી તેમની બેદરકારી માટે ખબર લઈ નાખતા. ૧૮૯૬માં ગાંધીજી હિંદની મુલાકાતે આવ્યા ત્યારે હિંદી કોમ તરફથી તેમને એક હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા. તેમને થયેલા ખર્ચનો તેમણે વિગતે હિસાબ આપ્યો હતો. તેમાંની કેટલીક રસિક બાબતો આ પ્રમાણે છેઃ એક આનો ટ્રામનો. છ પાઈ પાણીની, છ પાઈ ખેલ કરનારને, આઠ આના જાદુગરને, ચાર રૂપિયા થિયેટરમાં.

તેઓ ઘણી વાર કહેતાઃ ''આપણી લડતમાં ઉડાઉપણાને ક્યાંય સ્થાન નથી. સ્થાનિક કાર્યકરો મારે માટે ઉમદામાં ઉમદા જાતની નારંગી કે દ્રાક્ષ લઈ આવે, અને જ્યાં બારની જરૂર હોય ત્યાં એકસો વીસ લઈ આવે, તો તેનું બીજું શું પરિણામ આવે? કરોડો મૂગા લોકોના આપણે સાચા ટ્રસ્ટી બનવું જોઈએ.'' આ માટે ''જો તમે પગે ચાલી શકો તેમ હો તો વાહનનો ખર્ચ ન કરવો'' એવી સલાહ તેઓ આપતા. તેમની યુવાનીમાં તેઓ જાતે આ સલાહ પાળતા હતા. દક્ષિણ આફ્રિકામાં, માત્ર થોડા રૂપિયા બચાવવા માટે નજીકમાં નજીક આવેલી દુકાનમાંથી ખરીદી કરવા



સારુ તેઓ આશ્રમથી બેતાળીસ માઈલનું અંતર એક જ દિવસમાં પગે ચાલીને કાપતા. તેઓ દરરોજ પગે ચાલીને દફતર અને અદાલત જતા આવતા હતા.

એક વખત 'રાષ્ટ્રવાદ માટે જાતિદ્વેષ અનિવાર્ય છે?' એ વિષય પરનું તેમનું ભાષણ સાંભળવા આવનાર માટે ટિકિટ રાખવામાં આવી હતી. તે દ્વારા ભેગી થયેલી રકમ દેશબંધુ સ્મારક નિધિમાં આપી દેવામાં આવી હતી. 'સત્ય એ જ ઈશ્વર છે' પરનું તેમનું ભાષણ, એક ગ્રામોફોન કંપનીને તેની રેકર્ડ ઉતારી લેવા માટે, ગાંધીજીએ આપ્યું હતું. રેકર્ડ ઉતારી લેવા માટે અપાયેલું આ સૌથી પહેલું ભાષણ હતું. અડધા કલાકમાં તેમણે પાંસઠ હજાર રૂપિયા મેળવ્યા હતા અને તેને હરિજન ફાળામાં દાનમાં આપી દીધા હતા. ગાંધીજી પૈસા બચાવવામાં જેટલા હોશિયાર હતા તેટલા જ પૈસા કમાવામાં પણ હોશિયાર હતા. સરકારે જ્યારે તેમની ચોપડીઓના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો ત્યારે તેમણે ઉઘાડે ચોક ફેરી ફરી તેનું વેચાણ કર્યું હતું અને 'હિંદ સ્વરાજ્ય'ની કેટલીક નકલોને પાંચ, દસ તથા પચાસ રૂપિયે વેચી હતી. તેની મૂળ કિંમત ચાર આના હતી. દાંડીકૂચ વખતે તેમણે જે અડધા તોલા જેટલું મીઠું ઉઠાવી લીધું હતું તે તેમના એક પ્રશંસકે સવા પાંચસો રૂપિયા આપી ખરીદી લીધું હતું. તે વખતે અડધા તોલા સોનાની કિંમત ચાળીસ રૂપિયા થતી હતી. દુનિયામાં કોઈ પણ ઠેકાણે કોઈ પણ વાણિયાએ આટલી અસાધારણ કિંમતે મીઠું નહીં વેચ્યું હોય.

તેમના હસ્તાક્ષર મેળવવા માટે લોકો આતુર હતા એ તેઓ જાણતા હતા. તેથી હસ્તાક્ષર લેવા આવનાર પાસે તેઓ પાંચ

રૂપિયા માગતા. તેમને હજારો રૂપિયા દાનમાં આપનાર દાતાઓ પણ જ્યારે તેમના હસ્તાક્ષર લેવા જતા ત્યારે તેમને આ નિયમમાંથી મુક્તિ મળતી નહીં. ખાદીનું વેચાણ વધારવા માટે ગાંધીજીએ એક વખત ખાદી વેચવાનું કામ પણ કર્યું હતું. જમણી બાજુએ કપડું માપવા ગજ અને ડાબી બાજુએ ખાદીના તાકાઓનો ઢગલો રાખી તેઓ બિલો પર સહી કરતા ગયા. ભારે મોટું વેચાણ થયું. પચાસ મિનિટમાં તેમણે પાંચસો રૂપિયાની ખાદી વેચી કાઢી. બીજા એક પ્રસંગે તેમની મુસાફરી દરમિયાન તેમણે રસ્તે આવતાં રેલવેસ્ટેશનો પર ખાદીનું વેચાણ કર્યું હતું. તેમના હાથે ખુલ્લા મુકાયેલા ખાદી પ્રદર્શનમાં એક અઠવાડિયામાં ચાર હજાર રૂપિયાની ખાદી વેચાઈ ગઈ હતી. સામાન્ય રીતે ત્યાં ખાદીનું વાર્ષિક વેચાણ પણ રૂપિયા છ હજાર કરતાં વધારે નહોતું. તેમની દલીલને કારણે વરસે અડતાળીસ રૂપિયાની ખાદી વેચનાર ખાદી ભંડાર તેનું વેચાણ પાંસઠ હજાર ત્રણસો બાર રૂપિયા સુધી વધારી શક્યો હતો. કૉંગ્રેસ અધિવેશનના સ્થળે ભરાયેલા હસ્તકળાના પ્રદર્શનની મુલાકાતે આવનાર સૌ કોઈને, તેઓ પ્રદર્શનમાં મૂકેલા હાથબનાવટના માલનો સ્વેચ્છાએ પ્રચાર કરનાર પ્રતિનિધિ બની જાય, એમ તેમણે કહ્યું હતું.

પરદેશી માલના બહિષ્કારની તેમની હાકલને કારણે બંગાળમાં વેચાતા પરદેશી કાપડનું વાર્ષિક વેચાણ અડધું થઈ ગયું હતું. બીજા પ્રાંતોએ આ દાખલાનું અનુકરણ કર્યું અને પરદેશી વસ્તુઓના વેપારને લગભગ મૃતપ્રાય કરી નાખ્યો હતો. હિંદની વધતી જતી માંગને પહોંચી વળવા માટે તેણે તેની આયાત પણ વધારવી પડશે. પરંતુ વિલાયતી વ્યાપારને ત્યારે ઉત્તેજન આપી શકાય કે જ્યારે તે



હિંદને નુકસાનકર્તા ન હોય. બીજી બધી વિદેશી વસ્તુઓ વાપરતા રહીને ખાદી પહેરતા રહેવાનું પૂરતું નહોતું. મોટા મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓ બ્રિટિશરો સાથે ભાગીદારી કરી પોતાના દેશને લૂંટાવા દેતા હતા. આખું હિંદ ખાદીનાં કપડાં પહેરતું થઈ જાય એમ ગાંધીજી ઇચ્છતા હતા. તેઓ તૂટતા જતા ગૃહઉદ્યોગો ફરીથી ઊભા કરવા માગતા હતા.

અસહકારી સરકાર તરફથી કોઈ પણ જાતની આર્થિક સહાય તેમને મળતી નહોતી અને લોકોની ઉદાસીનતા અકળાવે તેવી હતી. તેમ છતાં ખાધાખોરાકી અને કપડાંલત્તાં જેવી પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓના ઉત્પાદન માટે લોકો પોતાની જાત પર અને પોતાની મહેનત તથા આવડત પર આધાર રાખે તેવું તેઓ લોકોને શીખવવા માગતા હતા. અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ અને અખિલ ભારત ચરખા સંઘની સ્થાપના કરવામાં આવી અને હિંદભરમાં તેની શાખાઓ ખોલવામાં આવી. વર્ધાનું મગન સંગ્રહાલય કાંતણ, વણાટ, કાગળ બનાવવાનો ઉદ્યોગ, ચર્મોદ્યોગ, ઘાણી ઉદ્યોગ, હાથછડનો ઉદ્યોગ, સાબુઉદ્યોગ, મધમાખી ઉછેર, સુથારીકામ, લુહારીકામ વગેરેની પ્રવૃત્તિથી ધમધમી ઊઠ્યું. જાતે ઘરે પકવેલા અનાજમાંથી ઘરે બનાવેલા રોટલા કરતાં જેમ બીજો કોઈ રોટલો સસ્તો ન હોઈ શકે તેમ ઘરે કાંતેલાં અને વણેલાં કપડાં કરતાં બીજું કોઈ કાપડ સસ્તું ન હોઈ શકે એ વાત પર ગાંધીજીએ ભાર મૂક્યો. તેમને મન પૈસા કરતાં જીવનની કિંમત વધારે હતી. સતત બેકારીને કારણે લોકોમાં જે કમજોરી આવી ગઈ હતી તે દુ:ખદ હતી. રાષ્ટ્રીય હિતના આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખી તેમણે આપણા અર્થતંત્ર વિશેના

ખ્યાલો બદલવાનો પ્રયત્ન કર્યો. તેમણે પોતાની વાત રજૂ કરતાં કહ્યું કે, ''આપણે અઢળક અનાજ પકવતા હોવા છતાં આપણે ઘઉંની બહારથી આયાત કરવી પડે છે તે તમે જાણો છો ? પૉલિશ કરીને તેનું સત્ત્વ કાઢી નાખેલા ચોખા અને ઓછાં પોષક તત્ત્વોવાળી ખાંડ આપણે ખાઈએ છીએ. આપણે મિલમાં દળેલા ઓછા સત્ત્વવાળા લોટ માટે પૈસા આપી તેના બદલામાં ઓછો પોષક અને આરોગ્ય માટે હાનિકારક ખોરાક ખરીદીએ છીએ. ગામડાના ઘાંચીને આપણે પાયમાલ કરી નાખ્યો છે. ગામડાના માણસમાં આજથી પચાસ વરસ પર જેટલી બુદ્ધિશક્તિ અને સૂઝ હતાં તેમાંથી અડધાં સૂઝસમજ પણ આજે તેનામાં નથી રહ્યાં. તે કાયમ પોતાની પાસેનું આપતો જ રહે છે અને તેના બદલામાં નજીવું પાછું મેળવે છે. મારી યોજનામાં ગામડાંના લોકો જે વસ્તુઓ સારી રીતે બનાવી શકે તેમ હોય તેવી કોઈ પણ વસ્તુ શહેરમાં બનાવવા દેવામાં આવશે નહીં.'' તેમણે લોકોને પોતાના ચોખા જાતે છડી લેવાની, પોતાને જોઈતા ઘઉં જાતે દળી લેવાની, ખાંડને બદલે તાજો ગોળ વાપરવાની તથા કાંતવાની અને વણવાની સલાહ આપી. તેઓ પરદેશથી આવતા મુલાકાતીઓને ભૂખરા રંગના પૌષ્ટિક ગોળનો નમૂનો આપતા.

પોતાના દેશવાસીઓને, ખાદીએ મિલના કાપડની હરીફાઈ કરવાની છે એવી વાત ભૂલી જવાનું કહી તેમણે જણાવ્યું કે, ''મિલમાલિક હંમેશાં તેને સસ્તું ને સસ્તું બનાવવા પ્રયત્ન કરશે, પરંતુ આપણે ન્યાય, યોગ્ય વેતન તથા જીવવા માટે પૂરતું વેતન મળી રહે તે માટે પ્રયત્ન કરવાનો છે. નહીં તો એમાં અજાણતાં શોષણ થશે.'' કાગળ બનાવનારાઓ મજૂરને રોજના છ પૈસાના



ધોરણે મજૂરી ચૂકવે છે અને હાથકાગળને હજુ વધારે સસ્તો બનાવવાની આશા રાખે છે. ગાંધીજીએ કહ્યું કે તેઓ આનાથી ઓછી કિંમતે હાથકાગળ ખરીદશે નહીં.

ખેડૂતો તથા ગામડાના કારીગરોની કમાણીમાંથી નફો કરીને જીવતા વચલા વેપારીઓને તેઓ દૂર કરવા માગતા હતા. જમીન ખેડીને ખેતી કરનારને તે જે પેદા કરે છે તેની પૂરી કિંમત મળતી નથી એ તેઓ જાણતા હતા. વાપરનારાઓ એ વસ્તુની જે કિંમત ચૂકવે છે તેમાંનો માત્ર થોડો ભાગ જ ખેડૂતો સુધી પહોંચે છે. તેમને માલની ઓછી કિંમત મળે છે તે નહીં પણ વચ્ચેનો માણસ નફો ખાઈ જાય છે તે મુશ્કેલી છે. ખાધાખોરાકીની વસ્તુઓ તથા કાપડ પર અંકુશ મૂકી તેનું વિતરણ કરવાના ગાંધીજી વિરોધી હતા અને વાણિયાઓ દ્વારા થતાં કાળાંબજાર અને ધૂમ નફાખોરીને તેઓએ વખોડી કાઢ્યાં હતાં. વેપારીઓ લોકોને છેતરીને પૈસો એકઠો કરે છે અને આમ ખોટી રીતે મેળવેલો પૈસો ધાર્મિક કામો માટે તથા સખાવતમાં વાપરવાથી તેમનાં પાપ ધોવાઈ જશે એવું વિચારી પોતાની જાતને છેતરે છે એવો ગાંધીજીનો વેપારીઓ પર આક્ષેપ હતો. તેમણે વાણિયાઓને ચેતવ્યા, ''મોટા મોટા વેપારીઓ અને મૂડીદારો અંગ્રેજ સરકારની સામે બોલે છે પરંતુ વ્યવહારમાં તેની ઈચ્છા પ્રમાણે વર્તે છે અને તે દ્વારા નફો કરે છે. સરકારના પંચાણું ટકા નફા સામે તેમનો નફો પાંચ ટકાનો હોય તેમ બને. સ્વદેશીની ચળવળ મુખ્યત્વે નિષ્ફળ ગઈ છે, કારણ હિંદી વેપારીઓએ પરદેશી માલને સ્વદેશી વસ્તુઓ તરીકે ઓળખાવી વેચ્યો છે. વેપારીઓને કારણે જ આપણે હિંદને ગુમાવ્યું છે. સાથે સાથે તેમની મારફતે જ આપણે તેને પાછું મેળવી શકીશું એવી મને ખાતરી છે.''

# ખેડૂત

ખેડૂતને 'જગતના તાત' તરીકે વર્ણવતી કવિતા ગાંધીજીએ વાંચી હતી. ઈશ્વર અન્નદાતા છે અને ખેડૂત તેમના હાથપગ છે એમ તેમાં કહ્યું છે. ખેડૂતને ગરીબી અને અજ્ઞાનમાંથી મુક્ત કરવામાં જ હિંદની મુક્તિ પડેલી છે, એ વાત તેમણે ભારપૂર્વક જણાવી હતી : ''પંચોતેર ટકા કરતાં પણ વધારે વસ્તી ખેતી પર નભે છે, 'સભી ભૂમિ ગોપાલકી' એટલે કે જમીનનો ખરો માલિક ખેડૂત હોવો જોઈએ, જમીન ન ખેડનાર જમીનદાર નહીં. જો આપણે ખેડૂતો પાસે તેમની મહેનતનું લગભગ બધું જ ફળ લઈશું તો આપણે ત્યાં સ્વરાજ્ય જેવું ખાસ કંઈ રહેશે નહીં. આપણી મુક્તિ માત્ર ખેડૂતો દ્વારા જ આવી શકે. વકીલો, દાક્તરો કે ધનવાન જમીનદારો તે મેળવી શકવાના નથી.''

રાજ્યની પચીસ ટકા મહેસૂલી આવક ખેડૂતો પાસેથી ભેગી કરવામાં આવે છે. જમીન પરના કરનું પ્રમાણ ઘણું ભારે છે. હિંદના કોઈ પણ શહેરમાં કોઈ ભવ્ય મકાન બંધાતું જોવામાં આવતું અથવા તેવું મકાન બંધાય છે એવું ગાંધીજીના સાંભળવામાં આવતું ત્યારે તેઓ દુ:ખ સાથે કહેતા, ''આ બધો પૈસો ખરેખર તો ખેતી કરનારાઓ પાસેથી આવે છે.'' શહેરી વિકાસનું આવું કોઈ પણ પ્રતીક તેમને કરવેરા, ગેરકાયદે ખોટી જરૂરિયાતો, કદી પૂરું ન કરી શકાય તેવું દેવું, અજ્ઞાન, વહેમ અને રોગો નીચે





દબાયેલા ખેડૂતોની યાદ આપતું.

ગાંધી જન્મે ખેડૂત નહોતા પરંતુ ખેડૂત બનવા માટે તમામ પ્રયાસો તેમણે કર્યા હતા. નાનપણથી જ ફળઝાડ ઉગાડવાનું તેમને ગમતું. દરરોજ સાંજે નિશાળેથી પાછા ફર્યા પછી, ઊંચાઈવાળી જગ્યા પરનાં ફળઝાડને પાણી પાવા માટે તેઓ ડોલે ડોલે પાણી ત્યાં લઈ જતા. છત્રીસ વરસની ઉંમરે તેમણે ખેતર પર રહીને ખેડૂતનું જીવન જીવવાનું શરૂ કર્યું. આશ્રમ બાંધવા માટે તેઓ એક જમીનના ટુકડાની શોધમાં હતા તે વખતે ફળઝાડોવાળા એક એકરના જમીનના ટુકડા પર તેમની નજર ઠરી. તેમણે તે ટુકડો ખરીદી લીધો અને તેમના કુટુંબ અને મિત્રો સાથે તેઓ ત્યાં આવીને રહ્યા. ધીમે ધીમે તેમણે ખેતી કરવાનું શરૂ કર્યું અને વકીલાતનો મોભાદાર વ્યવસાય છોડી દીધો. એ ખેતર પરનાં ઝૂંપડાં ખેતર પર રહેતા લોકોએ બાંધ્યાં હતાં. ગાંધીજીએ જમીન ખેડવાનું, પાણી ખેંચવાનું, શાકભાજી તથા ફળો ઉગાડવાનું અને લાકડાં ફાડવાંનું કામ કર્યું હતું. કંઈ ન ઊપજે તેવી એ જમીનને તેમણે જોતજોતાંમાં લીલી વાડી બનાવી દીધી હતી.

દક્ષિણ આફ્રિકામાં દસ વરસ સુધી ખેતર પર તેઓ જે જીવન જીવ્યા તેનાથી તેમને ખેતીનું સારું જ્ઞાન તથા અનુભવ મળી ગયાં. મધમાખી ઉછેરની અહિંસક અને વધારે વ્યવસ્થિત પદ્ધતિ તેમણે પ્રચારમાં આણી. આ પદ્ધતિમાં મધપૂડાનો કે મધમાખીનો નાશ કર્યા વગર મધ કાઢી શકાતું. ખેતીવાડીની જમીન પાસે અથવા ફળ અને શાકભાજીની વાડી પાસે મધમાખી ઉછેરવાને કારણે છોડમાંથી વધુ ઉત્પાદન શી રીતે મળે છે તે તેમણે સમજાવ્યું. મધમાખીઓ ફૂલોમાંથી મધ ચૂસી લેતી વખતે તેમના પગ પર

પરાગ પણ લાવે તથા લઈ જાય છે. તેનાથી પાક સારો તથા વધારે થાય છે.

જમીન ઉત્પાદક નથી, સાધનોની અછત છે, કે પાણી મળી શકે તેમ નથી એવી ફરિયાદોને ગાંધીજી સ્વીકારતા નહોતા. તેની મહેનતનો બુદ્ધિપૂર્વકનો ઉપયોગ એ ખેડૂતની મોટા ભાગની મૂડી છે એમ તેઓ ભારપૂર્વક કહેતા. ખેડૂત શક્તિશાળી, આપસૂઝવાળો અને સ્વાવલંબી હોવો જોઈએ. નઈ તાલીમનું કામ ગોઠવનાર એક ભાઈએ એવી ફરિયાદ કરી કે તેમની પાસે જે જમીન છે તે ખેતીને લાયક નથી. ત્યારે ગાંધીજીએ કહ્યું, ''દક્ષિણ આફ્રિકામાં અમારે કેવી જાતની જમીન પર કામ કરવું પડ્યું હતું તેની તમને ખબર નથી. જો તમારી જગ્યાએ મારે કામ કરવાનું હોય તો હું શરૂઆત કરતી વેળાએ હળનો ઉપયોગ ન કરું. છોકરાંઓને એકેકી કોદાળી આપી દઈ તેનો ઉપયોગ કેવી રીતે કરવો એ હું તેમને શીખવું. એ એક કળા છે. બળદની શક્તિ ત્યાર પછી કામમાં લેવી જોઈએ. જમીન ઉપરનું માટી તથા સડેલાં પાંદડાંવાળું પાતળું પડ અથવા કૉમ્પોસ્ટ ખાતર જુદી જુદી જાતની વનસ્પતિઓ તથા શાકભાજી ઉગાડવા માટે મદદરૂપ થાય છે. છીછરા લાંબા ખાડામાં મળ દાટતા રહેવાની પદ્ધતિથી મળનું ખાતરમાં રૂપાંતર કરવા માટે એક પખવાડિયા કરતાં વધારે સમયની જરૂર પડતી નથી. ખેતીના કામને તેઓ માનભર્યું કામ ગણે એવું આપણાં બાળકોને આપણે શીખવવું જોઈએ. ખેતી એ નીચો નહીં પણ ઉમદા વ્યવસાય છે.'' પાયાની કેળવણીની યોજનામાં ખેતી અગત્યનો ભાગ ભજવી શકે એમ ગાંધીજી માનતા.



હિંદના ભાગલા પડ્યા તેના થોડા સમય અગાઉ નોઆખલીના હિંદુઓએ તેમને પૂછ્યું, ''અમે અહીં કેવી રીતે રહી શકીશું, અને શું ખાઈને જીવીશું ? મુસ્લિમ ખેડૂતો અમને સહકાર આપતા નથી. અમને બળદ કે હળ આપતા નથી.'' ગાંધીજીએ તરત કહ્યું, ''થોડાં તીકમ લઈ આવો અને જમીન ખોદવા માંડો. તીકમથી જમીન ખેડી કાઢવાથી પાક ઓછો થશે એવું નથી.''

૧૯૪૩ની સાલમાં ગાંધીજી જેલમાં હતા તે વખતે બંગાળમાં લાખો લોકો દુકાળનો ભોગ બન્યા. આ બનાવની કારમી યાદ સરકારી અધિકારીઓ અને લોકોના મનમાંથી હજુ દૂર નહોતી થઈ. ૧૯૪૭માં જ્યારે બીજો દુકાળ પડશે એવો ભય તોળાતો હતો તે વખતે તરત જ વાઈસરૉયે તેમના અંગત મદદનીશને વિમાન દ્વારા ગાંધીજીની સલાહ લેવા માટે સેવાગ્રામ મોકલ્યા હતા. ગાંધીજી અડગપણે ઊભા રહ્યા અને તેમણે લોકોને સામે આવી રહેલી મુશ્કેલીનો ભય ખંખેરી નાખવા કહ્યું. ''અફાટ ફળદ્રુપ જમીન, પૂરતું પાણી અને જોઈએ તેટલી માનવશક્તિ આપણી પાસે છે. આવા સંજોગોમાં અનાજની અછત શા માટે હોવી જોઈએ ? લોકોને સ્વાવલંબી બનવાની સલાહ આપવી જોઈએ. જે બે દાણા ખાય છે તેણે ચાર દાણા પેદા કરવા જોઈએ. પોતાના ઉપયોગ માટે દરેક જણે ખાવા માટે કંઈક ને કંઈક ઉગાડવું જોઈએ. ચોખ્ખી માટી ભેગી કરી, તેમાં થોડું સેન્દ્રિય ખાતર મેળવી - થોડું સૂકું છાણ સારા સેન્દ્રિય ખાતરનું કામ આપી શકે - તેને ગમે તે માટીના વાસણમાં યા તો પતરાના વાસણમાં પાથરી દઈ તેની પર શાકભાજીનાં બી નાખી દઈ તેને પાણી આપતાં રહેવું એ પોતાને માટે કંઈક ને કંઈક ઉગાડવાનો સરળ રસ્તો છે. માત્ર વિધિ ખાતર

કરવામાં આવતા તમામ સમારંભો બંધ કરી દેવા જોઈએ. બિયરણની તમામ પ્રકારની નિકાસ બંધ કરી દેવી જોઈએ. ગાજર, બટાટા, રતાળુ તથા કેળાં જેવાં કંદમૂળોમાંથી શરીર માટે જરૂરી સ્ટાર્ચ મેળવી શકાય છે. આની પાછળનો આશય હાલના ખોરાકમાંથી સંઘરી રાખી શકાય તેવાં અનાજ અને કઠોળોનો વપરાશ ઓછો કરી તેને ભવિષ્યને માટે સંઘરી રાખવાનો છે. તેમના સ્વાશ્રયના આદેશ માટે શિસ્ત અને કરકસરનું મક્કમ આચરણ, નવી જાતના ખોરાકને અનુકૂળ થવાની વૃત્તિ અને પરદેશ પાસે ભીખ નહીં માગવાનું વલણ જરૂરી હતાં.

સરકાર દ્વારા જ અનાજ અને કાપડની વહેંચણી થતી હતી તે કાળમાં ગાંધીજીને સરકારના જથ્થામાંથી કંઈ લેવું પડ્યું નહોતું. ચોખા, રોટલો કે કઠોળ વગર તેઓ ચલાવી લઈ શકતા. તેઓ ખાંડનો ઉપયોગ નહોતા કરતા. પોતાને જોઈતું કપડું તેઓ જાતે બનાવી લેતા.

'હરિજન'માં આપણી નજીકમાંથી મળી આવતી વસ્તુઓમાંથી અને ગાયનું છાણ, મળ, મૂત્ર, શાકભાજીનાં છોતરાં જેવી નકામી ચીજોમાંથી કૉમ્પોસ્ટ ખાતર કેવી રીતે બનાવવું તેની ઝીણી ઝીણી સૂચનાઓ તેમણે આપી હતી. મહેનત અને બુદ્ધિ વડે કોઈ પણ જાતની મૂડી વગર કૉમ્પોસ્ટ ખાતર બનાવી શકાય. આશ્રમમાં મળ અને મૂત્રને ખાડાઓમાં દાટી રાખવામાં આવતાં. થોડા વખતમાં જ તેમાંથી કીમતી ખાતર બની જતું. રૂઢિચુસ્ત ખેડૂતોને આવું ભંગીએ કરવું પડે તેવું ખેડૂતનું કામ કરવાનું ગમતું નહીં. રાસાયણિક ખાતર કરતાં સેન્દ્રિય ખાતરને ગાંધીજી પ્રથમ પસંદગી આપતા. તેમના મતે જમીનની ફળદ્રુપતા



માટે અથવા ઝડપથી ફરી ફરીને પાક લેવા માટે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં જોખમ હતું. રાસાયણિક ખાતરો આંજી નાંખે એવાં પરિણામોની આશા આપતાં હોવા છતાં તેના ઉપયોગથી જમીન નબળી પડી જવાનો સંભવ રહે છે.

બળદથી ચાલતા હળની જગ્યાએ ટ્રેક્ટરનો ઉપયોગ કરવાની વાત પણ તેઓ પસંદ નહોતા કરતા. સાબરમતી આશ્રમમાં તેમણે લગભગ બધાં જ સુધારેલી જાતનાં હળનો ઉપયોગ કરી જોયો હતો પરંતુ મૂળ બળદથી ચાલતું હળ જ વધારે અનુકૂળ પુરવાર થયું હતું. પાક લેવા માટે જેટલી ઊંડી ખેડ કરવાની જરૂર છે તેટલી ઊંડી ખેડ તેનાથી થઈ શકે છે પરંતુ જમીનને નુકસાન થાય તેટલી ઊંડી ખેડ તે ક્યારેય કરતું નથી અને આમ તે જમીનનાં સત્ત્વોને જાળવી રાખે છે. વળી એક ટ્રેક્ટર સેંકડો માણસોના હાથે થતી મહેનતને દૂર કરી તેનું સ્થાન લે છે તે પણ તેમને પસંદ નહોતું. તેઓ એ લોકોની શક્તિને ઉપયોગી ઉત્પાદક કામમાં લગાડવા માગતા હતા. ખેડૂતોમાં જે સર્જનશક્તિ છે તેને મશીનથી ચાલતું સાધન બુઠ્ઠી કરી નાખશે એવો તેમને ભય હતો. જમીનના જુદા જુદા ટુકડાઓને ખેડવાની જુગો જૂની પદ્ધતિને તેમણે માન્ય રાખી નહોતી. કારણ, "જમીનના ગમેતેમ સો ટુકડા કરી નાખવા કરતાં સો કુટુંબો સહકારી ધોરણે ખેતી કરી તેની આવક વહેંચી લે તે વધારે સારું ગણાય. ગામમાં દરેક ઘર બળદ તથા બળદગાડું રાખે તે એક જાતનો બગાડ છે." તેમણે સહકારી ધોરણે પશુપાલન કરવાની હિમાયત કરી. તેમ કરવાથી રોગચાળા સામે ઢોરોને યોગ્ય સારવાર આપી શકાય, ઢોરો માટે ચરાણની સહિયારી જગા રાખી શકાય અને ઘણી ગાયો વચ્ચે ચુનંદા ખાસ નસલના સાંઢ રાખી શકાય.

કોઈ પણ સામાન્ય ખેડૂત આ બધી સગવડ ન કરી શકે. ઢોરો પાસેથી જે મળતર મળે તેના કરતાં તેના ખાણદાણનો ખર્ચ ઘણી વાર વધારે આવે છે. ઢોરોની સંખ્યા વધતી જાય તેમ તેમ, ગરીબીને કારણે લાચારીથી. તેઓ વાછરડાને વેચી દે છે. પાડાઓને મારી નાખે છે, અગર તો ભૂખે મરવા દે છે. તે ઢોરોને સારી રીતે રાખતા નથી તથા તેમની પાસે નિર્દયતાથી કામ લે છે.

ગોરક્ષા પર ગાંધીજીએ ખાસ ભાર મૂક્યો હતો. આપણી ખેતીના વ્યવસાયમાં ગાય એ ખૂબ જ મૂલ્યવાન પ્રાણી છે. હિંદભરની તેમની મુસાફરીઓ દરમિયાન ખેડૂતની નિસ્તેજ આંખો અને ગાયોની દુર્દશા જોઈને તેમને ભારે દુ:ખ થયું હતું : ''હિંદમાં ગાયને માતા ગણવામાં આવે છે. તેમ છતાં, ગાય તથા તેની ઓલાદને હિંદમાં જેટલું કષ્ટ આપવામાં આવે છે તેટલું દુનિયાના બીજા કોઈ દેશમાં આપવામાં આવતું નથી. આજે તો ગોપૂજાનો અર્થ મુસ્લિમો સાથે ગાયની કતલના બહાને ઘાતકી દુશ્મનાવટ ચાલુ રાખવામાં અને ગાયના પવિત્ર સ્પર્શથી આપણને પુણ્ય મળે છે એવું માનવામાં જ સમાઈ જાય છે. ઘણી પાંજરાપોળો તથા ગોશાળાઓ ત્રાસનું ધામ બની ગયા છે.'' પાંજરાપોળોએ વસૂકી ગયેલાં અને અપંગ ઢોરોની દેખભાળ રાખવી જોઈએ તથા ઢોરઉછેર વિશે અભ્યાસપૂર્ણ સલાહ આપવી જોઈએ એવી ગાંધીજીની અપેક્ષા હતી. ભેંસના દૂધ અને માખણ કરતાં ગાયનું દૂધ તથા તેમાંથી બનાવેલું માખણ વધારે સારું હોવાથી તેને વધુ પસંદ કરતા. વળી. ગાય મરી જાય પછી પણ તેનું ચામડું, હાડકાં, આંતરડાં, માંસ વગેરે પણ ઉપયોગમાં લઈ શકાય છે.

તેમની આશ્રમ ગોશાળામાં તેઓ સારી નસલના સાંઢ રાખતા.



ગાયો રાખવા માટેની સસ્તી અને આદર્શ પાકી કોઢ તેઓએ બનાવી હતી. ગોશાળાની તમામ નાની નાની બાબતો પર તેઓ ધ્યાન આપતા. દરેક નવા જન્મેલા વાછરડાને તેઓ પ્રેમથી પંપાળીને આવકાર આપતા. એક વખત એક વાછરડો અસાધ્ય રોગથી પીડાતો હતો. ગાંધીજીએ તેના જીવનનો અંત આણવાનું નક્કી કર્યું અને દાક્તર જ્યારે એ દુ:ખી વાછરડાના જીવનનો અંત આણી રહ્યા હતા તે વખતે તેમણે જાતે વાછરડાનો પંજો પકડી રાખ્યો. અહિંસાના મહાન પૂજારીએ હિંસાનું આ કામ કર્યું તેની સામે ભારે ઊહાપોહ થયો. એક જૈને આ પાપને ગાંધીજીના લોહીથી ધોઈ નાખવાની ધમકી આપી. ગાંધીજીએ આ તોફાનનો શાંતિથી સામનો કર્યો.

આશ્રમમાં ઉગાડવામાં આવતાં શાકભાજી, ફળઝાડ અને પાકને નુકસાન કરતા વાંદરાઓને મારી નાખવાનો પ્રસ્તાવ મૂકી અહિંસાના જડ પાલન કરનારાઓને તેમણે ફરી ભારે આંચકો આપ્યો. તેમણે કહ્યું, ''ખેડૂત થયો એટલે, હિંસાનો બને તેટલો ઓછો ઉપયોગ કરીને, તેઓ પાકને જે નુકસાન કરે છે તેની સામે રક્ષણ આપે તેવો કોઈ ને કોઈ રસ્તો મારે શોધી કાઢવો જોઈએ. વાંદરાઓનો ત્રાસ હદ બહારનો થઈ ગયો. બંદૂકના ધડાકાઓથી પણ વાંદરાઓ બીતા નથી અને ધડાકો કરવામાં આવે ત્યારે માત્ર ચિચિયારીઓ કરી હોહો કરી મૂકે છે. જો બીજો કંઈ રસ્તો ન મળે તો તેમને મારી નાખવા માટેના સવાલને હું ગંભીરતાથી વિચારી રહ્યો છું.'' તીરથી કે બીજી કોઈ પણ રીતે આશ્રમમાં ક્યારેય કોઈ વાંદરાને ઈજા પહોંચાડવાનું કે મારી નાખવાનું બન્યું નહોતું.

ગરીબ ખેડૂતોની આવક કેવી રીતે વધારવી એ ગાંધીજીનો સતત

ચિંતાનો વિષય હતો. વરસમાં ચારથી છ માસ સુધી તેમની પાસે કંઈ કામ રહેતું નહોતું. તેઓ માત્ર ખેતી પર ટકી શકે તેમ નહોતું. સ્ત્રીઓને રેંટિયો અને પુરુષોને હાથસાળ તરફ પાછા વાળી તેમણે આ ફરજિયાતપણે કામ વગર બેસી રહેતા ત્રીસ કરોડ ખેડૂતોના સમયને કામમાં લેવાનો પ્રયત્ન કર્યો. તેઓ આ અભણ, ફાટેલાંતૂટેલાં કપડાંવાળા, જે મળે તે ખાઈને દિવસ કાઢતા ખેડૂતોની આવક એટલી વધારવા માગતા હતા કે તેમને યોગ્ય પોષણ મળે તેટલો ખોરાક, યોગ્ય રીતે રહી શકાય તેવું ઘર, સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે જરૂરી કપડાં અને સારું શિક્ષણ મળી રહે. તેમણે પ્રતિકાર કરવા માટેની માનસિક શક્તિ પણ કેળવવી જોઈએ. કિસાન-મઝદૂર-પ્રજા રાજની હિમાયત કરતાં તેમણે કહ્યું હતું, ''ખેડૂતને જ્યારે તેની દુર્દશાના કારણ વિશે પૂરેપૂરો જાગ્રત કરવામાં આવશે અને તેને આ અસહાય દશામાં લઈ જવામાં તેના નસીબનો વાંક નથી એમ તે જાણશે ત્યારે બંધારણીય અને ગેરબંધારણીય રસ્તાઓ વચ્ચેના ભેદભાવને તે દૂર કરી નાખશે. જે દિવસે હિંદના ખેડૂતો સ્વરાજ્ય શું છે તે સમજતા થશે તે દિવસે તેને સ્વરાજ્ય મેળવતાં કોઈ અટકાવી શકશે નહીં.''

ગાંધીજીની આગેવાની હેઠળ ખેડૂતો સવિનય કાનૂનભંગની લડતમાં જોડાયા હતા, કાયદેસર રીતે મીઠું પકવવાની બંધી હોવા છતાં તેમણે મીઠું પકવ્યું હતું તથા જાહેર સભાઓમાં સ્વાતંત્ર્ય માટેની પ્રતિજ્ઞા લીધી હતી. નાકરની લડત વખતે તેમની જમીન અને જાયદાદ જપ્ત કરી લેવામાં આવી હતી. તેઓને આનાથી આર્થિક નુકસાન થયું હતું પરંતુ તેમનો નૈતિક દરજ્જો ઊંચો ગયો હતો.

# હરાજી કરાવનાર

કોઈ પણ માણસ તેમને મહાત્મા કહીને બોલાવે કે તેમનો ચરણસ્પર્શ કરે તો તેને ગુનો ગણવો જોઈએ એવો કાયદો કરવામાં આવે તો તેની સાથે સંમત થવા માટે ગાંધીજી તૈયાર હતા. તેમ છતાં દેશના એક વીરપુરુષનું શહેરોમાં તથા ગામડાંમાં સ્વાગત થાય તેને તેઓ રોકી શકે તેમ નહોતું. કોઈ સારા કામમાં મદદ કરવા માટે તેમને એક જગાએથી બીજી જગાએ જવું પડતું અને એ રીતે તેઓ વિશાળ જનસમુદાયના સંપર્કમાં આવતા. તેઓ જ્યાં જતા ત્યાં લોકો તેમનું અત્યંત પ્રેમ અને ભક્તિભાવથી સ્વાગત કરતા. લોકો તેમનું હારતોરાથી સ્વાગત કરતા તથા તેમને આપેલું માનપત્ર કીમતી ફ્રેમમાં મઢીને યા તો ભેટ આપવા માટે બનાવેલી ખાસ પેટીમાં મૂકીને આપતા. તેમને તેમના કામ માટે નાણાંની થેલી તથા ઘરેણાં પણ ભેટ મળતાં. તેમના તરફ બતાવવામાં આવતા આ પ્રેમની ગાંધીજી કદર કરતા. પરંતુ તેમના સ્વાગત માટેના ફૂલહારનો, રસ્તા પર ફરકાવવામાં આવતી ધજાઓનો અને માનપત્રો આપવા માટેનો જે ખોટો ખર્ચ થતો તે તેમને ગમતો નહોતો. જે દેશમાં સરાસરી માથાદીઠ વાર્ષિક આવક રોજની ત્રણ પૈસા હોય ત્યાં પૈસાનો આવો દુર્વ્યય કરવાનું બરાબર નથી એમ તેઓ માનતા.

ગાંધીજીએ લોકોને આ રીતે પૈસા વેડફવાનું બંધ કરવા માટે વિનંતી કરી પણ તેનું કંઈ પરિણામ આવ્યું નહીં. એટલે ગાંધીજીએ આ રીતે વેડફાતા પૈસામાંથી સારાં કામો માટે જરૂરી નાણાં ઊભાં કરી લેવાનો રસ્તો શોધી કાઢ્યો. તેમને એક વિચાર સ્ફૂર્યો: જો લોકો પૈસા આપવા જ માગતા હોય તો પછી તેમને જાહેરમાં આવા પૈસા આપવા માટે સારો રસ્તો શા માટે ન બતાવવો? તેમને મળતી બધી ભેટોની, ખાસ કરીને લાંબો વખત ટકી રહેવાની નથી તેવી વસ્તુઓની હરાજી કરવાનું તેમણે નક્કી કર્યું. જાહેર સભાઓમાં મંચ પર બેસીને તેઓ કહેતા, ''ફૂલની કળી જેવી નાની નાની બાળાઓ અહીં હાજર નથી અને આ સુંદર હારતોરાઓનો શી રીતે નિકાલ કરવો તેની મને ખબર નથી. તમારામાંથી કોઈ તેને ખરીદી લેવા તૈયાર છે?'' 'બે રૂપિયા, બે રૂપિયા એક વાર, ત્રણ રૂપિયા...પાંચ રૂપિયા,' – એમ બોલતા બોલતા, ધીમે ધીમે, આનંદિત હૃદયે ગાંધીજી ફૂલહારની હરાજી બોલાવતા. લીંબુ અને ફૂલહાર જેવી નજીવી કિંમતની વસ્તુઓ માટે પણ ઊંચી કિંમત બોલાતી. કોઈક વાર એક હારના ત્રીસ રૂપિયા મળતા તો વળી કોઈક વાર ત્રણસો પણ મળતા. જેની હરાજી થતી હોય તેવી વસ્તુઓ માટે ઊંચી કિંમત આપવામાં ગામડાંના લોકો પણ પાછા પડતા નહીં. એક વખત માનપત્રની એક નાની પેટી પોતાના હાથમાં લઈ ગાંધીજીએ કહ્યું, ''આની કિંમત અઢીસો રૂપિયાની છે, ના, મારી ભૂલ થઈ, એની કિંમત પંચોતેર રૂપિયા છે.'' એક જણે ત્રણસો રૂપિયામાં એ પેટી ખરીદવાની માગણી કરી. તે સાંભળી ગાંધીજીએ કહ્યું, ''ત્રણસો રૂપિયા. ત્રણસો રૂપિયા. ચાલો બોલો...મારે વધારેની જરૂર છે.



આવી પેટીના મને પહેલાં એક હજાર રૂપિયા મળ્યા હતા.'' કલકત્તાના નાગરિકોએ તેમને ત્રણ પ્રસંગોએ સુંદર કીમતી પેટીઓમાં મૂકીને માનપત્રો આપ્યાં હતાં. એ ત્રણે પેટીઓની તેમણે હરાજી કરી હતી. તેમણે કહ્યું હતું, ''આ પેટીઓની હરાજી કરી મને જે પ્રેમથી આ ભેટ આપવામાં આવી છે તેની કિંમત હું ઘટાડી રહ્યો છું, એમ તમે ન માનશો. આ પેટીઓ મારી સાથે લઈ જવાનું મને પરવડે તેમ નથી. કારણ, મારી સાથે હું આ બધું ભરી શકાય તેવી મોટી પેટી લઈને ફરતો નથી. આશ્રમમાં પણ આ બધી વસ્તુઓ સાચવવા માટે મારી પાસે સગવડ નથી...એટલે આ રીતની હરાજી કરી લેવામાં હું કંઈ ખોટું કરતો હોઉં એમ મને લાગતું નથી. તેનાથી સ્વસ્થ હરીફાઈ થાય છે. એક સારા કામ માટે લોકોમાં પડેલી ઉદારતાની ભાવનાને જાગ્રત કરવાની આ એક નિર્દોષ રીત છે. અને એ યાદ રાખવા જેવું છે કે હું હરાજી કરું છું ત્યારે જે લોકો મને ઊંચી કિંમત આપે છે તેઓ મને ખુશ કરવા માટે જ આમ કરે છે તેવું નથી.''

લોકોને ઉદાર હાથે દાન કરવાનું સમજાવવામાં ગાંધીજી નિષ્ફળ ગયા હોય એવું જવલ્લે જ બનતું. તેમણે એક લીંબુના દસ રૂપિયા, સૂતરની આંટીના હારના બસો એક રૂપિયા, એક માનપત્ર રાખવાની પેટીના એક હજાર રૂપિયા અને એક સોનાની તકલીના પાંચ હજાર રૂપિયા ઉપજાવ્યા હતા. એક સંસ્થાના મકાનનો પાયો નાખી તેનું મુહૂર્ત કર્યા બાદ તે કામમાં વપરાયેલ તગારાની તથા લેલાની હરાજી કરી તેમણે રૂપિયા એક હજારની બોલી બોલનારને તે વેચ્યાં હતાં. એક વખત હરાજી કરતી વખતે ગાંધીજીએ તેમના બંને હાથ એક નાના છોકરા તરફ લંબાવ્યા. એ છોકરાએ ગળામાં

સોનાનો હાર પહેરેલો હતો. છોકરાની માએ છોકરાને પકડીને ઊંચો કર્યો. ગાંધીજીએ તેને થાબડ્યો, તેના ગળામાંથી હાર લઈ તેની હરાજી બોલાવી.

ગાંધીજીએ એક વખત જાહેર કર્યું કે, ''મારી પાસે સારી એવી સંખ્યામાં વીંટીઓ ભેગી થઈ છે. મારે એ બધી વીંટીઓ વેચી કાઢવી છે.'' એમાંની એકની એક વીંટીની તેમણે ત્રણ વાર હરાજી બોલાવી અને છેવટે ચારસો પિસ્તાળીસ રૂપિયામાં તેને વેચી. તે વખતે એવી વીંટીની કિંમત ત્રીસ રૂપિયા જેટલી હતી. એક વખત, ગાંધીજીને મળેલા ફાળામાં સિક્કાઓ તથા ચલણી નોટો વચ્ચે એક કોડી પણ આવી ગયેલી જોવા મળી. ગાંધીજીએ એ ભેટ વધાવી લીધી અને કહ્યું, 'આ કોડી આપનાર ગરીબ માણસ પાસે કદાચ આપવા જેવું કશું જ નહીં હોય તેથી તેણે આ કોડી આપી પોતાની પાસે હતું તેટલું બધું જ આપી દીધું હોય એમ લાગે છે. તેની પાછળની સમર્પણની ભાવના જોતાં, તેની કિંમત સોના કરતાં પણ વધારે છે.'' એવડી જ સોનાની કોડી કરતાં એ કોડી વધારે કીમતી પુરવાર થઈ. હરાજીમાં એક જણે એક સો અગિયાર રૂપિયા આપી તે ખરીદી લીધી.

ભરચક કાર્યક્રમોવાળા તેમના પ્રવાસમાં થાક અને કામનું દબાણ અથવા ગૂંચવાયેલા સવાલોનો ભાર તેમનામાંના પ્રસન્નતાના ઝરાને કે તેમની વાણિયાવૃત્તિને સૂકવી શક્યો નહોતો. ઈક્યોતેર વરસની ઉંમરે, હિંદુ મુસ્લિમ ઝઘડાના તથા કોમી રમખાણોના ભાર નીચે દબાયેલા ગાંધીજી બિહારની યાત્રાએ ગયા. જે મુસ્લિમોને સહન કરવું પડ્યું હતું તેમને માટે તેમણે ફાળો ઉઘરાવ્યો અને તેમને ભેટ મળેલાં ઘરેણાંની તેમણે હરાજી કરી.



પોતાની ગણાય તેવી એક પણ વસ્તુ કે પૈસા તેમની પાસે નહોતા. તેઓ પોતે એક ગરીબ આશ્રમવાસી હતા. એક વખત એક જાહેર ફાળામાં તેમને એક તાંબાનો પૈસો આપ્યો હતો. એક પ્રશંસકે આ સંભારણાને પાંચસો રૂપિયા આપી ખરીદી લીધું હતું.

# ભિખારી

ગાંધીજી લોકોનાં કામમાં વધારે ને વધારે સમય આપતા ગયા; ઘરનાં કામો માટે અથવા વકીલાત માટે ઝાઝો સમય કે ધ્યાન આપવાનું તેમનાથી બની શકતું નહીં. જો તેમણે લોકસેવાનું કામ કરવું હોય તો તેમણે મોજમજા, સગવડભર્યાં સાધનો, તમામ માલમિલકતનો ત્યાગ કરી, સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબીનું જીવન જીવવું જોઈએ એ વાતની તેમને ખાતરી થઈ ગઈ. અંગત માલિકીની વસ્તુઓ રાખવી એ ગુનો છે એમ તેમને લાગ્યું અને તેનો ત્યાગ કરવો એ તેમને માટે નિર્ભેળ આનંદની વાત થઈ પડી. એક પછી એક તેમની પાસેથી વસ્તુઓ સરી જવા માંડી. તેમની વારસાગત મિલકત પર તેમણે કોઈ અધિકારનો દાવો કર્યો નહીં તથા તેમના વીમાની પૉલિસી તેમણે સ્થગિત થઈ જવા દીધી. મહિને ચાર હજાર રૂપિયાની આવક આપતું વકીલાતનું કામ તેમણે જતું કર્યું. દક્ષિણ આફ્રિકાના તેમના સાથીદારોએ તેમને ભેટ આપેલ ચાંદીની, સોનાની તથા હીરાની વસ્તુઓનું તથા પાંસઠ હજાર રૂપિયાની કિંમતના ફિનિક્સ આશ્રમનું જાહેર કામોમાં વાપરવા માટે તેમણે ટ્રસ્ટડીડ બનાવ્યું. સલામતીભર્યું જીવન જીવવા તેમણે ઇન્કાર કર્યો અને તેમની પત્ની, દીકરાઓ તથા સગાંસંબંધીઓ પાસે પણ તેનો એટલી જ સખતાઈથી અમલ કરાવ્યો.



તેમના જીવનનાં છેલ્લાં ચાળીસ વર્ષ તેઓ તેમના મિત્રો તથા પ્રશંસકો તરફથી સ્વેચ્છાએ મળતી દાનની રકમ ઉપર જીવ્યા. ટૉલ્સ્ટૉય ફાર્મ ઉપર ગાંધીજીને તથા તેમના કુટુંબને જે ખર્ચ થતો તે બધો ખર્ચ તેમના જર્મન મિત્ર કેલનબૅકે ઉપાડી લીધો હતો. હિંદમાંના તેમના આશ્રમો તેની તરફ સહાનુભૂતિ રાખનારાઓની મદદથી ચાલતા હતા.

પંડિત માલવિયા ભિખારીઓના રાજકુમાર તરીકે અને ગાંધીજી ભિખારીઓના રાજા તરીકે ઓળખાતા. લોકોના કામ માટે પૈસા માગી લાવવાના ઇતિહાસમાં ગાંધીજીએ વિશ્વવિક્રમ સર્જ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં જ્યારે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના સભ્યો પાસે લવાજમ ઉઘરાવવાનું કામ તેમના હસ્તક હતું ત્યારે તેમને પોતાની આ શક્તિઓનો ખ્યાલ આવ્યો. એક સાંજે રાત પડવા આવી હતી તે વખતે તેઓ એક ધનિક દાતાને ત્યાં ગયા. તેમની પાસેથી તેમને એંસી રૂપિયા મળવાની આશા હતી. તેમને સમજાવવાની બધી દલીલ એળે ગઈ. દાતાએ ચાળીસ રૂપિયા ધર્યા. ગાંધીજી ભૂખ્યા હતા, થાક્યા હતા, પણ મક્કમ હતા. તેમણે વધારે જોરદાર રજૂઆત કરી. તેઓ આખી રાત ત્યાં બેસી રહ્યા અને પો ફાટતાં તેમને એંસી રૂપિયા મળ્યા.

દક્ષિણ આફ્રિકાના હિંદી વસાહતીઓની ભવ્ય ચળવળ સમયે, ચળવળમાં ભાગ લેનાર પાંચ હજાર સૈનિકો તથા કુટુંબોને ટેકો અને રાહત આપવા માટે જે ઉઘરાણું કરવામાં આવ્યું હતું તેની મુખ્ય જવાબદારી ગાંધીજીએ ઉપાડી હતી. આ અંગે રોજનું બત્રીસસો રૂપિયા ખર્ચ થતું. ગાંધીજીએ તાર દ્વારા કરેલા અનુરોધનો હિંદે ઉદાર હાથે જવાબ વાળ્યો હતો. રાજવીઓએ તથા ધનિક વેપારીઓએ પૈસા મોકલ્યા હતા. કૉંગ્રેસના અધિવેશનમાં તેમની લડતને મદદ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. શ્રોતાઓએ એ અનુરોધના જવાબમાં નોટોનો તથા ચાંદી અને સોનાનો વરસાદ વરસાવ્યો હતો.



ગાંધીજીએ ભેટોની પહોંચ મોકલી હતી તથા તમામ ખર્ચનો વિગતવાર હિસાબ મોકલી આપ્યો હતો. લોકોએ જે ભાવથી દાન આપ્યું હતું તેને તેમણે બરાબર માન આપ્યું હતું અને રાહત ખર્ચ માટે આપવામાં આવેલા પૈસામાંથી એક પાઈ પણ બીજી જરૂરિયાતને પહોંચી વળવા માટે ખરચી નહોતી. લોકો પાસેથી ઉઘરાવેલા પૈસાને કેવી રીતે ખર્ચવા તે બાબતમાં તેઓ ખાસ ચીવટ રાખતા. તિલક સ્વરાજ્ય નિધિ અંગે ટીકાકારોએ ટીકા કરી ત્યારે તેમણે એવી ટીકા કરનારાઓને હિસાબનીસે તપાસેલા અને મંજૂર કરેલા હિસાબો જોવા માટે આમંત્રણ આપ્યું હતું. તિલક સ્વરાજ્ય નિધિ માટે તેમણે ત્રણ મહિનામાં એક કરોડ રૂપિયા ઉઘરાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. જ્યાં ધંધાદારી નાટક ભજવવામાં આવતું હતું ત્યાં જો તેઓ માત્ર દસ મિનિટ હાજરી આપે તો નાટકકારો પચાસ હજાર રૂપિયા ઉઘરાવી આપી શકે એમ છે, એવી વાત તેમના એક મિત્રે તેમને સમજાવી હતી. ગાંધીજીએ એ રીતે એક પાઈ પણ સ્વીકારવાની ના પાડી હતી તેમ છતાં ઉઘરાણાનો કુલ આંકડો ૧,૧૫,૦૦,૦૦૦ સુધી પહોંચ્યો હતો. તેઓ ઘણી વાર કહેતા કે, ''પૈસાદારો પાસેથી મળતી હજારોની રકમને હું આવકારું છું, પરંતુ આ કામને સાચું બળ તો ગરીબો પાસેથી મળતા એક એક પૈસાથી અને એક એક રૂપિયાથી જ મળે છે.. સભાનતાપૂર્વક આપેલો એક એક પૈસો એ તેને આપનારની

સ્વરાજ્યની સ્થાપના માટેની મક્કમતાનું પ્રતીક જણાશે.'' પોતાની પાસેના પૈસાને બરાબર બાંધી રાખનારી ગાંઠને ધ્રૂજતે હાથે છોડતા ગરીબ ઘરડા લોકોને તેઓ કદી ભૂલી શકશે નહીં. તેમની બચત સ્વેચ્છાએ સમર્પી દેતા તેની ગાંધીજી કદર કરતા. તિલક સ્વરાજ્ય નિધિ ઉપરાંત તેમણે વાલિયામા નામની એક શહીદ બાળા, ગોખલે, લજપતરાય, દેશબંધુ દાસ, ઍન્ડ્રૂઝ તથા જલિયાંવાલા બાગની કતલનો ભોગ બનેલાઓના સ્મારક માટે ફાળા ઉઘરાવ્યા હતા. તેમણે નક્કી કરેલી સમયમર્યાદામાં જલિયાંવાલા બાગનું સ્મારક રચવા માટેનો ફાળો ભેગો નહીં થાય તો પોતે આશ્રમ વેચી નાખશે અને તેમનાથી આપી શકાય તેટલું બધું તે ફાળામાં આપી દેશે એમ તેમણે લોકોને કહ્યું હતું. દેશબંધુના સ્મારક માટે ઉઘરાવવામાં આવેલા ફાળામાં બે મહિનામાં દસ લાખ રૂપિયા ભેગા થયા હતા. શાંતિનિકેતન માટે પૈસા ભેગા કરવા સારુ ટાગોર હિંદની મુસાફરી કરી રહ્યા છે તથા તેમનાં નાટકોને જાહેરમાં રજૂ કરી રહ્યા છે એવી ગાંધીજીને જાણ થતાં તેમણે એ વૃદ્ધ કવિને તેમનું આ સાહસ અટકાવી દેવાની વિનંતી કરી અને પહેલા હપતા તરીકે ૫૦,૦૦૦ રૂપિયાની રકમ દાનમાં આપી.

નદીમાં આવેલા પૂરથી, દુષ્કાળથી કે ધરતીકંપને કારણે જ્યારે દેશમાં વિનાશ ઊતરી આવતો ત્યારે આ મહાત્મા પૈસા ઉઘરાવવા નીકળી પડતા. ખાદીકાર્યના પ્રચાર માટે તેમ જ અસ્પૃશ્યતાનું પાપ ધોઈ નાખવા માટે તેમણે હિંદભરની અનેક મુસાફરીઓ કરી હતી. હરિજન ફાળા માટે તેમણે બે કરોડ કરતાં પણ વધારે રૂપિયા ભેગા કર્યા હતા. ભૂખ્યા લોકોને ખવરાવવા માટે કોઈ દાન આપતું તો ગાંધીજી તેવા પૈસા લેવાની ના પાડતા. માનવીની ખરી ભૂખ અન્નના ટુકડાની નહીં પરંતુ સ્વાભિમાનપૂર્વક જીવતા માણસ તરીકે સારી રીતે જીવવાની છે: ''કોઈ નાગા ભૂખ્યાંને, દુ:ખી અવસ્થામાં તેમને જે કામની જરૂર છે તે કામ આપવાને બદલે, જેની તેમને જરૂર નથી તેવાં કપડાં આપી તેનું અપમાન કરવાની મારે ના જ પાડવી રહી. હું તેમને રોટલાનો ટુકડો કે ઊતરેલાં કપડાં એ બેમાંથી એકે ન આપું.''



જેલના દાક્તરે એક વખત ગાંધીજીને પૂછ્યું, ''ગાંધીજી, સશક્ત માણસને ભીખ માગવાની મનાઈ કરવી જોઈએ એમ તમને નથી લાગતું? તમે એવી જાતનો કાયદો બનાવશો?'' જવાબમાં ગાંધીજીએ કહ્યું: ''જરૂર બનાવીશું. પરંતુ મારા જેવા માણસને ભીખ માગવાની છૂટ રાખીશું.'' 'ઘરમની ગાયના દાંત ન જોવાય' એવી પ્રચલિત કહેવતનો તેમણે દેખીતી રીતે વિરોધ કર્યો હતો. ગાંધીજીનાં સૂત્રો, દાતાઓ પાસે દાન માગવાની રીત, તથા દાન સ્વીકારવા માટે તેઓ જે શરત રજૂ કરતા તે કંઈક અનોખાં હતાં. ટ્રેનમાં, પ્લૅટફૉર્મ પર અથવા ચાલતી મોટરમાં ઊભા રહી તેઓ તેમનું ભિક્ષાપાત્ર લોકો તરફ ધરતા. ગરીબો માટે તેમને પૈસા આપવા પડાપડી થતી. ગામડામાં વસતા સેંકડો વૃદ્ધ અને અશક્ત સ્ત્રીપુરુષો તેમની નાની ભેટ ગાંધીજીને આપવા માટે ગાઉના ગાઉ ચાલીને આવતા. કોઈ રીંગણાં અને કોળું લઈ આવતું તો કોઈ પોતાની વાડીમાં થતાં શાકભાજી લાવતું. છાત્રાલયમાં રહીને ભણતા વિદ્યાર્થીઓની એક આદર્શ શાળાના વિદ્યાર્થીઓએ તેમને હાથે કાંતેલા સૂતરની આંટીનો ઢગલો, તેમણે જાતે વણેલો ખાદીનો નાનો તાકો, તથા તેમણે થોડા દિવસ સુધી ઘી અને ઘઉં

ન ખાઈને બચાવેલી નાનીશી રકમ ભેટ આપી હતી. એક વખત એક વિધવા બાઈ ગાંધીજીને આપવા માટે બે આના ઉછીના લઈ આવી હતી. ''તમે માત્ર બે જ આના કેમ આપ્યા?'' એવા સવાલના જવાબમાં તેણે કહ્યું, ''કોઈ મદદ કરવાના ખ્યાલથી મેં તે નથી આપ્યા, પરંતુ સર્વત્યાગી મહાત્માને કંઈક આપવાનું મારું સ્વપ્નું સિદ્ધ કરવા મેં આ બે આના આપ્યા છે.''

માઈક્રોફોન, તાર તથા વર્તમાનપત્રો દ્વારા પોતાનો અનુરોધ મોકલનાર ગાંધીજી લાખ બે લાખ રૂપિયા તો રમતવાતમાં ભેગા કરી શકતા. એક વખત ગાંધીજીએ એક પત્રકારની હેટને તેના માથા પરથી ઊંચકી લઈ તેનો ભિક્ષાપાત્ર તરીકે ઉપયોગ કર્યો હતો. પોતાના માથા પરથી હેટ ગુમ થઈ જતાં કંઈક મૂંઝવણમાં મુકાઈ ગયેલો એ પત્રકાર, ભીખ માગવાની ગાંધીજીની નવી રીતનો પહેલો શિકાર બન્યો હતો. ભિક્ષાપાત્ર તરીકે કામમાં લેવાતી હેટમાં તેને કંઈક આપવું પડ્યું હતું.

ફાળો ભેગો કરવા માટે ગાંધીજી બ્રહ્મદેશના પ્રવાસે ગયા હતા. તે વખતે તેઓની માગણી આ પ્રમાણે હતી : ''હું ચૌદ વર્ષે બ્રહ્મદેશની મુલાકાતે આવ્યો છું. ચૌદ વરસે એક વખત દુકાળ પડે તો તેનો તમારાથી થાય તેટલી હિંમત ભેગી કરી સામનો કરવામાં તમે પાછા પડો તેમ નથી. તમારી પાસે હું કદાચ ફરી વાર નહીં આવી શકું. દરિદ્રનારાયણના આ પ્રતિનિધિની ભૂખ તમે સંતોષશો એવી મને આશા છે.'' પૈસાપાત્ર વેપારીઓ તરફથી મળેલા કંગાળ દાનની રકમ બદલ તેમને ઠપકો આપતાં તેમણે કહ્યું હતું, ''દાનની આ યાદી ફાડી નાખો અને નવી યાદી બનાવો. બીજાઓ કરતાં ગુજરાતીઓના ગજવામાં હું મારો હાથ જરૂર કંઈક ઊંડો



નાખીશ. હું ગુજરાતનો શેઠ છું – વાણિયો છું.'' આટલા ઠપકાથી ફાળાની યાદીનો આંકડો ત્યાં ને ત્યાં જ બમણો થઈ ગયો. સિલોનવાસીઓને તેમણે કહ્યું : ''રાજપુત્ર મહેન્દ્ર જ્યારે સિલોન આવ્યો હતો ત્યારે માતૃભૂમિના લોકો ભૂખે મરતા નહોતા. અમારો સિતારો તે વખતે ઊંચે ને ઊંચે જતો હતો અને તે ખ્યાતિમાં તમે ભાગીદાર બન્યા હતા. જો તમે તેમની સાથેના તમારા કૌટુંબિક નાતાને માન્ય રાખતા હો અને તેને માટે અભિમાન લેતા હો, તો તમારે માત્ર પૈસા જ નહીં પણ તમારાં ઘરેણાં પણ આપી દેવાં જોઈએ.'' કચ્છીઓ તરફથી મળતા પૈસાનો ઉપયોગ કચ્છીઓ માટે જ કરવાની દલીલને નકારી કાઢતાં તેમણે કહ્યું હતું : ''જો તમે મને વિશ્વાસથી પૈસા આપતા હો તો એ પૈસા કેવી રીતે વાપરવા તથા ક્યાં વાપરવા તે માટે પણ તમારે મારામાં પૂરેપૂરો વિશ્વાસ મૂકવો જોઈએ.''

ભારે દુઃખની પળોમાં તેમણે કહ્યું હતું : ''હનુમાનની જેમ હૃદય ચીરીને બતાવવાની શક્તિ મારી પાસે નથી. હું તમને ખાતરી આપું છું કે તેમાં તમને રામ માટેના મારા પ્રેમ સિવાય બીજું કંઈ નહીં મળે. એ રામનું હું હિંદના લાખો ભૂખે મરતા લોકોમાં હૂબહૂ દર્શન કરી રહ્યો છું.'' તેમણે અનેક વાર રોજની બાર બાર સભાઓમાં હાજરી આપી હતી. તેમનાં ભાષણમાં તેઓ કહેતા : ''મને તમે પૈસો, બે પૈસા, તમારાથી જે અપાય તે, એક પાઈ આપી શકો તો એક પાઈ આપો.'' નાગરિકો તરફથી તેમને સન્માનવાના કાર્યક્રમમાં માનપત્ર સ્વીકારી તેઓ કહેતા: ''પૈસાની થેલી ક્યાં છે?'' જો ક્યારેક તેમને પૈસા મળતા નહીં તો તેઓ કહેતા : ''હું અહીંથી જવાનો નથી. હું અહીં એકલો બેસી

રહીશ.'' આ રીતે તેઓ લોકોને ફાળો આપવા માટે દબાણ કરતા. કેટલીક વખત હિલોળે ચડેલા માનવ સમુદાયમાં ઘર, ઘરેણાં, ચેક, નોટો, સોના, ચાંદી ને તાંબાના સિક્કા, સૂતર અને ખાદીની ભેટ આપવા માટે લોકો મધરાત સુધી વાટ જોઈને ઊભા રહેતા. તેમની ઈક્યોતેરમી વર્ષગાંઠને દિવસે તેમને ૭૮ લાખ આંટીઓ ભેટ આપવામાં આવી હતી.

એક વખત ઉઘરાણીમાં ભેગી થયેલી વસ્તુઓમાં એક કોડી આવી ગઈ. ગાંધીજીને મન એની કિંમત સોનાથી પણ વધારે હતી. તે મોટામાં મોટા ત્યાગના પ્રતીક સમાન હતી. એક ખૂનીએ ફાંસીને માંચડે ચડતાં પહેલાં પોતાની છેલ્લી સૂચનામાં તેની પાસે હતી તેટલી બધી રકમ - સો રૂપિયા - ગાંધીજીને રાષ્ટ્રીય કામમાં આપી દેવાનું જણાવ્યું હતું.

સભામાં ભેગા થયેલા પૈસા ગણવા માટે તેમ જ ભેગી થયેલી વસ્તુઓ લઈ જવા માટે ગાંધીજીને હંમેશાં ત્રણથી ચાર સેવકોની મદદ લેવી પડતી. તેમના ઉઘરાણામાં તાંબાના પૈસા ઘણા આવતા. આવા તાંબાના પૈસા ગામડિયાઓ વરસો સુધી જમીનમાં દાટી રાખતા. એક વખત ઉઘરાણાનું કામ પૂરું થતાં એક સ્વયંસેવકે પોતાના હાથ પર પડી ગયેલું લીલું ચાઠું ગાંધીજીને બતાવ્યું. આ ચાઠું ઉઘરાણામાં આવેલા જમીનમાં દાટી રાખેલા તાંબાના પૈસાઓની હેરફેર કરવાને લીધે પડી ગયું હતું. ગાંધીજીએ કહ્યું, ''આ ભેટ પવિત્ર છે. આપણે માટે એ સમર્પણ અને તેમને માટે એ અંધકારમાં ડૂબેલી દુનિયામાં આશાનું કિરણ છે. તેમને માટે સારા દિવસો આવવાના છે તેનું એ પ્રતીક છે''.

ગાંધીજીની પરસ્પર વિરોધાભાસી લાગતી વાતોમાંની એક વાત



ધંધાદારી ભીખ માગવાની પ્રવૃત્તિને ઉત્તેજન ન આપવાની હતી. સભ્યતા અને સ્વમાનની બધી લાગણીઓને કોરે મૂકીને રોટલો મેળવવા માટે મરણિયા થઈને ભીખ માગતા ભિખારીને જોઈને તેમનું મન બળવો પોકારી ઊઠતું. તેમણે ગરીબોને કામ આપવાને બદલે ભીખમાં કંઈક આપવાના રિવાજને માન્ય રાખ્યો નહોતો. હિંદુસ્તાનમાં સાધુઓની સંખ્યાનો આંકડો વધીને છપ્પન લાખ કરતાં પણ આગળ નીકળી ગયો છે તે બદલ ગાંધીજીએ દુઃખ વ્યક્ત કર્યું હતું. શારીરિક રીતે જેઓ અશક્ત હોય તેમના સિવાયની એક પણ વ્યક્તિ, સમાજને માટે કંઈક ઉપયોગી કામ કર્યા વગર દયાદાનના રોટલા પર જીવે તેવું ગાંધીજી નહોતા ઈચ્છતા. ભીખ લેવી અને આપવી એ બેમાંથી એકેય વાત બરાબર નથી. જેનું શરીર સશક્ત છે તેને માટે ભીખ માગવી એ ચોરી કરવા બરાબર છે.

બિહારના ધરતીકંપનો ભોગ બનેલાઓને તથા છાવણીમાં રહેતા નિરાશ્રિતોને તેમણે તેમને જે ખાવાનું, રહેઠાણ તથા કપડાંલત્તાં મળે છે તેના બદલામાં કામ કરવાનું કહ્યું. જો તેમ નહીં થાય તો તેમનાં મગજ જાહેર ફાળા દ્વારા ભેગા કરેલા પૈસા પર સ્વેચ્છાએ આધાર રાખતાં થઈ જશે એમ તેમણે કહ્યું. જાહેર ફાળા પર જીવવું એ કોઈને માટે સારી વસ્તુ નથી. એવા લોકોને તેમની સલાહ હતી કે, ''સારું પ્રામાણિક કામ કરો. મારે ભિખારીઓ નથી જોઈતા. કામ માગો અને મન દઈને તે પૂરું કરો. કામ કરો, કામ કરો, ભીખ ન માગો.''

# લૂંટારા

જો ગાંધીજી ભિખારીઓના રાજા હતા, તો લૂંટારાઓના રાજકુમાર પણ હતા.

હિંદમાં દિવસે દિવસે તવંગર વધુ ને વધુ તવંગર થતા જાય છે અને ગરીબો વધુ ને વધુ ગરીબ થતા જાય છે એ તેમણે જોયું. તેઓ સમાનતા વિશેના તેમના પોતાના વિચારોનો અમલ કરવા માગતા હતા. તેમની નેમ ગામડાના જીવનને ફરીથી વ્યવસ્થિત કરી ગામડાના લોકોને રાહત આપવાની હતી.

જરૂરિયાતવાળાઓને મદદ કરવા માટે તેમણે ધનવાનોને લૂંટ્યા. તે માટેના હથિયાર તરીકે ઝળકતી મશાલ અને ચમકતી તલવારને સ્થાને પ્રેમભર્યા આગ્રહનો અને નૈતિક દબાણનો ઉપયોગ કર્યો. તેમણે ધનિકોને તેમની પાસે જે ધનનો સંગ્રહ છે તે છોડવાનું, વિદ્વાનોને તેમના જ્ઞાનને લોકોમાં પહોંચાડવાનું, મૂડીપતિઓને તેમનો નફો મજૂરો સાથે ન્યાયપુરઃસર વહેંચવાનું, શાસકોને તેમની રૈયતના માનવ હકો મંજૂર રાખવાનું અને બીકણ અને આળસુ દેશવાસીઓને તેમની આળસ ખંખેરી નાખવાનું કહ્યું. પરદેશી શાસકો લોકોના હિતની ઉપેક્ષા કરતા હતા. તેમના હાથમાંથી સત્તાની લગામ છીનવી લેવા માટે તેમણે લોકોને પ્રોત્સાહન આપ્યું. નિશ્ચિત ધ્યેયને વરેલા આ મહાત્માના હૃદયપૂર્વકના અનુરોધની જાદુઈ અસર થઈ અને તેણે યુવાન અને





વૃદ્ધ તથા સામાન્ય ગ્રામજનો અને ચતુર વેપારીઓનાં હૃદય જીતી લીધાં. એક વંટોળિયાની જેમ તેમણે હિંદના એક છેડાથી માંડીને બીજા છેડા સુધી મુસાફરી કરી અને લોકોને તેમનું ધન, તેમનાં બાળકો, તેમનું સર્વસ્વ રાષ્ટ્રની વેદી પર ધરી દેવા માટે તૈયાર કર્યા. લોકોનાં સૂન મારી ગયેલાં મગજને તેમણે જાગ્રત કર્યાં. લોકોએ દેશની સેવા માટે પોતાનાં બાળકો તેમને આપ્યાં, પરદાનશીન સ્ત્રીઓએ પોતાનાં ઘરેણાં કાઢી આપ્યાં અને ગરીબોએ તેમની પાસે જે કંઈ નાનીશી રકમ હતી તે તેમને આપી દીધી.

એક વખત દેશમાં પાક નિષ્ફળ ગયો. ખેડૂતો ભારે દુઃખમાં આવી પડ્યા. આમ છતાં સરકારે પૂરું મહેસૂલ માગ્યું. કર વસૂલ કરનારાઓના જુલમથી ત્રાસી ગયેલા અસહાય ખેડૂતો કર ભરી દેવા માટે તેમના હળ અને બળદ વેચી દેવાનું વિચારવા લાગ્યા. ગાંધીજીએ તેમને કર ન ભરીને સરકારને લૂંટી લેવાનું જણાવ્યું. લોકોએ નાકરની લડત આદરી. ગાંધીજીની આગેવાની હેઠળ સત્યાગ્રહી ખેડૂતોની એક ટુકડીએ પ્રતિજ્ઞા લીધી : ''અમે આ વરસનું પૂરું કે બાકી પડતું મહેસૂલ અમારી જાતે ભરીશું નહીં, એવી અમે પ્રતિજ્ઞા લઈએ છીએ. તેમ કરવા જતાં જો કદાચ અમારી જમીન જપ્ત થાય તો અમે તેને જપ્ત થવા દઈશું.'' સરકારે ઊભા પાક સાથે ખેડૂતોની જમીન જપ્ત કરી લીધી. તમારી મહેનતનું ફળ ભોગવવાનો તમને અધિકાર છે એ વાત ગાંધીજીએ ખેડૂતોને ગળે ઉતારી અને તેમને જપ્ત કરેલ ડુંગળીનું ખેતર લૂંટી લેવાનો આદેશ આપ્યો. તે પ્રમાણે સ્વયંસેવકોની એક ટુકડીએ પાક લૂંટી લીધો. આ લૂંટારુ સ્વયંસેવકોની ટુકડીના

આગેવાન શ્રી મોહનલાલ પંડ્યાની ધરપકડ કરવામાં આવી. તેઓ છૂટ્યા ત્યારે તેમને ભારે માન આપવામાં આવ્યું અને તેમણે 'ડુંગળીચોર'નો ખિતાબ મેળવ્યો. ગાંધીજીએ તેમના કપાળમાં વિજયતિલક કર્યું અને એ સભાનું પ્રમુખસ્થાન લીધું.

બીજા એક પ્રસંગે દુકાળની પરિસ્થિતિમાં ગાંધીજીએ ખેડૂતોને આવી જ જાતની સલાહ આપી હતી. જમીનનું મહેસૂલ ન મળતાં સરકારી અધિકારીઓ ઘણા ગુસ્સે થયા હતા. તેમણે ખેડૂતોની માલમિલકત જપ્ત કરી લીધી હતી અને તેમને તેમનાં ઝૂંપડાં ખાલી કરવાની ફરજ પાડી હતી. ખેડૂતોએ પોતાની હતી તેટલી બધી આછીપાતળી ઘરવખરી ભેગી કરી પોતાના બાપદાદાનાં ઘરો છોડીને બીજે હિજરત કરી હતી. સરકારી અધિકારીઓએ જપ્ત કરેલી જમીન હરાજી કરી જોવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ તેમને કોઈ ખરીદનાર મળ્યા નહીં. લાંબી તપાસને અંતે ખેડૂતોની માગણીઓમાંની કેટલીક માગણીઓ સ્વીકારવામાં આવી અને તેમનું તે વરસનું મહેસૂલ માફ કરવામાં આવ્યું.

ચંપારણમાં ગોરા નીલવરો ખાસ સત્તાઓનો ઉપયોગ કરી ખેડૂતોને ગળીની ખેતી કરવાની ફરજ પાડતા હતા અને નિયમિત પગાર નહોતા આપતા. ખેડૂતો પાસે બળજબરીથી મજૂરી કરાવી તેમાંથી તેઓ મોટો નફો કરતા હતા. આમાંથી ઊગરવાનો કંઈક રસ્તો કાઢવા માટે આ જુલમથી ત્રાસેલો એક ખેડૂત ગાંધીજીને જઈને મળ્યો. ગાંધીજી ચંપારણ ગયા. તેમણે ઝીણવટભરી તપાસ કરી અને ખેડૂતોને આ ત્રાસમાંથી મુક્ત કરવાનું કામ ઉપાડી લીધું. લાંબી વાટાઘાટો તથા દેખાવો થયા. આ બધાને અંતે એ ખરાબ પ્રથાનો અંત આવ્યો અને નીલવરોને મોટા નફા મળતા બંધ થયા.



ચંપારણમાંથી સૈકા જૂનું ગળીનું કલંક ભૂંસાઈ ગયું.

રોજની માથાદીઠ એક આનાની કંગાળ આવકની સરખામણીમાં મીઠા પરનો વેરો હિંદમાં વધારે પડતો હતો. જેમને લોટની ઘેંશ અને મીઠું જ ખાવા મળતું હતું તેવા હજારો ભૂખે મરતા લોકોને માથાદીઠ ભારે કર ભરવો પડતો હતો. દેશના કેટલાક ભાગોમાં દરિયાકિનારે થતા મીઠાના અગરોમાંથી કુદરતી રીતે તૈયાર થતું મીઠું મેળવી શકાય તેમ હતું. પરંતુ કાયદાથી મીઠું પકવવાની બંધી કરવામાં આવી હતી. આના વિરોધમાં ગાંધીજીએ મીઠાની લડત ઉપાડી. આ શોષણનો અંત લાવવાનું તેમણે નક્કી કર્યું. ''મારે જે જોઈએ છે તે લઈને પાછો આવીશ અથવા મારું શબ દરિયામાં તરતું હશે.... જો આપણને મારી નાખવામાં આવશે તો આપણે સ્વર્ગમાં જઈશું, જો આપણને કેદ કરવામાં આવશે તો આપણે જેલમાં જઈશું અને જો વિજય મેળવીશું તો ઘેર પાછા આવીશું.'' તેમના આશ્રમથી પચીસ દિવસમાં બસો એકતાળીસ માઈલની કૂચ કરી દાંડીના દરિયાકિનારે કુદરતી રીતે તૈયાર થયેલું થોડું મીઠું હાથમાં ઉપાડી લઈ તેમણે મીઠાના કાયદાનો ભંગ કર્યો. સરોજિની નાયડુએ તિલક કરીને તથા હાર પહેરાવીને કાનૂનભંગ કરનારાઓનું અભિવાદન કર્યું. ગાંધીજીએ કહ્યું : ''કુદરતી રીતે તૈયાર થયેલું ચપટી મીઠું હાથમાં લેવું એ તો બચ્ચાંનો ખેલ છે. મારે તો બધા મીઠાનો કબજો લેવો છે.'' દેશભરમાં લોકોએ કાનૂનભંગ કરી મીઠું ભેગું કરવા માંડ્યું. ગેરકાયદે મીઠા માટે પોલીસે ગાંડી તપાસ આદરી. પડદો પાળતી સ્ત્રીઓને લઈ જતી પાલખીઓની પણ ઝડતી લેવામાં આવી. એક વખત મોટરમાં પસાર થતાં થતાં એક પોલીસને સંબોધીને ગાંધીજીએ કહ્યું, ''મારી પાસે થોડું ગેરકાયદે

મીઠું છે. તારે મને રોકવો છે ?''

ધરાસણાના મીઠાના સંગ્રહ પર દરોડો પાડવાનું ગાંધીજીએ નક્કી કર્યું. તેમને અગાઉથી પકડી લેવામાં આવ્યા અને તેથી યોજના ખોરવાઈ ગઈ. તેમનું અહિંસક લૂંટારુઓનું સૈન્ય કૂચ કરતું મીઠાનો સંગ્રહ કરી રાખવામાં આવ્યો હતો ત્યાં પહોંચ્યું. ભયાનક લડાઈ ફાટી નીકળી. પોલીસે કડિયાળી ડાંગે ડાંગે સ્વયંસેવકોને માર માર્યો. હાડકાં ભાંગ્યાં. માથાં ફૂટ્યાં અને એ ઘામાંથી લોહીની છોળો ઊડી. હિંદના બીજા ભાગોમાં પણ ઘણી મીઠાની વખારો લૂંટવામાં આવી. એક વરસમાં મીઠાનો કાયદો હળવો કરવામાં આવ્યો. મીઠું ભેગું થતું હોય તેવી જગ્યાની નજીક આવેલાં ગામોમાં ઘરગથ્થુ વપરાશ માટે યા વેચાણ માટે મીઠું બનાવવાનું કે સંઘરવાનું કામ હવે ગેરકાયદે ન રહ્યું.

છેતરપિંડી કરવા કરતાં લૂંટ કરવી વધારે સારી છે એવું બતાવી આપનાર ગાંધીજી અંગ્રેજ સરકારને ભારે પડી જાય એવા દુશ્મન હતા. અંગ્રેજો હિંદમાં વેપાર કરવા આવ્યા હતા. તેમણે હિંદનાં બજારો કબજે કર્યાં અને અન્યાયી સાધનો વડે તેમણે એક કાળે આખી દુનિયા જેની અદેખાઈ કરતું હતું તેવા હાથવણાટના ઉદ્યોગોનો નાશ કર્યો. કાંતનારાઓના અંગૂઠા બળજબરીથી કાપી નાખવામાં આવ્યા. ત્રાક અને હાથસાળો ધૂળ ખાતી પડી રહી. કેટલાક કારીગરોએ ખેતીનો આશરો લીધો તો બાકી સામાન્ય મજૂરીના કામ તરફ વળ્યા. જ્યાં સમૃદ્ધિની છોળો ઊડતી હતી ત્યાં કંગાલિયતના ઓળા પથરાઈ ગયા. લૅંકેશાયર અને માંચેસ્ટરથી આયાત કરવામાં આવેલું કાપડ હિંદમાંથી કરોડો રૂપિયા ઢસડી ગયું. વેપારીનો ગજ રાજદંડમાં ફેરવાઈ ગયો.



પરદેશી કાપડ, દારૂ અને વિલાયતી માલનો બહિષ્કાર કરવાનો વિચાર ગાંધીજીને સૂઝ્યો. પોતાના દેશવાસીઓને કાંતવાની, વણવાની અને ઘરે બનાવેલી ખાદી વાપરવાની વાત તેઓ અથાકપણે સમજાવતા રહ્યા. લોકોએ એ વાતને ઉમળકાથી વધાવી લીધી. ગાંધીજીએ હાથકાંતણ ને હાથવણાટના ઉદ્યોગને સજીવન કર્યા અને પરદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાંઓ પર પિકેટિંગ કરવા માટે સ્વયંસેવિકાઓની ટુકડીઓ તૈયાર કરી. શહેરોમાં તથા ગામડાંઓમાં તેમણે સભાઓને સંબોધી અને ભપકદાર પરદેશી કાપડની હોળી કરી. આયાત વેપારને ભારે ફટકો પહોંચ્યો. અંગ્રેજોની માલિકીની કાપડની ઘણી મિલો બંધ થઈ ગઈ. ગાંધીજીની હાથે કાંતેલા સૂતરની આંટીરૂપી ગોળીઓએ કાપડ સૂતરના અંગ્રેજ કારીગરોને ઈજા પહોંચાડી. હજારો બેકાર બન્યા. વરસો બાદ જ્યારે ગાંધીજી લૅંકેશાયરની મુલાકાતે ગયા ત્યારે તેમણે મિલકામદારોના સમૂહને સંબોધતાં કહ્યું : ''અહીંની બેકારી જોઈને મને ભારે દુઃખ થયું છે. તમારે ત્યાં ત્રીસ લાખ બેકારો છે, પણ અમારે ત્યાં તો લગભગ ત્રીસ કરોડ માણસો છ મહિના બેકાર રહે છે. તમને બેકારીની રાહતમાં સિત્તેર શિલિંગ મળે છે, અમારી સરેરાશ આવક મહિને સાડાસાત શિલિંગની છે. શું તમે હિંદના કાંતનારા તથા વણનારા અને તેમનાં ભૂખ્યાં બાળકોના મોઢામાંથી રોટલાનો ટુકડો છીનવી લઈને આબાદ થવા માગો છો? જો હિંદ પોતે પોતાને જોઈતું કાપડ બનાવી શકતું હોય તો લૅંકેશાયરનું કાપડ ખરીદવા માટે તે નૈતિક રીતે બંધાયેલું છે ખરું? શું તમે હિંદના કરોડો ગરીબોની કબર ઉપર આબાદ થવા ધારો છો?'' તેમને ઉલ્લાસભેર આવકારનાર બ્રિટિશ કામદારો

સાથેની આ નિખાલસ વાતથી ગાંધીજી તેમનામાં પ્રિય થઈ પડ્યા.

ગરીબ અને તવંગર વચ્ચે આવક તથા સામાજિક સગવડોમાં રહેલો ભેદભાવ દૂર કરવા માટે ગાંધીજીએ તમામ પ્રયાસો કર્યા હતા. એક વખત ભંગીઓની એક સભામાં એક બહેને સોનાની બે બંગડીઓ પોતાના હાથ પરથી ઉતારી ગાંધીજીને ભેટ આપી હતી અને કહ્યું હતું, ''આજકાલ પતિદેવો તેમની પત્નીઓ માટે ઘણું થોડું બચવા દે છે. એટલે હું મારા અલ્પ ફાળા તરીકે મારાં ઘરેણાંમાંથી જે કંઈ બચ્યું છે તે હરિજનોની સેવા માટે અર્પણ કરું છું.'' ગાંધીજીએ જવાબમાં કહ્યું, ''મારે કબૂલ કરવું જોઈએ કે હું દાક્તરો, વકીલો અને વેપારીઓને ફકીર બનાવી દેવામાં નિમિત્તરૂપ બન્યો છું. તે માટે મને પસ્તાવો થતો નથી. જ્યાં લોકો રોજના એક પૈસાનું ધન મેળવવા માટે માઈલોનું અંતર પગે ચાલીને કાપતા હોય તેવા હિંદ જેવા ગરીબ દેશમાં કોઈ પણ માણસ કોઈ પણ જાતનું ઘરેણું પહેરે એ જરૂરી નથી.'' કેટલાક કિસ્સાઓમાં જુવાન સ્ત્રીઓના હાથ પરથી બંગડી બહાર નીકળી શકતી નહોતી ત્યારે ગાંધીજીએ એ બંગડીને કાપીને બહાર કાઢી હતી. સ્ત્રીઓને લોકહિતનાં કામો માટે તેમનાં ઘરેણાં દાનમાં આપી દેવા માટે ભારપૂર્વક સમજાવવાની ગાંધીજીની રીતને તેમના ટીકાકારોએ વખોડી કાઢી હતી. ગાંધીજી એ ટીકાઓ સામે અડીખમ બનીને ઊભા રહ્યા : ''મારી સભામાં આવનાર હજારો બહેનો જે ઘરેણાં પહેરે છે તે બધાં નહીં તો તેમાંથી મોટા ભાગનાં મને આપી દે તેમ હું ઇચ્છું છું.'' આ અનુરોધે વધુ સ્ત્રીઓને તેમનાં ઘરેણાં ભેટ ધરી દેવાની પ્રેરણા આપી. એક યુવાન વિધવાએ ગાંધીજીને પોતાને ઘેર આમંત્ર્યા અને પોતાનાં બધાં ઘરેણાં તેમને આપી દીધાં. જેનો પતિ મહિને માત્ર ચાળીસ રૂપિયા જ કમાતો હતો તેવી એક બીજી યુવતીએ પોતાનાં ઘરેણાંની ભેટ સ્વીકારવા માટે ગાંધીજી પોતાને ઘેર આવે એટલા માટે ઉપવાસ આદર્યા હતા.



એક જાહેર સભામાં કૌમુદી નામની એક બાળકી મંચ ઉપર આવી અને તેણે પોતાનો સોનાનો હાર, બંગડીઓ તથા બુટ્ટીઓ ગાંધીજીને ઉતારી આપ્યાં. ઘરેણાં આપનાર જે ઘરેણાં આપી દે છે તે ઘરેણાં પાછાં બનાવડાવીને પહેરે નહીં એવું ગાંધીજી તેમની પાસે વચન લેતા. કારણ, ''ચારિત્ર્ય અને શીલ એ સ્ત્રીઓનું સાચું ઘરેણું છે.'' કુમળી ઉંમરના છોકરાઓને પણ તેમણે છોડ્યા નહોતા. એક નાની છોકરી તેમને ફૂલનો ગુચ્છો ભેટ આપવા માટે આવી ત્યારે તેમની નજર તેની આંગળી પરની નાજુક વીંટી ઉપર પડી. ગાંધીજીએ તેને ગમ્મત કરાવી અને એ વીંટી દાનમાં મેળવી લીધી. એક છોકરાના સોનાના બટનમાંથી તેને મુક્ત કરી તેમણે કહ્યું, ''હવે તારે યોગ્ય રીતે ખરેખર પ્રણામ કરીને જવું જ જોઈએ. તું જાણે છે તેમ મારું લોહીનું દબાણ અત્યારે ૧૯૫° છે.'' તેમણે ક્યારેય વડીલોની સંમતિ વગર બાળકો પાસેથી કાંઈ પણ ઘરેણું સ્વીકાર્યું નહોતું.

એક પ્રખ્યાત નામચીન લૂંટારા તરીકે ગાંધીજીએ નામ કાઢ્યું હતું. તેમ છતાં જેમને તેઓ લૂંટી લેતા તેઓ તેમને હંમેશાં આવકારતા તથા તેમનામાં વિશ્વાસ મૂકતા. તેમના એક ભક્તે તેમને એના ઘરમાં રહેવા માટે દર મિનિટે એકસો સોળ રૂપિયા આપવાનું કહ્યું હતું પણ ગાંધીજી પાસે એ માટે બે મિનિટ કરતાં

વધારે સમય કાઢવાની ફુરસદ નહોતી.

તેઓ એકાએક માંદા પડી ગયા છે એવા સમાચાર સાંભળીને તેમના એક દાક્તર મિત્ર તેમની પાસે દોડી આવ્યા. ગાંધીજીએ તેમને ઠપકો આપતાં કહ્યું, ''જો હું તમને મને તપાસવાની છૂટ આપું તો મને કેટલી ફી આપશો?'' કોઈ પણ જાતની ફી મેળવવાને બદલે, ત્યાં આવતાં પહેલાં બીજા દરદી પાસેથી દાક્તરે જે કંઈ ફી મેળવી હતી, તે ગાંધીજીને આપવાનું જણાવી તેમને ખિસ્સું હળવું કરવું પડ્યું.

મોતીલાલ નેહરુ અને દેશબંધુ દાસે ગાંધીજીના કહેવાથી પોતાની ધીકતી કમાણીનો ત્યાગ કર્યો હતો અને પાતાના મહેલ જેવાં ઘરો રાષ્ટ્રને ચરણે ધરી દીધાં હતાં. ગાંધીજીએ હજારો અમીરોને ફકીર બનાવી દીધા હતા.

# જેલનું પંખી

ગાંધીજીએ બળવાની હાકલ કરી હતી. સવિનય કાનૂનભંગની સામુદાયિક લડત ઉપાડી હતી અને તેમને વારંવાર જેલમાં જવું પડ્યું હતું. જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે તેમણે ગુનો કબૂલ કરી આકરામાં આકરી સજા માગી લીધી હતી. દક્ષિણ આફ્રિકામાં તેમની તથા તેમના સહકાર્યકર પરનું તહોમતનામું તેમણે જે સાક્ષીઓ રજૂ કર્યા તેમના દ્વારા જ પુરવાર થયું હતું. મૂળે, ગુનેગારોને સજા કરવા માટે જેલમાં મોકલવામાં આવતા હતા. એટલે તેની ભયંકરતા, શરમ અને હાડમારીઓને કારણે હિંદીઓ જેલથી ડરતા હતા. ગાંધીજીએ તેમના મનમાંથી એ ડરને દૂર કર્યો.

તેઓ અગિયાર વાર જેલમાં ગયા હતા. એક વખત ચાર દિવસ દરમિયાન તેમની ત્રણ વખત ધરપકડ કરવામાં આવી હતી. જો તેમને જેલની જેટલી સજા થઈ તેટલી બધી પૂરેપૂરી ભોગવવી પડી હોત તો તેમણે અગિયાર વરસ અને ઓગણીસ દિવસ જેલમાં ગાળ્યા હોત. પ્રસંગોપાત્ત તેમની સજા ઓછી કરવામાં આવી હતી અને તેમણે કુલ છ વરસ અને દસ મહિના જેલમાં ગાળ્યા હતા. ઓગણચાળીસ વરસની ઉંમરે તેમણે પહેલી વાર જેલમાં પ્રવેશ કર્યો હતો. છેલ્લી વખત તેઓ જેલના દરવાજામાંથી બહાર નીકળ્યા ત્યારે તેમની ઉંમર પંચોતેર વરસની હતી.

સૌથી પહેલી વાર તેઓ દક્ષિણ આફ્રિકામાં પાંચ સત્યાગ્રહીઓ સાથે જેલમાં ગયા. જેલજીવન અંગે તેમણે ઘણી ભયાનક વાતો સાંભળી હતી. તેઓ જરા હતાશ પણ થયા હતા. તેમને રાજકીય કેદી તરીકે કોઈ ખાસ રીતે જેલમાં રાખવામાં આવશે કે તેમને તેમના સાથીઓથી છૂટા પાડી નાખવામાં આવશે એ વિશે તેમને શંકા હતી. જે અદાલતમાં તેઓ વકીલ તરીકે મુકદ્દમા ચલાવતા હતા તે જ અદાલતમાં તેમને આરોપી તરીકે ખડા કરવામાં આવ્યા એ તેમને કઢંગું લાગ્યું હતું. એમને બે મહિનાની સાદી કેદ મળી. અદાલતની બહાર રાહ જોતાં મોટા ટોળાંથી બચવા માટે તેમને અદાલતમાંથી બંધ વાહનમાં બેસાડીને છૂપી રીતે જેલ સુધી હંકારી જવામાં આવ્યા હતા. જેલ પર પહોંચીને તેમને આંગળાંની છાપ આપવી પડી હતી. તેમનું વજન કરવામાં આવ્યું હતું, તેમનાં બધાં કપડાં કઢાવી નાખવામાં આવ્યાં હતાં અને જેલનાં ખૂબ જ ગંદાં કપડાં પહેરવાની તેમને ફરજ પાડવામાં આવી હતી. દર બીજે કે ત્રીજે દિવસે નવા નવા સાથીદારો તેમની સાથે જોડાતા. એમ કરતાં પંદર દિવસમાં તો તેમની સંખ્યા દોઢસો પર પહોંચી ગઈ. પચાસ માણસને રાખવા માટેના ઓરડામાં તેમને સૌને ગોંધી રાખવામાં આવ્યા હતા. કેટલાક કેદીઓને રાતપૂરતા રાખવા માટે તંબૂઓ ઊભા કરવામાં આવ્યા હતા.

જેલના ઈન્સ્પેક્ટર, ગવર્નર અને મુખ્ય દરોગો દિવસમાં ચારથી પાંચ વખત જેલની મુલાકાત લઈ જતા. ગાંધીજી તથા બીજાઓને, હાથમાં ટોપી લઈ હારબંધ ઊભા રહી જવું પડતું. તેમણે સ્વેચ્છાએ મજૂરી કરવા માટેની તૈયારી બતાવી હતી પણ તેમને તેમ કરવા માટે રજા આપવામાં આવી નહોતી.



હિંદીઓ માટે જેલનો ખોરાક અસહ્ય હતો. સવારે તથા સાંજે તેમને ખાંડ, દૂધ કે ઘી વગરનું મકાઈના આટાનું પૂપૂ આપવામાં આવતું જે તેઓ ખાઈ શકતા નહોતા. માત્ર કેટલીક વખત સાંજે બાફેલા વાલ આપવામાં આવતા. મીઠા સિવાય ખાંડ કે બીજા કોઈ પણ જાતના મસાલા આપવામાં આવતા નહોતા. ગોરા કેદીઓને ગોસ્ત, પાઉંરોટી અને શાક આપવામાં આવતાં. બીજાં શાકભાજી રાંધવામાં આવતાં હોય ત્યારે તેની સાથે, તે શાકભાજીનાં છાલ અને છોડાં રાંધી લઈ, તે કાળા કેદીઓને આપવામાં આવતાં. ગાંધીજીએ એકસો હિંદી કેદીઓની સહીવાળી ફરિયાદ જેલના સત્તાવાળાને લખી મોકલી. તેમને કહેવામાં આવ્યું, ''આ હિંદ નથી. આ જેલ છે અને અહીં કોઈ પણ જાતની સ્વાદિષ્ટ રસોઈ આપી શકાશે નહીં.'' એક પખવાડિયા જેટલા સમયમાં ગાંધીજી હિંદીઓ માટે મંજૂર કરવામાં આવેલા ચોખા, પાઉંરોટી, શાકભાજી અને ઘી મેળવવામાં સફળ થયા. તેમને તેમની રસોઈ રાંધી લેવાની પણ છૂટ આપવામાં આવી. ગાંધીજીએ રાંધવાના કામમાં મદદ કરી. દિવસમાં બે વાર ખોરાક વહેંચી આપવાનું કામ તેમણે કર્યું. જે ખોરાક આપવામાં આવતો હતો તેનાથી વધુ સારા કે વધારે પ્રમાણમાં ખોરાક મેળવવા માટે ગણગણાટ કર્યા સિવાય, ગાંધીભાઈના અનુયાયીઓએ ખાંડ વગરનું પૂપૂ ખાધું હતું. તેમને ત્રીજી વખત જેલની સજા થઈ તે વખતે, ખોરાકનો પ્રશ્ન રહ્યો નહોતો. તે વખતે તેઓ ફળાહાર પર રહેતા હતા અને તેમને પૂરતા પ્રમાણમાં કેળાં, ટમેટાં અને મેવો આપવામાં આવતો હતો. જેલના શિસ્ત માટેના કેટલાક નિયમો તેમને ગમી ગયા હતા. જેલમાંથી છૂટ્યા બાદ તેમણે ચા પીવાનું છોડી દીધું હતું અને સૂરજ

આથમે તે પહેલાં સાંજનું ખાણું લઈ લેવાનું ચાલુ રાખ્યું હતું.

દક્ષિણ આફ્રિકામાં, ત્યાર પછીના બીજા બે જેલવાસ દરમિયાન, ગાંધીજીને ઘણી મુશ્કેલી સહેવી પડી હતી. તેમને સખત મજૂરી સાથેની કેદની સજા કરવામાં આવી અને જે અદાલતમાં તેમણે દસ વરસ સુધી વકીલાત કરી હતી તે જ અદાલતમાંથી તેમને હાથકડી પહેરાવીને લઈ જવામાં આવ્યા હતા. તેમને ''કાફરા ગુનેગારોને પહેરાવવામાં આવે છે તેવાં કપડાં પહેરાવવામાં આવ્યાં હતાં. તેમાં નાની, સૈનિકો પહેરે છે તેવી ટોપી, ખૂલતું ખરબચડા કાપડનું કેદીના ટિકિટ નંબર સાથેનું પહોળા તીરવાળું જાકીટ, તેવા ચિહ્નવાળો ટૂંકો લેંઘો, ભૂખરા રંગનાં જાડાં ગરમ મોજાં અને ચામડાનાં સેંડલનો સમાવેશ થતો હતો.'' વરસતા વરસાદમાં, માથે બિસ્તરો ઊંચકીને તેમને છ ફર્લોંગની કૂચ કરવી પડી હતી. તેમને હલકામાં હલકી જાતના ચીના તથા કાફરા કેદીઓ સાથે રાખવામાં આવ્યા હતા. કેટલાક ઝૂલુ કેદીઓએ તેમની સાથે ગેરવર્તાવ કર્યો હતો તથા તેમને માર માર્યો હતો. કુદરતી હાજતે જવા માટે પણ એકાંત જેવું કાંઈ નહોતું. તેમની અસભ્ય રીતભાતથી તેમને ભય જેવું લાગ્યા કરતું હતું. તેમની ભાષા તેઓ સમજી શકતા નહોતા. તરત જ તેમને ચાર ફૂટ પહોળી અને છ ફૂટ લાંબી એકાંત કોટડીમાં ખસેડવામાં આવ્યા. તેમાં છત પાસે હવાની આવજા થઈ શકે તે માટેની એક નાની બારી હતી. તેમને પોતાનું ખાણું પણ તાળું મારેલા દરવાજાની પાછળ ઊભા રહીને લેવું પડતું. દરરોજ બે વખત તેમને કસરત કરાવવા માટે બહાર કાઢવામાં આવતા. ભાતની સાથે તેમને ઘી આપવામાં આવતું નહોતું એટલે તેમણે તેનો વિરોધ કરવા પંદર દિવસ સુધી



ભાત લીધો નહોતો. તેઓ દિવસમાં એક વખત મકાઈનું પૂપૂ ખાઈ લેતા. ત્યાર પછી તેમને ઘી અને રોટલા આપવાની મંજૂરી મળી. તેમને કાથીની સાદડી, એક નાનો લાકડાનો તકિયો, બે કામળા અને કેટલીક ચોપડીઓ આપવામાં આવી હતી. તેમને દરરોજ એક બાલદી પાણીની આપવામાં આવતી. એક મોટી થાળી પર મૂકેલી બીજી ડોલનો પાયખાના માટેના વાસણ તરીકે ઉપયોગ કરવો પડતો. કેદી ઉપર નજર રાખવા માટે અંધારું થતાં જ એક વીજળીનો દીવો સળગાવવામાં આવતો. ચોપડી વાંચવા માટે તેનું અજવાળું ઘણું ઓછું પડતું. જરા પગ છૂટા કરવા માટે ગાંધીજી કોટડીમાં આંટા મારતા તો દરોગો બૂમ પાડીને કહેતો, ''તું આંટા ન માર, મારી ભોંય બગડે છે.'' એ કીમતી ભોંયતળિયું ડામરનું બનાવેલું હતું.

જો ગાંધીજી નાહવા માટેની રજા માગતા તો દરોગો તેમને કપડાં ઉતારીને જવાનો હુકમ કરતો. કપડાં વગર એકસો પચીસ ફૂટ જેટલા અંતરે જવાનું ગાંધીજી માટે શક્ય નહોતું. તેમણે નાહવાની જગ્યા પાસેના પડદા પર કપડાં ટાંગવા માટે રજા આપવા વિનંતી કરી અને તે માન્ય રાખવામાં આવી. તેઓ પોતાનું શરીર લૂછી રહે તે પહેલાં તો રાડ સંભળાઈ, ''સામ, હવે નીકળ.'' જો સામ નીકળવામાં જરા પણ વિલંબ કરે તો કોઈ કાફરો તેને મુક્કો મારે.

તેમને દરરોજ નવ કલાક સુધી ખમીસનાં ગજવાં વેતરવાનું, ફાટેલી કામળીઓ પર થીંગડાં મારવાનું અને લોખંડના દરવાજા અને ભોંય સાફ કરવાનું કામ કરવું પડતું. ત્રણ ત્રણ કલાક દરવાજા અને ભોંય ઘસવામાં ગાળ્યા છતાં તે એવા ને એવા રહેતા એમ તેઓ જોઈ શક્યા. તેમને જાજરૂ સાફ કરવાનું પણ કહેવામાં આવ્યું

હતું. આ બધી મુશ્કેલીઓ ગાંધીજીએ હસતે મોઢે સહન કરી પરંતુ જ્યારે તેઓ તેમના સાથીદારો સાથે જોડાયા ત્યારે તેમની ખરાબ હાલત જોઈને ગાંધીજીને ભારે દુઃખ થયું. આ કામના થાકથી તેઓમાંના ઘણા રડી પડતા. કેટલાકને મૂર્છા આવી જતી. એ બધાને એમના ઘરેથી મુશ્કેલીભરી, શરમજનક જિંદગી ભણી ખેંચી લાવવા માટે તેઓ જવાબદાર હતા. આત્મબલિદાન અને સહનશીલતા જ તેમની ગુલામીનો અંત લાવવાનો ઉપાય છે એવું તેઓ માનતા હતા અને તેથી તેઓ મનની શાંતિ જાળવી શકતા હતા.

સવારમાં છ વાગ્યે તેમણે હાથપગ ધોઈને તથા નિત્યકર્મ પતાવીને તૈયાર થઈ જવું પડતું. સાત વાગ્યે કામ શરૂ થતું અને તેમને બધાને નવ કલાક સુધી મજૂરી કરવી પડતી. તેમની સાથે ગાંધીજી રોજનો એક માઈલ ચાલીને જતા અને પછી સૂકી કઠણ જમીન ખોદવાનું શરૂ કરતા. તેમનું વજન ઘટી ગયું. તેમની પીઠ દુખતી, તેમના હાથમાં પડી ગયેલાં છાલાંમાંથી પાણી ઝરતું અને તેઓ જેમતેમ કોદાળી ઊંચકી શકતા. જો તેઓ આરામ કરવા માટે જરા ઊભા રહેતા તો દરોગો બૂમ મારીને કહેતો, ''ઊભો ન રહે, કામ ચાલુ રાખ.'' ગાંધીજીએ તેમના દરોગોને એવી ચેતવણી આપી કે જો તું તારી રીતભાત નહીં સુધારે તો હું કામ કરવાનું બંધ કરીશ. આનાથી દરોગોએ પોતાની જીભને મીઠી બનાવી. તેમને જે કામ સોંપવામાં આવ્યું હતું તે પૂરું કરવા માટેની શક્તિ આપી તેમની લાજ રાખવા માટે ગાંધીજીએ પ્રભુનો પાડ માન્યો.

હિંદમાં ગાંધીજી, 'બાદશાહની હોટલ'માં રહેતા હતા ત્યારે તેમનો બધો ખર્ચ સરકાર તરફથી આપવામાં આવતો હતો. તેમ



છતાં, તેમના નિભાવ માટે સહેજ પણ વધારાનો ખર્ચ કરવામાં આવે તે તેમને ગમતું નહીં. એક વખત તેમણે જેલના સુપરિન્ટેન્ડેન્ટને તમામ વધારાનું રાચરચીલું તથા વાસણો ત્યાંથી લઈ જવાની સૂચના આપી હતી. તેઓ માત્ર એક લોખંડની પાટ તથા નજીવાં સાધનોનો જ ઉપયોગ કરતા. આ બધો ખર્ચ હિંદના કરોડો મૂંગા પ્રજાજનો પાસેથી ઉઘરાવવામાં આવેલા કરમાંથી કરવામાં આવે છે એ વાત તેઓ ભૂલી શકે તેમ નહોતું. આગાખાન મહેલમાંના તેમના છેલ્લા કારાવાસ અંગેની વાત કરતાં તેમણે કહ્યું હતું, ''ચારે બાજુ મોટા પહેરાવાળા જે આલીશાન મહેલમાં મને કેદ રાખવામાં આવ્યો છે, તેનાથી લોકોના પૈસાનો દુર્વ્યય થઈ રહ્યો છે એમ હું માનું છું. જ્યારે લોકો ભૂખે મરતા હોય ત્યારે આવો ખર્ચ કરવો એ લગભગ માનવતા સામે ગુનો કરવા જેવું છે.''

ગાંધીજી ઉપર પહેલી વખત અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું હતું તે પ્રસંગ યાદગાર બની ગયો છે. પોતાની ખુરસી પર બેસતાં પહેલાં અંગ્રેજ સેશન્સ જજે માથું સહેજ આગળ ઝુકાવીને આરોપીના પાંજરામાં ઊભેલા આ હિન્દીને માન આપ્યું હતું. ગાંધીજીની રાજદ્રોહી પ્રવૃત્તિ માટે તેમણે ગાંધીજીને છ વરસની સાદી કેદની સજા ફરમાવી હતી. તેમણે કબૂલ કર્યું હતું કે, ''રાજ્યપ્રકરણમાં જેઓ તમારાથી જુદા પડે છે તેઓ પણ તમને ઉચ્ચ આદર્શવાન ગણે છે. તેઓ તમને મહાન એટલું જ નહીં પણ સંત કોટિના પુરુષ માને છે.'' ગાંધીજીએ કહ્યું, ''હું જાણું છું કે આ કલમ નીચે, જેમણે લોકોનો અત્યંત પ્રેમ સંપાદન કર્યો હતો તેવા કેટલાક દેશભક્તોને સજા કરવામાં આવી છે. એટલે એ કલમ

હેઠળ મારા પર આરોપ મૂકવામાં આવ્યો તેમાં હું મારી ઈજ્જત કરવામાં આવી છે એમ માનું છું. હું અગ્નિની સાથે રમત રમી રહ્યો હતો તેનો મને ખ્યાલ હતો, તેમ છતાં હું હજુ તેમ કરતો રહીશ.'' ગાંધીજી અદાલતમાં દાખલ થયા તથા અદાલત છોડીને ચાલ્યા ગયા તે વખતે, આખી અદાલત તેમને આદર આપવા ઊભી થઈ હતી. તાર કરવા માટે પોલીસોની સાંકેતિક ભાષામાં તેમને 'મુંબઈનો પચાસ નંબરનો રાજદ્વારી' કહીને ઓળખવામાં આવતા. તેમનું નામ બારિસ્ટરોની યાદીમાંથી કમી કરવામાં આવ્યું હતું. જેલમાં તેમની ઊંચાઈ તથા ઓળખ માટેનાં ખાસ ચિહ્નોની નોંધ કરી લેવામાં આવી હતી. તેમને એક એકાંત ઓરડીમાં પૂરી રાખવામાં આવ્યા હતા. તેમના શરીર પર તેમણે એક પંચિયા સિવાય બીજું કશું પહેર્યું નહોતું તેમ છતાં તેમના શરીરની તથા તેમના ઓઢવાના કામળાની ઝડતી લેવામાં આવી હતી. તેમની પાણીની તાંબડીને જોડા અડાડવામાં આવ્યા ત્યાં સુધી ગાંધીજીએ કોઈ પણ જાતનો વિરોધ કર્યો નહીં. કેટલીક વાર, આ બધાથી કંટાળીને તેઓ મુલાકાતીઓને મળવાનું અને પત્રવહેવાર કરવાનું બંધ કરી દેતા.

કેદની સજાને કારણે ગાંધીજી ક્યારેય બેચેન બન્યા નહોતા તેમ જ તેનાથી તેમનામાં કડવાશ પણ આવી ગઈ નહોતી. તેઓ જેટલી જેટલી વાર જેલમાંથી બહાર આવ્યા તેટલી તેટલી વાર, દરેક વખતે તેમની બૌદ્ધિક શક્તિ વધી હતી તથા તેઓ વધુ સ્થિર થઈને બહાર આવ્યા હતા. તેમને મન જેલ એ આરામ કરીને પોતાની ટેવો માટે વધુ નિયમિત બનવાની જગ્યા હતી. સારા સાથીદારોની ગેરહાજરી ત્યાં આગળ સારાં પુસ્તકોથી ભરી દેવામાં આવતી.



જેલમાં તેઓ એક પંખી જેટલા સુખી હતા. તેમને વાચનનો શોખ હતો પરંતુ જેલની બહાર તેઓ બીજી બધી પ્રવૃત્તિઓમાં એટલા બધા ગૂંથાયેલા રહેતા કે તેમને વાચન માટે ઘણો ઓછો સમય મળતો. જેલમાં તેમણે અભ્યાસ માટેનો ભરચક કાર્યક્રમ બનાવી રાખ્યો હતો. એને તેઓ બરાબર પાળતા. જેલમાં તેઓ ઉર્દૂ વાંચતાં શીખ્યા અને સંસ્કૃત, તામિલ, હિંદી, ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોનું વાચન કર્યું. એક વખતે બે વરસમાં તેમણે જાણીતા લેખકોનાં દોઢસો પુસ્તકો વાંચ્યાં હતાં. આ પુસ્તકો ધર્મ, સાહિત્ય તથા સમાજશાસ્ત્રને લગતાં હતાં. તેમણે ગીતા, કુરાન, બાઈબલ તથા બૌદ્ધ, શીખ અને જરથોસ્તી ધર્મના ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તેમણે રામાયણ, મહાભારત, ઉપનિષદો, મનુસ્મૃતિ અને પાતંજલ યોગદર્શન પણ વાંચ્યાં હતાં. એક સાથી કેદી પાસેથી તેઓ ૬૫ વરસની ઉંમરે આકાશદર્શનનો પહેલો પાઠ શીખ્યા હતા. જેલના સત્તાવાળાઓ પાસેથી તેઓ દૂરબીન મેળવી શક્યા હતા અને તેની મદદથી તેમણે તારાઓનો અભ્યાસ કર્યો હતો.

જેલમાં ગાંધીજી નિયમિત પ્રાર્થના કરતા, દરરોજ ચારથી છ કલાક કાંતતા અને ઝડપથી ચાલવાનું પણ રાખતા. આગાખાન મહેલમાં તેમણે કસ્તૂરબાને તથા તેમના ભત્રીજાની દીકરીને ભૂગોળ, ભૂમિતિ, ઈતિહાસ, ગુજરાતી વ્યાકરણ અને સાહિત્યના પાઠો આપ્યા હતા. તે વખતે તેમની ઉંમર પંચોતેર વરસની હતી. આ પહેલાં તેમણે એક ચીના સાથી કેદીને અંગ્રેજી અને એક આઈરિશ જેલરને ગુજરાતી ભણાવ્યું હતું.

જેલમાં તેમણે બાળકો માટેની 'બાળપોથી' તથા 'દક્ષિણ

આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' પણ લખ્યો હતો. તેમણે ઉપનિષદના મંત્રો અને હિંદના સંત-કવિઓનાં પદોનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું હતું અને તેનો સંગ્રહ 'સૉંગ્સ ફ્રૉમ ધિ પ્રિઝન' નામે બહાર પાડવામાં આવ્યો હતો. જેલમાંથી તેમણે આશ્રમવાસીઓને, સાથી-કાર્યકરોને, જેલના સત્તાવાળાઓને, ગવર્નરોને, વાઈસરૉયોને અને બ્રિટનના મુખ્ય પ્રધાનોને સેંકડોની સંખ્યામાં કાગળો લખ્યા હતા. દર અઠવાડિયે તેઓ આશ્રમના બાળકોને એક વહાલભર્યો પત્ર લખતા. ''જો તમે પાંખો વગર ઊડતાં શીખી જશો તો તમારી બધી મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જશે. મને પાંખો નથી તેમ છતાં હું વિચારોમાં ઊડતો ઊડતો તમારી પાસે આવું છું. આ રહી નાની વિમળા અને આ રહ્યો હરિ.''

જેલના શિસ્તબદ્ધ જીવનના કયા કયા ફાયદાઓ છે તેને ધ્યાનમાં રાખીને ગાંધીજીએ એક આદર્શ કેદીએ કેવી રીતે વર્તવું જોઈએ તેનું વર્ણન લખ્યું છે. જ્યાં સુધી નૈતિક બાધ ન આવતો હોય ત્યાં સુધી કેદીઓએ તેમને જે કંઈ કામ સોંપવામાં આવે તે કરવું જોઈએ અને જેલના નિયમોનું પાલન કરવું જોઈએ એમ તેઓ માનતા. ભૂખ હડતાળ ઉપર ઊતરવામાં પણ, જ્યાં સુધી સ્વાભિમાનને આંચ ન આવે અને દૂષિત ખોરાક આપવામાં ન આવે ત્યાં સુધી એવી હડતાળ પર ન ઊતરવું જોઈએ. ગાંધીજી અને તેમના સાથીદારો ક્યારેય ભયના માર્યા ઘૂંટણિયે પડ્યા નહોતા અને 'સરકાર સલામ' જેવું સંબોધન પણ તેમણે ક્યારેય કર્યું નહોતું.

સ્વરાજ્ય મળ્યા પછી પણ જેલો તો રાખવી જ પડશે એ વાત ગાંધીજીએ સ્વીકારી હતી. ક્ષણિક ઘેલછા અને સાચા માર્ગદર્શનને



અભાવે ગુનેગાર ગુનો કરે છે. ગાંધીજી જેલોને આવા ગુનેગારોને સુધારવા માટેની સંસ્થામાં અને હુન્નરઉદ્યોગ શીખવતી હુન્નરશાળામાં ફેરવી નાખવા માગતા હતા. તેઓ જેલમાં હતા તે વખતે તેમણે કેદીઓ ઉત્પાદક શ્રમ કરીને જેલને સ્વાવલંબી કેવી રીતે બનાવી શકે તેનાં સૂચનો રજૂ કર્યાં હતાં. એક કેદી પાસેથી મળેલી આવી કોઈ પણ યોજનાને જેલના સત્તાવાળાઓ સ્વીકારી શકતા નહીં.

આ આદર્શ કેદીએ પોતાની હકની માગણીઓ બરાબર માગી લીધી હતી અને તેને લીધે જેલના સત્તાવાળાઓને મૂંઝવણમાં મૂકી દીધા હતા. તેમને પાંઉરોટી ખાવાની છૂટ આપવામાં આવી ત્યારે પાંઉરોટી કાપવા માટે તેમણે છરીની પણ માગણી કરી. કેમ કે તેઓ શેક્યા વગરની પાંઉરોટી ખાઈ શકે તેમ નહોતું. તેમણે ચાલવા માટે વધારે જગ્યાની પણ માગણી કરી. પોતાનાં સગાં બાળકોની જેવી રીતે સંભાળ રાખે તેવી રીતે તેઓ તેમના સાથીદારોની સંભાળ રાખતા. કોઈને દમ થયો હોય તો તેને અથવા તો કોઈને કુદરતી ઉપચાર કે આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાની જવાબદારી તેઓ ઉઠાવવા માગતા હતા. તે માટે ખાસ સગવડોની તેમણે માગણી કરી હતી. લાંબા ઉપવાસો કરીને તેમણે આડકતરી રીતે જેલરોને તેમની માગણી પૂરી પાડવા માટે દબાણ કર્યું હતું. જ્યારે તેમની તબિયત અત્યંત ખરાબ થઈ ગઈ ત્યારે જેલના સત્તાવાળાઓએ તેમને છોડી મૂક્યા. મહાત્મા જેવા દુનિયાભરમાં જાણીતા નાગરિકના જીવનું જોખમ તેઓ પોતાને માથે લેવા માગતા નહોતા. જ્યારે તેમને આંતરડાનો રોગ થયો ત્યારે સરકારે તેને ભારે ચિંતાની દૃષ્ટિએ શસ્ત્રક્રિયા માટે તાત્કાલિક પગલાં લીધાં

હતાં. જેલમાં તેઓ બે વખત માંદા પડ્યા હતા.

ગાંધીજીએ મિત્રો તથા સગાંવહાલાંઓના કાફલા સાથે જ જેલના દરવાજામાં પ્રવેશ કર્યો હતો. આગાખાન મહેલમાં કસ્તૂરબા તથા તેમના મંત્રી મહાદેવ દેસાઈને તેમની સાથે રાખવામાં આવ્યાં હતાં. એ બંનેનું ત્યાં અવસાન થયું અને જેલના મેદાનમાં જ તેમને અગ્નિદાહ દેવામાં આવ્યો. ગાંધીજીએ કહ્યું : ''તેઓએ 'કરેંગે યા મરેંગે'નો મંત્ર જીવી બતાવ્યો અને સ્વાતંત્ર્યની દેવીને ચરણે તેમણે તેમના પ્રાણની આહુતિ આપી. તેઓ અમર થઈ ગયાં.''

# સેનાપતિ

ગાંધીજીનું ખરું ઘડતર દક્ષિણ આફ્રિકામાં થયું.

તેવીસ વરસની ઉંમરે તેઓ ડરબન પહોંચ્યા. ત્યાં સુધી તેઓ એક શરમાળ, ઢીલા સ્વભાવના યુવાન હતા. તેઓએ દક્ષિણ આફ્રિકાની ધરતી પર પગ મૂક્યો તે જ વખતે ગોરાઓ હિંદીઓ તરફ, કાળી ચામડીવાળા લોકો તરફ, તુચ્છકારભર્યું વર્તન દાખવતા હતા તેનો તેમને ખ્યાલ આવી ગયો. ગોરાઓ હિંદીઓને 'કુલી' કહીને બોલાવતા.

ડરબન આવ્યા બાદ ત્રીજે દિવસે તેઓ ત્યાંની અદાલતમાં ગયા. મૅજિસ્ટ્રેટને માન આપવા માટે તેમને તેમની પાઘડી ઉતારવાનું કહેવામાં આવ્યું. ગાંધીજીને તેમાં અપમાન લાગ્યું. તેમણે પાઘડી ઉતારવાની ના પાડી અને અદાલત છોડી.

ત્યાર બાદ એક અઠવાડિયા પછી તેમને આગગાડીમાં બીજે ગામ જવાનું હતું. તેમણે પહેલા વર્ગની ટિકિટ કઢાવી અને પહેલા વર્ગના ડબ્બામાં જઈને બેઠા. ત્યાર પછીના સ્ટેશને ટિકિટ ચેકર આવ્યો અને તેણે તેમને ત્રીજા વર્ગના ડબ્બામાં જઈને બેસવાનો હુકમ કર્યો. તેમની પાસે પહેલા વર્ગની ટિકિટ છે અને પહેલા વર્ગમાં મુસાફરી કરવાનો તેમને અધિકાર છે એમ તેમણે કહ્યું ત્યારે તેમને ધક્કા મારીને ડબ્બામાંથી નીચે ઉતારી મૂકવામાં આવ્યા. આ અપમાનથી તેઓ સમસમી ઊઠ્યા. એક અંધારા આરામ

કરવાના ઓરડામાં બેઠાં બેઠાં તેમનું મન વિચારે ચઢ્યું. તેમણે શું કરવું જોઈએ? જ્યાં હિંદીઓને અપમાનિત દશામાં જીવવું પડતું હતું તે દેશ કાં તો તેમણે છોડવો જોઈએ, કાં તો તેમણે તેમના હકોને સારુ લડી લેવું જોઈએ. તેમના દેશની આબરૂ જોખમમાં હતી. તેમણે ત્યાં રહેવાનો નિર્ણય કર્યો. એ નિર્ણાયક રાત્રિએ તેમની ભાવિ પ્રવૃત્તિની દિશા નક્કી કરી આપી.

મુસાફરીના બીજા ભાગમાં ઘોડાના સિગરામમાં મુસાફરી કરવાની હતી. તેમને સિગરામની અંદર બેસવા દેવામાં ન આવ્યા. તેઓ સિગરામની બહાર હાંકનારની પાસે બેઠા. ત્યાર પછી થોડી વારે તેમને પગ રાખવાના પાટિયા ઉપર પાથરેલા મેલા ગૂણિયા પર બેસવાનું કહેવામાં આવ્યું. ગાંધીજીએ પોતાની જગ્યા છોડવાની ના પાડી અને તેમના પર તમાચાનો વરસાદ વરસ્યો. શહેરમાં પહોંચી તેમણે હોટલમાં કોટડીની માગણી કરી. હોટલ માલિકે તેમને કોટડી આપવાની ના પાડી. તેમણે એ રાત તેમના એક હિંદી મિત્રની દુકાનમાં ગાળી. આ મિત્રે ગાંધીજી તરફ સહાનુભૂતિ બતાવી પરંતુ હિંદીઓ તરફ થતા ગેરવર્તાવમાં તે મિત્રને કંઈ જ અજુગતું ન લાગ્યું. આવા કેટલાક બનાવ તો આ દેશમાં દરરોજ બનતા. હિંદીઓ તેનાથી ટેવાઈ ગયા હતા. તેઓ દક્ષિણ આફ્રિકામાં પૈસા કમાવા માટે આવ્યા હતા અને પોતાના સ્વમાનના ભોગે વેપાર કરતા હતા. તેમની આવી ગુલામ મનોદશા જોઈ ગાંધીજીને ભારે આઘાત લાગ્યો. તેમણે પોતાની ફરિયાદ છાપાંઓને, રેલવેવાળાઓને તથા સિગરામવાળાઓને લખી મોકલી.

થોડા જ વખતમાં ગાંધીજીને જાણવા મળ્યું કે હિંદીઓને પગથી



પર ચાલવાની, નવ વાગ્યા પછી બહાર ફરવાની તથા ટ્રામોમાં આગલી બેઠકો પર બેસવાની છૂટ નથી. તેમના વસવાટ માટે પણ નોખા ‘કુલી લત્તાઓ’ રાખવામાં આવ્યા છે. ખુદ ગાંધીજીને એક વખત એક સિપાઈએ પગથી પરથી ધક્કો મારીને ઉતારી પાડ્યા હતા. તેમને ‘કુલી બારિસ્ટર’ તરીકેનું નામ આપવામાં આવ્યું હતું. તેમના કેટલાક ગોરા મિત્રો તેમને કંઈક વિશેષ સગવડો આપવામાં આવે તે માટેની પરવાનગી મેળવવા ઈચ્છતા હતા પરંતુ ગાંધીજીએ વિવેકપૂર્વક એ પ્રકારની સગવડો લેવાનો ઈન્કાર કર્યો. કેટલાક વ્યક્તિગત લાભ મેળવવાની તેમની મુદ્દલ ઈચ્છા નહોતી. તેઓ તો રંગદ્વેષને દૂર કરવા માગતા હતા. તેઓ ન તો ગુસ્સે થયા, કે ન તો શરમાયા. ગુનેગારને સજા કરાવવાનો પ્રયાસ સરખો તેમણે ન કર્યો.

એ શહેરમાં વસતા દરેકેદરેક હિંદીને તથા હિંદી વસાહતીઓને ભોગવવી પડતી હાલાકીઓ વિશેની બધી માહિતી તેમણે એકઠી કરી. એક અઠવાડિયાના ગાળામાં તેમણે એક જાહેર સભા બોલાવી તથા હિંદીઓને તેમની જીવન જીવવાની રીત બદલવા અને પ્રામાણિકતાથી જીવન જીવવા, સારી ટેવો પાડવા, અને નાતજાતના તથા પ્રાંતવાદના ભેદભાવ ભૂલી જવા જણાવ્યું. તેમના ભાષણમાં ગોરાઓ પર આક્ષેપ કરતો એક શબ્દ સરખો પણ તેમણે ઉચ્ચાર્યો નહીં. તેઓ પોતાના દેશબાંધવોને એમ સમજાવવા માગતા હતા કે જો તેમની વર્તણૂક બરાબર હોય તો જ તેઓ માનવ હકોની માગણી કરી શકે. હિંદીઓના સંપર્કમાં રહી તેમણે ધીરજથી તેમના દુ:ખની કહાણી સાંભળી.

ત્યાર બાદ એક વરસે, હિંદીઓ પાસે મતાધિકારનો જે થોડો

અધિકાર હતો તે પણ છીનવી લેતો કાયદો કરવાની હિલચાલ થઈ. ગાંધીજીએ હિંદીઓને આ કાયદાનો વિરોધ કરવાની સલાહ આપી. તેમણે સ્વયંસેવકો નોંધવા માંડ્યા. ખ્રિસ્તી યુવાનો, મુસ્લિમ અને પારસી વેપારીઓ તથા હિંદી કારકુનોને તેમણે તેમના સૌના સામાન્ય હિત માટે કામ કરતા કર્યા. તેમની આગેવાની નીચે કેટલાકે તેમણે ઘડી કાઢેલી વિરોધની અરજીની નકલો કરવાનું, કેટલાકે પૈસા દાનમાં આપવાનું, તો કેટલાકે આ જાગૃતિના સંદેશને શહેરથી ઘણે દૂર રહેતા સેંકડો માણસો સુધી પહોંચાડવાનું કામ કર્યું. એક મહિના જેટલા સમયમાં ભંડોળ ઊભું થઈ ગયું. અને વિરોધ અરજી પર દસ હજાર સહીઓ થઈ. વિરોધ અરજીની છાપેલી નકલો ગવર્નરને તથા નાતાલના વડા પ્રધાનને, હિંદના વાઈસરૉયને, રાણી વિક્ટોરિયાને તેમ જ નાતાલ, હિંદુસ્તાન અને ઇંગ્લૅંડનાં છાપાંઓને મોકલવામાં આવી. દક્ષિણ આફ્રિકાના હિંદીઓને કરવામાં આવેલા અન્યાયને સારી એવી પ્રસિદ્ધિ આપવામાં આવી. કાયદો પસાર થઈ ગયો, હિંદીઓને કોઈ પણ જાતનો અધિકાર મળ્યો નહીં. પરંતુ હિંદીઓ પોતાની ઉદાસીનતા અને બીક ખંખેરી નાખી સરકારની સત્તાને અન્યાયી કાયદા કરતાં પડકારતાં શીખ્યા. ગાંધીજીએ ત્યાર બાદ તરત જ હિંદીઓ માટે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સ્થાપના કરી અને તેનું કામકાજ કરવા માટેના નિયમો ઘડી કાઢ્યા. સભ્યો પાસેથી તેને ચલાવવા માટેનું ફંડ પણ તેમણે જાતે ઉઘરાવ્યું.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી વીસ વરસ રહ્યા. તે ગાળામાં તેમણે ઘણા કાળા કાયદાઓનો વિરોધ કરવા માટે તેમના દેશબાંધવોની આગેવાની લીધી. એક કાયદો દરેક પુંખ્ત વયના હિંદી પાસે



ચાળીસ રૂપિયાનો કર માગતો હતો. બીજો કાયદો હિંદમાં થયેલાં લગ્નોને કાયદેસરના લગ્ન તરીકે માન્ય રાખવાની ના પાડતો હતો, ત્રીજો દરેકેદરેક હિંદી માટે દસેદસ આંગળાંની છાપવાળું પ્રમાણપત્ર સાથે લઈને ફરવાનું ફરજિયાત કરવા માગતો હતો. સામાન્ય રીતે ફોજદારી ગુનો કરનારાઓ પાસે આવી આંગળાંની છાપ લેવામાં આવે છે. આના વિરોધમાં આવો કાયદો કરવાની જેમને સત્તા હતી તેવા માણસોને ગાંધીજીએ સેંકડો કાગળો, અપીલ તથા દયાની અરજીઓ લખી મોકલી. અગત્યના સરકારી અધિકારીઓને તેઓ રૂબરૂ પણ મળ્યા. છાપાં અને સભાઓ દ્વારા કરવામાં આવેલા તમામ વિરોધોનું કશું પરિણામ ન આવ્યું ત્યારે ગાંધીજીએ સત્યાગ્રહનું – અન્યાયનો અહિંસક પ્રતિકાર કરવાનું – નવું શસ્ત્ર ઘડી કાઢ્યું.

ગાંધીજીએ હવે હિંદીઓને આંગળાંની છાપની નોંધણી કરાવવાનો બહિષ્કાર કરવાનું જણાવ્યું. હિંદીઓને તેમણે લાંબા ગાળાની અહિંસક લડત માટે તૈયાર થવા – જેલો ભરી દેવા અને જરૂર પડે તો મરી ફીટવા – પણ આ કાયદાને તાબે ન થવા જણાવ્યું. તેમનું સૂત્ર આ પ્રમાણે હતું : ''તમે મૃત્યુનો ભય છોડો એમ હું ઇચ્છું છું. જાતે દુઃખ સહન કરી લેવું એ અન્યાયને દૂર કરવા માટેનો ઉત્તમમાં ઉત્તમ તથા ઝડપીમાં ઝડપી રસ્તો છે.'' હિંદીઓ તેમના પર આધાર રાખીને પોતાનું ધ્યેય હાંસલ નહીં કરી શકે. ધ્યેય હાંસલ કરવા માટે તેમણે સૂચવેલા કાર્યક્રમને સમજીને અમલમાં મૂકવો પડશે એવી ચેતવણી પણ તેમણે હિંદીઓને આપી. તેમની સૂચનાઓ હિંદી, ગુજરાતી, તામિલ તથા તેલુગુમાં લોકોને સમજાવવામાં આવી. તેમની સેનાએ સંપૂર્ણપણે

અહિંસક રીતે લડત લડવાની પ્રતિજ્ઞા લીધી. સામાન્ય અભણ માણસો, કારીગરો, ફેરિયાઓ, ખાણિયાઓ, વેપારીઓ તથા સ્ત્રીઓ એ સેનામાં જોડાયાં. કોઈ પણ જાતના હથિયાર વગરના, શાંત, શિસ્તબદ્ધ પાંચ હજાર સૈનિકોની સેનાની આગેવાની લઈ ગાંધીજી ચાલી નીકળ્યા. આ વણજારની આગળ તેઓ ચાલતા, તેની સાથે ખુલ્લા આકાશની નીચે સૂઈ જતા તથા સૌની સાથે પાતળી પાણી જેવી દાળ અને અધકચરા ચોખા ખાઈ લેતા. માંદાઓની તેઓ માવજત કરતા. લડવૈયાઓને આનંદિત રાખતા, રાંધતા તથા બધાને પીરસવા પણ જતા. તેમની શારીરિક શક્તિ તેમના મનોબળની બરોબરી કરી શકે તેવી હતી. અઢી હજાર માણસોને સખત મજૂરીની સજા થઈ. એક હજાર માણસો તો સાવ બરબાદ થઈ ગયા. થોડાક માણસો મરી પણ ગયા. સેનામાં જોડાયેલા વેપારીઓ, જેઓ સામાન્ય રીતે મોજમજાભર્યું જીવન જીવતા, તેમણે પણ તેમના સેનાપતિ ગાંધીજીની સાથે જેલમાં પથ્થરો ભાંગવાનું તથા કચરો વાળવાનું કામ કર્યું. કસ્તૂરબા પણ આ સત્યાગ્રહની લડતમાં જોડાયાં હતાં અને તેમણે પણ જેલ વેઠી હતી.

ઈંગ્લંડમાં ગાંધીજીની આ લડત તરફ સહાનુભૂતિ બતાવવામાં આવી હતી. હિંદમાં કૉંગ્રેસના અધિવેશનમાં દક્ષિણ આફ્રિકાનો સવાલ ચર્ચાયો હતો. સર વેડરબર્ન નામના અંગ્રેજ, જેઓ કૉંગ્રેસના પ્રમુખ બન્યા હતા તેમણે કહ્યું હતું : ''જો હિંદુઓ અને મુસ્લિમો હિન્દુસ્તાનની સેવામાં એકબીજા સાથે ખભેખભા મિલાવીને કામ કરે તો તેનું કેવું સારું પરિણામ આવે તેનો દાખલો દક્ષિણ આફ્રિકાથી આવતા તાજા સમાચારે પૂરો પાડ્યો છે.



ગાંધીની ભવ્ય આગેવાની હેઠળ હિંદીઓએ જે નિર્ણાયક વલણ લીધું છે તેને કારણે આ બની શક્યું છે.'' ગાંધીજીએ જ્યારે કૂચ આરંભી ત્યારે તેમને ખર્ચને પહોંચી વળવા માટે રોજના બત્રીસ સો રૂપિયાની જરૂર પડતી. આ ફંડ માટે હિંદમાં અપીલ કરવામાં આવી. જવાબમાં સ્ત્રીઓએ તેમના શરીર પરથી સોનાની બંગડી તથા વીંટીઓ કાઢી આપી, રાજાઓએ તથા વેપારીઓએ હજારો રૂપિયા આપ્યા. ટાગોરે પણ તેમણે ભેગું કરેલું ફંડ મોકલી આપ્યું. આ લાંબા સમયની લડતનો અંત હિંદીઓની તરફેણમાં સમાધાન કરવામાં આવ્યો. જ્યાં સ્વમાન ન હણાતું હોય ત્યાં ગાંધીજી સમાધાન માટે હંમેશાં તૈયાર રહેતા.

હિંદમાં ઘણા નેતાઓ હતા. તેમ છતાં ગાંધીજી હિંદ પાછા ફર્યા ત્યાર બાદ દુઃખી લોકો તથા મુશ્કેલીમાં આવી પડેલા ખેડૂતો અને મજૂરો ગાંધીજીની સલાહ લેવા આવતા. તેમના પ્રયત્નથી ચંપારણમાં નીલવરો ખેડૂતો પાસે બળજબરીથી ગળીની ખેતી કરાવતા તે બંધ કરાવવામાં આવ્યું અને ગિરમીટની પ્રથા નાબૂદ કરવામાં આવી. કોઈ સ્થાનિક બાબતના પ્રશ્નમાં લોકો પોતે જ તેનો ઉપાય કરે એવો ગાંધીજીનો પ્રયત્ન રહેતો. આવા દરેક આંદોલનને જાહેરાત મળી અને તેણે આખા હિંદનું ધ્યાન ખેંચ્યું.

ગાંધીજીએ હિંદમાં જ્યારે જ્યારે મોટા પાયા પરની લડત ઉપાડી ત્યારે ત્યારે તેમણે એ જ રીત અજમાવી. તેમની આગેવાની હેઠળના ત્રીસ વરસના ગાળામાં તેમણે ચંપારણ, ખેડા અને બારડોલીના ખેડૂતોને માર્ગદર્શન આપવા ઉપરાંત બીજી ચાર મોટી લડતોની આગેવાની લીધી હતી. તેમણે આખા હિંદની મુસાફરી કરી અને તેમના હાથ પર જે સવાલો આવ્યા તેની નાનામાં નાની

વિગતોનો અભ્યાસ કર્યો.

સરકાર સાથેની લડતમાં જે માણસો સંડોવાયેલા હતા તેમની પાસેથી માહિતી ભેગી કરવા માટે તેમણે હજારો માણસોની મુલાકાત લીધી હતી અને રોજના અઢારથી વીસ કલાક સુધી કામ કર્યું હતું. હજારો જાહેર સભાઓને સંબોધી હતી તથા શિસ્તના નિયમો ઘડી કાઢ્યા હતા. અહિંસાને તેઓ શા માટે પસંદ કરે છે તે સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું હતું, દેશ પાસે બીજો પણ એક રસ્તો છે - તલવાર ખેંચવાનો. જો તે શક્ય હોત તો હિંદે અહિંસાની વાત સાંભળી ન હોત. ભાષણો કરવાથી કે સરઘસો કાઢવાથી તમને સ્વરાજ્ય મળી જવાનું નથી. સ્વરાજ્ય મેળવવા માટે પુરુષાર્થ કરવાના સંકલ્પબળની ઊણપ ન હોવી જોઈએ. આપણે ક્યારેય પાછા ન પડે એવા બહાદુર સૈનિક થવા માગીએ છીએ. તમારે તમારા જીવનનું બલિદાન આપવું પડે તો.તે માટે તૈયાર રહેવું જોઈએ. આ મેળવવા માટે, તમારામાં મર્દાનગીભરી શક્તિ હોવી જોઈએ. મારવાને બદલે, જરૂર હોય તો મરવાની તૈયારી હોવી જોઈએ. હિંસક લડાઈમાં જાનનું જોખમ ખેડવાનું સહેલું છે, અને અહિંસક લડાઈમાં તેમ કરવાનું લગભગ મનુષ્યના ગજા બહારનું છે એમ શા માટે હોવું જોઈએ ? બીજાને મારી નાખવામાં બહાદુરી નથી. તમારી સ્વતંત્રતા તથા સ્વમાન માટે તમારે મરવા તૈયાર રહેવું જોઈએ.''

તેમના અહિંસક સૈન્યમાં સ્ત્રીઓ, બાળકો તથા ઘરડાઓ પણ જોડાઈ શકતાં. બાળકોની ટુકડી વાનરસેના તરીકે ઓળખાતી. જો ક્યાંક હિંસા ફાટી નીકળતી તો ગાંધીજી સત્યાગ્રહની લડત તરત જ થંભાવી દેતા. ગુપ્તતાને તેઓ ધિક્કારતા. તેમના ભવિષ્યના



કાર્યક્રમની તેઓ ખુલ્લેખુલ્લી જાહેરાત કરી દેતા. ક્રોધને, તિરસ્કારને તથા વેરભાવને લોકો પોતાના હૃદયમાંથી કાઢી નાખે એમ તેઓ ઇચ્છતા હતા.

કામ લેવાની બાબતમાં તેઓ ખૂબ કડક હતા. તેમના સાથીદારોમાં તેઓ ક્યારેય ખોટી આશા પેદા કરતા નહીં. લાઠીમારો, ગાળીઓ, કોર્ટ તથા જેલનો કેવો સામનો કરવો પડશે તથા કોઈ પણ જાતનો વિરોધ કર્યા વગર કેવી રીતે ફાંસીએ ચડવું પડશે, તેમની માલમિલકત જપ્ત થશે, વગેરેની વાત તેઓ તેમના સૈનિકોને કહેતા. 'કરેંગે યા મરેંગે' એ તેમનો મંત્ર હતો. એ મંત્રનો અર્થ જાતે સહન કરવું એમ થતો હતો. અને જાતે સહન કરી લેવાથી તેમના વિરોધીનું હૃદય પીગળશે એ તેઓ જાણતા હતા.

પરદેશી કાપડની હોળી, નાકરની લડત, મીઠાના કાયદાનો ભંગ, તથા સરકારી શાળાઓ, કૉલેજો અને અદાલતોનો બહિષ્કાર વગેરે કાર્યક્રમોની સાથે તેમણે લોકોને રચનાત્મક કાર્યક્રમ પણ આપ્યો. લોકો કાંતતા તથા વણતા થાય, ગ્રામપંચાયતોને ફરીથી સજીવન કરે, તથા રાષ્ટ્રીય શાળાઓ અને મહાવિદ્યાલયો કાઢે એવું તેઓ ઇચ્છતા હતા. એક જ વરસમાં સ્વરાજ લાવી આપવાની તેમની શરતમાં તેઓ નિષ્ફળ ગયા પરંતુ લોકોના મનને તેમણે બંધનમુક્ત કરી મૂક્યાં. લોકસમુદાયની આ જાગૃતિ એ એક મોટો લાભ હતો. તેમની દાંડીકૂચે જાદુઈ અસર પેદા કરી હતી. તે પ્રસંગે સેંકડો સ્ત્રીઓ પડદાનો ત્યાગ કરી કુદરતી મીઠું ભેગું કરવા માટે ઘર બહાર આવી અને તેઓ પુરુષોની જેમ જ દેશની સેવા કરી શકે છે એ તેમણે બતાવી આપ્યું. પરદેશી કાપડની અને દારૂની દુકાનો પર પિકેટિંગ કરવામાં પણ તેમણે ભાગ લીધો. હિંદના

રાજકીય ઈતિહાસમાં પહેલવહેલી વખત ગાંધીએ અહિંસક અસહકારનો મોટા પાયા પર ઉપયોગ કર્યો.

તેમની અહિંસક લડતને સમજાવવા માટે ગાંધીજી ઘણી વાર લશ્કરની પરિભાષાનો ઉપયોગ કરતા: ''હું યુદ્ધે ચડ્યો છું. આફ્રિદીને જેમ બંદૂક વગર નથી ચાલતું તેવી જ રીતે તમને અહિંસક સૈનિકોને, કાંતણ વગર ન ચાલવું જોઈએ. સૂતરનો દડો એ તમારી ગોળીઓ છે. રેંટિયો એ તમારી બંદૂક છે. સ્વતંત્રતાની રક્ષા બંદૂકો દ્વારા નહીં પણ હાથે કાંતેલા સૂતરની આંટીરૂપી ગોળીઓથી થઈ શકશે. . . . તમે ધરાસણાના મીઠાના અગરો પર હુમલો કરો અને તે ધરાસણાની લડત તરીકે ઓળખાશે.'' હિંસક લડત માટેનાં સંહારક શસ્ત્રોને પડતાં મૂકવામાં આવ્યાં હતાં તેમ છતાં બહાદુરી, વીરતા, સહિષ્ણુતા, દેશપ્રેમ તથા આત્મભોગ એ બધા સૈનિકના ગુણો હતા.


નામર્દાઈને બદલે તેઓ હિંસા પસંદ કરતા. પરંતુ હિંસાની શક્તિ કરતાં આત્માની શક્તિને તેમણે વધારે મહત્ત્વ આપ્યું હતું. ''ઍટમબૉમ્બે તમારી અહિંસામાંની શ્રદ્ધાને ડગાવી દીધી નથી?'' એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું : ''તેનાથી મારી શ્રદ્ધા ડગી નથી ગઈ એટલું જ નહીં પરંતુ સત્ય અને અહિંસાની તોલે આવી શકે તેવી બીજી કોઈ તાકાત દુનિયામાં નથી તે એણે મને સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે. એ શક્તિની સામે ઍટમબૉમ્બ કોઈ વિસાતમાં નથી.'' એમણે એવું ભારપૂર્વક કહ્યું હતું કે અહિંસા દ્વારા હિંદ પોતાની આઝાદી મેળવશે. તે જગતની બધી શોષિત પ્રજાઓને માટે દાખલારૂપ બનશે અને તેઓની આઝાદી બહુ દૂર નથી એ વાત તેમને બતાવશે.

# લેખક

ઘણી ચોપડીઓ ઉપર તમને લેખક 'મો. ક. ગાંધી' એમ છાપેલું જોવા મળશે. તેમાંની મોટા ભાગની ચોપડીઓ સળંગ પુસ્તકરૂપે લખાયેલી નથી. આ બધી ચોપડીઓ સત્ય અને અહિંસા, સ્વદેશી, ચરખા વિશેના તેમના લેખો અથવા તો બહેનોને, રાજવીઓને તથા વિદ્યાર્થીઓને તેમણે આપેલાં ભાષણોમાંથી સંપાદિત કરવામાં આવેલી છે.

ગાંધીજી ખૂબ સારા લેખક હતા. લખવા પાછળનું ધ્યેય કાનને સાંભળવી ગમે તેવી છટાદાર ભાષામાં લખવાનું કે અમુક શૈલીમાં લખવાનું ક્યારેય નહોતું. તેમણે એક આગવી અસરકારક શૈલી ખીલવી હતી જેમાં તેમની આશાઓ અને શ્રદ્ધા તથા દુઃખ અને નિરાશાનું પ્રતિબિંબ જોઈ શકાતું. તેમની ભાષા સાદી, સ્પષ્ટ અને ચોક્કસ હતી. જેમ તેમના જીવનમાં કૃત્રિમતાને સ્થાન નહોતું તેમ જ તેમની ભાષામાં પણ કૃત્રિમતા ક્યાંયે વરતાતી નહોતી.

કેટલાક અંગ્રેજ વાઈસરૉયોએ કબૂલ કર્યું છે કે ગાંધીજી સીધેસીધી વાત કરતા. સુંદર અંગ્રેજી ભાષામાં તેઓ પોતાની વાત રજૂ કરતા અને પોતે જે શબ્દો વાપરતા તેના અર્થમાં રહેલી ઝીણવટ તેઓ બરાબર સમજતા. તેમના મોંમાંથી યા તેમની કલમમાંથી વગર વિચાર્યે એક પણ શબ્દ બહાર આવતો નહોતો એવો તેમનો દાવો હતો. ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ કરેલાં



કેટલાંક નિવેદનો ઘડવામાં ગાંધીજીને મદદ કરનાર ઑક્સફર્ડ યુનિવર્સિટીના એક અધ્યાપકે કહ્યું હતું, ''ભાષામાં આવતા અવ્યયો પર ગાંધીનો જેટલો કાબૂ છે તેટલો કાબૂ ધરાવતા બીજા કોઈ હિંદીને ભાગ્યે જ હું મળ્યો હોઈશ. . . . તેમના ખરડા ઘડવામાં મેં સારી એવી મહેનત ઉઠાવી હતી. મિ. ગાંધી મારા ખરડાને ઝડપથી જોઈ જતા અને એકાદ અવ્યયમાં યોગ્ય ફેરફાર કરતા. તે ફેરફારની ધારી અસર થતી અને તેનાથી એ ખરડાનો મારો અર્થ, ગાંધી કરવા માગતા તે અર્થમાં ફેરવાઈ જતો.''

કેટલાક પસંદગીના અંગ્રેજ લેખકો અને બાઈબલ માટેના ગાંધીજીના પ્રેમ અને તેમના કાળજીભર્યાં વાચને તેમના કાનને શબ્દોના યોગ્ય ઉપયોગ માટે કેળવ્યા હતા. તેમનું વાચન વિશાળ હતું અને તેઓ જેટલું વાંચતા તેટલું પચાવતા પણ ખરા.

તેમની યુવાનીમાં હિંદી વિદ્યાર્થીઓ માટે 'લંડન ગાઈડ' નામની પુસ્તિકા લખવાનો એક કાચો પ્રયાસ તેમણે કરેલો. એ પુસ્તકમાં લંડન વિશે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. ત્યાર પછી તેમણે બીજી બે પુસ્તિકાઓ લખી : 'ઍન અપીલ ટુ એવરી બ્રિટન' અને 'ઈન્ડિયન ફ્રેન્ચાઈઝ'. પહેલીમાં નાતાલમાં વસતા હિન્દીઓની સામાન્ય સ્થિતિનું બયાન કરવામાં આવ્યું હતું અને બીજીમાં નાતાલમાં હિંદી મતાધિકારનો ઈતિહાસ આપવામાં આવ્યો હતો. ત્યાર પછી 'લીલું ચોપાનિયું' બહાર પડ્યું. તેની ભાષા હકીકતોથી સભર હતી. એક જ મહિનામાં તેની બીજી સુધારેલી આવૃત્તિ બહાર પડી. આ 'લીલા ચોપાનિયા'નો સારાંશ દક્ષિણ આફ્રિકાનાં અખબારોમાં પ્રગટ થયો. તે વાંચીને યુરોપિયનો ચિડાયા અને ગાંધીજી ફરી પાછા દક્ષિણ આફ્રિકા

આવ્યા ત્યારે તેમને ઘેરી લેવામાં આવ્યા અને તેમની કસોટી થઈ. તેમને થયેલા આ ખરાબ અનુભવ પરથી ગાંધીજીને લાગ્યું કે તેમનાં લખાણો ટૂંકાણમાં યોગ્ય રીતે ઉતારી શકાય તેવાં નથી હોતાં. તેમની પાસે ટૂંકાણમાં લખવાની એક ખાસ આવડત હતી. તેમણે કૉંગ્રેસનું બંધારણ ઘડ્યું હતું તથા બીજા ઘણા ઠરાવોના ખરડા પણ તૈયાર કર્યા હતા.

'ગાઈડ ટુ હેલ્થ'માં ગાંધીજીના ખોરાક વિશેના પ્રયોગો આલેખવામાં આવ્યા છે. ગુજરાતી 'ઇન્ડિયન ઓપીનિયન'માં 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' એ મથાળા હેઠળ છપાયેલા તેમના લેખોનું આ અંગ્રેજી ભાષાંતર છે. હિંદમાં અને હિંદ બહાર તે લેખો ખૂબ પ્રચાર પામ્યા છે. તેનો અંગ્રેજીમાં, યુરોપની બીજી ભાષાઓમાં તથા હિંદની પ્રાંતીય ભાષાઓમાં પણ અનુવાદ થયેલો છે.

જ્યારે કોઈ પણ વિચાર તેમના મનમાં દૃઢ થઈને બરાબર ગોઠવાઈ જતો ત્યારે તેઓ તેને વિશ્વાસપૂર્વક લખી નાખતા અને એ લખતી વખતે કોઈ એની મશ્કરી તો નહીં કરે ને એવો જરા સરખો પણ ભય તેમને લાગતો નહીં. તેમની લખવાની તીવ્ર ઇચ્છાને કારણે તેઓ ચાલુ ગાડીએ અને મધદરિયે ઉછાળા મારતી સ્ટીમરમાં બેસીને પણ ઝડપભેર લખતા. ૧૮૯૬માં આખું 'લીલું ચોપાનિયું' તેમણે સ્વદેશ જતાં સ્ટીમર પર લખ્યું હતું. આધુનિક સંસ્કૃતિનું કડક વિવેચન કરતું 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક તેમણે ૧૯૦૯માં ઇંગ્લંડથી દક્ષિણ આફ્રિકાની મુસાફરી દરમિયાન એકીવારે લખી કાઢ્યું હતું. તે માટે તેમણે સ્ટીમરની સ્ટેશનરીનો ઉપયોગ કર્યો હતો. લખતાં લખતાં જ્યારે તેમનો જમણો હાથ



થાકી જતો ત્યારે તેઓ ડાબા હાથે લખતા. આ રીતે તેમણે દસ દિવસમાં આખી ચોપડી લખવાનું કામ પૂરું કર્યું હતું. આ પુસ્તક વાંચીને ટૉલ્સ્ટૉયે કહ્યું હતું કે, ''પેસિવ રિઝિસ્ટન્સનો સવાલ, માત્ર હિંદ માટે જ નહીં પરંતુ આખી દુનિયા માટે ખૂબ જ અગત્યનો છે.'' દેશના ઘડતરના કાર્ય માટે 'રચનાત્મક કાર્યક્રમ' નામનું પુસ્તક તેમણે ગાડીમાં મુસાફરી કરતાં કરતાં લખ્યું હતું. તેમનાં લખાણની હસ્તપ્રતમાં ઘણા થોડા સુધારા કરેલા જોવા મળતા અને તેમાં કાંઈ ફેરફાર કરવાની જરૂર પણ ક્યારેક જ ઊભી થતી. સત્યના પાલનને ખાતર, શબ્દનો કોઈ બીજો અર્થ થઈ જાય તેમ એમને લાગે, ત્યારે જ તેઓ આવો ફેરફાર કરતા.

કોઈ એક વિચારને બીજી ભાષામાં ઉતારવા માટે યોગ્ય શબ્દોની પસંદગી કરવાની તેમની પકડ અદ્ભુત હતી. અનુવાદ કરતી વખતે વાક્ય યા શબ્દના શાબ્દિક અર્થને તેઓ વળગી રહેતા નહીં. 'ડેથ ડાન્સ'ને તેમણે 'પતંગ નૃત્ય' કહ્યું. ગાંધીજીની ઊંડી લાગણીઓનો પડઘો પાડતું રસ્કિનનું 'અન ટુ ધિસ લાસ્ટ' તેમના હૃદયમાં વસી ગયું અને તેમણે તેનો સાર ગુજરાતીમાં ઉતાર્યો. તેનું નામ 'સર્વોદય' આપવામાં આવ્યું. કાર્લાઇલના લખાણના કેટલાક ભાગની તથા કમાલ પાશાના જીવનના કેટલાક ભાગનો ગુજરાતી અનુવાદ પણ તેમણે કર્યો હતો. 'એક સત્યવીરની કથા' નામનું પુસ્તક પ્લેટોના 'ડીફેન્સ એન્ડ ડેથ ઑફ સૉક્રેટિસ'નું ગદ્યમાં કરેલું રૂપાંતર જ છે. ગાંધીજી જ્યારે જેલમાં હતા ત્યારે તેમણે 'આશ્રમભજનાવલિ'ને અંગ્રેજીમાં ઉતારી હતી તથા હિંદના કેટલાક ભક્તકવિઓનાં પદોનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું હતું. એ પદોના ભાષાંતરનું નામ છે 'સૉંગ્સ ફ્રૉમ ધિ પ્રીઝન'.

તેમની આત્મકથા તેમણે ગુજરાતીમાં લખી હતી. એ લખીને તેમણે સાદી અને સચોટ શૈલી ઊભી કરી. ગુજરાતી ભાષાને તેમણે લોકોની ભાષામાં ફેરવી નાખી. આત્મકથાનો અંગ્રેજી અનુવાદ 'ધિ સ્ટોરી ઑફ માય એક્સપેરીમેન્ટ્સ વિથ ટ્રૂથ' નામે પ્રસિદ્ધ થયો છે અને ઘણા આગળ પડતા માણસોએ તેને એક સુંદર સાહિત્યકૃતિ તરીકે ઓળખાવ્યો છે. દુનિયાના એક મહાન પુરુષની ચેતનવંતી માનવીય પ્રતિભાને તો તે ખુલ્લી કરે જ છે, પણ સાથે સાથે તેમનાં માતાપિતાનાં, પત્નીનાં અને મિત્રોનાં તથા નાટકીય બનાવોનાં શબ્દચિત્રો, તેમાંથી ઊભી થતી જિજ્ઞાસા અને તેમાં વણી લીધેલા છૂટાછવાયા સંવાદો વાચકના રસને જાળવી રાખે છે. હિંદની લગભગ બધી ભાષાઓમાં આ પુસ્તક ઊતરી ચૂક્યું છે તથા અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, જર્મન, ચીની તથા જાપાની ભાષામાં પણ તેના અનુવાદ થયા છે.

તેમનાં બધાં લખાણોમાં સત્ય તથા ઊંચાં નૈતિક મૂલ્યો માટેની તેમની તાલાવેલી ભારોભાર જોવા મળે છે. તેમ છતાં એ લખાણો માણસે કેવી રીતે વર્તવું જોઈએ તેની શુષ્ક નિયમાવલી જેવાં નથી લાગતાં. બાળકો માટે તેમણે 'બાળપોથી' તથા નીતિવિષયક 'નીતિધર્મ' એમ બે પુસ્તક લખ્યાં છે. બાળકો અમલમાં ન મૂકી શકે તેવા નીતિના પાઠો તેઓ તેમને ભણાવવા માગતા નહોતા. જેલમાંથી આશ્રમનાં બાળકોને તેમણે જે પત્રો લખ્યા છે તે વાંચતાં આનંદ આવે તેવા તેમ જ માહિતીથી ભરેલા છે. તેઓ થોકબંધ કાગળ લખતા. એક દિવસમાં પચાસ કાગળો તેઓ પોતાને હાથે લખી શકતા, અને તે પણ લઘુલિપિમાં નહીં. તેમનાં લખાણોનો



ઘણો મોટો ભાગ તેમના પત્રોનો છે, જેની સંખ્યા લગભગ એક લાખ જેટલી થવા જાય છે.

'કળાને ખાતર કળા'માં ગાંધીજી માનતા નહોતા. તેઓ માનતા કે દરેક કળા સત્ય પર આધારિત હોવી જોઈએ અને સાહિત્યની કિંમત પણ તે માણસને ઊંચે ચડાવવામાં મદદ કરે તે પરથી જ અંકાવી જોઈએ. કરોડો અર્ધભૂખ્યા લોકોને માટે સરળ ભાષામાં સારી વાર્તાઓ અને બળદ હાંકનાર કોશિયો અશ્લીલ ગાળો ભૂલી જઈ આનંદથી ગાઈ શકે તેવા દુહાઓ રચવાની જરૂર છે એમ તેમને લાગ્યું. સાહિત્ય પરિષદમાં તેમણે લેખકોને સવાલ કર્યો હતો કે, ''આ હજારો અબુધ લોકોની મહત્ત્વાકાંક્ષાઓ અને અભિલાષાઓ વિશે તમે વિચાર સરખો પણ કર્યો છે ? આપણે સાહિત્ય કોને માટે રચીશું ? તેમને વાંચી સંભળાવવા માટે મારી પાસે શું છે ?'' આના નમૂના તરીકે તેમણે ઇંગ્લંડના સામાન્ય માણસો સમજી શકે તેવી ભાષામાં ડીન ફેરરે લખેલા ઈશુના જીવનચરિત્રનો ઉલ્લેખ કર્યો હતો. ગુજરાતી 'ઇન્ડિયન ઓપીનિયન'માં તેમણે ઘણાં આગળ પડતાં સ્ત્રીપુરુષોનાં ટૂંકાં ચરિત્રો લખ્યાં હતાં. જ્યારે તેમને તેમના માનીતા ફિલસૂફ કવિ રાયચંદભાઈનું ચરિત્ર લખવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, ''જો મારે તેમનું ચરિત્ર લખવું હોય તો મારે તેમના ઘરનો તથા તેઓ જે જગ્યાએ રમતા તે જગ્યાનો અભ્યાસ કરવો જોઈએ. તેમના મિત્રોમાં, શાળાના ગોઠિયાઓમાં, સગાંઓમાં અને અનુયાયીઓમાં ભળી જવું જોઈએ.'' આ ક્ષેત્રમાં પણ તેમણે કલ્પનાને નહીં પરંતુ સત્યને જ તેમના ધ્રુવતારકના સ્થાને રાખ્યું હતું.

ગાંધીજી ભારતનાં મહાકાવ્યો તથા રામ, કૃષ્ણ અને મહમદના જીવનમાં આવતા પ્રસંગો, દાખલાઓ અને બોધનો ઉલ્લેખ કરતા. આનાથી તેમના વિચારો લોકોને ગળે ઊતરી જાય તેવું પ્રવાહી સ્વરૂપ લઈ લેતા અને તેમને લોકોનાં હૃદય સુધી પહોંચવાની અદ્‌ભુત શક્તિ મળી રહેતી. ટોળાંશાહી, સફેદ ગુંડાગીરી, અસ્પૃશ્યતા જેવાં અનિષ્ટો અને સફેદ કપડાંમાં ઢંકાયેલા ગુંડા જેવા પોતાનું જ હિત જોતા કૉંગ્રેસીઓની અધોગતિને ઉતારી પાડતી તેમની નીડર વાણી ચોટદાર અને દૂરનું જોનારી હતી. ''સત્યનો આદર્શ મહદ્ અંશે પશ્ચિમનો વિચાર છે'' એવા લૉર્ડ કર્ઝનના કથનના વિરોધમાં ગાંધીજીએ રામાયણ, મહાભારત અને વેદ વગેરેમાંથી હિંદમાં સત્યની પૂજા કેટલા જૂના કાળથી થઈ રહી છે તેના અસંખ્ય દાખલાઓ ટાંક્યા હતા. અંગ્રેજ નાગરિક તરીકે લૉર્ડ કર્ઝને તેમનું નિરાધાર અને લાગણીઓને ઉશ્કેરનારું દોષારોપણ કરતું વિધાન પાછું ખેંચી લેવું જોઈએ એમ પણ તેમણે કહ્યું. એક વખત ગાંધીજીએ પૂછ્યું હતું, ''મહમદ અને તેનો શાંતિનો સંદેશ ક્યાં છે ? જો મહમદ આજે હિંદમાં આવે તો તેઓ તેમના કહેવાતા અનુયાયીઓને ખુલ્લા પાડી મને સાચા મુસ્લિમ તરીકે સ્વીકારે, જેમ ઈસુ મને સાચા ખ્રિસ્તી તરીકે સ્વીકારે. પશ્ચિમમાં આજે ખ્રિસ્તી ધર્મ રહ્યો નથી; નહીં તો ત્યાં યુદ્ધ થઈ શકે નહીં.''

ગાંધીજી કહેતા કે, ''કવિ તેણે પોતે રચેલી જાદુઈ દુનિયામાં જ રહેતો હોય છે.'' પરંતુ તેઓ પોતે રેંટિયાના ગુલામ હતા, જે રેંટિયો કોઈક બીજાએ રચ્યો હતો. પરંતુ તેમની કલમની થોડી કરામત દ્વારા તેઓ કેવા વિવિધ પ્રકારનાં જીવંત ચિત્રો સર્જી શકતા



હતા તે તેમનાં લખાણોમાંના ઘણા ફકરાઓમાંથી પુરવાર કરી શકાય એમ છે :

''મૈસૂરમાં એક પ્રાચીન મંદિરના ગોખમાં મેં એક પથ્થરની નાની પ્રતિમા જોઈ હતી. તે જાણે મારી સાથે બોલતી હતી. હતી તો એક અર્ધનગ્ન સ્ત્રી જ. તે પોતાનું વસ્ત્ર ખંખેરીને કામના બાણથી મુક્ત થવા મથતી હતી. એ પરાજિત કામ વીંછીરૂપે તેને ચરણે પડેલો હતો. હું એ સ્ત્રીના આખા દેહમાં વેદના, વીંછીના ડંખની વેદના જોઈ શકતો હતો.''

''ઓરિસ્સા અને ત્યાંનાં હાડપિંજરો વિશે તમે જાણો છો ? જુઓ, એ ભૂખે મરતા દરિદ્ર હાડપિંજરોના પ્રદેશમાં એવા માણસો પાક્યા છે, જેમણે હાડકાંમાંથી, શિંગડાંમાંથી અને રૂપામાંથી આશ્ચર્યચકિત કરી.દે એવી કલાકૃતિઓ સરજી છે. તમે ત્યાં જાઓ તો જોવા પામો કે એક દારિદ્ર્યમાં રિબાતો માણસ પણ નિર્જીવ શિંગડાં અને ધાતુમાં કેવી રીતે પ્રાણ પૂરી શકે છે. એક કંગાળ કુંભારે માટીમાંથી આશ્ચર્યજનક કલાકૃતિ સરજી છે.''


''જગ્યા નદીને કાંઠે આવેલી હતી. વૃક્ષલતાઓથી છવાયેલી નાની નાની ટેકરીઓની વચમાં થઈને નદી વહેતી હતી. નદીનું પાત્ર રેતાળ હતું. તેમાં કાદવ નહોતો. મંચ નદીના પાણીમાં ઊભો કરેલો હતો. મંચની સામે થઈને જે રસ્તો જતો હતો તેની બંને બાજુએ બાર હજારથીયે વધુ સ્ત્રીપુરુષોની વિરાટ મેદની સંપૂર્ણ શાંતિથી બેઠી હતી.''

''વહેલી સવારે મેં મલબારમાં પ્રવેશ કર્યો. પરિચિત સ્થાનો આગળ થઈને હું જતો હતો ત્યારે આગલા પ્રવાસ વખતે જોયેલા એક નાયાડીનું મોં મારી નજર સામે તરવા લાગ્યું. અસ્પૃશ્યતાને


લગતી ચર્ચા ચાલતી હતી એવામાં એક તીણો અવાજ સંભળાયો. મારી સાથે વાત કરી રહ્યા હતા તેમણે કહ્યું, 'અમે તમને જીવતોજાગતો નાયાડી બતાવીએ.' જાહેર રસ્તાનો ઉપયોગ કરવાનો તેને અધિકાર નહોતો. ઉઘાડે પગે નીરવ પગલે તે ખેતરમાં થઈને જતો હતો. મેં તેને મારી પાસે આવીને વાત કરવા કહ્યું. ધ્રૂજતાં ધ્રૂજતાં તેણે મારી સાથે વાત કરી. મેં તેને કહ્યું કે આ રસ્તો જેવો મારે માટે છે તેવો જ તારે માટે પણ છે. પણ તેણે કહ્યું, 'એમ બની શકે જ નહીં. મારાથી જાહેર રસ્તા ઉપર ન ચલાય.' તમે મને તમારી સાથે હસીને વાત કરતો અને ગમ્મત કરતો જોશો, પણ તમારે એ પણ જાણવું જોઈએ કે આ બધી ગમ્મત અને હસવા પાછળ પેલા નાયાડીનો ચહેરો અને તે દૃશ્ય મલબારના મારા પ્રવાસ દરમિયાન મારી આંખ આગળ રહ્યા જ કરવાનાં.''

તેમના વિચાર અને ભાષાની સુંદરતાએ આપણા જમાનાના કેટલાક મહાન પુરુષો ઉપર ઊંડી અસર કરી હતી.





ગાંધીજીના જમણા હાથના અક્ષર


૧૭૦

બહુ સાધારણ અનુભવ છે તેમાં ઈનકાર કરી શકાય તેવું નથી. આપણે ધારી લીધું છે કે ધમકાવીને માણસો પાસેથી કામ લઈ શકાય છે અને તેથી આપણે તેમ કરતા આવ્યા છીએ

વાં. આમ તમે બોલો છો તે તમારી વિરુદ્ધ જાય છે એમ તમને નથી જણાતું? તમારે કબૂલ કરવું પડશે કે ઈંગ્રેજોએ જે કંઈ મેળવ્યું છે તે મારામારી કરીને મેળવ્યું છે. તમે કહી ગયા છો કે તેઓએ મેળવેલું નકામું છે એ મને યાદ છે. તેથી મારી દલીલને ધક્કો નથી પહોંચતો. તેઓએ નકામું મેળવવા ધાર્યું ને તે મેળવ્યું. મતલબ એ છે કે તેઓએ પોતાની ધારણા પાર પાડી. સાધન શું હતું તેની શી ફિકર છે? આપણી મુરાદ સારસ હોય તો આપણે કેમ ગમે તે સાધનથી- મારામારી કરીને મુરાદ પાર ન પાડીએ? ચોર મારા ઘરમાં પેસે ત્યારે કંઈ હું સાધનનો વિચાર કરીશ? મારો ધર્મ તો તેને ગમે તેમ કરીને કહાડવાનો જ છે

તમે કબૂલ કરતા જણાઓ છો કે આપણને અરજ કરતાં કશું મળ્યું નથી અને આપણને મળવાનું નથી ત્યારે પછી મારીને કેમ ન લઈએ.

ગાંધીજીના ડાબા હાથના અક્ષર

## પત્રકાર

ગાંધીજી ઇંગ્લંડ પહોંચ્યા બાદ તેઓ નિયમિત છાપું વાંચતા થયા. એ વખતે તેમની ઉંમર ઓગણીસ વરસની હતી. હિંદમાં વિદ્યાર્થી અવસ્થામાં તેઓને છાપાં વાંચવાની ટેવ નહોતી. તેઓ સ્વભાવે શરમાળ હતા અને ઘણા લોકો ભેગા મળ્યા હોય ત્યાં બોલી પણ નહોતા શકતા. એકવીસ વરસની ઉંમરે તેમણે 'ધિ વેજિટેરિયન' નામના અંગ્રેજી અઠવાડિક માટે શાકાહાર, હિંદની ખોરાક અંગેની ટેવો, તથા કેટલાક હિંદી તહેવારો વિશે નવ લેખો લખ્યા હતા. તેમનાં શરૂઆતનાં લખાણોમાં ગમે તે વિચારને સાદી અને સચોટ ભાષામાં સમજાવવાની તેમની શક્તિનાં દર્શન થાય છે.

ત્યાર પછી, બે વરસ વીતી ગયાં બાદ ગાંધીજીએ પાછું પત્રકારત્વનું કામ ઉપાડ્યું. પછી તો તેમનું અવસાન થયું ત્યાં સુધી તેમની કલમને ક્યારેય આરામ ન મળ્યો. માત્ર છાપ પાડવા માટે તેઓ ક્યારેય કંઈ પણ લખતા નહોતા તથા અતિશયોક્તિને તેઓ કાળજીપૂર્વક દૂર રાખતા. તેમનું ધ્યેય સત્યની સેવા કરવાનું, લોકોને કેળવવાનું તથા તેમના દેશને ઉપયોગી થવાનું હતું.

તેઓ દક્ષિણ આફ્રિકા આવ્યાને ત્રીજે જ દિવસે અદાલતમાં તેમનું અપમાન કરવામાં આવ્યું. તેમણે એક સ્થાનિક વર્તમાનપત્રમાં એ બનાવની સિલસિલાબંધ હકીકત પ્રગટ કરી અને રાતોરાત પ્રસિદ્ધિ મેળવી.

પાંત્રીસ વર્ષની ઉંમરે તેમણે 'ઇન્ડિયન ઓપીનિયન' પોતાને હસ્તક લીધું. આ પત્ર દ્વારા તેમણે દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓને એક કર્યા તથા માર્ગદર્શન આપ્યું. અંગ્રેજીની સાથે સાથે જ આ પત્રની ગુજરાતી આવૃત્તિ પણ ફિનિક્સ છાપખાનામાંથી પ્રસિદ્ધ થતી. ગુજરાતી 'ઇન્ડિયન ઓપીનિયન'માં શરીરને કઈ કઈ જાતનો તથા કેટલો કેટલો ખોરાક જોઈએ એ વિષય પરની લેખમાળા તથા મહાન સ્ત્રી-પુરુષોનાં ચરિત્રો પણ જોવા મળે છે. આ સાપ્તાહિકોના દરેક અંકમાં ગાંધીજીના લેખો આવતા. એ પત્રોના બીજા તંત્રી હતા ખરા, પરંતુ તેના કામનો બધો બોજો ગાંધીજી જ ઉપાડી લેતા હતા. તેમની ઇચ્છા એ પત્રોની મદદથી લોકમત કેળવવાની, ગોરાઓ તથા હિંદીઓ વચ્ચે જે ગેરસમજો પ્રવર્તતી હતી તેનાં કારણો દૂર કરવાની, તથા પોતાના દેશબાંધવોની ત્રુટિઓ તરફ તેમનું ધ્યાન દોરવાની હતી. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડતનો વિગતવાર અહેવાલ તેમણે 'ઇન્ડિયન ઓપીનિયન'માં પ્રસિદ્ધ કર્યો. આ કામમાં તેમણે પોતાનું દિલ રેડ્યું. તેમનાં આ લખાણો પરથી પરદેશમાં વસતા વાચકો દક્ષિણ આફ્રિકામાં જે કંઈ બની રહ્યું હતું તેનું સાચું ચિત્ર મેળવી શકતા. એ લખાણોના નોંધવાલાયક વાચકોમાં હિંદમાં ગોખલે, ઇંગ્લંડમાં દાદાભાઈ નવરોજી અને રશિયામાં ટૉલ્સ્ટૉયનું નામ ગણાવી શકાય. દસ વરસ સુધી આ અઠવાડિક પત્ર માટે ગાંધીજીએ ભારે જહેમત ઉઠાવી. 'ઇન્ડિયન ઓપીનિયન'ના બદલામાં દર અઠવાડિયે તેમને બસો સામયિકો મળતાં. આ બસોએ બસો સામયિકોને તેઓ ધ્યાનથી વાંચી જતા તથા તેમાંથી પોતાના અઠવાડિકના વાચકોને ઉપયોગી થઈ પડે તેવા સમાચારોને



તેઓ 'ઇન્ડિયન ઓપીનિયન'માં ઉતારતા.

વિચારોને ફેલાવવા માટે વર્તમાનપત્રો ખૂબ જ અસરકારક માધ્યમ બની શકે તેમ છે એ ગાંધીજી જાણતા હતા. તેઓ એક સફળ પત્રકાર હતા પરંતુ પત્રકારત્વમાંથી પોતાનો રોટલો રળી લેવાનું તો તેમણે ક્યારેય વિચાર્યું સુધ્ધાં નહોતું. તેમના મત પ્રમાણે પત્રકારત્વનું ધ્યેય સેવાનું હોવું જોઈએ:

''સ્વાર્થી હેતુઓ માટે અથવા જીવનનિર્વાહ માટે પત્રકારત્વનો દુરુપયોગ કદાપિ ન થવો જોઈએ. તંત્રીઓએ કે છાપાંઓએ ગમે તે થાય તોપણ, પરિણામોની પરવા કર્યા સિવાય, દેશહિત માટેના પોતાના વિચારો રજૂ કરવા જોઈએ. જો તેમણે લોકોના હૃદય સુધી પહોંચવું હોય તો તેમણે જુદી નીતિ અપનાવવી જ રહી.''

જે વખતે તેમણે 'ઇન્ડિયન ઓપીનિયન' પોતાને હસ્તક લીધું ત્યારે તે ખોટમાં ચાલતું હતું તથા તેનો ફેલાવો ચારસો નકલોનો હતો. થોડા મહિનાઓ સુધી તેને ચલાવવા માટે દર મહિને બારસો રૂપિયા જેટલી મદદ ગાંધીજીને આપવી પડી. તેને માટે તેમને કુલ્લે છવ્વીસ હજાર રૂપિયાની અંગત ખોટ સહન કરવી પડી. આવી મોટી ખોટ આવતી હોવા છતાં તેમણે પોતાના વિચારોને રજૂ કરવા માટે વધારે જગ્યા મળી રહે તેટલા માટે, બધી જાહેરખબર લેવાનું બંધ કરવું એમ પાછળથી નક્કી કર્યું. જો તેઓ જાહેરખબર લેવાનું રાખશે તો સત્યની સેવા નહીં કરી શકે તથા સ્વતંત્ર નહીં રહી શકે એ તેઓ જાણતા હતા. અયોગ્ય સાધનો દ્વારા પોતાના અઠવાડિકનું વેચાણ વધારવાનો તથા બીજાં છાપાંઓ સાથે હરીફાઈ કરવાનો તેમણે ક્યારેય વિચાર સરખો પણ કર્યો નહોતો.

હિંદુસ્તાનમાં પણ તેઓ તેમની પ્રણાલિકાને વળગી રહ્યા અને

ત્રીસ વરસ સુધી કોઈ પણ જાતની જાહેરખબર લીધા વગર તેમણે પોતાનાં સામયિકો બહાર પાડ્યાં. જાહેરખબર અંગે તેમનું એવું સૂચન હતું કે દરેક પ્રાંતમાં જાહેરખબર આપનારું એક જ સામયિક હોવું જોઈએ અને તેમાં લોકોને ઉપયોગી એવી વસ્તુઓનું વર્ણન સારી ભાષામાં આપવું જોઈએ. તેમણે 'યંગ ઈન્ડિયા'ના તંત્રીપદનો સ્વીકાર કર્યા બાદ, એક ગુજરાતી ભાષાના પત્રની ખોટ વરતાતી હતી. તે ખોટ પૂરવા માટે એક ગુજરાતી પત્ર શરૂ કરવા તેઓ આતુર હતા. અંગ્રેજી ભાષામાં પત્રનું સંપાદન કરવામાં તેમને બહુ આનંદ આવતો હતો એમ નહોતું. તેમણે 'યંગ ઈન્ડિયા'ની ગુજરાતી તથા હિંદી આવૃત્તિ તરીકે ગુજરાતી તથા હિંદીમાં 'નવજીવન' પ્રસિદ્ધ કરવા માંડ્યું. આ પત્રોમાં તેઓ નિયમિત રીતે ઘણા લેખો લખતા. ખેડૂતો અને મજૂરો એ હિંદના ખરા ઘડવૈયા છે. 'નવજીવન'ના ઘણા વાચકો આવા ખેડૂતો તથા મજૂરો હતા એ માટે ગાંધીજી ગૌરવ લેતા હતા.

આ પત્રો માટે તેમને ઘણું લખવું પડતું. કામનું દબાણ એટલું બધું રહેતું કે મોડી રાત સુધી જાગીને યા તો વહેલી સવારે ઊઠીને તેમને લેખો લખવાનું કામ કરવું પડતું. પ્રવાસમાં ઘણી વખત તેઓ ગાડી ચાલતી હોય તે વખતે પણ લખતા. તેમનાં કેટલાંક જાણીતાં નિવેદનો અને અગ્રલેખોની નીચે ચાલુ ગાડીએ તે લખ્યાં છે એવી નોંધ જોવા મળે છે. તેમનો જમણો હાથ થાકી જતો ત્યારે તેઓ ડાબા હાથે લખવા માંડતા. તેમના ડાબા હાથના અક્ષરો વધુ સ્પષ્ટ હતા. લાંબી માંદગીમાંથી ઊઠ્યા બાદના આરામના દિવસોમાં પણ તેમણે અઠવાડિયે ત્રણથી ચાર લેખો લખ્યા છે.



હિંદમાં તેમણે કોઈ પણ સામયિક ખોટમાં ચલાવ્યું નથી. તેમના અંગ્રેજી અને હિંદની ભાષામાં પ્રસિદ્ધ થતાં સામયિકોનો ફેલાવો ચાળીસ હજાર નકલ સુધી પહોંચ્યો હતો. તેમને જેલમાં પૂરવામાં આવ્યા ત્યારે આ ફેલાવો ઘટીને ત્રણ હજાર પર આવી ગયો. હિંદમાં તેમને પહેલી વાર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા ત્યાર બાદ તેમનાં અઠવાડિકોમાં એક નવી લેખમાળા શરૂ થઈ. આ લેખમાળા તે તેમની આત્મકથા. તે ત્રણ વરસ સુધી ચાલી અને તેણે દુનિયાભરના વાચકોમાં રસ પેદા કર્યો. લગભગ બધાં જ હિંદી પત્રોને તેમણે તેમની જીવનકથા તેમનાં પત્રોમાં છાપતા રહેવાની રજા આપી. તેઓ જેલમાં હતા ત્યારે તેમણે 'હરિજન' નામે બીજું અઠવાડિક શરૂ કર્યું. 'યંગ ઈન્ડિયા'ની જેમ તેની કિંમત પણ એક આનો રાખવામાં આવી. આ પત્ર મુખ્યત્વે અસ્પૃશ્યોની સેવાને વરેલું હતું. વરસો સુધી તેમાં રાજકારણ ઉપર એકેય લેખ પ્રસિદ્ધ નહોતો થયો. સૌથી પહેલાં તે હિંદી ભાષામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું. ગાંધીજી જેલમાં હતા ત્યારે તેમને અઠવાડિયે ત્રણ વખત લખવાની છૂટ આપવામાં આવી હતી. આ પત્રની અંગ્રેજી આવૃત્તિ કાઢવાના પ્રસ્તાવ અંગે તેમણે તેમના મિત્રને લખ્યું કે ''અંગ્રેજી આવૃત્તિ જો વ્યવસ્થિત રીતે ન કાઢવામાં આવે, તેમાં વાંચવાલાયક સામગ્રી ન આપી શકાય અને ચોક્કસ અનુવાદ ન આપી શકાય, તો તે ન કાઢવી એવી મારી ચેતવણી છે. ગમે તેમ સંપાદિત કરેલું અંગ્રેજી અઠવાડિક પ્રસિદ્ધ કરવા કરતાં હિંદી આવૃત્તિથી સંતોષ માનવો વધુ ઠીક થશે. તેને સ્વાવલંબી બનાવી શકાય તો જ હું તેનું સંચાલન હાથ ધરીશ.'' શરૂઆતમાં ત્રણ મહિના સુધી દસ હજાર નકલ કાઢતા રહી તેને પ્રયોગ તરીકે ચલાવી

જોવાનું તેમણે સૂચન કર્યું. બે મહિના જેટલા સમયમાં તે પગભર થઈ ગયું. પાછળથી તે ખૂબ લોકપ્રિય વિચારપત્ર બન્યું. લોકો માત્ર આનંદ ખાતર નહીં પણ તેમાંથી સૂચનાઓ મેળવવા માટે તેને વાંચતા. તે અંગ્રેજી, હિંદી, તામિલ, તેલુગુ, ઊડિયા, મરાઠી, ગુજરાતી, કાનડી તથા બંગાળી ભાષામાં પ્રસિદ્ધ થતું. ગાંધીજી હિંદી, ઉર્દૂ, ગુજરાતી તથા અંગ્રેજીમાં લેખો લખતા.

ગાંધીજીનાં સામયિકોમાં સનસનાટીવાળા વિષયોને મુદ્દલ સ્થાન નહોતું. સહેજ પણ થાક્યા વગર તેઓ રચનાત્મક કાર્યક્રમ, સત્યાગ્રહ, અહિંસા, ખોરાક, નિસર્ગોપચાર, કોમી એકતા, અસ્પૃશ્યતા, કાંતણ, ખાદી, સ્વદેશી, ગ્રામોદ્યોગ તથા દારૂબંધી ઉપર લેખો લખતા. તેઓ કેળવણી તથા ખોરાકની ટેવોને સુધારી તેની પુનર્રચના કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા. આપણી રાષ્ટ્રીય ખામીઓના તેઓ અઠંગ ટીકાકાર હતા.

કામ લેવાની બાબતમાં તેઓ ખૂબ કડક હતા. તેમના અંગત મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ રેલવેના ડબ્બામાં ગિરદી હોય એટલે કામ કરી શકતા નહીં. એટલે તેમને ગાડીના ડબ્બાના જાજરૂમાં આશ્રય લેવો પડતો અને કામ સમયસર પૂરું કરવું પડતું. ગાંધીજી મુસાફરીમાં હોય ત્યારે તેમના પત્રો માટેનું લખાણ ટપાલ દ્વારા સમયસર પહોંચાડવા માટે લાગુ પડતાં સ્ટેશનોના સમય તથા ત્યાંથી ટપાલ ક્યારે ક્યારે નીકળે છે, તેની જાણકારી તેમના મદદનીશોએ રાખવી પડતી. એક વખત ગાંધીજી જે ગાડીમાં મુસાફરી કરતા હતા તે મોડી થવાને કારણે મુસાફરી દરમિયાન તેમણે લખી રાખેલો લેખ પહોંચાડવા માટે ટપાલનો સમય રહ્યો નહીં. ખાસ માણસ દ્વારા અંગ્રેજી લેખો મુંબઈ મોકલવામાં



આવ્યા અને તેનું છાપકામ અમદાવાદના તેમના છાપખાનામાં ન કરતાં મુંબઈ કરાવી લેવામાં આવ્યું. અંક સમયસર બહાર પાડવામાં આવ્યો.

'યંગ ઈન્ડિયા'માં નિર્ભયપણે લેખો લખવા બદલ ગાંધીજીને હિંદમાં પહેલી વખત જેલની સજા કરવામાં આવી. સરકાર તરફથી બહાર પડતા હુકમ સામે તેમણે ક્યારેય નમતું જોખ્યું નહીં. જ્યારે તેમના અંતરના અવાજને લેખો દ્વારા વ્યક્ત કરવાની બંધી કરવામાં આવી ત્યારે તેમણે લખવાનું બંધ કર્યું. સમય આવ્યે તેમણે લખેલા લેખોની નકલ કરાવી તેને પ્રચારમાં મૂકવાનું કામ કરવાની વાત તેઓ તેમના વાચકોને ગળે ઉતારી શકશે એ અંગે તેમને પૂરો વિશ્વાસ હતો. તેમના છાપાને દબાવી દઈ શકાશે પરંતુ તેઓ જીવતા રહે ત્યાં સુધી તેમના સંદેશને કોઈ દબાવી શકશે નહીં, એ તેઓ જાણતા હતા. છાપકામનાં બીબાં ગોઠવવાનાં સાધન અને છાપખાનું તેમની પાસે ન હોય તો તેની પરવા કર્યા વગર, તેવે સમયે હાથે લખેલી પત્રિકાઓ એ વીરયુગના વીરત્વભર્યા ઈલાજ તરીકે કામ કરશે એવી તેમણે ખાતરી આપી હતી.

સરકારી હુકમને પડકારવા માટે ૧૯૧૯માં ગાંધીજીએ 'સત્યાગ્રહ' નામે એક સરકારી નોંધણી કરાવ્યા વગરનું સાપ્તાહિક બહાર પાડ્યું હતું. એક પાનાની આ અઠવાડિકની નકલ પૈસે પૈસે વેચાતી.

ઘણાં વરસોના પોતાના અનુભવ બાદ, સારા પત્રકારત્વની કાર્યપદ્ધતિ કેવી હોવી જોઈએ તે અંગે તેઓ લખે છે :

''છાપાંવાળાઓ હાલતાચાલતા રોગચાળા જેવા બની ગયા છે. લોકો માટે છાપાંઓ બાઈબલ, કુરાન અને ગીતા એ બધાંનું સ્થાન

લેવા લાગ્યાં છે. એક છાપું એવી આગાહી કરે કે હુલ્લડો થવાની તૈયારીમાં છે અને દિલ્હીમાં દુકાનોમાંથી બધી લાઠીઓ અને છરીઓ ઊપડી ગઈ છે. છાપાંવાળાનું કામ તો લોકોને બહાદુર બનતાં શીખવવાનું છે, તેમનામાં ગભરાટ ફેલાવવાનું નથી.''

# મુદ્રક અને પ્રકાશક

'ઇન્ડિયન ઓપીનિયન', 'યંગ ઇન્ડિયા', 'નવજીવન' અને 'હરિજન' એ ચાર પત્રોના ગાંધીજી તંત્રી હતા. આ ચાર પત્રોને તેઓ પોતાના જ છાપખાનામાં છાપીને પ્રસિદ્ધ કરતા. એ તેમનાં પત્રો કોઈ બીજાની માલિકીના છાપખાનામાં છાપવાનાં હોય તો તેઓ પોતાના વિચારો મુક્તપણે વ્યક્ત ન કરી શકે એ તેઓ જાણતા હતા. તેમણે 'ઇન્ડિયન ઓપીનિયન' નામના સાપ્તાહિકનો વહીવટ પોતાના હાથમાં લીધો ત્યારે તે ખોટ કરતું હતું. તેમની ઇચ્છા એ છાપખાનાને શહેરમાંથી ખસેડીને કંઈક દૂરની જગ્યાએ ફિનિક્સ આશ્રમમાં લઈ જવાની હતી. તેમના મિત્રોનું માનવું હતું કે આ પગલું નિષ્ફળ જશે. ગાંધીજીએ છાપખાનાને ફિનિક્સ આશ્રમ ખસેડ્યું અને ત્યાં આગળ એક છાપરું બાંધી છાપખાનાનું યંત્ર તથા બીજી સાધનસામગ્રી વ્યવસ્થિત રીતે ગોઠવાવડાવી. આ છાપખાનું ચલાવવા માટે એક જૂનું ઑઈલ એન્જિન રાખવામાં આવ્યું હતું. તેમના દફતર માટે તેમણે જુદો ઓરડો રાખ્યો હતો. આ છાપખાનામાં એક પણ પગારદાર નોકર કે પટાવાળો રાખવામાં આવ્યો નહોતો. 'ઇન્ડિયન ઓપીનિયન' દર શનિવારે રવાના કરવામાં આવતું. શુક્રવારની બપોર સુધીમાં બધા લેખોનાં બીબાં ગોઠવવાનું કામ પૂરું થઈ જતું. છાપાને છાપવા માટે બીબાં ગોઠવવાના, તેને છાપવાના,

કાપવાના, વાળવાના તથા તેના પર સરનામાં ચોડી તેનાં બંડલ બાંધવાના કામમાં નાનામોટા સૌ આશ્રમવાસીઓ મદદ કરતા. આ બંડલો સમયસર રેલવે સ્ટેશન પર પહોંચી જાય તે તેમણે જોવું પડતું. તેઓ સામાન્ય રીતે મધરાત સુધી કામ કરતા. જ્યારે કામનું દબાણ વધારે હોય ત્યારે તો ગાંધીજી અને બીજાઓને શુક્રવારની આખી રાત જાગવું પડતું. કસ્તૂરબા તથા બીજી આશ્રમવાસી બહેનો પણ કેટલીક વાર આ કામમાં મદદ કરતી.

'ઇન્ડિયન ઓપીનિયન'ને ફિનિક્સમાં છાપવાની શરૂઆત કરી ત્યારે પહેલી જ રાત્રે ઑઈલ એન્જિન રિસાયું. એટલે ગાંધીજી તથા બીજા સશક્ત આશ્રમવાસીઓએ હાથે ચક્કર ફેરવતા રહીને છાપવાનું મશીન ચલાવ્યું અને એ અંક સમયસર બહાર પાડ્યો. આ વ્યવસ્થાથી ગાંધીજીને છાપકામની નાની નાની ઝીણવટ શીખવામાં મદદ મળી ગઈ. ગાંધીજી લેખો લખતા, છાપવા માટે બીબાં ગોઠવવાનું કામ કરતા તથા તેનાં પ્રૂફ પણ વાંચતા. ઘણા જુવાનિયાઓ આ છાપખાનામાં તાલીમાર્થી તરીકે કામ કરતા હતા. એક વખત 'ઇન્ડિયન ઓપીનિયન'નો એક અંક માત્ર જુવાન છોકરાઓએ મોટેરાઓની મદદ વગર છાપીને પ્રસિદ્ધ કર્યો હતો. શરૂઆતમાં 'ઇન્ડિયન ઓપીનિયન' અંગ્રેજી, હિંદી, ગુજરાતી તથા તામિલ એમ ચાર ભાષામાં છપાતું હતું. બીજી ભાષાના તંત્રીઓ અને બીબાં ગોઠવનારાઓના અભાવે પાછળથી તે માત્ર અંગ્રેજી અને ગુજરાતી એ બે ભાષામાં જ નીકળતું. ગાંધીજી હિંદ આવીને અદ્યારની મુલાકાતે ગયા ત્યારે તેમણે એક નિષ્ણાતની કેળવાયેલી આંખે ત્યાં ચાલતા છાપખાનાની જુદી જુદી ક્રિયાનું નિરીક્ષણ કર્યું તેની એનીબેસંટે નોંધ લીધી હતી.



ફિનિક્સના પ્રેસમાં તથા નવજીવન પ્રેસમાં અઠવાડિકોના છાપકામ ઉપરાંત અંગ્રેજી, હિંદી અને બીજી ભાષાઓમાં પુસ્તકોનું છાપકામ પણ થતું. ગાંધીજીએ ક્યારેય સરકારમાં કોઈ પણ જાતની કામગીરી ભરી નહોતી. તેમનાં પોતાનાં લખાણોમાંથી થતો નફો મુખ્યત્વે ખાદીકામ માટે વાપરવામાં આવતો. તેમણે એક લાખ રૂપિયા જેટલી રકમનું નવજીવન પ્રેસનું ટ્રસ્ટડીડ બનાવ્યું હતું.

ખરાબ છાપકામને તેઓ હિંસાનું કામ ગણતા. સ્વચ્છ છપાઈ, ટકાઉ કાગળ તથા સાદા અને વ્યવસ્થિત પૂઠાંનો તેઓ આગ્રહ રાખતા. હિંદ જેવા ગરીબ દેશમાં આકર્ષક પૂઠાંવાળી મોંઘી ચોપડીઓ સામાન્ય વાચકને પરવડી ન શકે એ તેઓ જાણતા હતા. તેમના જીવનકાળ દરમિયાન નવજીવન મુદ્રણાલયે સસ્તી કિંમતનાં ઘણાં પુસ્તકો બહાર પાડ્યાં હતાં. તેમની ગુજરાતી 'આત્મકથા'ની કિંમત બાર આના રાખવામાં આવી હતી. આ જ પુસ્તકની દેવનાગરી લિપિમાં છાપેલી સસ્તી આવૃત્તિ પણ બહાર પાડવામાં આવી હતી.

જો હિંદમાં માત્ર એક જ લિપિનું ચલણ રાખવામાં આવે તો વાચક અને મુદ્રકનો ઘણો સમય તથા મહેનત બચાવી શકાય. તેટલા માટે ગાંધીજી દેશભરમાં એક જ લિપિનું ચલણ રાખવાની જરૂરિયાત તથા ફાયદા પર ભાર મૂકતા હતા. હિંદની લગભગ બધી ભાષાઓ સંસ્કૃતમાંથી ઊતરી આવેલી હોવાથી આવી સામાન્ય લિપિ તરીકે તેમણે દેવનાગરી લિપિને પસંદગી આપી હતી. 'ઇન્ડિયન ઓપીનિયન'ની ગુજરાતી આવૃત્તિમાં તુલસીરામાયણનું એક પાનું ભરીને વર્ણન છાપવામાં આવ્યું છે તે

દેવનાગરી લિપિમાં છે. 'હરિજન' પત્ર માટેના ટાઈપ ગાંધીજીએ જાતે પસંદ કર્યા હતા.

તેઓ કૉપીરાઈટમાં માનતા નહોતા. તેમનાં સામયિકોમાં આવેલા લેખો આમજનતાની માલિકીના છે એમ તેઓ માનતા હતા. જ્યારે તેમનાં લખાણોને વિકૃત કરીને રજૂ કરવાની શક્યતા ઊભી થઈ ત્યારે જ તેઓ કૉપીરાઈટના નિયમોને અમલમાં મૂકવા માટે સંમત થયા.

બાળકો માટેની ચોપડીઓ મોટાં બીબાંમાં, સારા કાગળ પર છાપેલી તથા વિષયને અનુરૂપ ચિત્રોવાળી હોવી જોઈએ એવું તેઓ માનતા. પાતળી ચોપડીઓ તેઓ વધુ પસંદ કરતા. આવી ચોપડી વાંચતાં બાળકો થાકી જતાં નથી તથા તે પકડવામાં પણ વધુ અનુકૂળ રહે છે. રાષ્ટ્રીય શિક્ષણનું કામ સાંભળતા એક આશ્રમવાસીએ એક વાર એક 'ચાલણગાડી' નામે બાળપોથી પ્રસિદ્ધ કરી. આ બાળપોથી આર્ટ પેપર પર છાપેલી હતી અને તેના દરેક પાના પર રંગીન ચિત્રો હતાં. આ ચોપડી તૈયાર કર્યાના ગૌરવ સાથે તેમણે પૂછ્યું, ''બાપુજી, તમે 'ચાલણગાડી' જોઈ? એની યોજના મેં કરી છે.'' ગાંધીજીએ કહ્યું, ''હા, તે સુંદર છે પણ તમે એ કોને માટે પ્રસિદ્ધ કરી છે? પાંચ આનાની ચોપડી ખરીદવાનું કેટલા વાચકોને પોસાશે? હિંદની કરોડોની ગરીબ પ્રજાનાં બાળકોનું શિક્ષણ તમારે હસ્તક છે. જો બીજી ચોપડીઓ એક આને વેચાતી હોય તો તમારી ચોપડીની કિંમત બે પૈસા હોવી જોઈએ.'' ગાંધીજીએ એક વખત એક અઠવાડિકનું કામકાજ પોતાને હસ્તક લીધું હતું અને તેની એક નકલની કિંમત બે આના



પરથી ઘટાડીને એક આનો કરી આપી હતી.

છાપકામમાં પૈસાની બચત કરવી એ ગાંધીજીને મન છેવટની વાત નહોતી. એક વખત નવજીવન મુદ્રણાલયે ગોખલેનાં લેખો અને ભાષણોનો અનુવાદ પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું. એક કેળવણીકારે તેના અનુવાદનું કામ કર્યું હતું. ચોપડી છપાઈને તૈયાર થઈ ગઈ ત્યારે ગાંધીજીને તેની પ્રસ્તાવના લખી આપવા માટે વિનંતી કરવામાં આવી. ગાંધીજીને અનુવાદ નબળો તથા વાંચવામાં અઘરો લાગ્યો. તેમણે તે રદ કરવાની સૂચના આપી. તેના છાપકામ પાછળ સાતસો રૂપિયાનું ખર્ચ થઈ ગયું છે એમ તેમને જણાવવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, ''હવે તેને બાંધવાનો તથા પૂંઠું ચોંટાડવાનો વધારાનો ખર્ચ કરી આ નકામો અનુવાદ લોકો સામે મૂકવો તમને યોગ્ય લાગે છે? હલકું સાહિત્ય લોકો સમક્ષ મૂકી લોકોની વાચન માટેની અભિરુચિ બગાડવાની મારી ઇચ્છા નથી.'' એ પુસ્તકનાં છપાયેલાં બધાં પાનાં પસ્તીમાં પણ ન વેચતાં બાળી મૂકવામાં આવ્યાં હતાં.

અખબારી સ્વાતંત્ર્યનો ગાંધીજી હંમેશ બચાવ કરતા. જ્યારે કોઈ પણ સરકારી હુકમે અગત્યની ગણાય તેવી બાબતો વિશે તેમના મંતવ્યને મુક્તપણે વ્યક્ત કરતાં તેમને રોક્યા ત્યારે તેમણે તેમનાં પત્રો છાપવાનું બંધ કર્યું. લેખનસ્વાતંત્ર્ય માટેના તેમના પ્રેમને કારણે તેમના છાપખાનાને જપ્ત કરવામાં આવ્યું હતું અને તેમની ફાઈલો બાળી મૂકવામાં આવી હતી. તેમને તથા તેમના સાથીદારોને જેલમાં પૂરવામાં આવ્યા હતા. આનાથી તેઓ ક્યારેય નાહિંમત થયા નહોતા અને તેમણે કહ્યું હતું, ''યંત્રો અને

બીબાં વિશેના આપણા ખ્યાલને ભૂલી જાઓ. કલમ એ આપણું ટાઈપ બનાવવાનું કારખાનું છે અને નકલ કરનારાઓના હાથ આપણું છાપખાનું છે. દરેક જણ પોતે હરતુંફરતું છાપું બની જાય અને વાતચીત દ્વારા સમાચાર એક જગ્યાએથી બીજી જગાએ પહોંચાડે. કોઈ સરકાર એને દબાવી શકે તેમ નથી.''



દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ પાયજામા સાથે સેંડલ પહેરવાની શરૂઆત કરી. એ જમાનામાં એમ કરવું નવાઈભર્યું હતું. ઉનાળામાં સેંડલમાં પગ ઠંડા રહે છે અને શિયાળામાં તેને મોજાં સાથે પણ પહેરી શકાય છે એટલે તેઓ જોડા કરતાં સેંડલને વધારે પસંદ કરતા. તેમનાં એ સેંડલ તેમણે જાતે બનાવ્યાં હતાં. દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન જનરલ સ્મટ્સે આ હાથબનાવટનાં સેંડલ મજબૂત હોવા છતાં સગવડભર્યાં છે એમ સાંભળ્યું ત્યારે તેમણે આવાં સેંડલ વાપરવાનું નક્કી કર્યું. ગાંધીજીએ ખાસ કાળજી રાખીને એક જોડ બનાવડાવી તેમને ભેટ આપી.

ચાલુ સ્વીકૃત પદ્ધતિ કરતાં જુદી જ રીતે કામ કરવાની રીત ગાંધીજી પાસે હતી. તેમણે સર્જેલી ફેશનોમાંની કેટલીકનો બીજાઓએ સ્વીકાર કર્યો હતો, તો કેટલીકનો કોઈએ સ્વીકાર ન કર્યો તેથી તેનો અંત પણ આવી ગયો હતો.

જ્યારે પહેલી વાર તેમણે કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપી ત્યારે તેમણે જોયું કે માત્ર જુદી જુદી જ્ઞાતિના લોકો માટે જ નહીં પરંતુ પ્રતિનિધિઓ અને સ્વયંસેવકોના જુદા જુદા સ્વાદને અનુરૂપ આવે તેવી રસોઈ બનાવવા માટે જુદાં જુદાં રસોડાં રાખવામાં આવ્યાં છે. જીવનની નાની નાની વાતોને તેઓ ઘણી અગત્યની માનતા હતા. તેમને થયું કે જ્યાં સુધી આવી જુદાઈની મનોવૃત્તિને

ત્યજીને એકતા માટેની ભાવના ઊભી કરવામાં નહીં આવે ત્યાં સુધી સ્વરાજ્યની સ્થાપના કરી શકાશે નહીં. ખાવાની ટેવોને સાદી બનાવી તેઓ પૈસા, સમય અને મહેનતના આ બગાડને અટકાવવા માગતા હતા. તેમણે ખોરાકના પ્રયોગો કર્યા. તેમના આશ્રમમાં સામાન્ય રસોડે મરીમસાલા વગરનો સાદો શાકાહારી ખોરાક રાંધવામાં આવતો. મુસ્લિમ, હિંદુ, પારસી, ખ્રિસ્તી સૌ કોઈ સામાન્ય રસોડામાં બેસીને આ શાકાહારી ખોરાક ખાતા.

રાંધ્યા વગરની લીલોતરી, ફળો, કોચલાંવાળાં ફળો, બાફેલાં શાકભાજી, હાથછડના ચોખા અને હાથઘંટીએ દળેલા લોટમાં રહેલાં પોષક તત્ત્વો પર ગાંધીજીએ ખાસ ભાર મૂક્યો. શુદ્ધ કરેલી સફેદ ખાંડ કરતાં તાજો ગોળ અને મધમાં વધારે વિટામિનો કેવી રીતે રહેલાં છે એ તેમણે સમજાવ્યું અને લોકો વસ્તુના દેખાવ પરથી નહીં પણ તેમાં રહેલાં તત્ત્વો પરથી તેનું મૂલ્યાંકન અને પસંદગી કરતા થાય તે માટે લોકોને તૈયાર કરવાનો તેમણે પ્રયત્ન કર્યો.

ફૈઝપુર કૉંગ્રેસમાં પ્રતિનિધિઓને તથા પ્રેક્ષકોને સૌથી પ્રથમ વાર પાલીસ કર્યા વગરના ચોખામાંથી બનાવેલો ભાત અને જાડા લોટમાંથી બનાવેલી ભાખરી પીરસવામાં આવી. કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન ગામડાંમાં ભરવાનો વિચાર ગાંધીજીએ આપ્યો. તે પહેલાં પચાસ વરસ સુધી અધિવેશનમાં ઘણું ભણેલા નેતાઓનું જૂથ અને બુદ્ધિશાળી વર્ગ મોટા પ્રમાણમાં જોવા મળતો. કૉંગ્રેસનાં અધિવેશનો કલકત્તા, મુંબઈ અને મદ્રાસ જેવાં મોટાં શહેરોમાં ભરાયાં હતાં. ગાંધીજીએ તેને જનતાની કૉંગ્રેસમાં પલટી નાખી અને તેને સામાન્ય પ્રજાની સંસ્થા બનાવી. સાદો હિંદી પોશાક



પહેરી તેમણે સભાને હિંદીમાં સંબોધી.

ફૈઝપુરમાં તિલકનગરની વિગતવાર યોજના તેમણે ઘડી કાઢી હતી. તેનું બાંધકામ ગામડામાં સહેજે મળી રહેતી સાધનસામગ્રીમાંથી ગામડાના કારીગરોએ કર્યું હતું. કલાકાર નંદલાલ બસુએ ગાંધીજીના સ્વપ્નને નક્કર આકાર આપ્યો હતો. કુટિરની દીવાલ અને છત વાંસમાંથી બનાવવામાં આવી હતી. રસ્તાને શણગારવા રંગીન વાંસની કમાનો બનાવી તેને છટિયાંમાંથી બનાવેલી ઊંધી ટોપલીઓ ટાંગીને શણગારવામાં આવી હતી. દરવાજા પર ઊંચે ફરકતો રાષ્ટ્રધ્વજ ગાંધીજીની પોતાની રચના હતી. થોડાં વરસ ઉપર જ તેમણે ધ્વજને છેવટનું સ્વરૂપ આપ્યું હતું. એ ધ્વજ કેસરી, સફેદ અને લીલા રંગના ત્રણ આડા પટ્ટાવાળો બનાવવાનો હતો. સફેદ પટ્ટાની વચ્ચોવચ ઘેરા ભૂરા રંગમાં, અહિંસા અને હિંદના સામાન્ય માનવીના પ્રતીક તરીકે રેંટિયાની છાપ મૂકવાની હતી.

આપણો સાદો છતાં પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પોશાક ઊભો કરવાનું શ્રેય ગાંધીજીને ફાળે જાય છે. દક્ષિણ આફ્રિકામાં તેઓએ ઐતિહાસિક કૂચ કાઢી ત્યારે સેંકડો ખાણિયાઓ – મોટે ભાગે દક્ષિણ હિંદથી આવેલા ગિરમીટિયા મજૂરો – આ કૂચમાં જોડાયા. એ બધાને ત્રાસ આપવામાં આવ્યો, ઘણાઓને સજા થઈ અને કેટલાક મરી પણ ગયા. તેમની સહાનુભૂતિમાં પોતે તેઓમાંના જ એક છે તેવું બતાવવા માટે ગાંધીજીએ એકાએક ઝભ્ભો અને તેની સાથે લુંગી પહેરવામાં આવે છે તે રીતે ધોતિયું પહેરવાનું નક્કી કર્યું. તેમણે ફરવા જતી વખતે લાકડીની જગ્યાએ લાઠી વાપરવા માંડી અને ખભે બગલથેલો ભેરવવા માંડ્યો.

એક શક્તિશાળી સત્તાની વ્યવસ્થિત હિંસાને પહોંચી વળવા માટે ગાંધીજીએ અહિંસક અસહકાર અને મોટા પાયા પર સવિનય કાનૂનભંગ કરી સત્યાગ્રહના શસ્ત્રનો વિકાસ કર્યો. પૌરાણિક દાખલાઓ ટાંકી તેમણે પ્રહ્લાદ અને વિભીષણને અનિષ્ટ તેમ જ પાશવી બળનો સત્યાગ્રહથી સામનો કરનાર પાકા અસહકારી તરીકે ઓળખાવ્યા. આમ કરવામાં તેમણે કંઈ નવી વસ્તુ શોધી કાઢી છે એમ તેઓ માનતા નહોતા. તેમ છતાં અનિષ્ટનો પ્રતિકાર કરવાની આ રીતનો સામૂહિક ઉપયોગ કરવાનો અને તેની રાજકીય ક્ષેત્રમાં અસર ઊભી કરવાનો તેમનો હિંમતભર્યો પ્રયાસ 'મૌલિક હતો. તેની સફળતા પણ ઊડીને આંખે વળગે એવી હતી. એક પરદેશી પત્રકારે એક દિવસ તેમને પૂછ્યું, ''અણુબૉમ્બે સત્ય અને અહિંસામાંની તમારી શ્રદ્ધાને ડગાવી દીધી નથી?'' ગાંધીજીએ કહ્યું, ''ઊંચામાં ઊંચી હિંમતના પ્રતીક જેવાં સત્ય અને અહિંસા સામે અણુબૉમ્બ કંઈ કરી શકે તેમ નથી, એવું હું દૃઢપણે માનું છું. અહિંસા જ એક એવી વસ્તુ છે જેનો અણુબૉમ્બ નાશ કરી શકે એમ નથી.'' હિંદની જનશક્તિ સંગઠિત કરવામાં ગાંધીજીનો બધા કરતાં વધુ ફાળો છે.

તેમની નેતાગીરી હેઠળ હિંદે અહિંસક સાધનો દ્વારા આઝાદી મેળવી. દુનિયાની તમામ – એશિયા, અમરિકા કે આફ્રિકાની – શોષિત પ્રજાની મુક્તિ માટે હિંદ આશાનું કેન્દ્ર બની રહે એમ તેઓ ઈચ્છતા હતા : ''હિંદની લડત એ અહિંસક લડત છે અને તેથી તે કચરાયેલી પ્રજાની મુક્તિ માટેની લડત બની રહે છે.'' હિંદને આઝાદી મળી ત્યાર બાદ ઘણાં સંસ્થાનોએ રક્તપાત કર્યા સિવાય પોતાની આઝાદી મેળવી. અમેરિકન હબસીઓમાં માનવ હકો



મેળવવા માટેની ચળવળ સફળ રીતે ફેલાતી જાય છે.

પોતાના વિરોધીના હૃદયનું પરિવર્તન કરવાના પ્રયોગની સાથે સાથે, ગાંધીજીના પોશાકમાં પણ નોંધપાત્ર ફેરફાર થતો ગયો. દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા ફર્યા બાદ ગાંધીજીએ ધોતિયું, ઝભ્ભો, લાંબો ડગલો અને મોટો કાઠિયાવાડી ફેંટો પહેરવા માંડ્યો. તેમને તરત જ લાગ્યું કે, ગરમ પ્રદેશની આબોહવા માટે આ પોશાક અનુકૂળ નથી. વળી ફેંટામાં ઘણું કાપડ નકામું જતું હતું એટલે તેમણે ધોતિયું, ઝભ્ભો અને ટોપી પહેરવા માંડી. મહત્ત્વના સમારંભોમાં તેમને આવા પોશાકમાં જોઈને કહેવાતા સુધરેલા લોકોને ભારે આંચકો લાગ્યો. ગાંધીજી કાંતતાં અને વણતાં શીખ્યા ત્યારે તેમનો આખો પોશાક ખાદીનો બની ગયો. ગાંધીટોપી કાશ્મીરી ટોપીને ઘણી મળતી આવે છે. ફરક એટલો કે કાશ્મીરી ટોપીમાં જે ભરતકામ છે તે આમાં નથી. આ ટોપી સફેદ હોવી જોઈએ એવો ગાંધીજીનો આગ્રહ હતો. લોકો એવી ફરિયાદ કરતા કે સફેદ ટોપી સહેજે મેલી થઈ જાય છે. તેના જવાબમાં ગાંધીજીએ કહ્યું : ''ચોખ્ખાઈનું ઊંચું ધોરણ જાળવી રાખવા માટે મેં સફેદ રંગની ટોપી પસંદ કરી છે. આ પાતળી ટોપી સરળતાથી ધોઈ શકાય છે તથા તેને સુકાતાં વાર લાગતી નથી. ઘેરા રંગની ટોપી ગંદી દેખાતી નથી એટલું જ, બાકી એ પણ મેલી તો એટલી જ થાય છે.'' ખાદીનું ધોતિયું અથવા પાયજામો, ઝભ્ભો અને ગાંધીટોપી ખૂબ પ્રચારમાં આવ્યાં અને તેનો રાષ્ટ્રીય પોશાક તરીકે સ્વીકાર કરી લેવામાં આવ્યો.

ઘણા બિહારી, મારવાડી અને ગુજરાતીઓએ તેમના ફેંટા અને મુસ્લિમોએ તેમની મુલ્લાં ટોપીને તિલાંજલિ આપી. બંગાળી

તથા દક્ષિણ ભારતના વતનીઓ સામાન્ય રીતે માથું ઢાંકવાને ટેવાયેલા નથી. તેમણે પણ ગાંધીટોપી પહેરવા માંડી. ભેંસ જેમ લાલ લૂગડું જોઈને ભડકે તેમ સ્વદેશી ચળવળના દિવસોમાં અંગ્રેજો ગાંધીટોપી જોઈને ભડકતા. આ સફેદ ટોપીવાળા સ્વયંસેવકો સામે પોલીસોએ કડક હાથે કામ લીધું અને તેમની ટોપીઓ બળજબરીથી દૂર કરવામાં આવી. ગાંધીજીએ પોતે પણ આ ટોપી થોડો વખત સુધી પહેરી. તેમના પહેરવેશમાં છેવટનો ફેરફાર ખાદીનું પંચિયું, ચાદર અને ચંપલ સાથે પૂરો થયો. નેતા તેની પ્રજાનો સાચો પ્રતિનિધિ હોવો જોઈએ એમ તેઓ માનતા. તેઓ યુરોપ અને ઇંગ્લંડમાં પણ આ જ પોશાક પહેરીને ફર્યા અને હિંદના સમ્રાટને પણ આ જ પોશાકમાં મળવા ગયા. પરદેશી અફસરો તથા રાજદ્વારીઓ, જાણીતા લેખકો અને કવિઓ જ્યારે તેમને મળવા માગતા ત્યારે તેઓ એમને પોતાના આશ્રમમાં આવવા આમંત્રણ આપતા.

એક વખત ઇંગ્લંડના એક જાણીતા મુલાકાતીને સ્ટેશન પરથી બળદગાડામાં બેસાડીને આશ્રમમાં લાવવામાં આવ્યા હતા. આ મુલાકાતીઓ ગાંધીજીની માટીની ઝૂંપડીની ભોંય પર પગ વાળીને બેસતા અને લોકનેતા ગાંધી સાથે ગંભીર ચર્ચાવિચારણા કરતા. તેઓ આશ્રમનો ખોરાક ખાતા. સેવાગ્રામના આ સંતની યજમાનગીરી સુંદર હતી. તેમના મહેમાનોની જરૂરિયાતો અંગે તેઓ ખૂબ કાળજી લેતા. જોકે, આ યજમાન પશ્ચિમમાંથી આવતા સુંવાળા મહેમાનોને ગામઠી મહેમાનગતિનો આસ્વાદ કરાવતાં પણ શરમાતા નહીં. ઠાઠમાઠના પ્રદર્શનથી કોઈ રાષ્ટ્ર કે રાજ્યની, ખાસ કરીને ગરીબ દેશની, આબરૂ જાળવી રાખી શકાય



છે, એમ તેઓ માનતા નહોતા. ઊલટાનું ખોટી આબરૂના પ્રદર્શનથી, ખોટા દેખાવથી અને ગરીબી પર ઢાંકપિછોડો કરવાથી તેમને દુઃખ થતું. વાઈસરૉય, ગવર્નરો, બ્રિટિશ રાજદ્વારીઓ અને પરદેશથી આવેલા અફસરો સાથે અગત્યની ચર્ચાઓ કરવા માટે ગાંધીજીને અવારનવાર દિલ્હી અને સિમલા, મુંબઈ તથા કલકત્તા દોડવું પડતું. પોતાના વિચારોના પ્રચાર માટે તેમ જ પોતાના દેશબંધુઓના સંપર્કમાં રહેવા માટે તેમણે એક કરતાં વધારે વાર આખા દેશની મુસાફરી કરી હતી. પરંતુ તેઓ કદી વિમાનમાં બેઠા નહોતા. તેઓ ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા. આઝાદી પહેલાં બીજા નેતાઓ તેમની આવી રીતો અનુસરતા હતા. તેઓ વહીવટનું આખું માળખું બદલવા માગતા હતા : ''લોકશાહીમાં ખેડૂતનું રાજ્ય હોવું જોઈએ. ખેડૂત વડો પ્રધાન રહેવા માટે મહેલની માગણી નહીં કરે. તે માટીના ઝૂંપડામાં રહેશે, આકાશ નીચે સૂઈ જશે અને તેને સમય મળશે ત્યારે તે જમીન પર ખેતીનું કામ કરશે.''

સુંવાળા વાતાવરણમાં ઊછરેલા ગર્ભશ્રીમંત લોકોમાં નવા હિંમતભર્યા વિચારો અપનાવી લેવાની હિંમતનો કેવો અભાવ હોય છે તે ગાંધીજીથી અજાણ્યું નહોતું. તેઓ બાળકોને જુદી જ પદ્ધતિથી કેળવણી આપી મૂળમાંથી શરૂઆત કરવા માગતા હતા. જાણીતા શિક્ષણકારોએ અજમાવી જોયેલી પ્રાયોગિક પદ્ધતિઓ પર પૂરતો વિચાર કરી લીધા બાદ તેમણે બાળકોનાં મગજને કેળવવા માટેની પાયાની રીત રજૂ કરી હતી. એને તેઓ નઈ તાલીમ કહેતા. તેમાં લેખનવાચન શીખવવા પર ઓછો ભાર મૂકવામાં આવ્યો હતો. કેળવણીનું તેમનું ધ્યેય માત્ર અક્ષરજ્ઞાન

આપવાનું નહીં પણ અજ્ઞાન દૂર કરવાનું હતું. ઉદ્યોગો દ્વારા કેળવણી આપી જુવાન વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ કરવાની અને તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરવાની તેમને આશા હતી. તેઓ તેમનામાં બધા ધર્મો તરફ સમભાવ, બધી જાતના લોકો પર પ્રેમ અને બધાં કામો પ્રત્યે સમાન આદર રાખવાની ભાવના જાગ્રત કરવા માગતા હતા.

જાહેર પ્રાર્થનાસભાઓમાં દુનિયાના જુદા જુદા ધર્મોમાંથી ચૂંટી કાઢેલી સર્વધર્મ પ્રાર્થના દાખલ કરવાનો પ્રયાસ તેમણે કર્યો હતો.

સેંકડો જાહેર સભાઓમાં તેમણે પોતાના વિચારો અંગે વાત કરી હતી અને તેમનાં પત્રોમાં તે વિશે અસંખ્ય લેખો લખ્યા હતા. તેમણે ઘણાં અઠવાડિકોનું સફળતાપૂર્વક સંપાદન કર્યું હતું અને સારી એવી કાયમી આવક આપે તેવી જાહેરખબરોને તેમણે જતી કરી હતી. તેમણે પૈસાને ઠોકર મારી હતી તેમ છતાં કોઈ પણ રીતે થતા બગાડને તેઓ ચલાવી લેતા નહોતા. એક વખત, સુશોભન પાછળ કરવામાં આવતા બિનજરૂરી ખર્ચ નિવારવા અંગે તેમણે સભા ગોઠવનારાઓને સલાહ આપતાં કહ્યું હતું : ''ફૂલોના હારને સંપૂર્ણપણે નિવારી શકાય અને તેને બદલે સૂતરની આંટી પહેરાવી શકાય. સૂતરની આંટીમાં ગાંઠ મારવાથી સૂતરની આંટી બગડવી જોઈએ નહીં. નકામી ખાદીમાંથી બનાવી કાઢેલી ધજાપતાકા શણગાર માટે વાપરી શકાય. માનપત્રો છાપવાનું નિવારીને પૈસાની બચત કરી શકાય. સારામાં સારા હસ્તાક્ષરવાળા માણસો પાસે સાદા હાથ-કાગળ પર માનપત્રો લખાવી શકાય અને કાગળને ખાદીના ટુકડા પર સુંદર રીતે સીવી લઈ શકાય. છોકરા-



છોકરીઓ ખાદીના ટુકડા પર ભરતકામ કરીને પણ માનપત્ર તૈયાર કરી શકે.''

ઘર વગેરેને અંદરથી શણગારવાના તેમના વિચારો કંઈક અનોખા હતા. ગાલીચાથી મઢી દીધેલા અને રાચરચીલાં અને દુર્લભ ચીજવસ્તુઓના સંગ્રહથી ભરેલા ઓરડા તેમને ગમતા નહોતા. બારી પર લગાડવામાં આવતા પડદાનો તેમને મોહ નહોતો. એક વખત તેઓ દક્ષિણ હિંદના એક ધનિક વેપારીના મહેમાન બન્યા હતા. શણગાર માટે કરવામાં આવેલા વસ્તુઓના ખીચડા પ્રત્યે નાપસંદગી બતાવતાં તેમણે કહ્યું : ''વધારેપડતા રાચરચીલાને કારણે હું મૂંઝાઈ ગયો છું. એ બધાંની વચ્ચે શ્વાસ લેવાની મોકળાશ પણ ભાગ્યે જ મળે છે. તમારે ત્યાંનાં કેટલાંક ચિત્રો અણગમો ઊપજે એવાં છે. ચેટ્ટીનાડમાં દરેકેદરેક જગ્યાને સજાવવાનું કામ જો તમે મને સોંપો તો આ જ વસ્તુઓ હું તમને દસમા ભાગની કિંમતે પૂરી પાડું અને એવી રીતે ગોઠવી આપું કે તમને વધુ સગવડ તથા તાજી હવા મળી શકે. ઉપરાંત હિંદુસ્તાનના સારામાં સારા કળાકાર પાસેથી તમારાં ઘરોને મેં કળામય રીતે શણગાર્યાં છે એવું પ્રમાણપત્ર પણ મેળવી આપું.'' સેવાગ્રામની ગાંધીજીની ઝૂંપડી જે રીતે સજાવી હતી તેને આવકારી નંદલાલ બસુએ ગાંધીજીના આ દાવાનું સમર્થન કર્યું હતું: ''ભોંયતળિયું તથા દીવાલોને ગાયના છાણથી લીંપી લેવામાં આવી હતી. એ ઓરડામાં કોઈ પણ ચિત્ર, છબી, આકૃતિ કે પૂતળું નહોતું. બેસવા માટે એક ખૂણામાં એક સાદડી પાથરેલી હતી, તેના પર એક ગડી વાળેલી ચાદર અને તકિયો મૂકેલાં હતાં. તેની એક બાજુએ લખવા માટેના મેજ તરીકે ઉપયોગમાં લેવા માટે, એક ખોખું મૂકેલું હતું

અને તેના પર ખાદીનો ટુકડો પાથરેલો હતો. બાજુમાં ઘસીને ચકચકિત કરેલો કાંસાનો લોટો હતો. તેના પર પીપળાના પાનના આકારનું લોખંડનું ઢાંકણું ઢાંકેલું હતું. ઓરડાના વાતાવરણમાં સ્વચ્છતા, સુઘડતા અને શાંતિનું સૌંદર્ય તરી આવતાં હતાં. આ ઓરડામાં તેઓ કમર પર માત્ર ખાદીનો ટુકડો વીંટીને બેઠા હતા. તેમના હોઠ પર મધુર સ્મિત રમ્યા કરતું હતું. તેઓ મને ખુલ્લી તીક્ષ્ણ પાણીદાર તલવાર જેવા લાગ્યા - એવી તલવાર કે જેમાં હિંસા સિવાય તલવારના બીજા બધા ગુણો હતા.''

# મદારી

નાનપણમાં ગાંધીજીને સાપનો ડર લાગતો. અંધારામાં એકલા જવાનું પણ તેમનાથી બનતું નહીં. અંધારામાં ચોર, ભૂતપ્રેત તથા સાપ આપણી ઉપર ધસી આવવા માટે ટાંપી રહ્યાં હોય છે એમ તેઓ માનતા.

પાંત્રીસ વરસની ઉંમરે તેમણે આશ્રમમાં રહીને સાદું જીવન જીવવા માંડ્યું. તેમનો આશ્રમ એટલે રહેવા માટેની માત્ર ઝૂંપડી જ નહીં, એ ઉપરાંત ખેતી માટે પૂરતી જમીન, કૂવો અને સાથે ફળઝાડ માટેની વાડી પણ ખરી. શહેરના ઘૂંઘળા અને ધમાલિયા વાતાવરણથી દૂર શાંત જગ્યાએ આ આશ્રમ આવેલો હતો. ગાંધીજી પૈસાદાર નહોતા તેથી આશ્રમ માટે તેમણે સસ્તી ખરાબાની જમીન મેળવી હતી. ફિનિક્સ આશ્રમમાં, ટૉલ્સ્ટૉય વાડીમાં, સાબરમતી આશ્રમમાં, વર્ધાના આશ્રમમાં તેમ જ સેવાગ્રામમાં એમ બધે જ સાપનો ઉપદ્રવ હતો. આશ્રમનાં ઘરો બંધાય ત્યાં સુધી આશ્રમવાસીઓને તંબૂઓમાં રહેવું પડતું. બાળકો સાથે આ રીતે રહેવામાં જોખમ પણ હતું. એક દિવસ ખેતરમાં માલસામાન રાખવા માટે બાંધેલી ઝૂંપડીમાં કાળો ઝેરી સાપ છાપરે ચડતો દેખાતો, તો બીજે દિવસે સાઈકલ લેવા જનારને સાઈકલની પાસે જ બેત્રણ સાપ ગૂંચળું વળીને બેસી રહેલા જોવા મળતા. કેટલીક વાર સૂવાના ઓરડામાં પણ સાપ

આવી ચડતા. આ ઉપદ્રવમાંથી કેમ છૂટવું એ એક કોયડો હતો.

ગાંધીજી અહિંસામાં માનતા હતા અને ચુસ્ત વૈષ્ણવ હતા. તેમના પુત્રનો, પત્નીનો યા પોતાનો જાન બચાવવા માટે તેમણે માછલી, માંસ યા તો મરઘીમાંથી બનાવેલી કોઈ પણ દવા લીધી નહોતી. ગાય તથા ભેંસને દોહતી વખતે તેમના આંચળમાંથી દૂધનું ટીપેટીપું નિચોવી લેવા માટે ગાય યા ભેંસ પર જુલમ થતો હોવાથી તેમણે ગાય અને ભેંસના દૂધનો ત્યાગ કર્યો હતો. જો આવું હોય તો પછી સાપને તો કેમ જ મરાય? સાપ, પછી તે ઝેરી કેમ ન હોય, ન મારવા એવો આશ્રમનો સામાન્ય નિયમ હતો. સાપને પકડવા માટે દોરડાનું એક સાધન બનાવવામાં આવ્યું હતું. તેનાથી સાપને પકડી લઈ આશ્રમથી સલામત અંતરે તેને છોડી મૂકવામાં આવતો. પણ કેટલીક વાર સાપ એવી જગ્યાએ બેઠો હોય કે પકડનારની તેની પાસે જવાની હિંમત ન ચાલે, એવું પણ બનતું. તેવે વખતે શું કરવું? અહિંસાનું સંપૂર્ણ પાલન શક્ય નથી તે ગાંધીજી જાણતા હતા. આમ તો શાકભાજી ખાવાં એ પણ છોડ તથા ઝાડની હિંસા કરી કહેવાય. આ અંગે તેમણે લખ્યું છે કે, ''સર્પદંશથી કોઈ બાળકનું મૃત્યુ થાય ત્યારે મને જે દુ:ખ થાય છે તેવું દુ:ખ સાપને મારી નાખવામાં આવે ત્યારે થતું નથી. મને હજુ સાપનો ડર લાગે છે તો પછી હું બીજાને સાપથી ન ડરવાનું કેવી રીતે કહી શકું?'' સાપને કાઢી મૂકવાની બધી રીતો નાકામયાબ નીવડી ત્યારે તેમણે સાપને મારવાની છૂટ આપી. પરંતુ આવું ભાગ્યે જ બનતું.

સાપની જુદી જુદી જાતો તથા તેમની ખાસિયતો અંગે ઝીણી ઝીણી વાતો જાણવાનો ગાંધીજીને ખૂબ રસ હતો. કેલનબૅકની



મદદથી ઝેરી સાપમાં તથા ઝેર વગરના સાપમાં શો ફરક હોય તે તેમણે શીખવા માંડ્યું હતું. આ માટે કેલનબૅકે એક નાગને પકડી પાંજરામાં પૂરી રાખ્યો હતો. કેલનબૅક આ નાગને પોતાને હાથે જ ખવડાવતા. આશ્રમનાં બાળકોને આ જોવામાં ખૂબ રસ પડતો. આશ્રમના આ નવા મિત્રને કોઈ પજવતું નહીં. પણ ગાંધીજીને આ ખૂંચતું હતું. તેમણે કેલનબૅકને કહ્યું : ''આ સાપની રીતભાત અને ટેવ વગેરે જાણવા માટે આપણે તેને કેદી બનાવ્યો છે. પણ આપણી આ મૈત્રીની તેને જાણ ન હોય એવું પણ બને. આપણા બેમાંથી એકેયમાં તેની સાથે રમવાની હિંમત નથી. તમારી એની સાથે મૈત્રી થઈ છે, પણ તેય સાવ ભયમુક્ત તો નથી. સાપને પાળવાના આ કામમાં તેના તરફનો પ્રેમ તો નથી જ!'' એ નાગને પણ કદાચ એવું લાગ્યું હશે કે આ માણસો સાથે આપણી જોઈએ તેવી મૈત્રી જામતી નથી. આથી એક દિવસ તે પાંજરામાંથી છટકીને સરકી ગયો.

એક બીજા જર્મન આશ્રમવાસી ભાઈ સાપથી ડર્યા વગર તેને પકડતા તથા તેની સાથે રમત પણ કરતા. તેઓ નાનાં સાપોલિયાં પકડીને તેને પોતાના હાથ પર રમાડતા. ગાંધીજી એવી હિંમત કેળવવા માગતા હતા. તેઓ એવી કક્ષાએ પહોંચવા માગતા હતા કે તેમના સ્પર્શથી સાપને લાગે કે આ હાથનો સ્પર્શ તેને કશી ઈજા નહીં કરે. જીભ પર રામનું નામ રમતું રાખી સાપના મોંમાં હાથ નાખવાનું જો તેમનાથી બની શકે તો તેમને મન એ મહાન સિદ્ધિ હતી. પરંતુ તેમના જીવનના અંતકાળ સુધી તેઓ સાપ યા વીંછીને હાથમાં લઈ શક્યા નહીં. આ વાતનું તેમને દુ:ખ હતું.

અગત્યના કામમાં ગૂંથાયેલા હોય ત્યારે પણ તેમનો સાપ

વિશેનો રસ તેવો ને તેવો જ હતો. એક વખત કેટલાક નેતાઓ ગાંધીજી પાસે પહોંચ્યા ત્યારે ગાંધીજી ગળામાં સાપ વીંટાળીને એક મદારી સાથે વાતો કરતા હતા. સાપને કેવી રીતે પાળી શકાય અને સર્પદંશનો ઈલાજ કેવી રીતે થઈ શકે તેની વાતચીતમાં તેઓ મશગૂલ થઈ ગયા હતા. પ્રયોગ માટે એકાદ માણસને સાપ કરડાવવાની વાત આવી. ગાંધીજી તે માટે તૈયાર હતા. પણ એ મહામૂલા જીવ પર આવો ખતરનાક પ્રયોગ કરતાં તેમના સાથીદારોએ તેમને વાર્યા. આમ, એક મદારીના ચેલા બનવાની તક ગાંધીજીએ જતી કરી. તે વખતે તેમની ઉંમર સિત્તેર વરસની હતી.

વરસો પહેલાંની વાત છે. તે વખતે ગાંધીજી જેલમાં હતા અને તેમના દાંતના પારામાંથી લોહી ઝમ્યા કરતું હતું. જેલમાં એક હબસી કેદી તેમની સંભાળ રાખતો. બેમાંથી એકેયને બીજાની ભાષા આવડતી નહોતી. આથી તેઓ ઈશારાથી વાતો કરતા. એક દિવસ એ કેદી વેદનાની ચીસ નાખતો નાખતો તેમની પાસે આવ્યો. પૂછપરછ કરતાં ખબર પડી કે તેની આંગળી પર કંઈક કરડી ગયું હતું. ગાંધીજીએ જેલના દવાખાને આની જાણ કરી. ડંખ લાગ્યો હતો ત્યાંથી ઝેરી લોહીને કાઢી નાખવામાં આવે તો આને જરૂર રાહત થાય તે ગાંધીજી જાણતા હતા. પરંતુ ઘા કાપવા માટે સ્વચ્છ છરી ત્યાં નહોતી. એટલે બાપુએ ઘામાંથી લોહી ચૂસી લેવા માંડ્યું. દાંતના પારામાંથી લોહી ઝમતું હોય તેવા મોંએ લોહી ચૂસવામાં જોખમ તો હતું જ પરંતુ ડંખનો ભોગ બનીને તરફડતા સાથી કેદીનું દુઃખ તેમનાથી જોયું જતું નહોતું.

બધા સાપ ઝેરી નથી હોતા તથા સર્પદંશના બધા કિસ્સા



જીવલેણ નીવડે છે એવું પણ નથી હોતું એ વાત ગાંધીજી જાણતા હતા. સો સાપમાંથી બાર સાપ જ ઝેરી હોય છે. ગાંધીજી પોતાના દેશવાસીઓને, ખાસ કરીને ગામડાંના લોકોને, સાપની જુદી જુદી જાતો તથા તેમની ખાસિયતોથી માહિતગાર કરવા માગતા હતા. સાપ વિશે સમજ આપતા કેટલાક સચિત્ર લેખો તેમણે પ્રસિદ્ધ કર્યા હતા. 'હરિજન'માં તેમણે આ અંગે લખ્યું હતું કે, ''કયા સાપ ઝેરી છે અને કયા નથી એ આપણે કહી શકતા નથી એટલે જેટલા સાપ જોઈએ તેટલા બધાને મારી નાખીએ છીએ. એમાંના મોટા ભાગના તો ઝેરી નથી હોતા, ને ઘણી વાર સર્પદંશથી માણસ મરી જાય છે એમાં ખરું કારણ તો એના મનમાં પેસી ગયેલી બીક જ હોય છે. સાપ ઝેરી હોય તોયે સામાન્ય રીતે માણસનો પગ એના પર પડે કે તે છંછેડાય તે સિવાય કરડતો નથી. સાપ ખેડૂતનું ઘણું કામ કરી આપે છે કેમ કે તે ખેતરમાં ઉંદર, કીડા વગેરેનો જે ઉપદ્રવ હોય છે તે દૂર કરે છે. આમ, તે ખેતર અને ખેતીના રખેવાળ તરીકે 'ક્ષેત્રપાળ' તરીકે ઓળખાય છે. નાગપાંચમને દિવસે ગામડાંમાં સ્ત્રીઓ સાપ માટે રકાબીમાં દૂધ મૂકી આવે છે. સાપ સાથેની મૈત્રીનું એ પ્રતીક છે. સાત ફેણના છત્ર નીચે શેષશય્યા પર સૂતેલા વિષ્ણુનું ચિત્ર મારે મન સૂચક છે. પોતાને માથે ફેણનું છત્ર ધરનાર સાપના ખોળામાં ઈશ્વર નિર્ભયપણે કેવી રીતે સૂઈ શકે છે તેનું દર્શન આ ચિત્ર કરાવતું હોય એમ લાગે છે. ઈશ્વરની નજરમાં સાપ એ ભયનું કારણ નથી.''

એક વખત ગાંધીજીની ઝૂંપડીના ઓટલા પર કેટલાંક નાગાં ને અર્ધનાગાં છોકરાં ભેગાં થયાં હતાં. તેઓની નજર ગાંધીજીના મેજ પર કાચની બરણીમાં મૂકેલા સાપ પર મંડાયેલી હતી. એ સાપને

પકડીને સર્જન પાસે તપાસવા માટે મોકલવામાં આવ્યો હતો. સર્જને જોયું કે, આ કૃષ્ણસર્પ છે. કૃષ્ણસર્પ એ ઝેરીમાં ઝેરી જાતોમાંનો એક છે. સર્જને તેનું માથું છૂંદી નાખી તેને ગાંધીજી પર પાછો મોકલી આપ્યો. પરંતુ તેની કરોડ સારી હતી એટલે તે ત્રણ દિવસ સુધી જીવતો રહ્યો! એના દુ:ખનો અંત આણવા તેને પાણીમાં ડુબાડી મારી નાખી શુદ્ધ સ્પિરિટ ભરેલી કાચની બરણીમાં રાખી મૂક્યો. ગાંધીજીની ઇચ્છા ગામડાના લોકોને જીવતા યા મરેલા સાપ બતાવવાની હતી. જીવતા સાપના નમૂના રાખી મૂકવા માટે તેમણે એક પાંજરું પણ વસાવ્યું હતું.

ગાંધીજીએ એક વખત તેમના એક ફિલસૂફ મિત્રને પૂછ્યું, ''સાપ હુમલો કરે ત્યારે સાધકે શું કરવું?'' તેમના મિત્રે કહ્યું, ''તેણે સાપને મારવો ન જોઈએ. કરડે તો એને એમ કરવા દેવું જોઈએ.'' ગાંધીજીએ કદી સાપને ઈજા પહોંચાડી નહોતી. સાપે પણ ગાંધીજીને યા તેમના આશ્રમવાસીને ઈજા પહોંચાડી નહોતી. ગાંધીજીના એકેય આશ્રમમાં સાપ કરડવાથી કોઈ મર્યું નથી. સાપે તેના કોમળ સ્પર્શનો લાભ ગાંધીજીને ઘણી વખત આપ્યો હતો, પણ ગાંધીજીને તેમના ઝેરી ડંખનો સ્વાદ ચખાડવાનું કામ તેણે ક્યારેય કર્યું નહોતું.

એક શાંત સાંજે ગાંધીજી તેમના એક મિત્ર સાથે વાત કરતા બેઠા હતા. તેમણે શરીરે ચાદર વીંટેલી હતી. એવામાં ચાદરના એક ખૂણા પર એક સાપે માથું ઊંચું કર્યું. ગાંધીજીના મિત્રે તેમને શાંતિથી બેસી રહેવા કહ્યું. ગાંધીજી સ્વસ્થતાથી હાલ્યાચાલ્યા વગર બેસી રહ્યા અને તેમના મિત્રને કંઈ ઉતાવળિયું પગલું ન લેવા સૂચવ્યું. પેલા મિત્રે ધીમેથી ચાદર પકડી આંચકા સાથે દૂર ફેંકી



દીધી. બીજા એક પ્રસંગે ગાંધીજી જમ્યા પછી સૂતા સૂતા આરામ કરતા હતા ત્યારે એક સાપ તેમની છાતી પર ચડી ગયો હતો. આનાથી તેઓ જરાય ગભરાયા કે અકળાયા નહોતા. એક વખત જ્યારે ગાંધીજી હૉસ્પિટલમાં હતા ત્યારે એક ભણેલોગણેલો આધુનિક મદારી ગાંધીજીને મળવા આવ્યો. સાપોને કાબૂમાં રાખવાની તેની શક્તિનું તે ગાંધીજીને દર્શન કરાવવા માગતો હતો. તે માટે તેણે ગાંધીજીના બિછાના પર કેટલાક ઝેરી સાપ છૂટા મૂક્યા. છૂટા સાપ ગાંધીજીના ચારસા પર તાનથી ડોલવા લાગ્યા. ગાંધીજી તેને રસપૂર્વક જોઈ રહ્યા. તેમના પગને તેમણે હાલવા સુધ્ધાં ન દીધો.

એક બીજી સાંજે ગાંધીજી પ્રાર્થના શરૂ થતાં પહેલાં મૌન રાખીને બેઠા હતા ત્યારે એક સાપ ભૂલો પડીને તેઓ બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો. બાપુના સાથીદારો મૂંઝવણમાં પડી ગયા. ખળભળાટથી સાપ પણ ગભરાયો અને આશ્રય લેવા બાપુના ખોળામાં ભરાઈ ગયો. ગાંધીજીએ ઇશારાથી કંઈ જ ન કરવા અને પ્રાર્થના ચાલુ રાખવા જણાવ્યું. સાપ ધીમેથી સરકી ગયો. ''આપના શરીર પર સાપ ચડ્યો ત્યારે આપના મનમાં કેવી લાગણી થઈ?'' એવા પ્રશ્નના જવાબમાં બાપુએ કહ્યું કે, ''એક ક્ષણ તો હું ગભરાઈ ગયો, પણ કેવળ એક ક્ષણ પૂરતો જ. પછી તરત જ સ્વસ્થ થઈ ગયો. પછી વિચાર આવ્યો કે આ સાપ મને કરડશે તો હું સૌને કહીશ કે આ સાપને તો ન જ મારશો. કોઈ પણ સાપને જોઈ તમે તેને મારવા તૈયાર થઈ જાઓ છો, મેં પણ આજ સુધી કોઈને તેમ કરતાં રોક્યા નથી. પણ આ સાપ મને કરડ્યો છે, માટે એને તો અભયદાન મળવું જ જોઈએ.''

# પુરોહિત

ગાંધીજીએ બ્રહ્મચર્યનું તથા સ્વૈચ્છિક ગરીબીનું વ્રત લીધું તે વખતે તેમણે દઢપણે જણાવ્યું કે, જેઓ માનવજાતની સેવા કરવા માગે છે, તેમણે કુંવારા રહેવું જોઈએ.

આ વાત તેમને બરાબર સમજાઈ તે પહેલાં તેઓ તેમના કુંવારા મિત્રોને પરણાવી દેવા માટે આતુર રહેતા. તેઓ બધા પરણીને એક કુટુંબના સભ્યો તરીકે સાથે રહે એમ તેઓ ઈચ્છતા. તેઓ તેમના હિંદી સહકાર્યકરોને સજોડે દક્ષિણ આફ્રિકા આવવાની સલાહ આપતા અને મિ. વેસ્ટ અને મિ. પોલાક જેવા અંગ્રેજ મિત્રોને બને તેટલું જલદી લગ્ન કરી લેવા માટે વીનવતા. મિ. પોલાકની આર્થિક સ્થિતિ જોઈએ તેવી સારી ન હોવાથી તે લગ્ન કરતાં અચકાતા હતા. ગાંધીજીએ તેમને કહ્યું કે જ્યાં હૃદય એક થઈ ગયાં હોય ત્યાં લાંબા સમયથી નક્કી કરી રાખેલાં લગ્નને પાછા ઠેલતા જવું એ ઠીક નથી. પોલાકનું લગ્ન જે બહેન સાથે થવાનું હતું તે બહેન ઈંગ્લંડથી દક્ષિણ આફ્રિકા આવ્યાં તેને બીજે જ દિવસે પોલાકે તેમની સાથે લગ્ન કર્યાં. આ લગ્ન માટેની બધી વ્યવસ્થા ગાંધીજીએ કરી હતી તથા અણવર તરીકેનું કામ પણ પોતે જ કર્યું હતું.

હિંદમાંના તેમના આશ્રમોમાં ગાંધીજીએ કેટલીક વાર પુરોહિત તરીકે કામ કર્યું હતું. જોડી ગોઠવી આપવાની તથા પુરોહિત





તરીકેની વિધિ કરી આપવાની તેમની રીત ચાલુ રીત કરતાં કંઈક જુદી, અર્વાચીન કહેવાય તેવી હતી. તેમણે હિંદુઓની લગ્ન કરવાની રીતને સુધારવાનો તથા ચાલ્યા આવતા રિવાજોને તોડવાનો પ્રયાસ કર્યો. પહેરામણી, મિલકત, ભણતર અંગેનાં પ્રમાણપત્રો તથા ઊંચી જ્ઞાતિ જેવી લાયકાતો વર યા વધૂને લગ્ન કરવા માટે વધુ લાયક ઠેરવે છે, એવું તેમણે ક્યારેય માન્યું નહોતું. તેઓ શરીરસ્વાસ્થ્ય, ચારિત્ર તથા શરીરશ્રમ કરવા માટેની યોગ્યતાને લગ્ન કરવા માટેની અનિવાર્ય લાયકાત ગણતા. તેમણે કરાવેલાં લગ્નમાં વરવધૂ હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી પહેરતાં અને લગ્નની વેદી સામે તેમણે એકબીજાને પહેરાવેલી હાથે કાંતેલી સૂતરની આંટીના હાર સિવાય બીજું એકે ઘરેણું પહેરતાં નહીં. તેઓ વેદના મંત્રો બોલતા. પરણનારને કીમતી ભેટો કે પહેરામણી કંઈ અપાતું નહીં.

વાંકડો યા પરઠણ આપવાના તથા લેવાના ખરાબ રિવાજને ગાંધીજીએ વખોડી કાઢ્યો હતો. કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને તેમની પત્નીઓને પોતાના ઘરની તથા હૃદયની રાણી બનાવવાને બદલે ખરીદી કે વેચી શકાય તેવી મિલકત બનાવી મૂકવા બદલ ગાંધીજીએ ઠપકો આપ્યો હતો. શું સ્ત્રી એ પુરુષની અર્ધાંગના – – અડધું અંગ નથી? તેમણે કહ્યું કે, ''જો મારે કોઈ છોકરીને પરણાવવાની હોય, અને તેને પત્ની તરીકે સ્વીકારવા ઈચ્છતો મુરતિયો એક પૈસાની પણ ઈચ્છા રાખતો હોય, તો તેને તેવા મુરતિયા સાથે પરણાવવા કરતાં એ છોકરીને આખી જિંદગી કુંવારી રાખવાનું હું વધારે પસંદ કરું.''

લગ્નની મિજબાનીઓમાં કરવામાં આવતો ભપકો તથા લાંબી

અને અનેક વિગતોવાળી વિધિ ગાંધીજીને પસંદ નહોતી. તેઓ એમ માનતા કે લોકશાહીના આ જમાનામાં ધાર્મિક વિધિ પાછળ દસ રૂપિયા કરતાં વધારે ખર્ચ ન કરવું જોઈએ. લગ્નમાં એક ધાર્મિક વિધિ સિવાય બીજી કોઈ પણ પ્રવૃત્તિને લગ્નના ભાગ તરીકે ગણવાની જરૂર નથી. આ દેશના ગરીબમાં ગરીબ માણસ માટે આટલું કરવું પણ કંઈક અઘરું ગણાય તેવું છે. લગ્નની અને શ્રાદ્ધની ક્રિયા કરાવવા માટે ભારે કરજ કરનાર ખેડૂતોને તેમણે કહ્યું, ''શ્રાદ્ધ અને લગ્નની વિધિ કરાવવા માટે ઝાઝાં નાણાંની જરૂર નથી. હું તમારો પુરોહિત થઈશ અને એ વિધિ કરાવીશ.'' શ્રાદ્ધની ક્રિયા પ્રચલિત અર્થમાં તેઓ માનતા નહોતા. પૂર્વજોના સારા ગુણોને પોતાના રોજિંદા જીવનમાં ઉતારવામાં આવે તો પૂર્વજોનું સાચું શ્રાદ્ધ કર્યું ગણાય એમ તેઓ માનતા. જનોઈ દેવા પાછળ ગહન ધાર્મિક ભાવ રહેલો છે એ વાત પણ તેમને માન્ય નહોતી. તેઓ કહેતા કે, ''લોકો જનોઈ પાછળ જે ખર્ચ કરે છે તેનો કંઈ અર્થ નથી. આર્યો પોતાને અનાર્યોથી જુદા પાડવા માટે જનોઈ પહેરતા હતા. જો તે ઊંચ અને નીચનો ભેદભાવ બતાવવા માટે જ હોય, તો તેનો ત્યાગ કરવો જોઈએ. પવિત્ર જીવન ગાળવું એ સૌથી સારી જનોઈ પહેરવા જેવું છે.''

ગાંધીજી પુરોહિત તરીકે કામ કરતા તે બદલ કોઈ જાતની દક્ષિણા નહોતા લેતા એ ખરું, પણ કેટલીક વખત દક્ષિણા તરીકે હરિજન ફંડમાં કંઈક દાન કરવાનું તેઓ કહેતા. એક વખત તેમણે એક આંતરજ્ઞાતીય લગ્ન કરાવવામાં પુરોહિત તરીકે કામ કર્યું હતું અને દક્ષિણામાં હરિજનો માટે કૂવા બાંધવા માટે પાંચ હજાર રૂપિયાનું દાન મેળવ્યું હતું. આશ્રમમાં એક વખત એક હિંદુ



યુગલના લગ્નની વિધિ કરાવવા માટે હરિજન-ખ્રિસ્તી ભાઈએ પુરોહિત તરીકે કામ કર્યું હતું.

એક વખત, એક લગ્ન પ્રસંગે ગાંધીજીએ હાજર રહેલા મહેમાનોને મોં મીઠું કરાવવા માટે તાજો ગોળ વહેંચ્યો હતો. તેનું ખર્ચ છ આના થયું હતું. લગ્નના એક ઉમેદવારને તેમણે એક વખત લખ્યું, ''તમે એકલા અહીં આવો, હું તમને પરણાવીને સજોડે પાછા મોકલીશ.'' પરણાવા માટે વરરાજાને પોતાની સાથે મિત્રો તથા સગાંસંબંધીઓની ટુકડી લઈને આવવું પડશે એવું તેમણે નહોતું માન્યું. વરરાજા સાથે સાત જણાની ટુકડી આવેલી જોઈ તેમણે કહ્યું, ''ઓહો, આ તો સપ્તર્ષિઓ પધાર્યા છે!'' પેલાઓએ સામે જવાબ વાળતાં કહ્યું, ''હા, સાથે અરુંધતી (વધૂની માતા) પણ છે.''

તેમના ત્રીજા પુત્રના લગ્ન પ્રસંગે ગાંધીજીએ નવદંપતીને ગીતા, આશ્રમભજનાવલિ, મંગળસૂત્ર તથા તકલી ભેટ આપ્યાં હતાં. તેમણે તેમના પુત્રને કહ્યું હતું, ''તારી પત્નીનું માન સાચવજે, તેનો રક્ષક થજે, તેનો માલિક ન થતાં સાચો મિત્ર બનીને રહેજે. તમારું જીવન માતૃભૂમિની સેવા કરવામાં વિતાવજો. તમે બંને પરસેવાની રોટી કમાજો.'' વધૂની માતાએ જમાઈને રેંટિયો ભેટ આપ્યો હતો. સમસ્ત સૃષ્ટિની સાથેની એકતા વ્યક્ત કરવાના પ્રતીક રૂપે લગ્નની વિધિ કરતાં અગાઉ, વરવધૂએ ઉપવાસ કરી, ભેગાં મળી કૂવાનું થાળું સાફ કર્યું હતું, ગૌશાળાની સફાઈ કરી હતી તથા વૃક્ષોને પાણી પાવાનું કામ કર્યું હતું. તેમણે કાંતણ તથા ગીતાપાઠ પણ કર્યાં હતાં. લગ્નની પ્રચલિત વિધિમાં વરવધૂ સાત પગલાં સાથે ચાલે છે જેને સપ્તપદી કહે છે. ઉપર જણાવેલાં કામો

ગાંધીજીની કલ્પનાની સપ્તપદીના ભાગરૂપ હતાં. વધૂની ઉંમર અઢાર વરસની થાય ત્યાં સુધી બે વરસ આ વિવાહ મોકૂફ રાખવામાં આવ્યા હતા. ગાંધીજી બાળલગ્નોને ઉત્તેજન આપતા નહોતા અને કહેતા, ''જ્યારે હું મારી આસપાસ તેર વરસની ઉંમરનાં બાળકોને જોઉં છું ત્યારે મને મારું પોતાનું લગ્ન યાદ આવે છે. મને મારી જાતની દયા આવે છે. માત્ર ખોળામાં બેસી શકે તેવડી છોકરીઓનાં લગ્ન કરી નાખવામાં મને કોઈ ધર્મ દેખાતો નથી. છોકરીની સંમતિ વિના તેનાં માબાપે જેને લગ્નમાં આપી દીધી હોય તેવી છોકરીને હું પરણેલી ગણતો નથી. પંદર વરસની છોકરી વિધવા થાય એ વાત મારી કલ્પનામાં બેસતી નથી. પુનર્લગ્ન કરવાનો જેટલો અધિકાર વિધુરને છે તેટલો જ વિધવાને પણ છે.'' અમુક સંજોગોમાં લેવા પડતા છૂટાછેડાને તેમણે ટેકો આપ્યો હતો અને પોતાનો પહેલો પતિ જીવતો હોવા છતાં બીજું લગ્ન કરનાર એક હિંદુ સ્ત્રીને તેમણે જેલમાંથી આશીર્વાદ આપ્યા હતા.

પોતાની જાતને સનાતની બ્રાહ્મણ તરીકે ઓળખાવવા છતાં આંતરજ્ઞાતીય, આંતરધર્મીય અને આંતરપ્રાંતીય લગ્નોની તેઓ હિમાયત કરતા. આવું દરેક લગ્ન જુદા જુદા લોકોને એકબીજાની નજીક લાવે છે એમ તેઓ માનતા. તેમના સૌથી નાના પુત્ર – જે ગુજરાતી વાણિયો હતો – દક્ષિણ હિંદના બ્રાહ્મણની દીકરી સાથે લગ્ન કર્યું ત્યારે તેમણે તેને ખુશીથી પસંદ કર્યું હતું.

તેમના ચુસ્ત વૈષ્ણવધર્મી માતાપિતાની ગાંધીજી પર ઘણી અસર હતી. તેઓ બાર વરસની ઉંમરના થયા ત્યારથી જ અસ્પૃશ્યતાને પાપ ગણતા. નાતજાતના ભેદભાવ બરાબર નથી,



તેને કારણે ન તો કોઈ ઊંચ છે કે ન તો કોઈ નીચ છે, એવું તેઓ સત્તર વરસના થયા ત્યારથી માનતા હતા. તેમણે એકવીસ વરસે ગીતા, બાઈબલ તથા અન્ય ધર્મનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. ''માત્ર અમારો ધર્મ જ સાચો છે, અને બધા ધર્મો ખોટા છે,'' એવું કોઈ ધર્મનો અનુયાયી માને તો તે મૂર્ખાઈભરેલું છે એમ તેઓ માનતા. ગીતા અને ઉપનિષદોનો તેમને સારો અભ્યાસ હતો. તેમણે વેદ વાંચ્યા હતા. તેઓ ધર્મશાસ્ત્રના ઉપદેશને સ્વાનુભવની કસોટી પર ચડાવ્યા વગર તેને કદાપિ આધાર રૂપે ટાંકતા નહોતા. ધર્મના તેમના અભ્યાસે તેમને સહનશીલ થવાનું શીખવ્યું તથા દુ:ખનો હિંમતથી સામનો કરવાની શક્તિ આપી. જે માણસ શારીરિક બળ ઉપર આધાર રાખે છે તેઓ અધર્મનો પ્રચાર કરે છે અને જે આત્માની શક્તિ પર આધાર રાખે છે તે સાચા ધર્મને સમજે છે એમ પણ તેઓને સમજાયું. ધર્મપરિવર્તનને તેઓ અર્થ વગરની પ્રવૃત્તિ માનતા. તેઓ હિંદુ ધર્મના, શીખ ધર્મના, ઈસ્લામના તથા ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોને સહજ રીતે સમજાવી શકતા. તેમણે ઘણી વાર દેવળમાં ચાલતી પ્રાર્થનામાં હાજરી આપી હતી. એક વખત તેમણે હિંદુ ધર્મ વિશે ચાર ભાષણોની વ્યાખ્યાનમાળા આપી હતી. આ વ્યાખ્યાનમાં દરેક ધર્મની આગવી વિશિષ્ટતાને તેમણે તારવી બતાવી હતી.

વાતચીતમાં ઈસુનાં વચનોને તેઓ એટલી તો યોગ્ય રીતે ટાંકી બતાવતા કે કેટલાક યુરોપિયનો તો તેમને તેઓ જન્મથી ખ્રિસ્તી છે એવું જ માનતા. એક વખત તેઓ નાતાલના દિવસોમાં સ્ટીમરમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમના સહપ્રવાસીઓએ તેમને તૂતક

ઉપર ઈસુ ખ્રિસ્તના ઉપદેશ વિશે પ્રવચન કરવા માટે વિનંતી કરી હતી. જાહેર પ્રાર્થનાસભામાં તેઓ કુરાનની આયતોનો પાઠ કરતા. કેટલાક હિંદુઓએ તથા મુસ્લિમોએ આનો વિરોધ કર્યો હતો. હિંદુ ધર્મ વિશેના તેમના વિચારો ક્રાન્તિકારી ગણાય તેવા હતા. નાતજાતને કારણે ઊંચનીચના જે ભેદભાવ ઊભા થયા હતા તેને હિન્દુ ધર્મમાં સ્થાન નથી એમ તેઓ માનતા. રૂઢિચુસ્ત હિંદુઓ આ વિધાનથી ગુસ્સે થયા હતા. પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા તેમણે ગાંધીજી સમક્ષ કાળા વાવટાના દેખાવોથી તથા જોડાના હારથી ગાંધીજીનું અપમાન કર્યું હતું અને તેમનો જાન લેવાનો પ્રયત્ન કર્યો હતો. છતાં તેમણે કહ્યું હતું કે, ''જો અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું અંગ હોય તો હું હિંદુ હોવાનો ઇનકાર કરીશ. જો માનવતા પરનું આ કલંક તે ફેડી નહીં શકે તો હિંદુ ધર્મનું પતન થયા વગર રહેવાનું નથી. આપણો ધર્મ અહિંસાના પાયા પર ઊભેલો છે. અને અહિંસા એટલે બીજું કંઈ નહીં પણ પ્રેમ. આ પ્રેમ માત્ર આપણા પાડોશીઓ તરફ, કે માત્ર આપણા મિત્રો તરફ નહીં પરંતુ જેઓ આપણા દુશ્મન લાગતા હોય તેમની તરફ પણ હોવો જોઈએ.'' જે મંદિરનાં દ્વાર સૌને માટે ઉઘાડાં ન હોય તેમાં ગાંધીજી જતા નહીં. વરસો સુધીની સમજાવટ બાદ તેઓ અનેક મંદિરોનાં દ્વાર હરિજન માટે પણ ખુલ્લાં મુકાવવામાં સફળ થયા હતા.

તેઓ સત્યને જ ઈશ્વર માનતા અને આચરણમાં મૂકી શકાય તેવા આચારને ધર્મ માનતા. એક પાણીના ટીપામાં અને ધૂળના એક નાનકડા રજકણમાં પણ ઈશ્વરનો વાસ છે નિરાકાર ઈશ્વરને ભજવાનું તેમણે વધુ પસંદ કર્યું હોવા છતાં તેમણે મૂર્તિપૂજાનો



ખુલ્લેખુલ્લો વિરોધ કર્યો નહોતો. કારણ ''જેઓ મૂર્તિપૂજા કરે છે તેઓ મૂર્તિ જે પથ્થરની બનેલી છે તે પથરાની પૂજા નથી કરતા પણ એ મૂર્તિમાં જે ઈશ્વર રહેલો છે તેની પૂજા કરે છે'' એમ તેઓ માનતા. મૂર્તિપૂજા અંગે દલીલ કરતાં તેમણે ટાગોરને કહેલું કે, ''પછાત વર્ગના ગણાતા લોકો ઝાડ નીચે મૂકેલા લાલ રંગે રંગેલા પથ્થરની પૂજા કરે છે તે મહત્ત્વની છે. કારણ, એ માણસને ઈશ્વર સાથે જોડનાર એકમાત્ર કડી હોય તો તે એ પથ્થર છે. કોઈ લંગડા માણસને તમે ચાલતાં ન શીખવ્યું હોય તે પહેલાં તેની પાસેથી ચાલવા માટે ટેકો લેવા તે જે ઘોડી વાપરે છે તે લઈ લેવાની હિંમત કરવી એ વાજબી નથી.'' વૃક્ષપૂજામાં પણ કંઈ અનિષ્ટ યા નુકસાન છે એમ તેઓ નહોતા માનતા. વૃક્ષપૂજા અંગે તેમણે કહ્યું હતું કે, ''વૃક્ષપૂજામાં મને ઊંડી કરુણાની તેમ જ કાવ્યમય સૌન્દર્યની ભાવના ભરેલી જોવા મળે છે. સમગ્ર વનસ્પતિ સૃષ્ટિ માટેના પૂજ્યભાવનું વૃક્ષ પ્રતીક બને છે. તે ઈશ્વરની મહત્તા અને મહિમા બતાવે છે.''

'ગાંધી મંદિર' ખોલવાની વાતનો ગાંધીજીએ સખત વિરોધ કર્યો હતો અને આશ્રમમાં કોઈ તેમનો ચરણસ્પર્શ કરવા માગે તો તેને તેઓ ગુનો ગણતા હતા.

આ મહાત્માએ પોતાના દેશબાંધવોને એક મંત્ર આપ્યો. આ મંત્ર એટલે માતૃભૂમિ અને દરિદ્રનારાયણની સેવાનો મંત્ર, બંધુતા અને સમાનતાનો મંત્ર, દરેક જાતના ભયમાંથી અને દરેક જાતની ગુલામીમાંથી મુક્તિ મેળવવાનો મંત્ર. જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં આત્મબલિદાન આપવાની ઉમદા અને બહાદુરીભરી કળા તેમણે લોકોને જીવી બતાવી. ''માનવજાતે અહિંસા વડે

હિંસામાંથી બહાર નીકળવું પડશે ને ધિક્કારને પ્રેમથી જીતી લઈ શકાશે'' એ વાત તેઓ લોકોને અથાકપણે સમજાવતા રહેતા.

ગાંધીજી ખૂબ જ ક્રિયાશીલ જીવન જીવી ગયા. કર્મયજ્ઞ કર્યા વગર, એટલે કે શરીરશ્રમ કર્યા વગર, જે માણસ પોતાની રોટી ખાય છે તે ચોરીનો રોટલો ખાય છે એવા ગીતાજીના ઉપદેશને ગાંધીજી બરાબર માનતા હતા. શરીરશ્રમની ગણતરી તેમણે કર્મયજ્ઞમાં કરી હતી. જીવનનો એક દિવસ એવો નહોતો ગયો કે જે દિવસે તેમણે કંઈ ને કંઈ શ્રમ ન કર્યો હોય. તેઓ કદાપિ જૂઠું બોલ્યા નહોતા, તેમણે કદી કોઈ જીવનું મન દૂભવ્યું નહોતું તેમ જ કોઈની નિંદા સરખી કરી નહોતી. તેઓ દરરોજ સવારે સૂર્ય ઊગે તે પહેલાં વહેલા ઊઠતા અને દરરોજ સવારે ને સાંજે પ્રાર્થના કરતા. તેમની દૈનિક પ્રાર્થના ગીતા અને ઉપનિષદ, કુરાન તથા ઝન્દ અવસ્તામાંથી પસંદ કરવામાં આવી હતી. જમીન પર હોય કે સમુદ્રમાં, ચાલુ આગગાડીમાં હોય કે ફરતી આગબોટમાં, કોઈ મુસ્લિમના, ખ્રિસ્તીના યા પછાત ગણાતી કોમના ભાઈના ઘરમાં હોય કે એક ગામથી બીજે ગામ પગપાળા પ્રવાસ કરતા હોય, તેઓ તેમના નિયમને વળગી રહેતા. જેલવાસ દરમિયાન પણ એમાં અપવાદ કરવામાં આવ્યો નહોતો. એકવીસ દિવસ સુધી ઉપવાસ કરવાનું તેમનાથી બની શક્યું હતું પરંતુ પ્રાર્થના વગરનો એક દિવસ પણ પસાર કરવાનું તેમને માટે શક્ય નહોતું. તેમને મન પ્રાર્થના કેવળ પોપટિયું રટણ નહોતી, પણ ઈશ્વરમાં જીવંત આસ્થા હતી. પ્રાર્થનાનો હેતુ ઈશ્વરને રાજી કરવાનો નહીં પણ પોતાની જાતને શુદ્ધ કરવાનો હતો. છત્રીસ વરસની ઉંમરે તેમણે બ્રહ્મચર્યનું વ્રત લીધું તથા ફિનિક્સના આશ્રમમાં સમૂહપ્રાર્થના



દાખલ કરી. આ પ્રાર્થનામાં દરરોજ સાંજે હિંદી તથા ખ્રિસ્તી ભજનો ગવાતાં. તેમના જીવનનાં છેલ્લાં વરસોમાં, સમૂહપ્રાર્થનામાં તેઓ લોકોને તાલબદ્ધ તાળી પાડીને રામધૂન ગવડાવતા. દેશભરમાં ઠેર ઠેર સમૂહપ્રાર્થનાઓ થાય તેવું જોવાની તેમની ઇચ્છા હતી.

કોઈની છેતરપિંડી કરવાનું તેમને માટે અત્યંત વસમું હતું. બીજાના દોષો માટે તેઓ તેમને સજા નહોતા કરતા. પરંતુ જો કોઈ જૂઠું બોલે યા કંઈ ખોટું કરે, તો આત્મશુદ્ધિ માટે જાતે ઉપવાસ કરતા.

આ પુરોહિતે અનેક વાર મંદિરમાં મૂર્તિઓની સ્થાપના કરવાનું તથા મંદિરોનાં ઉદ્‌ઘાટન કરવાનું કામ કર્યું હતું. શાળાઓ તથા ઇસ્પિતાલનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. નોઆખલીમાં મુસ્લિમોએ પદભ્રષ્ટ કરેલી મૂર્તિને ફરી સ્થાપિત કરી હતી. તેમણે દિલ્હીમાં લક્ષ્મીનારાયણના મંદિરને, વારાણસીમાં ભારત માતાના મંદિરને, સેલુમાં હરિજનો માટેના મંદિરને અને રત્નાગિરીમાં મારુતિ મંદિરને ખુલ્લું મૂક્યું હતું. રત્નાગિરીમાં તેમણે કહ્યું હતું : ''મારુતિમાં રાક્ષસ જેટલી શક્તિ હતી તે કારણે હું તેની મૂર્તિની સ્થાપના કરું છું તેવું નથી. એવી શક્તિ તો રાવણ પાસે પણ હતી. પરંતુ મારુતિ પાસે આત્માની શક્તિ હતી, આધ્યાત્મિક શક્તિ હતી. આ શક્તિ તેના બ્રહ્મચર્યના વ્રતની અને તેની રામભક્તિના પરિપાકરૂપ હતી.''

રામનામમાં ગાંધીજીને દૃઢ શ્રદ્ધા હતી. પ્રાર્થનાસભામાં જતી વખતે એક ઝનૂની હિંદુએ તેમના પર ગોળી છોડી તે વખતે પણ તેમના જીવનનો છેલો શ્વાસ તેમણે 'હે રામ'ના ઉદ્‌ગારો સાથે છોડ્યો હતો.

# બનાવોની તવારીખ

ગાંધીજીનો જન્મ પોરબંદર મુકામે, ઑક્ટોબર ૨, ૧૮૬૯
કસ્તૂરબા સાથે લગ્ન, ૧૮૮૧
મેટ્રિક થયા, નવેમ્બર ૧૮૮૭
અભ્યાસ માટે લંડન પહોંચ્યા, ઑક્ટોબર ૧૮૮૮
બૅરિસ્ટર તરીકે નોંધણી કરાવી, જૂન ૧૮૯૧
હિંદ પાછા આવ્યા, જૂન ૧૮૯૧
દક્ષિણ આફ્રિકા ગયા, એપ્રિલ ૧૮૯૩
હિંદ આવ્યા ૧૮૯૬, ૧૯૦૧
પહેલી વાર હિંદી રાષ્ટ્રીય મહાસભામાં હાજરી આપી, ૧૯૦૧
'ઇન્ડિયન ઓપીનિયન'નો હવાલો લીધો, ૧૯૦૩
ફિનિક્સ વસાહતની સ્થાપના, ૧૯૦૪
બોઅર યુદ્ધ વખતે હિંદી શુશ્રૂષાપથકની આગેવાની લીધી, ૧૮૯૯
ઝૂલુ બળવા વખતે હિંદી શુશ્રૂષાપથકની આગેવાની લીધી, ૧૯૦૬
બ્રહ્મચર્યનું વ્રત લીધું, ૧૯૦૬
ઇંગ્લંડ ગયા, ૧૯૦૬, ૧૯૦૯
દક્ષિણ આફ્રિકામાં પ્રથમ કારાવાસ, ૧૯૦૮
ટૉલ્સ્ટૉય વાડીની સ્થાપના કરી, ૧૯૧૦
દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહીઓની ઐતિહાસિક કૂચની આગેવાની લીધી, ૧૯૧૩
દક્ષિણ આફ્રિકા છોડ્યું, ૧૯૧૪
હિંદ આવ્યા, જાન્યુઆરી ૧૯૧૫





સાબરમતી આશ્રમની સ્થાપના ૧૯૧૫, વર્ધા આશ્રમની સ્થાપના ૧૯૩૩, સેવાગ્રામ આશ્રમની સ્થાપના ૧૯૩૬
ચંપારણ સત્યાગ્રહનો આરંભ, ૧૯૧૭
પ્રથમ નાકરની લડતનો આરંભ - ખેડામાં, ૧૯૧૮
અમૃતસરમાં જલિયાંવાલા બાગની કતલ, ૧૯૧૯
'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન'ના તંત્રીપદે, ૧૯૧૯
અસહકારની ચળવળનો આરંભ, ૧૯૨૧
હિંદુસ્તાનમાં પ્રથમ કારાવાસ, ૧૯૨૨
ખાદીયાત્રા કરી, ૧૯૨૭
દાંડીકૂચ અને મીઠાનો સત્યાગ્રહ, ૧૯૩૦
લંડનમાં ગોળમેજી પરિષદમાં હાજરી આપી અને યુરોપનો પ્રવાસ કર્યો, ૧૯૩૩
હરિજનયાત્રા, ૧૯૩૩
'હરિજન' સાપ્તાહિકોનો આરંભ, ૧૯૩૩
નઈ તાલીમની યોજના રજૂ કરી, ૧૯૩૭
'હિંદ છોડો'ની લડતનો આરંભ, ૧૯૪૨
આગાખાન મહેલમાં જીવનનો અંતિમ કારાવાસ, ૧૯૪૨-૪૪
હત્યા, જાન્યુઆરી ૩૦, ૧૯૪૮